ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
તા.૬-૧-૨૦૨૨ ગુરૂવાર
AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૪.૩૫
પાઉન્ડ	૧૦૦.૭૬
યુરો	૮૪.૨૦
સઉદી રિયાલ	૧૯.૭૯
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૯,૫૯૫.૦૦
ચાંદી (૧ કિલો)	૬૨,૩૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૧૫૮ ● ૨ જમાદિલ આખર હિજરી ૧૪૪૩ ● 6 JANUARY- 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

પીએમ મોદીની સુરક્ષામાં મોટી ચૂકનો ભાજપનો આરોપ, ખેડૂતોના વિરોધને પગલે સભા રદ

પંજાબમાં ફ્લાયઓવર પર કાફલો રોકાતાં PM મોદીએ ફિરોઝપુર પ્રવાસ રદ કર્યો

વડાપ્રધાન ભટિંડાથી હુસૈનવાલા શહીદ સ્મારક પર જવાના હતા, હવામાન ખરાબ હોવાથી તેઓ એરપોર્ટ પર ૨૦ મિનિટ રોકાયા, ત્યારબાદ માર્ગ દ્વારા જવાનું નક્કી થયું, પંજાબ સરકારને આની જાણ કરાઈ છતાં સુરક્ષા વ્યવસ્થા કરાઈ નહીં : કેન્દ્રીય ગૃહ મંત્રાલય

PM મોદીનો કાફલો ફ્લાય ઓવર પહોંચતા જ કિસાન મજદૂર સંઘર્ષ કમિટીના ખેડૂતો દ્વારા માર્ગને અવરોધાયો હતો, લોકો 'ગો બેક મોદી'ના પોસ્ટર લઈને આવ્યા હતા, હેલિકોપ્ટર દ્વારા હુસૈનવાલા શહીદ સ્મારક જવાને બદલે વડાપ્રધાને સડક માર્ગથી જવાનું પસંદ કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે પંજાબના ફિરોઝપુરમાં એક રેલીને સંબોધવા માટે જઈ રહ્યા હતા ત્યારે કિસાન મજદૂર સંઘર્ષ કમિટીના ખેડૂતો દ્વારા તેમના માર્ગને અવરોધવામાં આવ્યો જેને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સુરક્ષામાં મોટી ચૂક માનવામાં આવી છે અને આના કારણે વડાપ્રધાન મોદી ભટિંડા એરપોર્ટ પર પરત ફર્યા હતા અને ફિરોઝપુરની સભાને રદ કરવી પડી હતી. ભટિંડા એરપોર્ટ પર પહોંચતા જ વડાપ્રધાને અધિકારીઓને કહ્યું કે, ''મુખ્યમંત્રીનો આભાર માનવા માગું છું કે, હું છેવટે એરપોર્ટ સુધી જીવિત પહોંચી શક્યો.'' ઉલ્લેખનીય છે કે, કૃષિ કાયદાઓ રદ કર્યા બાદ વડાપ્રધાનની પંજાબની આ પ્રથમ મુલાકાત હતી. કમિટીના સભ્યો દ્વારા વડાપ્રધાનની સભામાં રોડાં નાખવાનું આહવાન કરાયું હતું કારણ કે, એમએસપીના મુદ્દે કેન્દ્ર હજુ મૌન છે. વડાપ્રધાન મોદીને કાફલો એક ફ્લાય ઓવર પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે જ વિરોધ પ્રદર્શનકારીઓ દ્વારા માર્ગને અવરોધાયો હતો જેના કારણે કાફલાને પાછો લઈ જવો પડ્યો હતો. જોકે, ફ્લાયઓવર પર તેમનો કાફલો આશરે ૨૦ મિનિટ સુધી ફસાયેલો રહ્યો હતો. આ દરમિયાન કિસાન એકતા મોરચાએ ટ્વિટર પર સમગ્ર પ્રાંતમાં 'ગો બેક મોદી'ના પોસ્ટરો સાથે વિશાળ લોકોની ભીડનો ફોટો પોસ્ટ કર્યો હતો.

વડાપ્રધાનની સુરક્ષામાં ચૂકને પગલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, આજે વડાપ્રધાન ભટિંડા એરપોર્ટ પર પહોંચ્યા હતા જ્યાંથી તેઓ હુસૈનવાલા ખાતે હેલિકોપ્ટર દ્વારા રાષ્ટ્રીય શહીદ સ્મારક પર જવાના હતા. વરસાદ અને ઓછી દૃશ્યતાને કારણે વડાપ્રધાને વાતાવરણ સ્પષ્ટ થવા માટે ૨૦ મિનિટની રાહ જોઈ હતી. જોકે, વાતાવરણમાં સુધારો ન થતાં રાષ્ટ્રીય શહીદ સ્મારકની મુલાકાત માર્ગ દ્વારા જ લેવાનું નક્કી કરાયું હતું જેમાં બે કલાકથી વધારે સમય લાગી શકે તેમ હતું. પંજાબ પોલીસના ડીજીપી દ્વારા યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની સ્પષ્ટતા બાદ જ માર્ગથી પ્રવાસ શરૂ કરાયો હતો. જોકે, હુસૈનવાલામાં શહીદ સ્મારકથી ૩૦ કિલોમીટર દૂર જ વડાપ્રધાનનો કાફલો જ્યારે એક ફ્લાય ઓવર પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે કેટલાક દેખાવકારો દ્વારા માર્ગ અવરોધાયો હતો. આ સમયે વડાપ્રધાન ફ્લાય ઓવર પર ૧૫-૨૦ મિનિટ સુધી ફસાયેલા રહ્યા. આ વડાપ્રધાનની સુરક્ષામાં મોટી ચૂક છે. ગૃહ મંત્રાલયે કહ્યું કે, વડાપ્રધાનના પ્રસ્તાવિક પ્રવાસની પંજાબ સરકારને જાણ હતી. પ્રક્રિયા અનુસાર તેમણે સાધનો, સુરક્ષા ઉપરાંતની તમામ વ્યવસ્થા કરવાની હતી. પંજાબ સરકારે માર્ગો પર પણ વધારાની સુરક્ષા ગોઠવવાની હતી જે તેણે સ્પષ્ટપણે ગોઠવી ન હતી. તેમની સુરક્ષામાં ચૂક થવાને કારણે તેમણે ભટિંડા એરપોર્ટ પર પરત ફરવું પડ્યું હતું. ગૃહ મંત્રાલયે આ અંગે પંજાબ સરકાર પાસેથી વિગતવાર રિપોર્ટ માગ્યો છે અને જવાબદારી નક્કી કરીને પગલાં લેવા જણાવ્યું છે. આ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સુરક્ષામાં ચૂક અંગે આક્રોશ ઠાલવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે, પંજાબમાં કોંગ્રેસની સરકાર માર્ગો અવરોધીને વડાપ્રધાનની સભાને નિષ્ફળ બનાવવાના પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાનનો પંજાબ પ્રવાસ રદ થયા બાદ કેન્દ્ર અને કોંગ્રેસ શાસિત રાજ્યો વચ્ચે શાબ્દિક પ્રહારો શરૂ થયા હતા. છેલ્લે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, વડાપ્રધાને પોતાની ફિરોઝપુર સભાને કોઈક કારણોસર રદ કરી છે. ભાજપના સૂત્રોએ કોંગ્રેસ શાસિત પંજાબ પોલીસ પર માર્ગમાં દેખાવકારોની હાજરીની જાણ હોવાનો આરોપ લગાવ્યો હતો જ્યારે કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે, વડાપ્રધાને છેલ્લી ઘડીએ શા માટે માર્ગ દ્વારા જવાનો નિર્ણય લીધો હતો.

વડાપ્રધાનની સુરક્ષા ચૂક મુદ્દે પંજાબ સરકાર પાસેથી કેન્દ્રિય ગૃહમંત્રાલયે રિપોર્ટ માંગ્યો

'અપને સીએમ કો થેંક્સ કહેના કી મેં ભટિંડા એરપોર્ટ તક જિંદા લૌટ પાયા' : પંજાબ છોડતા પહેલા પીએમ મોદીના શબ્દો

વડાપ્રધાને છેલ્લી ઘડીએ માર્ગ કેમ બદલ્યો ? : રણદીપ સૂરજેવાલા

કોંગ્રેસના નેતા રણદીપ સૂરજેવાલાએ નડ્ડા પર વળતો પ્રહાર કરતાં કહ્યું કે, ભાજપના પ્રમુખે પિત્તો ગુમાવ્યા વિના તમામ બાબતોને સમજવાની જરૂર છે. તેમણે વડાપ્રધાની સુરક્ષામાં સામેલ સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ (એસપીજી) સામે પ્રશ્ન કર્યો. વડાપ્રધાનની સભા માટે ૧૦,૦૦૦ સુરક્ષા જવાનો તૈનાત હતા. તમામ તૈયારીઓ એસપીજી અને કેન્દ્રીય એજન્સીઓના કહેવાથી થઈ હતી. હરિયાણા અને રાજસ્થાનમાંથી ભાજપના કાર્યકરોને તમામ બસોમાં ભરી લાવવાથી માર્ગ અવરોધાયો. પીએમ હુસૈનવાલા હેલિકોપ્ટરથી જવાના હતા અને અંતિમ ઘડીએ તેમણે માર્ગથી જવાનો નિર્ણય શા માટે લીધો? તેમણે આરોપ લગાવ્યો હતો કે, ભાજપની અંધાધૂંધીને કારણે જ પીએમનો માર્ગ અવરોધાયો હતો.

PM મોદીની સુરક્ષામાં કોઈ ચૂક નથી થઈ : પંજાબના મક્કમ સીએમે કાર્યક્રમના ઘટનાક્રમ મુદ્દે ખેદ વ્યક્ત કર્યો

વડાપ્રધાનનો કાફલો ધરણાસ્થળથી ઘણે દૂર રોકી દેવાયો હતો, ધરણાને હટાવવા ૧૦-૨૦ મિનિટ લાગે છે, પીએમને આની જાણ કરી દેવાઈ હતી ઉપરાંત બીજા રૂટ માટે પણ કહેવાયું પરંતુ તેમણે પાછા જવાનું પસંદ કર્યું, ઘટનામાં કોઈપણ અધિકારીને સસ્પેન્ડ કરવામાં નહીં આવે : મુખ્યમંત્રી ચરણજીત ચન્ની

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

ચૂંટણીની સીઝનમાં વડાપ્રધાનની પંજાબમાં સુરક્ષા ચૂક અંગે ભાજપે કોંગ્રેસ શાસિત સરકાર પર આરોપ લગાવ્યો છે જ્યારે કોંગ્રેસે કહ્યું છે કે, વડાપ્રધાનની એસપીજીની સુરક્ષા દ્વારા જ ચૂક થઈ છે. આ દરમિયાન પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ ભારપૂર્વક કહ્યું છે કે, વડાપ્રધાનની સુરક્ષામાં કોઈ ચૂક નથી થઈ. આ સાથે જ તેમણે વડાપ્રધાનને પાછા ફરવું પડ્યું તે માટે દુઃખ વ્યક્ત કર્યું હતું. એક પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનનો કાફલો દેખાવકારો જ્યાં બેઠા હતા તે સ્થળ કરતાં ઘણા પહેલાં જ રોકી દેવાયો હતો. આવા કોઈપણ દેખાવને દૂર કરવા માટે ૧૦-૨૦ મિનિટ લાગે છે. વડાપ્રધાનને આ અંગે જાણ કરાઈ હતી અને બીજા રૂટ માટે કહેવાયું હતું પરંતુ તેમણે પાછા જવાનું પસંદ કર્યું. આ સાથે જ પંજાબના મુખ્યમંત્રીએ કહ્યું કે, સુરક્ષા ચૂકને સંડોવતી આજની ઘટનામાં કોઈપણ અધિકારીને સસ્પેન્ડ કરાશે નહીં. વડાપ્રધાનને એરપોર્ટ પર આવકાર આપવા ન જવા અંગેના પ્રશ્ને મુખ્યમંત્રીએ કહ્યું કે, મારે આજે ભટિંડા એરપોર્ટ પર તેમને લેવા જવાનું હતું પરંતુ મારી સાથેના લોકો કોવિડ પોઝિટિવ આવ્યા હતા. તેથી હું પીએમને લેવા ગયો ન હતો કારણ કે હું પોઝિટિવ આવેલા લોકોના સંપર્કમાં હતો.

મોદીની સુરક્ષામાં ચૂક માટે ફિરોઝપુરના SSPને સસ્પેન્ડ કરાયા બાદ તરત આદેશ પરત ખેંચાયો

(એજન્સી) ચંદીગઢ, તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફિરોઝપુર યાત્રા દરમિયાન તેમના સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી, જેના કારણે ફિરોઝપુરના એસએસપીને સસ્પેન્ડ કરી દેવાયા હતા. જો કે તરત જ આ આદેશને પરત ખેંચી લેવાયો હતો. આ મામલે પહેલી કાર્યવાહી છે. ફિરોઝપુરમાં બુધવારે પીએમ મોદીની રેલી થવાની હતી. જોરે આને રદ કરવી પડી. પીએમ રેલી સ્થળ સુધી પહોંચી શકી નહીં. હવામાન ખરાબ હોવાના કારણે પીએમનો કાફલો ભટિંડા એરપોર્ટથી હેલિકોપ્ટરના કારણે રોડ માર્ગથી નીકળ્યા હતા. પીએમ મોદીએ સૌથી પહેલા હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક પહોંચવાનુ હતુ. જોકે આના લગભગ ૩૦ મિનિટ પહેલા એક ફ્લાયઓવર પર વડાપ્રધાનનો કાફલો ફસાઈ ગયો. કેટલાક પ્રદર્શનકારીઓએ રોડને જામ કરીને રાખ્યો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નવી ગાઈડલાઈન બહાર પડાઈ

કોરોના દર્દીઓના હોમ આઈસોલેશન માટે સુધારેલી ગાઈડલાઈન

૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ અને હાયપરટેન્શન, ડાયાબિટીશ, હાર્ટના રોગ સહિતના રોગોથી પીડાતા દર્દીઓને ડોક્ટરની સલાહ વિના હોમ આઈસોલેશનમાં રહેવાની મંજૂરી નહીં, સામાન્ય અને લક્ષણો વિનાના દર્દીઓને જ હોમ આઈસોલેશનમાં રહેવાની છૂટ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

દેશમાં કોરોના વાયરસની સંભવિત ત્રીજી લહેરને જોતાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય ટૂંક સમયમાં જ અનેક નિયમોમાં ઘણા ફેરફાર કરવા જઈ રહ્યું છે. આમાં સૌથી મોટો ફેરફાર હોમ આઈસોલેશનને લઈને બનાવાયેલી ગાઈડલાઈનમાં થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે આની જાહેરાત કરી હતી. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, સામાન્ય લક્ષણોવાળા દર્દીઓ ઘરે જ સારવાર લેશે અને દર્દીઓને ત્રિપલ લેયર માસ્ક પહેરવાની સલાહ અપાઈ છે. ૬૦ વર્ષથી ઉપરના દર્દીઓને ડોક્ટરની સલાહ મુજબ જ હોમ આઈસોલેશનની મંજૂરી મળશે. સામાન્ય લક્ષણોવાળા દર્દીઓ ઘરે જ સારવાર લેશે. દર્દીઓને વધુમાં વધુ લિક્વિડ લેવાની સલાહ આપવામાં આવી છે. એચઆઈવી અથવા ટ્રાન્સપ્લાન્ટ થયેલા અને કેન્સર પીડિત દર્દીઓને ડોક્ટરોની સલાહ બાદ જ હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવશે. લક્ષણ વગરના અને સામાન્ય લક્ષણવાળા દર્દીઓ કે જેમનું ઓક્સિજન સેચુરેશન ૯૩ ટકાથી વધારે હોય તેમને હોમ આઈસોલેશનમાં રખાશે.

હોમ આઈસોલેસનમાં રહેનારા માઈલ્ડ અને એસિમ્ટોમેટિક દર્દીઓને જિલ્લા સ્તરે કંટ્રોલ રૂમના સતત સંપર્કમાં રહેવું પડશે. જે તેમને જરૂર પડ્યે ટેસ્ટિંગ અને હોસ્પિટલ બેડ પૂરા પાડી શકે. દર્દીઓ એસ્ટિરોઈડ લઈ શકશે નહીં. આ ઉપરાંત ડોક્ટરની સલાહ વિના સીટી સ્કેન અને ચેસ્ટ એક્સરે કરાવવા પણ પાબંદી રહેશે. પોઝિટિવ આવ્યા બાદ હોમ આઈસોલેશનમાં સાત દિવસ રહેવા અને ત્રણ દિવસ સુધી તાવ ન આવતાં હોમ આઈસોલેશન સમાપ્ત થઈ જશે અને ફરીથી ટેસ્ટ કરાવવાની જરૂર રહેશે નહીં. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બુધવારે જારી કરાયેલી રિપોર્ટ અનુસાર ૨૪ કલાકમાં દર્દીઓની સંખ્યા ૫૬ ટકાનો વધારો થયો છે અને ૫૮,૦૯૭ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩૪ સંક્રમિતોના મોત થયા છે. દેશમાં હવે ૧૪ હજાર કરતાં વધારે એક્ટિવ કેસો છે. ભારતમાં ૨૦ જૂન ૨૦૨૧ બાદ આટલી મોટી સંખ્યામાં કેસો સામે આવ્યા છે જે ૫૮,૪૧૯ હતા. દર્દીઓના સાજા થવાનો દર ૯૮.૦૧ ટકા છે. કોવિડથી મૃત્યુદર ૧.૩૮ ટકા છે. મંગળવારે દેશમાં કોરોનાના નવા ૩૭,૩૭૯ કેસો સામે આવ્યા હતા જે બુધવારે ૫૮ હજાર કરતાં વધુ થઈ ગયા છે.

પોઝિટિવ આવ્યા બાદ સાત દિવસમાં તાવ ન આવે અને સતત માસ્ક પહેરી રાખનાર દર્દીને હોમ આઈસોલેશનમાં રહેવાની જરૂર નથી અને ફરી ટેસ્ટ પણ કરાવવાનો રહેશે નહીં, ગંભીર સંકેતો અને લક્ષણો દેખાતા દર્દી વધુ સારવારની માગ કરી શકે છે, દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૮,૦૯૭ કેસ, ૫૩૪ સંક્રમિતોનાં મોત

'બુલ્લીબાઈ' એપ કેસ : મુંબઈ પોલીસે વધુ એક વિદ્યાર્થીની ધરપકડ કરી

ધરપકડ કરાયેલા ત્રીજા વિદ્યાર્થીની ઓળખ ૨૧ વર્ષીય મયંક રાવલ તરીકે કરાઈ છે

(એજન્સી) મુંબઈ,તા.૫

બુલ્લીબાઈ એપ કેસમાં મુંબઈ પોલીસે ઉત્તરાખંડથી વધુ એક વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. આ વિદ્યાર્થીની ઓળખ ૨૧ વર્ષીય મયંક રાવલ તરીકે કરવામાં આવી છે. બુધવારે વહેલી સવારે તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ અગાઉ મુંબઈના સાયબર સેલ દ્વારા ઉત્તરાખંડથી ૧૮ વર્ષીય શ્વેતા સિંહની ધરપકડ કરવામાં આવી હતી. શ્વેતા સિંહ બુલ્લીબાઈ એપ મામલે મુખ્ય કાવતરાખોર હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુંબઈ પોલીસે એપ બનાવનારા અજાણ્યા લોકોની પણ શોધખોળ હાથ ધરી છે. 'બુલ્લીબાઈ' મામલે અત્યાર સુધી એક વિદ્યાર્થીની સહિત ત્રણ વિદ્યાર્થીઓની ધરપકડ કરાતાં ચર્ચા જન્મી છે કે, શિક્ષણ મેળવી ઉજવળ કારકિર્દી ઘડવાના બદલે તેઓ કટ્ટરવાદીઓના હાથા બની રહ્યાં છે અને જેલમાં જવાનો વારો આવ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમ વાલીઓ માટે આંખ ઉઘાડનારો છે. મુસ્લિમ મહિલાઓનું અપમાન કરનારી બુલ્લીબાઈ એપ મામલે મુંબઈ પોલીસે પ્રશંસનીય કામગીરી કરી ગુનેગારોને દબોચી લીધા હતા. બેંગ્લુરૂથી એન્જિનિયરિંગના ૨૧ વર્ષીય વિદ્યાર્થીની ધરપકડ કર્યાની ગણતરીની કલાકોમાં મુંબઈ પોલીસના સાયબર સેલે ઉત્તરાખંડથી એક મહિલાની પણ ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, 'બુલ્લીબાઈ' દ્વારા માનસિક ગંદકી ફેલાવવા પાછળ આ મહિલા મુખ્ય કાવતરાખોર છે. મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે, અમે મહિલાની વધુ પૂછપરછ હાથ ધરી છે. આ મહિલા ઘણાં એકાઉન્ટ દ્વારા સોશિયલ મીડિયા પર સક્રિય હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી જ યુવક અને મહિલા સંપર્કમાં પણ હતા. મુંબઈ મેજિસ્ટ્રેટ કોર્ટે મંગળવારે સાંજે આરોપી યુવકને દસમી જાન્યુઆરીથી પોલીસ રિમાન્ડ પર સોંપ્યો હતો. જેણે સોશિયલ મીડિયા પર પોતાની ઓળખ શીખ તરીકે આપી હતી. બેંગ્લુરૂમાં તેના ઘરની પણ તપાસ કરવામાં આવી રહી છે. એક દરોડા દરમ્યાન મુંબઈ પોલીસની ટીમ દ્વારા બેંગ્લુરૂથી એન્જિનિયરિંગના ૨૧ વર્ષીય વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી. જેની ઓળખ વિશાલ કુમાર તરીકે થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, મુખ્ય ગુનેગાર મહિલા બુલ્લીબાઈ એપ પર ત્રણ એકાઉન્ટ ધરાવતી હતી. સહ-આરોપી વિશાલે 'ખાલસા સર્વોપરી' નામથી એકાઉન્ટ ખોલ્યું હતું. ૩૧ ડિસેમ્બરે તેણે પોતાના એકાઉન્ટોના નામ બદલી ભળતાં શીખ નામો રાખ્યા હતા.

'બુલ્લીબાઈ' મામલે અત્યાર સુધી એક વિદ્યાર્થીની સહિત કુલ ત્રણ વિદ્યાર્થિઓની ધરપકડ કરાતાં ચર્ચા જન્મી છે કે, શિક્ષણ મેળવી ઝળહળતી કારકિર્દી ઘડવાના બદલે તેઓ કટ્ટરવાદીઓના હાથા બની રહ્યાં છે અને જેલમાં જવાનો વારો આવ્યો છે : વાલીઓ માટે આંખ ઉઘાડનારો ઘટનાક્રમ

ભારતીયો નફરતને વશ થઈ રહ્યાં છે : બુલ્લીબાઈ એપ વિવાદ અંગે મલ્લિકાર્જુન ખડગે

સંઘ અને ભાજપના કટ્ટરવાદના હાથા બની ૧૮ વર્ષથી ૨૧ વર્ષના વિદ્યાર્થીઓ ગુના આચરી રહ્યાં છે તે જોવું ખૂબ જ પીડાદાયક છે : કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે

(એજન્સી) નવી દિલ્હી,તા.૫

'બુલ્લીબાઈ' એપ પર મુસ્લિમ મહિલાઓની તસવીરો તેમની જાણ બહાર મુકી તેમને બદનામ અને અપમાનિત કરવા પાછળની ઘટનામાં મુખ્ય ભેજાબાજ તરીકે ઉત્તરાખંડની ૧૮ વર્ષીય વિદ્યાર્થિનીનું નામ ખુલતાં બુધવારે કોંગ્રેસે ભાજપ અને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ પર પ્રહારો કર્યા હતા. રાજયસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, સંઘ અને ભાજપના કટ્ટરવાદના હાથા બની ૧૮ વર્ષથી ૨૧ વર્ષના વિદ્યાર્થીઓ ગુના આચરી રહ્યાં તે જોવું ખૂબ જ પીડાદાયક છે. તેમણે જણાવ્યું હતું કે, દેશના યુવાઓ નફરતન વશ થઈ રહ્યાં છે. શિક્ષણ મેળવી ઉજવળ ભવિષ્ય ઘડવાને બદલે તેઓ ભાજપ અને સંઘના પ્યાદા બની સમાજમાં કટ્ટરવાદ અને નફરત ફેલાવી રહ્યા છે. ભારતની એક આખી પેઢીને કટ્ટરવાદી અને નફરતને વશ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બુલ્લીબાઈ એપ કેસમાં મુંબઈ પોલીસે ઉત્તરાખંડથી વધુ એક વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. આ વિદ્યાર્થીની ઓળખ ૨૧ વર્ષીય મયંક રાવલ તરીકે કરવામાં આવી છે. બુધવારે વહેલી સવારે તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ અગાઉ મુંબઈના સાયબર સેલ દ્વારા ઉત્તરાખંડથી ૧૮ વર્ષીય શ્વેતા સિંહની ધરપકડ કરવામાં આવી હતી. શ્વેતા સિંહ બુલ્લીબાઈ એપ મામલે મુખ્ય કાવતરાખોર હોવાનું પોલીસે જણાવ્યું હતું. કોંગ્રેસના વિવિધ નેતાઓ દ્વારા પણ આ મુદ્દે કડક પ્રતિક્રિયા આપવામાં આવી હતી. કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ ટ્વિટર પર બુલ્લીબાઈ અંગે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. પ્રિયંકા ગાંધીએ પણ આ અંગે સીધી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરી તેમના મૌન રહેવા સામે સવાલો ઉઠાવ્યા હતા. પ્રિયંકાએ ટ્વિટ કરી મોદીને ટેગ કર્યા હતા. તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે, કોમવાદી દળો હવે શારિરીક હિંસાને પોતાનું શસ્ત્ર બનાવી રહ્યા છે. જે લોકો મહિલાઓને તેમના ધર્મના આધારે નિશાન બનાવે છે તેઓ રાષ્ટ્ર વિરોધી છે. કોંગ્રેસના સાંસદ ગુરજીત સિંહે બુલ્લીબાઈ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખી એપ રચનારાઓ સામે કડક કાર્યવાહીની માંગણી કરી હતી. બુલ્લીબાઈ એપ પર મુસ્લિમ મહિલાઓનું અભદ્ર રીતે અપમાન કરવા સામે દેશભરમાં રોષ ફાટી નીકળ્યો હતો ત્યારે સમાજના દરેક ક્ષેત્રેથી આ અંગે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

યોગી સરકાર વિરૂદ્ધ પ્રયાગરાજમાં પ્રચંડ વિરોધ; યુવાનોએ વાસણો વગાડીને રોજગારની માંગ કરી

(એજન્સી) તા.૫

ઉત્તર પ્રદેશમાં કડકડતી ઠંડીનો સામનો કરતા રોજગારની શોધમાં હજારો યુવાનો ૪-૫ જાન્યુઆરીની મધ્યવર્તી રાત્રે પવિત્ર શહેર પ્રયાગરાજમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેઓએ શહેરમાં નીકળેલી કૂચ દરમિયાન "રોજગાર નહીં તો વોટ નહીં (રોજગાર નહીં, તો મત નહીં)," એવા સૂત્રોચ્ચાર કર્યા હતા. સુપ્રીમ કોર્ટના વકીલ પ્રશાંત ભૂષણે બુધવારે એક વીડિયો શેર કર્યો હતો જેમાં વિદ્યાર્થીઓ ભાજપ સરકાર વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરતા જોઈ શકાય છે. એક સ્વતંત્ર યુવા ચળવળ, યુવા હલ્લા બોલના અનુપમે ટ્વિટ કર્યુ કે, ''શું તમે યુવાનીમાં ઉભરાતા ગુસ્સાને અનુભવી શકો છો ? જે યુવાનોએ તમને રાજા બનાવ્યા છે તેઓ જ તમને પદભ્રષ્ટ કરશે. આ વિરોધને ''અલાહાબાદ એમ્પ્લોયમેન્ટ મૂવમેન્ટ'' ગણાવતા, યુવા હલ્લા બોલના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ ગોવિંદ મિશ્રાએ કહ્યું કે, ''અમે યુવાનો હિંદુ-મુસ્લિમો કે ચીન-પાકિસ્તાન પર ચર્ચા નહિ પરંતુ રોજગાર ઈચ્છીએ છીએ.

શિક્ષકોની ૯૭૦૦૦ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માગણી કરતાં મિશ્રાએ મુખ્ય માગણીઓની યાદી બહાર પાડી હતી. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા અને અલ્હાબાદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રમુખ રિચા સિંહે વધતી બેરોજગારી માટે યોગી પર આકરા પ્રહારો કર્યા અને વિરોધ કરી રહેલા યુવાનોની માંગણીઓનું પુનરાવર્તન કર્યું હતું. તેણીએ કહ્યું કે સરકારે ૫ લાખ ખાલી જગ્યાઓ ભરવી જોઈએ. પત્રકાર અભયે દાવો કર્યો હતો કે, થાળીઓ અને વાસણો વગાડીને હજારો યુવાનોએ રાતભર વિરોધ કર્યો હતો. તેમણે રાત્રે રસ્તા પર કૂચ કરતા યુવકોનો એક વીડિયો શેર કર્યો છે. આ યુવકો દ્વારા સોશિયલ મીડિયા પર અનેક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા હતા. આવા જ એક વીડિયોમાં ગુસ્સે થયેલા યુવકો બીજેપીનું પોસ્ટર ફાડતા જોઈ શકાય છે. નવા વર્ષની શરૂઆતમાં સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, નવેમ્બર અને ઓક્ટોબરમાં ભારતનો બેરોજગારી દર અનુક્રમે ૭% અને ૭.૭૫%ની સરખામણીમાં ડિસેમ્બરમાં ૭.૯૧% ના ચાર મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. CMIE મુજબ, છેલ્લા મહિનામાં શહેરી અને ગ્રામીણ બેરોજગારીમાં ૯.૪૪%થી ૮.૨૧% સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. આ બેરોજગારીમાં વધારો એ કોવિડ-૧૯ કેસોમાં વધારો અને ત્યારબાદ સરકારો દ્વારા જાહેર કરાયેલ બિનઆયોજિત લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃત્તિના નુકસાનને આભારી છે.

કોરોનાના વર્તમાન કેસો જોતા લાગે છે કે...

ત્રીજી લહેર આવી તો ૧૬ લાખ કેસ રોજના આવે તેવી શક્યતા

(એજન્સી) નવીદિલ્હી,તા.૦૫

દેશમાં ત્રીજા મોજાની વચ્ચે ડોક્ટરો અને મેડિકલ સ્ટાફની ચિંતા પણ વધી રહી છે. આ એટલા માટે કારણ કે આજે દેશના ઘણા શહેરો અને રાજ્યોમાંથી ડોક્ટરોને કોવિડ વોરિયર્સથી ચેપ લાગ્યો હોવાના અહેવાલો આવ્યા હતા. દિલ્હીની AIIMSમાં કોરોનાનો ભયંકર ચેપ જોવા મળ્યો છે. અહીં ઓછામાં ઓછા ૫૦ ડોકટરોને અલગ રાખવામાં આવ્યા છે. કોરોનાના લક્ષણોને કારણે ડોક્ટરોએ પોતાને અલગ કરી દીધા છે. આ પછી AIIMSના તમામ ડોક્ટરોની રજાઓ રદ કરી દેવામાં આવી હતી. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં ૨૩ ડોક્ટરો પણ સંક્રમિત જોવા મળ્યા છે. ઘણા વધુ તબીબી કર્મચારીઓ પણ ચેપ માટે સંવેદનશીલ હોવાનું કહેવાય છે. પટનાની NMCH હોસ્પિટલમાં સતત ત્રીજા દિવસે કોરોના વિસ્ફોટ થયો. આજે અહીં વધુ ૧૯ ડોકટરો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. અત્યાર સુધીમાં અહીં કુલ ૧૮૭ ડોકટરો સંક્રમિત થયા છે. પંજાબના પટિયાલામાં સરકારી મેડિકલ કોલેજના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને રેસિડેન્ટ ડોક્ટરો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા પ્રશાસને સમગ્ર હોસ્ટેલ ખાલી કરાવી દીધી છે. લખનૌની મેદાંતા હોસ્પિટલમાં પણ કોરોના બ્લાસ્ટ થયો છે. ડોક્ટર અને પેરામેડિકલ સ્ટાફ સહિત ૨૫ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. તમામને આઈસોલેટ કરવામાં આવ્યા છે. કોલકાતાની SSKM હોસ્પિટલમાં કોરોનાએ ડોક્ટરોને પોતાની ઝપેટમાં લીધા છે. અત્યાર સુધીમાં ૧૨૦ ડોકટરો અને તબીબી કર્મચારીઓ સંક્રમિત થયા છે.સરકાર તરફથી કહેવામાં આવી રહ્યું છે કે દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવી ગઈ છે. કોરોના વાયરસનો ચેપ લોકોને એક શહેરથી બીજા શહેરમાં લઈ જઈ રહ્યો છે અને તેના પુરાવા પણ દરરોજ કોરોનાના આંકડાઓ દ્વારા સામે આવી રહ્યા છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૭ હજાર ૩૭૯ નવા કેસ નોંધાયા છે. ૧૨૪ લોકોના મોત થયા છે. થોડા સમય પહેલા મહારાષ્ટ્રમાંથી પણ ભયાનક આંકડાઓ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં ૧૮ હજાર ૪૬૬ નવા દર્દીઓ મળી આવ્યા છે. ચિંતાની વાત એ છે કે રાજ્યમાં કોરોનાને કારણે ૨૦ લોકોના મોત થયા છે. મુંબઈમાં ફરી એકવાર કોરોના કાબૂ બહાર છે. એક દિવસમાં ૧૦ હજાર ૮૬૦ નવા કેસ નોંધાયા છે. પુણેમાં ૧૧૦૪ નવા દર્દીઓ મળી આવ્યા છે. સકારાત્મકતા દર ૧૮% થી વધુ છે. દિલ્હીમાં ૫ હજાર ૪૮૧થી વધુ નવા કેસ નોંધાયા છે. જેના કારણે દિલ્હી સરકારે સપ્તાહના અંતે કર્ફ્યુ લગાવવો પડ્યો હતો. દિલ્હીમાં લાંબા સમય બાદ કોરોનાથી ત્રણ લોકોના મોત થયા છે. દિલ્હી સરકારે ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમને ત્રીજા મોજા માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો છે. નવા આદેશમાં એવું કહેવામાં આવ્યું છે કે જે ખાનગી હોસ્પિટલોમાં ૫૦ થી વધુ બેડ છે તેમણે તેમની કુલ ક્ષમતામાંથી ૪૦% બેડ કોરોના દર્દીઓ માટે અનામત રાખવા જોઈએ. ગુજરાતમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં એક દિવસમાં ૨ હજાર ૨૬૫ નવા કોરોના દર્દીઓ સામે આવ્યા છે. બિહારમાં પણ કોરોના વિસ્ફોટ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૩ નવા દર્દીઓ મળી આવ્યા છે. પટનામાં સૌથી વધુ ૫૬૫ દર્દીઓ મળી આવ્યા છે. વધતા જતા કેસોને જોતા બિહારમાં ૬ થી ૨૧ જાન્યુઆરી સુધી નાઈટ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. હરિયાણાના પંચકુલામાં કોરોના વિસ્ફોટ થયો હતો. એક દિવસમાં ૧૬૨ નવા દર્દીઓની પુષ્ટિ થઈ છે. કોરોનાના વધતા જતા કેસોને જોતા પંજાબ સરકારે પણ નિયંત્રણો શરૂ કર્યા છે. પંજાબમાં આજ રાતથી નાઈટ કર્ફ્યુની જાહેરાત કરવામાં આવી છે. રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યુ લાગુ રહેશે. આ તમામ નિયંત્રણો એટલા માટે લાદવામાં આવી રહ્યા છે કારણ કે હવે કોરોનાના કેસ ક્લસ્ટરમાં બહાર આવી રહ્યા છે. કેટલાક નિષ્ણાતો ત્રીજા મોજાના શિખર દરમિયાન દરરોજ ૧૬ લાખ કેસ વિશે વાત કરી રહ્યા છે. તેવી શંકાઓ છે. એટલા માટે હવે કોરોનાને રોકવા માટે લોકડાઉનની વાતો થઈ રહી છે અને કેટલાક રાજ્યોએ તો વીકએન્ડ લોકડાઉન પણ શરૂ કરી દીધું છે.

આરોપીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવનારાઓ પર 'બુલ્લીબાઈ' એપની પીડિત મહિલાઓએ ફિટકાર વરસાવી

● બુલ્લીબાઈની મુખ્ય ભેજાબાજ ૧૮ વર્ષીય વિદ્યાર્થિનીને માફ કરી દેવાનું કહેનારા જાવેદ અખ્તર અને પત્રકાર રાહુલ કંવરને સૂફિયાણી સલાહ નહીં આપવા તેમજ આવા ગુનાઓને અપવાદરૂપ બનાવવાનું બંધ કરવાનું જણાવતી પીડિત મુસ્લિમ મહિલાઓ ● સ્વરા ભાસ્કરે કસાબનો ઉલ્લેખ કરી કહ્યું કે, તેણે પણ યુવાનીમાં પગ રાખતાં જ જઘન્ય અપરાધ આચર્યો હતો, કટ્ટરવાદીઓને નિશાન બનાવી અભિનેત્રીએ સવાલ કર્યો હતો કે, શું ગોદી મીડિયાના દિગ્ગજોને લાગે છે કે, આવો સંદર્ભ ગુનાને યોગ્ય ઠરવે છે?

(એજન્સી) નવી દિલ્હી,તા.૫

'બુલ્લીબાઈ' એપ પર મુસ્લિમ મહિલાઓનું અભદ્ર રીતે અપમાન કરવા સામે દેશભરમાં રોષ ફાટી નીકળ્યો હતો ત્યારે હવે મુંબઈ પોલીસ દ્વારા આ મામલે તપાસ હાથ ધરી આવી માનસિક ગંદકી ફેલાવનારાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે, આ એપ પર મુસ્લિમ મહિલાઓને બદનામ કરવા પાછળ મુખ્ય ભેજું એક ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીનું હતું, જે ઉત્તરાખંડની રહેવાસી છે. મુંબઈ પોલીસે આ મામલે ૧૮ વર્ષીય વિદ્યાર્થીની ઉપરાંત બે અન્ય ૨૧ વર્ષના વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ દ્વારા આવી ગંદી એપને આકાર આપી પોતાની વિકૃતિ જાહેર કરવામાં આવી હતી. જો કે હવે કેટલાક લોકોએ આરોપીઓની પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવાનો હીન પ્રયાસ કર્યો છે. ત્યારે બુલ્લીબાઈ પર નિશાન બનાવવામાં આવેલી મુસ્લિમ મહિલાઓએ ખોટી રીતે આરોપીઓની તરફેણ કરનારાઓ પર પ્રહારો કર્યા હતા અને તેમની ફિટકાર વરસાવી હતી. હિન્દી ફિલ્મોના ગીતકાર અને લેખક જાવેદ અખ્તરે ટ્વિટ કરી બુલ્લીબાઈ એપની મુખ્ય ભેજાબાજ ૧૮ વર્ષીય વિદ્યાર્થીની શ્વેતા સિંહ પર દયા દાખવી હતી. જાવેદ અખ્તરે સુફિયાણી સલાહ આપતાં જણાવ્યું હતું કે, શ્વેતાએ તાજેતરમાં કેન્સર અને કોરોનાને કારણે પોતાના માતા-પિતા ગુમાવ્યા છે ત્યારે બુલ્લીબાઈના પીડિતોએ તેની સાથે મુલાકાત કરી તેની મનોદશા સમજવી જોઈએ કે, તેણે શા માટે આવું કર્યું. તેને માફ કરી દેવી જોઈએ. જાવેદ અખ્તરની આ સૂફિયાણી સલાહ સામે સોશિયલ મીડિયા પર આક્રોશ પ્રવર્તી ગયો હતો. બુલ્લીબાઈ એપ પર નિશાન બનાવવામાં આવેલી મહિલાઓએ ટ્વિટ કરી જાવેદ અખ્તરને તાકીદ કરી હતી કે, તેઓ ભાષણો આપવાનું આવી સલાહ આપવાનું બંધ કરે. પત્રકાર રાહુલ કંવલે પણ ટ્વિટ કરી બુલ્લીબાઈ એપની મુખ્ય ભેજાબાજ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. ત્યારે બુલ્લીબાઈ એપની પીડિતા સિદરાહે રાહુલ કંવલને જવાબ આપતાં ટ્વિટ કરી કર્યું હતું કે, તેઓ આવી ગુનાખોરીને અપવાદરૂપ બનાવવાનું બંધ કરે. બોલિવૂડની અભિનેત્રી સ્વરા ભાસ્કરે ટ્વિટ કરી જણાવ્યું હતું કે, મુંબઈ હુમલાનો હુમલાખોર અજમલ કસાબ પણ ૨૦ વર્ષનો હતો, તેણે પોતાની ગરીબીને કારણે ત્રાસવાદી હુમલાને અંજામ આપ્યો હતો. અને નિર્દોષ વ્યક્તિઓની હત્યા કરી હતી. જો કે સ્વરા ભાસ્કરે કટ્ટરવાદીઓને નિશાન બનાવી સવાલ કર્યો હતો કે, શું ગોદી મીડિયાના દિગ્ગજોને લાગે છે કે, આવો સંદર્ભ ગુનાને યોગ્ય ઠેરવે છે.

મોદી જાણી ગયા હતા કે, ફિરોઝપુર રેલી ફ્લોપ શો છે તેથી પરત ફરવાનું નક્કી કર્યું

'પાયાવિહોણા' : PM મોદીની ફિરોઝપુર મુલાકાત દરમિયાન સુરક્ષા ચૂક આરોપોને પંજાબના મંત્રી રાજકુમાર વેરકાએ ફગાવ્યા

સુરક્ષામાં ચૂક મામલે અમે અમારા બે વડાપ્રધાન ગુમાવ્યા છે, તેથી હવે કોંગ્રેસના શાસનમાં સુરક્ષા ચૂક થાય જ નહીં : કોંગ્રેસ પ્રવક્તા ગૌરવ વલ્લભ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પંજાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક સભાને ખેડૂતોના વિરોધ બાદ તેમણે પ્રવાસ રદ કર્યા બાદ પંજાબના મંત્રી રાજકુમાર વેરકાએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, સુરક્ષા ચૂકના આરોપો પાયાવિહોણા છે. સુરક્ષા ચૂક અંગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા સહિત કેટલાક નેતાઓએ પંજાબ સરકાર પર આ અંગે આરોપો લગાવ્યા હતા અને જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરી હતી જ્યારે ગૃહ મંત્રાલયે પણ રાજ્ય સરકાર પાસે રિપોર્ટ માંગ્યો હતો. જો કે, પંજાબના મંત્રી વેરકાએ આરોપોને ફગાવ્યા છે અને કહ્યું છે કે, પીએમની પંજાબની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં કોઈ છીંડા રખાયા ન હતા. આ તમામ આરોપો પાયાવિહોણા છે સાચી વાત એ છે કે, સભા ફ્લોપ શો હતી. જ્યારે પીએમને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પરત ફરવાનું નક્કી કર્યું. ગૃહ મંત્રાલયના આરોપો સામે કોંગ્રેસના પ્રવક્તા ગૌરવ વલ્લભે કહ્યું કે, અમે અમારા બે નેતા આમાં ગુમાવ્યા છે અને અમે જાણીએ છીએ કે, વડાપ્રધાન મામલે સૌથી મહત્ત્વની બાબત સુરક્ષા છે.

'સાવચેતી'ની રસીનો ડોઝ એ વ્યક્તિને અગાઉ આપવામાં આવેલ રસીનો જ ડોઝ હશે, તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં : સરકાર

(એજન્સી) તા.૫

નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ.વી.કે.પૉલે બુધવાર, ૫ જાન્યુઆરીએ જાહેરાત કરી હતી કે, 'સાવચેતી'ના કોવિડ-૧૯ રસીના ડોઝનું સંચાલન કરતી વખતે રસીના મિશ્રણ અને મેચિંગને મંજૂરી આપવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું કે સાવચેતીનો ડોઝ એ જ રસીનો ડોઝ હશે જે અગાઉ આપવામાં આવેલ છે. ANI દ્વારા ડૉક્ટર વીકે પૉલને ટાંકવામાં આવ્યું હતું કેઃ સાવચેતીના કોવિડ-૧૯ રસીનો ડોઝ એ જ રસીનો હશે જે અગાઉ આપવામાં આવી હતી. જેમણે Covaxin મેળવ્યું છે તેઓ Covaxin જ મેળવશે, જેમને Covishieldના પ્રાથમિક બે ડોઝ મળ્યા છે તેઓ Covishield જ સાવચેતીના ડોઝ તરીકે મેળવશે. હેલ્થકેર વર્કર્સ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે 'સાવચેતી' ડોઝ ૧૦ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે.

દરમિયાન, આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ બુધવારે જણાવ્યું હતું કે, ૧૫ થી ૧૮ વય જૂથના ૧ કરોડથી વધુ યુવાનોને COVID-19 રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR)ના ડાયરેક્ટર જનરલ ડૉ. બલરામ ભાર્ગવે બુધવારે માહિતી આપી હતી કે ઓમિક્રોન વેરિઅન્ટ એ શહેરોમાં વધી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે આ ફેલાવાની ઝડપને ઓછી કરવા માટે સામૂહિક મેળાવડા ટાળવા જોઈએ. દરમિયાન, આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ, દિલ્હીમાં હોમ આઈસોલેશન દર્દીઓ માટે ક્વોરેન્ટાઇનનો સમયગાળો ૧૪ દિવસથી ઘટાડીને સાત દિવસ કરવામાં આવ્યો હતો. આ સાત દિવસોમાં, જો દર્દીને સતત ત્રણ દિવસ સુધી કોઈ લક્ષણો ન દેખાય, તો દર્દીને કોવિડ ટેસ્ટ વિના હોમ આઈસોલેશનમાંથી રજા આપી શકાય છે.

ભારતમાં કોવિડના કેસો વધી રહ્યા છે અને અનેક રાજ્યોમાં વીકએન્ડ કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યા હોવા છતાં ભારતમાં કોવિડ-૧૯ના કેસમાં વધારો થવાનું ચાલુ રહ્યું છે, દેશમાં બુધવારે ૫૮,૦૯૭ નવા કોરોનાવાયરસ કેસ નોંધાયા છે, જે મંગળવારે ૩૭,૩૭૯ કેસ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૩૪ લોકોના મોત થયા છે. મંગળવારે, ૧૨૪ મૃત્યુ નોંધાયા હતા. દરમિયાન, ભારતમાં અત્યાર સુધીમાં ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોનાવાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના કુલ ૨,૧૩૫ કેસ મળી આવ્યા છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતમાં છેલ્લા આઠ દિવસમાં કેસોમાં ૬.૩ ગણાથી વધુનો વધારો નોંધાયો છે. ૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ૦.૭૯ ટકાથી ૫ જાન્યુઆરીના રોજ ૫.૦૩ ટકા કેસની સકારાત્મકતામાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. મંત્રાલયે ચિંતાજનક રાજ્યોને પણ સૂચિબદ્ધ કર્યા છે જ્યાં કોવિડ કેસોમાં ખૂબ વધારો થયો છે. તેમાં મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, કેરળ, તમિલનાડુ, કર્ણાટક, ઝારખંડ અને ગુજરાતનો સમાવેશ થાય છે. મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે દેશમાં ૨૮ જિલ્લાઓ એવા છે જેમાં ૧૦ ટકાથી વધુ સાપ્તાહિક હકારાત્મકતા દરથી કેસ વધી રહ્યા છે.

વૈશ્વિક સ્તરે નોંધાયેલા કેસોની સૌથી વધુ સંખ્યા સાથે આરોગ્ય મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે ૪ જાન્યુઆરીએ વૈશ્વિક સ્તરે ૨૫.૨ લાખ કેસ નોંધાયા હતા, જે રોગચાળાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં સૌથી વધુ છે. વધુમાં, ૪ જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહમાં આશરે ૬૫ ટકા કેસ યુએસએ, યુકે, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેનમાંથી નોંધાયા હતા.

ગરીબ હોવાથી ૧૮ વર્ષીય વિદ્યાર્થિની રૂપિયા માટે 'બુલ્લીબાઈ' એપ સાથે જોડાઈ હતી : ઉત્તરાખંડ પોલીસ બચાવની મુદ્રામાં

આ વિકૃત ગુનાના તમામ ગુનેગારોને વહેલી તકે ઝડપી પાડવામાં આવશે, તપાસ જારી છે : મુંબઈના પોલીસ કમિશનર

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

'બુલ્લીબાઈ' એપ પર મુસ્લિમ મહિલાઓને બદનામ કરવાના આચરવામાં આવેલા વિકૃત ગુના મામલે મુંબઈ પોલીસે અત્યાર સુધી એક ૧૮ વર્ષીય વિદ્યાર્થિની સહિત કુલ ત્રણ વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે. મુંબઈ પોલીસે ખુલાસો કર્યો હતો કે, આ જઘન્ય અપરાધની મુખ્ય ભેજાબાજ ઉત્તરાખંડની ૧૮ વર્ષીય વિદ્યાર્થિની છે જેનું નામ શ્વેતાસિંહ છે. મુંબઈ પોલીસના કમિશનર હેમંત નાગરલેએ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, આ એપ પર મલાલા યુસુફઝઈથી માંડી શબાના આઝમી અને પત્રકાર ઈશમત આરાના ફોટો મૂકવામાં આવ્યા હતા. અત્યાર સુધી ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને અમે આ મામલે વધુ લોકોની શોધખોળ કરી તેમની પણ ધરપકડ કરીશું. આ ગુનામાં શ્વેતાસિંહ મુખ્ય આરોપી છે, આ એપના પાંચ ફોલોઅર્સ હતા. અમે તમામની તપાસ કરી રહ્યા છે. બીજી તરફ ઉત્તરાખંડ પોલીસે જણાવ્યું હતું કે, શ્વેતા રૂપિયા માટે આ એપ સાથે જોડાઈ હતી. તેના માતા-પિતાનું કોરોનાને કારણે મોત થયું હતું. તેની ઉત્તરાખંડના રૂદ્રપુરથી ધરપકડ કરવામાં આવી હતી, તે ગરીબ ઘરની છોકરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બુલ્લીબાઈ એપ કેસમાં મુંબઈ પોલીસે ઉત્તરાખંડથી વધુ એક વિદ્યાર્થિની ધરપકડ કરી હતી. આ વિદ્યાર્થિની ઓળખ ૨૧ વર્ષીય મયંક રાવલ તરીકે કરવામાં આવી છે. બુધવારે વહેલી સવારે તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ અગાઉ મુંબઈના સાયબર સેલ દ્વારા ઉત્તરાખંડથી ૧૮ વર્ષીય શ્વેતાસિંહની ધરપકડ કરવામાં આવી હતી. શ્વેતાસિંહ બુલ્લીબાઈ એપ મામલે મુખ્ય કાવતરાખોર હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુંબઈ પોલીસે એપ બનાવનારા અજાણ્યા લોકોની પણ શોધખોળ હાથ ધરી છે.

ફિરોઝપુરમાં મોદીજીને સાંભળવા માટે કોઈ ભીડ ન હતી : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પંજાબના ફિરોઝપુરમાં એક સભાને સંબોધવા માટેની વડાપ્રધાનની રેલી બુધવારે રદ થયા બાદ મોટી રાજકીય લડાઈ છેડાઈ છે, જેમાં કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, ભાજપ દ્વારા આયોજિત કરાયેલા આ કાર્યક્રમમાં કોઈ ભીડ ન હતી. કોંગ્રેસના પ્રભારી અને મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે, ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ આરોપોમાં પડવાનું બંધ કરવું જોઈએ અને કેસરિયા પક્ષે ખેડૂત વિરોધી માનસિકતા માટે આત્મમંથન કરવું જોઈએ. ભાજપના પ્રમુખ નડ્ડાના મોદીની સભા રદ કરાવવાના પ્રયાસના આરોપ બાદ કોંગ્રેસની પ્રતિક્રિયા આવી છે. ફિરોઝપુરના માર્ગે વિરોધ પ્રદર્શનને કારણે મોદીનો કાફલો આશરે ૨૦ મિનિટ સુધી અટકાવી દેવાયા બાદ પીએમે પંજાબની મુલાકાત રદ કરી જેના કારણે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્ય સરકાર પાસેથી તાત્કાલિક રિપોર્ટ માંગ્યો હતો. સુરજેવાલાએ કહ્યું કે, તમામ તૈયારીઓ એસપીજી અને કેન્દ્રીય એજન્સીઓના કહેવાથી થઈ હતી. પીએમની સુરક્ષા માટે ૧૦,૦૦૦ સુરક્ષા જવાનો ખડકાયા હતા. સુરજેવાલાએ દાવો કર્યો કે, રાજસ્થાન અને હરિયાણાથી આવનારા ભાજપના કાર્યકરોની બસોના પણ રૂટ ફેરવાયા હતા અને વડાપ્રધાને હુસૈનવાલાના પ્રવાસ માટે રોડ માર્ગે જવાનું નક્કી કર્યું. આ માર્ગ દ્વારા પ્રવાસ કરવાના મુખ્ય કાર્યક્રમનો ભાગ ન હતો. અંતે સભા રદ કરવાનું મુખ્ય કારણ એ હતું કે, મોદીજીને સાંભળવા માટે સભામાં કોઈ ન હતું. તમે સભાઓ યોજો પણ પહેલાં ખેડૂતોની વાત પણ સાંભળી લો. તેમણે એમ પણ કહ્યું કે, કિસાન મજદૂર સંઘર્ષ કમિટી પીએમની પ્રસ્તાવિત મુલાકાતનો વિરોધ કરી રહી હતી અને કેન્દ્રીય મંત્રી ભૈરોસિંહ શેખાવતે તેમની સાથે બે રાઉન્ડ વાતચીત કરી હતી. શું તમે જાણો છો કમિટી અને ખેડૂતો પીએમ મોદી વિરૂદ્ધ કેમ દેખાવો કરી રહ્યા હતા ? તેમની માંગ હતી કે, ગૃહરાજ્ય મંત્રી અજય મિશ્રા ટેનીની હકાલપટ્ટી કરો. હરિયાણા, દિલ્હી અને યુપીમાં ખેડૂતો વિરૂદ્ધ અપરાધિક કેસો પાછા ખેંચો. મોતને ભેટેલા ૭૦૦ કિસાનોના પરિવારોને વળતર આપો. એમએસપી અંગે કમિટી બનાવો અને ઝડપી નિર્ણયો લો.

ભારતનું પ્રથમ સિલ્વર ઈટીએફનું માર્કેટમાં પદાર્પણ, શું તમે ખરીદી શકો ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૫



ભારતના લોકો માટે રોકાણ કરવા વધુ એક શાનદાર વિકલ્પ આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ કંપની આઈસીઆઈસીઆઈએ દેશનું પ્રથમ ઓટો એક્ચેન્જ ટ્રેડેડ ફંડ(ઈટીએફ) લોન્ચ કર્યું છે. આમાં તમે ૧૦૦૦ રૂપિયાથી રોકાણ કરી શકો છો. ઉલ્લેખનીય છે કે, આ ઓફર બુધવારથી ખુલી રહી છે અને ૧૦મી જાન્યુઆરીએ બંધ થઈ જશે. આઈસીઆઈસીઆઈ મ્યુચ્યુઅલ ફંડે જણાવ્યું કે, આ એક ઓપન એન્ડેડ ઈટીએફ છે જે નિફ્ટી ઓટો ઈન્ડેક્ષને ટ્રેક કરશે. આમાં ફાઈનાન્શિયલ માર્કેટના સેગમેન્ટનું પ્રદર્શન રિફ્લેક્ટ થશે. આ નવા ફંડનો ઉદેશ્ય ઓટો તથા તેની સાથે જોડાયેલી બ્લૂચિપ કંપનીઓમાં રોકાણ કરવાનું છે. વાસ્તવમાં મેક્રો એક્ટિવિટીઝ અને અર્થવ્યવસ્થાના ખુલવાથી મજબૂત રિકવરી થઈ રહી છે. આના કારણે આમા ડિમાન્ડ દેખાઈ રહી છે. તેને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ નિફ્ટી ઓટો ઈટીએફ નામ અપાયું છે. તેનો ઉદેશ્ય ઓટો કંપનીઓના શેર્સ રોકાણ કરીને રિટર્ન આપવાનો છે.

કર્ણાટકમાં મુસ્લિમો સાથે હવે ખ્રિસ્તીઓને પણ કટ્ટર હિંદુત્વ જૂથો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે

(એજન્સી) તા.૫

ભાજપ શાસિત કર્ણાટક રાજ્ય હવે નવી 'હિન્દુત્વ પ્રયોગશાળા' તરીકે ઉભરી આવ્યું છે જ્યાં ખ્રિસ્તીઓને પણ મુસ્લિમો સાથે જમણેરી કટ્ટર જૂથો દ્વારા લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે. નાગરિક અને માનવાધિકાર જૂથોએ નિરીક્ષણ કર્યું હતું કે, ગયા વર્ષે, નવેમ્બર ૨૦૨૧ સુધી ખ્રિસ્તી સમુદાયના સભ્યો વિરૂદ્ધ કથિત રીતે હિંસાની ૩૦૫ જેટલી ઘટનાઓ બની હતી. સંયુક્ત પહેલ દ્વારા સંકલિત ડેટા અનુસાર, દક્ષિણના કર્ણાટક રાજ્યમાં દ્વેષપૂર્ણ અપરાધની ૩૯ ઘટનાઓનો સમાવેશ થાય છે. યુનાઈટેડ ક્રિશ્ચિયન્સ ફોરમ (યુસીએફ), એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR) અને યુનાઈટેડ અગેઈન્સ્ટ હેટ (UAH) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, મોટાભાગના કેસોમાં કાયદો અને વ્યવસ્થા તંત્રની મોટાભાગે અવગણના કરવામાં આવી હતી અથવા ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં નિષ્ક્રિય રહી હતી. મોટાભાગના કેસો દલિત ખ્રિસ્તીઓ વિરૂદ્ધ 'ધર્મ પરિવર્તન' ના આરોપમાં કરવામાં આવે છે. હિન્દુ જમણેરી જૂથો ખ્રિસ્તી મિશનરીઓ પર ગરીબ દલિતોને ચોખાની થેલીઓ આપીને ખ્રિસ્તી બનાવવાનો આરોપ લગાવે છે. પરિણામે, આ જમણેરી જૂથો દલિતો વિરૂદ્ધ અપમાનજનક શબ્દનો ઉપયોગ

કરે છે, તેમને 'ચોખાની થેલી સાથેના ખ્રિસ્તીઓ' કહે છે. ખ્રિસ્તીઓ સામેના તાજેતરના હુમલાઓએ ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ, વોશિંગ્ટન પોસ્ટ, ધ ગાર્ડિયન સહિતના ઘણા અગ્રણી સમાચાર આઉટલેટ્સમાં પણ આવ્યા હતા જે આંતરરાષ્ટ્રીય ચિંતા દર્શાવે છે, જેમાં ખ્રિસ્તી સમુદાયના સભ્યોની પજવણી અને ડરાવવાના અહેવાલોને લીધે આ ચિંતા વધી રહી છે. ઘણા કેસ તો નોંધાયા પણ નથી, ત્યારે ઉપરોક્ત અધિકાર જૂથે નોંધ કરેલી કેટલીક મોટી ઘટનાઓની નોંધ લેવામાં આવી છે, પરંતુ તે ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં બનેલા છે તે આ અહેવાલમાં દર્શાવવામાં આવ્યા નથી, પણ એવું તારણ નીકળે છે કે કર્ણાટક એવું સ્થળ બની ગયું છે જ્યાં 'લઘુમતી સભ્યો' સમુદાયો ડરમાં જીવી રહ્યા છે.

ડિસેમ્બર-જાન્યુઆરીમાં હુમલા

હિન્દુત્વવાદી સંગઠનોના એક જૂથે ૨૯ ડિસેમ્બરે બેલાગવી જિલ્લાના તુક્કાનાટ્ટી ગામમાં એક દલિત પરિવાર પર કથિત રીતે હુમલો કર્યો હતો, પીડિતા પર તેમના પડોશીઓને ખ્રિસ્તી બનાવ્યાનો આરોપ લગાવ્યો હતો. જેમાં ૩ મહિલા સહિત દલિત પરિવારના ૫ સભ્યો ઘાયલ થયા હતા. હુમલાખોરે કથિત રીતે તેના પર ગરમ કરી ફેંક્યા બાદ એક મહિલાને દાઝી ગઈ હતી અને તેણીને ઈજા થઈ હતી. ૨ જાન્યુઆરીના રોજ, પત્રકાર ઈમરાન ખાને ટ્વિટર પર હુમલાનો એક વીડિયો શેર કર્યો હતો જેમાં કથિત રીતે બતાવવામાં આવ્યું હતું કે, એક જમણેરી ગુંડો એક પુરૂષને મારતો હતો, અને એક મહિલાની સાડી ખેંચી રહ્યો હતો. ૨૮ ડિસેમ્બરે તુમાકુરુ જિલ્લાના કુનિગલમાં આવો જ એક હુમલો થયો હતો જ્યાં મહિલાઓએ હિંદુત્વ જૂથ બજરંગ દળના સભ્યો સાથે ઝઘડો કર્યો હતો જેઓ કથિત રીતે પરિવાર પર ધર્માંતરણનો આરોપ લગાવીને તેમના ઘરમાં ઘૂસી ગયા હતા. આ અગાઉ, મંડ્યા જિલ્લામાં, જમણેરી લોકોનું એક જૂથ કથિત રીતે કોન્વેન્ટ સ્કૂલમાં ઘૂસી ગયું હતું અને નાતાલની ઉજવણીમાં વિક્ષેપ પાડ્યો હતો, અને શાળાના અધિકારીઓને ધમકી આપી હતી. ૨૩ ડિસેમ્બરના રોજ, જમણેરી કાર્યકર્તાઓનું એક જૂથ કર્ણાટકના મંડ્યા જિલ્લામાં એક કોન્વેન્ટ સ્કૂલમાં ઘૂસીને નાતાલની ઉજવણીમાં વિક્ષેપ પાડીને શાળાના સત્તાવાળાઓને ધમકી આપી હતી. તે જ દિવસે, કર્ણાટક રાજ્ય વિધાનસભાએ નવો ધર્માંતરણ વિરોધી કાયદો પસાર કર્યો હતો, જેને કર્ણાટક પ્રોટેક્શન ઑફ રાઈટ ટુ રિલિજિયન બિલ, ૨૦૨૧ કહેવાય છે. ખ્રિસ્તીઓ પરના તાજેતરના હુમલાઓ એક સમાન પેટર્ન ધરાવે છે, તેઓ ધર્માંતરણ સાથે જોડાયેલા છે. જો તમે તાજેતરમાં કર્ણાટક, દિલ્હી, મધ્ય પ્રદેશમાં ૨૦૨૧ માં થયેલા તમામ હુમલાઓ પર નજર નાખો, તો કહેવાતા હિન્દુત્વ જૂથો જેમણે ખ્રિસ્તીઓ અને તેમના ધર્મસ્થાન પર હુમલો કર્યો હતો, તેમાં એક વસ્તુ સમાન છે જેમાં હુમલો કરવાનું મુખ્ય કારણ ધર્મ પરીવર્તનના આક્ષેપો છે. લોરેન્સે કહ્યું કે, તેઓ આ ડરથી કરી આવું રહ્યા છે કે મુસ્લિમો અન ખ્રિસ્તીઓ સાથે મળીને ટૂંક સમયમાં ભારતને ખ્રિસ્તી મુસ્લિમ રાષ્ટ્રમાં રૂપાંતરિત કરશે. ખરેખર, આ એક ફોબિયા છે જેઓ હિન્દુત્વ નામના કટ્ટરપંથી સંપ્રદાયના નેતાઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ હિંદુઓને તેમના પોતાના નાગરિકો સામે યુદ્ધ કરવા માટે બ્રેઈનવોશ કરવા માટે જવાબદાર છે. કર્ણાટકના સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું કે, તેજસ્વી સૂર્યા જેવા બીજેપી નેતાઓ દ્વારા આપવામાં આવેલ નફરતના ભાષણો, લઘુમતીઓ સામે હુમલાઓ વધારવાનું કામ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે ભારતીય રાજકારણીઓ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે પ્રેમ દર્શાવવા માટે યુરોપિયન દેશો અથવા પશ્ચિમી દેશોની મુલાકાત લે છે, ત્યારે કેટલાક નેતાઓ રોમમાં પોપના પગે પડે છે અને કેટલાક વેટિકનમાં પોપની સામે ખ્રિસ્તી પુસ્તકોની પૂજા કરે છે અને કેટલાક અમેરિકામાં ચર્ચની મુલાકાત લે છે. ત્યાંના પાદરીઓ સાથે સારા સંબંધો વિકસાવે છે. પરંતુ આ બધું ફોટો માટે હોય છે અને સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તીઓ દ્વારા તેમના પોતાના ભારતીય ખ્રિસ્તીઓ સાથે ખરાબ વર્તન કરવા બદલ ટીકા થવાના ડરથી કરવામાં આવે છે. કર્ણાટકમાં ખ્રિસ્તીઓ વસ્તીના બે ટકાથી પણ ઓછા છે પરંતુ ભારતમાં દ્વેષપૂર્ણ ગુનાઓમાં ત્રીજા નંબરની સૌથી મોટી સંખ્યામાં ભોગ બને છે. નોંધનીય છે કે, રાજ્યની વિધાનસભાએ અનેક કોંગ્રેસ અને અન્ય નાના પક્ષોના વિરોધ વચ્ચે "ધર્મ પરિવર્તન વિરોધી બિલ" પણ પસાર કર્યું છે. કર્ણાટક પ્રોટેક્શન ઑફ રાઈટ ટુ રિલિજિયન બિલનો બચાવ કરતાં મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈએ કહ્યું હતું કે, આ બિલ 'બળજબરીથી ધર્માંતરણ અટકાવશે.' જો કે ખ્રિસ્તી અને મુસ્લિમોએ આ બિલનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, આવા કાયદાઓથી કટ્ટરવાદી હિન્દુત્વ તત્વોને લઘુમતીઓ વિરૂદ્ધ દ્વેષપૂર્ણ ગુનાઓ કરવા માટે પ્રોત્સાહિત કરશે. ઉલ્લેખનીય છે કે મોટાભાગના ભાજપ શાસિત રાજ્યોમાં આવા કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે.

ભારતમાં કોરોનાના કેસ વળી પાછા રેકોર્ડ તોડવા લાગ્યા

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૮,૦૯૭ કેસ નોંધાયા

ઓમિક્રોનના કહેરને રોકવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે, અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૪૭.૭૨ કરોડ ડોઝ અપાયા

નવી દિલ્હી, તા.૫

ભારતમાં કોરોનાના કેસ વળી પાછા રેકોર્ડ તોડવા લાગ્યા છે. દેશમાં આજે કોરોનાના નવા ૫૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર, દિલ્હી, બંગાળ, કર્ણાટક, તમિલનાડુમાં કોવિડ કેસોની સંખ્યામાં વધારાના કારણે આ ઉછાળો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૫૮,૦૯૭ કેસ નોંધાયા છે. હાલ દેશમાં ૨,૧૪,૦૦૪ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે. જો કે એક દિવસમાં ૧૫,૩૯૯ દર્દીઓ રિકવર પણ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૫૩૪ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં દેશમાં કુલ ૪,૮૨,૫૫૧ મૃત્યુ થયા છે. જ્યારે ૩,૪૩,૨૧,૮૦૩ દર્દીઓએ સાજા થવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૪.૧૮% છે. દેશમાં મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, કેરળ, ગોવા, પંજાબ અને

તેલંગણાના કેસ મળીને જ કોવિડના ૫૦ હજાર કરતા ઉપર નવા કેસ થઈ ગયા. કોરોનાનો નવો વેરિએન્ટ ઓમિક્રોન હાલ ચિંતાનો વિષય બનેલો છે. કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કહેરને રોકવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૪૭.૭૨ કરોડ ડોઝ અપાયા છે. છેલ્લા કેટલાક દિવસથી ગુજરાતમાં કોરોનાના નવા કેસમાં વધારો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૨૬૫ કેસ નોંધાયા છે. બીજી તરફ ૨૪૦ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૯,૨૮૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. તો બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૮૫ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં કોરોના સંક્રમણથી આજે ૨ મોત થયા છે. આજે ૮,૭૩,૪૫૭ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા આંકડા પ્રમાણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૨૯૦, સુરત કોર્પોરેશનમાં ૪૧૫, વડોદરા કોર્પોરેશનમાં ૮૬, આણંદ ૭૦, કચ્છ ૩૭, રાજકોટ કોર્પોરેશનમાં ૩૬, ખેડા ૩૪, ભરુચ ૨૬, અમદાવાદ ૨૪, મોરબી ૨૪, ગાંધીનગર કોર્પોરેશન ૨૩, રાજકોટ ૨૧, ભાવનગર કોર્પોરેશન ૧૮, નવસારી ૧૮, જામનગર કોર્પોરેશન ૧૬, મહેસાણા ૧૪, પંચમહાલ ૧૪, ગાંધીનગર ૧૨, સુરત ૯, વલસાડ ૯, જૂનાગઢ કોર્પોરેશન ૮, વડોદરા ૮, જામનગર ૭, બનાસકાંઠા ૬, સાબરકાંઠા ૬, અરવલ્લી ૫, ભાવનગર ૪, દેવભૂમિ દ્વારકા ૪, જૂનાગઢ ૪, મહિસાગર ૪, અમરેલી ૩, ગીર સોમનાથ ૩, તાપી ૩, દાહોદ ૨, ડાંગ ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ નવો કેસ નોંધાયો છે.

રાષ્ટ્રીય સ્તરે ચમકી રહેલાં પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનો ૬૭મો જન્મદિવસ

(એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને 'દીદી' તરીકે જાણીતા મમતા બેનર્જીનો ૬૭મો જન્મદિવસ છે. ૧૫ વર્ષની વયે રાજનીતિમાં પ્રવેશ્યા પછી, ૧૯૮૪ની સામાન્ય ચૂંટણીમાં સૌથી નાની વયે સાંસદ બનવા અને પછી ડાબેરી પક્ષોના ગઢ ગણાતા પશ્ચિમ બંગાળમાંથી તેમને બહારનો રસ્તો બતાવવાની મમતા બેનર્જીની સફર ખૂબ જ રસપ્રદ રહી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તેમના જન્મદિવસના અવસર પર ટ્વિટ કરીને તેમને અભિનંદન પાઠવ્યા છે. મમતાનો જન્મ ૫ જાન્યુઆરી ૧૯૫૫ના રોજ કોલકાતામાં એક સામાન્ય મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. તેમના પિતા સ્વતંત્રતા સેનાની હતા. મમતા માત્ર ૧૭ વર્ષનાં હતાં ત્યારે તેમના પિતાનું બીમારીના કારણે મૃત્યુ થયું હતું. જે બાદ પરિવારની જવાબદારી તેમના ખભા પર આવી ગઈ હતી. મમતાએ દૂધ વેચીને પોતાના ભાઈ-બહેનોનો ઉછેર કર્યો અને પોતાનો અભ્યાસ પોતે પૂરો કર્યો. મમતા બેનર્જીએ કલકત્તા યુનિવર્સિટીમાંથી લો માસ્ટર ઓફ આર્ટ્સમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. મમતાએ માત્ર ૧૫ વર્ષની ઉંમરે જ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમણે જોગમાયા દેવી કોલેજમાં વિદ્યાર્થી પરિષદ

યુનિયનની સ્થાપના કરી, જે કોંગ્રેસ (I)ની વિદ્યાર્થી પાંખ હતી અને ચૂંટણીમાં ડાબેરી પક્ષોની વિદ્યાર્થી પાંખને હરાવી હતી. મમતા બેનર્જી ૭૦ના દાયકામાં કોલેજમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા રાજનીતિમાં સક્રિય થયું અને બહુ જલ્દી પાર્ટીમાં તેમનું કદ પણ વધી ગયું. તેમને મહિલા કોંગ્રેસના મહામંત્રી બનાવવામાં આવ્યા હતા. આ પછી ૧૯૮૪માં કંઈક એવું થયું જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. તે સમયે, સીપીએમના સોમનાથ ચેટર્જી રાજકારણના એટલા મજબૂત ખેલાડી હતા કે કોઈ પણ નવા રાજકારણી માટે તેમને હરાવવાનું અશક્ય માનવામાં આવતું હતું. પરંતુ ૧૯૮૪માં મમતાએ સામાન્ય ચૂંટણી લડી અને જાદવપુર લોકસભા બેઠક પરથી સોમનાથ ચેટર્જીને હરાવ્યા. ચૂંટણી જીતવા સાથે, મમતા ૧૯૮૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતનાં સૌથી યુવા સાંસદ બન્યાં હતાં. આ પછી, ૧૯૯૧માં, બેનર્જી રાવ સરકારમાં માનવ સંસાધન વિકાસ, યુવા બાબતો, રમતગમત અને મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી હતા. ૧૯૯૬, ૧૯૯૯, ૨૦૦૪ અને ૨૦૦૯માં મમતા બેનર્જીએ કોલકાતા બેઠક પરથી લોકસભા ચૂંટણી જીતી હતી. ૧૯૯૩માં મમતા બેનર્જીએ રમતગમત મંત્રાલયમાંથી રાજીનામું આપી દીધું હતું. આ પછી, ૧૯૯૭માં, તેમણે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી બનાવી અને કોંગ્રેસથી અલગ થઈ ગયાં ૧૯૯૯માં તે NDAનો ભાગ બન્યાં અને રેલ્વે મંત્રી બન્યાં. જો કે, ૨૦૧૧માં મમતાએ પણ NDAથી અલગ થઈ ગયા હતા. વર્ષ ૨૦૧૧માં ટીએમસીના પ્રમુખ બનીને, ડાબેરી પક્ષોની દાયકાઓ જૂની સત્તાને ઉથલાવીને, પશ્ચિમ બંગાળમાં નવો સૂર્ય ઉગ્યો અને રાજ્યમાં પોતાની સરકાર બનાવી, મુખ્યમંત્રી બન્યા. અહીંથી જ મમતા બેનર્જીની જીતનો તબક્કો શરૂ થયો, તેમણે ફરી પાછું વળીને જોયું નથી. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ મમતા બેનર્જીને તેમના ૬૭માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ટ્વીટ કરીને કેજરીવાલે દીદીના લાંબા આયુષ્ય, સફળતા અને સારા સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવી હતી.

જનરલ રાવતનું હેલિકોપ્ટર ક્રેશ : વાદળિયા વાતાવરણને કારણે પાઈલટની ભૂલથી અકસ્માત સર્જાયો હતો : સૂત્રો

સૂત્રોએ કહ્યું કે, એમઆઈ-૧૭વીપ હેલિકોપ્ટરમાં જનરલ રાવત, તેમની પત્ની મધુલિકા અને અન્ય ૧૧ હથિયારધારી સુરક્ષાદળો હતા, વાદળિયા વાતાવરણને કારણે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું

(એજન્સી) તા.૫

ગયા મહિને તામિલનાડુમાં થયેલા હેલિકોપ્ટર ક્રેશમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ રાવત સહિત ૧૪ લોકોના નિધન થયા હતા. આ મામલાની તપાસ કરનાર કમિટિએ હવે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહને પોતાનો રિપોર્ટ સુપરત કરી દીધો છે. રિપોર્ટમાં ક્રેશના કારણ અંગે સત્તાવાર રીતે હજી સુધી કોઈ નિવેદન વાયુસેના કે સરકાર દ્વારા કરાયુ નથી પણ સૂત્રોનુ કહેવુ છે કે, કમિટિએ એવુ તારણ કાઢ્યુ છે કે, ખરાબ હવામાનના કારણે હેલિકોપ્ટ ક્રેશ થયુ હતુ. મીડિયા રિપોર્ટમાં આ કમિટિના તારણ અંગે જે દાવો કરાયો છે તે પ્રમાણે સૌથી મોટુ કારણ ખરાબ હવામાન હતુ.હેલિકોપ્ટર ઉડાવી રહેલા પાયલોટ વિંગ કમાન્ડર પૃથ્વી સિંહ ચૌહાણે હેલિકોપ્ટર ક્રેશ

થયુ તેની આઠ મિનિટ પહેલા જ કહ્યુ હતુ કે, હું હેલિકોપ્ટરને લેન્ડ કરાવવા જઈ રહ્યો છું. તે વખતે હેલિકોપ્ટર જમીનથી માંડ ૫૦૦થી ૬૦૦ મિટરની ઉંચાઈ પર હતો અને તે સમયે હેલિકોપ્ટર વાદળોથી ઘેરાઈ ગયેલુ હતું. જેના કારણે વિઝિબિલિટી ઓછી થઈ ગઈ હતી. પાઈલટ પૃથ્વી સિંહ ચૌહાણ રેલવે લાઈનને ફોલો કરીને હેલિકોપ્ટર ઉડાવી રહ્યા હતા અને તેમને વેલિંગ્ટન સ્ટાફ કોલેજમાં હેલિકોપ્ટર લેન્ડ કરાવવાનું હતું. જ્યાં જનરલ રાવત લેક્ચર આપવાના હતા. મીડિયા રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી કહેવાયુ છે કે, કોઈ જાતની ટેકનિકલ ગરબડ કે નુકસાનની આશંકા કમિટિએ રિપોર્ટમાં વ્યક્ત કરી નથી. તપાસ કમિટીએ વાયુસેના અને આર્મી સંબંધિત અધિકારીઓના નિવેદનો રેકોર્ડ કર્યા. આ સાથે જ એ તમામ સ્થાનિક લોકો સાથે વાતચીત કરી જે આ દુર્ઘટનાના પ્રત્યક્ષદર્શી હતા. આ ઉપરાંત તે મોબાઈલ ફોનની પણ તપાસ કરાઈ જેના દ્વારા હેલિકોપ્ટર ક્રેશ થયું તે પહેલા વીડિયો શૂટ કરાયો હતો. ક્રેશ થયેલા હેલિકોપ્ટરનો એફડીઆર એટલે કે ફ્લાઈટ ડેટા રેકોર્ડર (બ્લેક બોક્સ) પણ ઘટનાસ્થળેથી મળી આવ્યું હતું. તેનો ડેટા પણ રિપોર્ટમાં સામેલ કરાયો છે.

UPSCની મુખ્ય પરીક્ષા મોકૂફ રાખવા સંબંધિત અરજી પર દિલ્હી હાઈકોર્ટ સુનાવણી કરશે

સોશિયલ મીડિયા પર સતત માંગ બાદ ઉમેદવારોએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે, આ મામલે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે અને પરીક્ષા સ્થગિત કરવાની માંગ કરવામાં આવી છે

(એજન્સી) તા.૫

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની મુખ્ય પરીક્ષા ૭ જાન્યુઆરી ૨૦૨૨થી શરૂ થવા જઈ રહી છે. પરંતુ કોરોનાના વધતા જતા કેસોને જોતા UPSC પરીક્ષા આપી રહેલા ઉમેદવારોએ સરકાર પાસે માંગ કરી છે કે પરીક્ષા મોકૂફ રાખવામાં આવે, કારણ કે આવી સ્થિતિમાં પરીક્ષા કેન્દ્ર પર જવું અને પરીક્ષા આપવી બંને શક્ય નથી. સોશિયલ મીડિયા પર સતત માંગ બાદ ઉમેદવારોએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. આ મામલે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે અને પરીક્ષા સ્થગિત કરવાની માંગ કરવામાં આવી છે. આ મામલે દિલ્હી હાઈકોર્ટમાં ૬ જાન્યુઆરીએ એટલે કે, આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. કોરોનાને કારણે પરીક્ષાને લઈને ઉમેદવારોની માંગ છે કે, સુરક્ષાના દૃષ્ટિકોણથી આ પરીક્ષા મોકૂફ રાખવામાં આવે. સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ સતત માંગ કરી રહ્યા છે. ઉમેદવારો પોતાની સમસ્યાઓ જણાવી રહ્યા છે. પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોનું કહેવું છે કે, પરીક્ષા માટે તેઓએ અન્ય શહેરોના

પરીક્ષા કેન્દ્રોમાં જવું પડશે. આવા સંજોગોમાં વાહનવ્યવહારની કોઈ સુવિધા ન હોવાને કારણે પરીક્ષામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. યુપીએસસી સિવિલ સર્વિસ મેન્સ ૨૦૨૧ મુલતવી રાખવામાં આવે છે કે નહીં, તે આવતીકાલની સુનાવણી બાદ જ જાણી શકાશે. અરજદારોનું કહેવું છે કે, UPSC મેન્સ ૨૦૨૨ પરીક્ષા માટેના મોટાભાગના કેન્દ્રો મેટ્રો શહેરોમાં સ્થિત છે જે ગીચ વસ્તીવાળા છે. આનાથી તેમને સંક્રમણ લાગવાનું જોખમ વધી જાય છે અને ઘણા ઉમેદવારો માટે આ પરીક્ષા પણ છેલ્લો પ્રયાસ છે. આથી, તેઓ ઓમિક્રોનના કારણે તેને ગુમાવવા માંગતા નથી અને મુલતવી રાખવાની માંગ કરી રહ્યા છે. UPSC CSE મેન્સ ૭, ૮, ૯, ૧૫ અને ૧૬ જાન્યુઆરીએ લેવામાં આવશે. UPSC મેઈન્સમાં કુલ નવ પેપર હશે, જેમાંથી બે ક્વોલિફાઈંગ (એ અને બી) માટે છે અને સાત અન્ય લાયકાત માટે છે.

જે ઉમેદવારો UPSC CSE મુખ્ય પરીક્ષા રાઉન્ડમાં પસંદ કરવામાં આવશે તેમને વ્યક્તિગત ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, (UPSC) એ સિવિલ સર્વિસીસ મેન્સ પરીક્ષા માટે એડમિટ કાર્ડ બહાર પાડ્યું છે. જો કે, કમિશન તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. પરંતુ ઉમેદવારો સતત આની માંગ કરી રહ્યા છે.

તેલંગાણા ભાજપ સાંસદ સામે વધુ બે કેસ દાખલ

(એજન્સી) તા.૫

તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવના ફોટા સાથે ચેડાં કરવા અને હૈદરાબાદ પોલીસના અધિકારીઓને અપશબ્દો કહેવા મામલે હૈદરાબાદ પોલીસે ભાજપના સાંસદ ડી.અરવિંદ સામે વધુ બે કેસ નોંધ્યા છે. આ બંને કેસ બંજારા હિલ્સ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવ્યા હતા. ડી. અરવિંદ નિજામાબાદથી ભાજપના સાંસદ છે અને તેમની વિરુદ્ધ આઈપીસીની કલમ ૨૯૪, ૫૦૪ અને ૫૦૪(૧) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવના ફોટા સાથે ચેડાં કરવા બદલ પોલીસે અરવિંદની

અટકાયત પણ કરી હતી. તેમણે આ ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દીધો હતો. ટીઆરએસના સોશિયલ મીડિયા વિભાગના સંયોજક વાય.સતીશ રેડ્ડીની ફરિયાદના આધારે જ આ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે ફેસબુક પર સાંસદ દ્વારા મુખ્યમંત્રીનો એક ચેડાં કરેલો ફોટો શેર કરવામાં આવ્યો હતો. આ ઘટના ૨૯ ડિસેમ્બરે બની હતી. તેના કારણે અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો અને જુદા જુદા સમૂહોના લોકોને ભડકાવવાનો પ્રયાસ કરાયો હતો. સતીશ રેડ્ડીએ પોતાની ફરિયાદમાં જણાવાયું હતું કે સાંસદની આ પોસ્ટથી ટીઆરએસના કાર્યકરોની લાગણી દુભાઈ હતી. અગાઉ ૨ જાન્યુઆરીએ જ સાંસદ અરવિંદની મુખ્યમંત્રી સામે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરી લેવામાં આવી હતી.

એક મહિનાથી જેલમાં પાકિસ્તાની પ્રેમી, FB પર મિત્રતા બાદ સરહદ પાર કરી મુંબઈ જવા માંગતો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાનના બહાવલપુરના એક યુવકને ફેસબુક પર મુંબઈની એક યુવતી સાથે મિત્રતા થઈ. ત્યારબાદ કલાકો સુધી બંને વચ્ચે વાતચીતનો દોર ચાલુ થયો અને બંને એકબીજાના દીવાના બની ગયા. પ્રેમમાં લોકો અનેક હદો વટાવી જાય છે અને કેટલીકવાર એમણે ઘણી તકલીફો વેઠવી પડે છે. આ યુવક સાથે પણ કંઈક આવું જ બન્યું. યુવતીને મળવા યુવકે રાજસ્થાન સરહદ પાસેની બાડમેર સીમા પાર કરી અને મંજિલને બદલે રણમાં પહોંચી ગયો. હવે યુવક પાછલા એક મહિનાથી ભારતીય સુરક્ષા દળની અટકાયતમાં છે. બીએસએફ યુવકની પૂછપરછ કરી રહ્યું છે. પોલીસની તપાસ સમિતિએ હવે યુવતીને શોધી લીધી છે અને એના પ્રેમની સાચી પુષ્ટિ મળ્યા બાદ યુવકને પરત મોકલવાની આશા સેવાઈ રહી છે. પાકિસ્તાનના બહાવલપુર શહેરના ૨૧ વર્ષીય મોહમ્મદ અહમરે ગત મહિને ગેરકાયદેસર રીતે ભારત-પાકિસ્તાન સીમા પાર કરીને મુંબઈમાં તેની પ્રેમિકાને મળવાનો પ્રયત્ન કર્યો, જેના લીધે યુવકને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એક રિપોર્ટ અનુસાર, મામલાની તપાસ કરી રહેલા અધિકારીઓના જણાવ્યા મુજબ ચોથી ડિસે.ના રોજ ધરપકડ સમયે યુવક પાસેથી પાંચસો રૂપિયા મળી આવ્યા હતા. પરંતુ કોઈ હથિયાર મળ્યું નથી. તપાસમાં સામેલ અધિકારીઓ મુજબ, મોહમ્મદ અહમર સોશિયલ મીડિયા મારફત મુંબઈમાં રહેતી એક યુવતીના સંપર્કમાં હતો. ભારતીય મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અહમરે અધિકારીઓને જણાવ્યું કે, તેણે વિઝા માટે આવેદન કર્યું હતું. પરંતુ વિઝા

બરતરફ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણે સરહદ પાર કરવાનો નિર્ણય કર્યો. શ્રીગંગાનગરના પોલીસ અધિક્ષક આનંદ શર્માએ જણાવ્યું કે, અહમરની પૂછપરછમાં જાણવા મળ્યું કે, તે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મથી મુંબઈમાં રહેતી એક યુવતીના સંપર્કમાં હતો અને એને પ્રેમ થઈ ગયો. પૂછપરછમાં અહમરે જણાવ્યું કે, યુવતીએ એને મુંબઈ આવી જવા કહ્યું હતું અને તે સીમા પાર કરીને અહીં આવી ગયો. જો કે, અહમર જે સીમા ઓળંગીને તે આવ્યો છે ત્યાં અનુપગઢ અને મુંબઈની દૂરી ૧૪૦૦ કિ.મી. છે. એસપી આનંદ શર્માએ જણાવ્યું કે, સીમા પાર કરીને ભારત તરફ આવતાની સાથે જ એને બીએસએફના એક અધિકારીએ જોઈ લીધો હતો અને એને સુરક્ષા દળોને હવાલે થવા કહેવામાં આવ્યું. ત્યારબાદ એ જાતે બીએસએફ જવાનના હવાલે થઈ ગયો. એસએચઓ ફુલચંદે જણાવ્યું કે, ધરપકડ કરાયેલ યુવકની પૂછપરછ અને એના દાવાઓની પુષ્ટિ માટે વિભિન્ન સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓની એક સંયુક્ત તપાસ સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિએ એ હકીકત જાણવા મુંબઈની મુલાકાત લીધી છે કે, જે યુવતીથી એ પ્રેમ કરવાનો દાવો કરી રહ્યો છે શું હકીકતમાં આવી કોઈ યુવતી છે કે નહીં. વાસ્તવમાં એના સંપર્કમાં હતો કે નહીં એનો ઈરાદો ક્યાંક ગેરકાયદેસર તો નહોતો ને? પોલીસ અધિક્ષક આનંદ શર્માએ પુષ્ટિ કરી છે કે, તપાસ ટીમ યુવતીને મળી ચૂકી છે. એમણે કહ્યું કે, એમને વિશ્વાસ છે કે, આમાં કોઈ દેશવિરોધી ગતિવિધિ સામેલ નથી. પરંતુ કેન્દ્રીય એજન્સીઓ પણ એમના સ્તરે તપાસ કરી રહી છે. એમણે કહ્યું કે, જ્યારે એમ સાબિત થઈ જશે કે યુવક સંપૂર્ણપણે નિર્દોષ છે તો બીએસએફની પાકિસ્તાન રેન્જર્સ સાથે ફ્લેગ મીટિંગ થશે. શર્માએ કહ્યું કે, પાકિસ્તાન યુવકને તેનો નાગરિક માને છે અને એ સ્વીકારે છે કે, એમણે સીમા પાર કરી છે તો એને પરત સોંપી દેવામાં આવશે.

ચીન : PLAને વધુ મજબૂત બનાવવા શી જિનપિંગના નવા આદેશ, યુદ્ધ જીતવા નવા દાવપેચ બતાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સશસ્ત્ર દળોના પ્રશિક્ષણ માટે એક નવો આદેશ જારી કર્યો છે. જેમાં યુદ્ધ લડવા અને જીતવામાં સક્ષમ એક વિશેષ દળ વિકસિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ૬૮ વર્ષીય શી જિનપિંગ વર્ષ ૨૦૧૨થી સત્તારૂઢ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના (સીપીસી)ની આગેવાની કરી રહ્યા છે તેઓ કેન્દ્રીય સૈન્ય આયોગ (સીએમસી)ના પણ અધ્યક્ષ છે. શીએ પદ સંભાળતાની સાથે જ સેનામાં સુધારા સાથે પ્રૌદ્યોગિકીને સતત વિકાસની સાથે વર્તમાન સમયમાં પ્રશિક્ષણને પ્રાથમિકતા આપી છે. તેમના પુરોગામીની વિપરિત શીની બીજી પાંચ વર્ષના કાર્યકાળના અંત સુધી સત્તામાં ટકી રહેવા આશાસ્પદ છે અને આ વર્ષની મધ્યે યોજાનારા સીપીસી કોંગ્રેસ બાદ રેકોર્ડ ત્રીજો કાર્યકાળ પણ શરૂ કરી શકે છે. વર્ષ ૨૦૧૮થી તેઓ દર વર્ષે સેના માટે ઓપરેશનલ પ્રાથમિકતાઓ નક્કી કરીને ગતિશીલતાના ઓર્ડર જારી કરી રહ્યા છે. શિન્હુઆ એજન્સીના રિપોર્ટ અનુસાર, શી જિનપિંગે સેના માટે જારી કરેલ આ વર્ષના આદેશમાં કહ્યું છે કે,

સશસ્ત્ર દળોએ પ્રૌદ્યોગિકી, યુદ્ધ તકનિકીની સાથોસાથ પ્રતિદ્વંદ્વીઓ ઉપર પણ નજર રાખવી જોઈએ. પોતાના પ્રયત્નો વધારવા સાથે ટ્રેનિંગ અને જંગી અભિયાનો સાથે સમન્વય સાધવો જોઈએ. એમના આદેશમાં શીએ કહ્યું કે, સેનાએ એક વિશિષ્ટ બળ વિકસિત કરવા એવી ટેકનોલોજીનો વિકાસ કરવો જોઈએ જે યુદ્ધ લડવા અને જીતવા માટે સક્ષમ હોય. એમના શી જિનપિંગે એમ પણ કહ્યું કે, તમામ અધિકારીઓ અને સૈનિકોએ મોત અને મુશ્કેલ પરિસ્થિતિઓથી ડરવાની ભાવના રાખવી જોઈએ નહીં અને પોતાની લડવા માટેની ક્ષમતા વધારવા, ઉત્કૃષ્ટ વર્તનને પ્રોત્સાહન આપવા સારી રીતે આયોજિત અને સુરક્ષિત રીતે ટ્રેનિંગ આપવી જોઈએ. પાછલા દિવસોમાં ચીન સંબંધિત એક એવા સમાચાર આવ્યા હતા, જેમાં અમેરિકાએ દાવો કર્યો હતો કે, ચીન એવા હથિયાર વિકસિત કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. જેનો ઉપયોગ દુશ્મનોને મારવાને બદલે તેમને લકવાગ્રસ્ત કરવા અને મગજ કન્ટ્રોલ કરવા માટે ઉપયોગ કરી શકાય.

લોકસભાના સદસ્ય મનોજ તિવારીનો બોડીગાર્ડ રહી ચૂક્યો છે ઈરફાન

પાલનપુરનો ઈરફાન અબ્બાસી દિલ્હીમાં બોડી બિલ્ડિંગમાં દ્વિતીય સ્થાને

પાલનપુર, તા.૫

તાજેતરમાં જ દિલ્હી ખાતે યોજાયેલી ઓપન દિલ્હી સ્ટેટ બ્રેન્ચ પ્રેસ એન્ડ ડેડલિફ્ટ ચેમ્પિયનશીપમાં ઉત્તર ગુજરાતના ૫ યુવાનોની પસંદગી થઈ હતી. જ્યાં પાલનપુરના ૨૬ વર્ષના યુવાને બીજો નંબર પ્રાપ્ત કરતા પાલનપુરનું હીર રાષ્ટ્રીય કક્ષાએ ઝળક્યું છે. પાલનપુરના હુંઢીયાવાડી વિસ્તારમાં રેલ્વે કોલોની રહેતા ઈરફાન અબ્બાસી ની વર્ષોની મહેનત રંગ લાવી છે. તાજેતરમાં જ દિલ્હી ખાતે યોજાયેલી ઓપન દિલ્હી સ્ટેટ બ્રેન્ચ પ્રેસ એન્ડ ડેડલિફ્ટ ચેમ્પિયનશીપમાં તેણે ભાગ લીધો હતો. જ્યાં બનાસકાંઠા જિલ્લા ના ઈરફાન અબ્બાસી સહિત ઉત્તર ગુજરાતમાંથી પાંચ યુવકોની પસંદગી થઈ હતી. જેમાં ઈરફાન અબ્બાસીએ ૧૫૦ કિલો વેટ ઉઠાવી ગુજરાતમાં બીજો નંબર હાંસિલ કરી પોતાનું ધાર્યું લક્ષ્ય પૂરું કર્યું છે. યુવાનના પિતા

પાલનપુર રેલ્વેમાં નોકરી કરે છે જોકે પુત્રએ સરકારી નોકરી કરવાનો વિચાર છોડી જિમ જોઈન કર્યું અને ત્યારબાદ સફરની શરૂઆત કરી હતી. ઈરફાન અબ્બાસીએ ૨૦૧૯ માં બોડી બિલ્ડીંગ ચેમ્પિયનશીપમાં પણ દેશમાં છઠ્ઠા ક્રમ મેળવ્યો હતો. હાઈટ, પર્સનાલિટી અને કસરત બોડીના કારણે ઈરફાનની સેલિબ્રિટીઓ અને નેતાઓ ના બોડીગાર્ડ તરીકે પણ પસંદગી થઈ હતી.જ્યાં દિલ્હીમાં લોકસભાના સભ્ય મનોજ તિવારી સહિત ડીઆઈજી અનિલ પ્રથમના બોડીગાર્ડ બની તેમને સુરક્ષા આપવાનું કામ ઈરફાન અબ્બાસી કરી ચુક્યા છે. ઈરફાન અબ્બાસીએ ગુજરાતમાં બીજો નંબર મેળવી જિલ્લા અને સમાજનું નામ રોશન કરતાં પરિવારમાં પણ ખુશી જોવા મળી હતી. પુત્રએ સિદ્ધિ મેળવી સપનું પૂરું કરતાં માતાએ ભવિષ્યમાં પુત્ર મોટી નામના પ્રાપ્ત કરે તેવી દુઆઓ આપી હતી.

ખેડા જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવતા ખેડૂતો ચિંતિત

નડિયાદ, તા.૫

ખેડા જિલ્લામાં સતત પલટાતા વાતાવરણને કારણે વધુ એક વખત વાદળછાયું વાતાવરણ જોવા મળતાં ચરોતરના ધરતીપુત્રોના જીવ અધ્ધર થયા છે. ખેડા જિલ્લામાં આજે વહેલી સવારથીજ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. સૂર્ય જાણે વાદળોમાં સંતાકૂકડી રમતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ વાદળછાયા વાતાવરણને કારણે પવનની ગતીમાં વધારો થયો છે તો ઠંડીમાં પણ સામાન્ય ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન ઊંચુ વધ્યું હતું. દર ૧૦-૧૨ દિવસોના અંતરમાં એટલે કે આંતરા દિવસોમાં વાતાવરણ પલટાતા ધરતીપુત્રોના મનમાં ચિંતા પ્રસરી ગઈ છે. તો આવા વાતાવરણને કારણે શિયાળુ પાકને માઠી અસર પડી રહી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ઉપરાંત પાકમાં રોગચાળાની ભીતી પણ સેવાઈ રહી છે. જોકે આ તમામ બાબતો વચ્ચે આશંકીક ઠંડી ઘટાડો થયો છે આજે બપોર ના સમયે ગરમી જેવી સ્થિતિ જોવા મળી હતી.

વાપીનો શમશેર (ઘોડો) ઓલ ઈન્ડિયા ચેતક ફેસ્ટિવલમાં પાંચમા સ્થાને

વાપી, તા.૫

મહારાષ્ટ્રના નંદુરબારમાં યોજાયેલા ઓલ ઈન્ડિયા ચેતક ફેસ્ટિવલમાં દેશભરમાંથી ૨ હજાર ઘોડાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વાપીનો શમશેર (ઘોડો) પાંચમા સ્થાને રહેતાં વાપીવાસીઓમાં આનંદની લાગણી વ્યક્ત કરી છે. મળતી માહિતી મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના સાડગખેડા ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા લેવલની ચેતક સ્પર્ધામાં દેશભરમાંથી અલગ



અલગ શહેરો માંથી ૨૦૦૦ ઘોડાઓ ભાગ લીધો હતો. જે ત્રણ કેટેગરી પ્રમાણે સ્પર્ધા યોજાતા (૧) બે દાંતવાળા ઘોડા (૨) મોટા ઘોડા તથા (૩) નાની ઉંમરના ઘોડાની સ્પર્ધા યોજાઈ હાથી. આ ત્રણ પૈકીના નાની ઉંમરના ઘોડાની સ્પર્ધામાં વાપીના પીરમહમદ મકરાણીનો શમશેર નામનો (ઘોડો) ઓલ ઈન્ડિયાની સ્પર્ધામાં ટોપ-૧૦માં પાંચમો ક્રમાંક મળતા વાપીનું ગૌરવ વધાર્યું છે.આમ વપીનો શમશેર (ઘોડો) ટોપ-૧૦માં આવતા ઘોડાનો માલિક અને વાપી પાલિકાના સભ્ય પીરમહમદ મકરાણીએ કહ્યું હતુ કે, આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તેમણે હિંમતનગરથી વાહન લાવી ૩૦ હજાર રૂા. ભાડું ચૂકવ્યું હતું અને આ ઘોડાની દેખરેખ માટે ૪ માણસો સામેલ કર્યા હતા.

સુરેન્દ્રનગરના ઝમર ગામ નજીક બાઈક-ટ્રક વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લાના ઝમર ગામ નજીક બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા કોળી યુવાનનું નિપજ્યું હતું.

સુરેન્દ્રનગર શહેરના રતનપર સ્વામીનારાયણ મંદિર પાસે શેરી નં.૫માં રહેતા વિજય નારાયણભાઈ પરમાર ચુંવાળિયા કોળી (ઉ.વ.૧૯) પોતાના અંગત કામકાજ માટે રતનપરથી લખતર બાજુ જતા સમયે ઝમર નજીક સરઘરા ઉમ પાસે સામેથી આવતા ટ્રક સાથે બાઈકચાલક અથડાતાં કોળી યુવાનનું કમકમાટીભર્યું મોત નિપજતા ભારે અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં લખતર પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા કોળી યુવકની ડેડબોડીને પોલીસે કબજે કરી પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

વિપક્ષના નેતા અશ્વિન પટેલની લેખિત રજૂઆત

પાટણ જિ.ના ગ્રામ્ય વિસ્તારોમાં આયુષ્યમાન કાર્ડના લોગીન માટે પ્રજાને ધરમધક્કા

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૫

પાટણ જિલ્લામાં આવેલી મોટાભાગની ઈ-ગ્રામ પંચાયતોમાં આયુષ્યમાન કાર્ડના લોગીન માટે આઈ.ડી. અને પાસવર્ડ આપવામાં નહીં આવતા ગ્રામ્ય વિસ્તારની પ્રજા આ કાર્ડ પોતાની ગ્રામ પંચાયતમાંથી કઢાવી શકતી નથી અને યોજનાનો લાભ લેવા ફાંફે ચડે છે ત્યારે સમગ્ર જિલ્લામાં આવેલ તમામ ગ્રામપંચાયતોને લોગીન આઈડી અને પાસવર્ડની ફાળવણી કરવામાં આવે તેવી પાટણ જિલ્લા પંચાયત વિપક્ષના નેતા અશ્વિન પટેલે માંગણી કરી જિલ્લા આરોગ્ય અધિકારીને પત્ર લખ્યો છે અને તાકીદે યોગ્ય કરવા માગણી કરી છે.

અશ્વિનભાઈ પટેલે પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, સરકારની આયુષ્યમાન કાર્ડની યોજના હેઠળ પાટણ જિલ્લામાં માત્ર ૨૦ ટકા જેટલી જ ગ્રામપંચાયતોને આયુષ્યમાન કાર્ડ માટેના લોગીન આઈ.ડી. આપેલ છે. જયારે જિલ્લાની ૮૦ ટકા ગ્રામ પંચાયતો આ સુવિધાથી વંચિત છે. મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની પ્રજાને આ કાર્ડ માટે તાલુકા મથકોએ જવું પડે છે અને લાઈનો તેમજ ઈન્ટરનેટ સેવાઓમાં વિક્ષેપના કારણે ધરમધક્કા ખાવા પડે છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની પ્રજાના હિત ખાતર જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં તાકીદે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેમજ જે તે ગ્રામ પંચાયતના વી.સી.ઈ. મિત્રોને આયુષ્યમાન કાર્ડ માટે લોગીન આઈ.ડી. સાથે પાસવર્ડ ફાળવવામાં આવે તો જરૂરિયાતમંદ લાભાર્થીઓ પોતાની ગામની જ પંચાયતમાંથી સરળતાથી કાર્ડ મેળવી શકે.

ભાવનગરમાં ડ્રેનેજ લાઈનના ખોદકામ વેળા ગેસ લાઈન તૂટતાં લાગેલ આગમાં હિટાચી મશીન સળગી ગયું

ભાવનગર, તા.૫

શહેરના સરદારનગર વિસ્તારમાં ડ્રેનેજ લાઈનના ખોદકામ વેળાએ ભૂગર્ભ ગેસ લાઈન તૂટતાં આગ લાગી હતી, જેમાં એક હિટાચી મશીન સળગી ઊઠતા ફાયરબ્રિગેડના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. આજરોજ સવારના સમયે બીએમસીની ટીમ દ્વારા ઝવેરચંદ મેઘાણી ઓડીટોરિયમ પાસે ડ્રેનેજ લાઈનનું ખોદકામ ચાલી રહ્યું હતું, તે વેળાએ ભૂગર્ભ ગેસ લાઈન તૂટતાં ગેસનો તિવ્ર રિસાવ શરૂ થયો હતો. આથી ખોદકામ કરતો હિટાચી મશીનનો ચાલક વાહન ઘટનાસ્થળે છોડી દૂર જતો રહ્યો હતો, એ દરમ્યાન આગ લાગતાં હિટાચી મશીન આગની લપેટમાં આવી ગયું હતું. આ અંગે ફાયરબ્રિગેડ તથા ગુજરાત ગેસના અધિકારીઓને જાણ કરાતા બંને કાફલા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જેમાં ગેસનો પ્રવાહ બંધ કરાવી ફાયરબ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં હિટાચી મશીનને ખાસ્સુ નુકસાન થયું હતું જ્યારે અન્ય કોઈ જાનહાનિ સર્જાઈ ન હતી.

ભાવનગરમાં કપાસની ગાંસડીની ચોરી કરતી ગેંગ ઝડપાઈ : ૧૬થી વધુ ચોરીનો ભેદ ઉકેલાયો

ભાવનગર, તા.૫

ખેડૂતો દ્વારા મહા મહેનતે પકવેલા તૈયાર કપાસની ચોરી કરનાર ગેંગને ગઢડા પોલીસે ઝડપી લઈ ૧૬ કરતા વધુ કપાસની ચોરીનો ભેદ ઉકેલાયો છે. આ ગેંગની પૂછપરછ દરમિયાન તેમણે બોટાદ અને ભાવનગર જિલ્લાના ગઢડા, ઉમરાળા, વલ્લભીપુર તાલુકાના અલગ-અલગ વિસ્તારમાંથી કુલ ૧૬ જગ્યાએથી કપાસની ચોરી કરી હોવાનું ખુલ્યું છે. જ્યારે પોલીસે તેમની પાસેથી પીકપ વાહન તેમજ ૧.૫૬ લાખ રોકડા સાથે ગઢડા પોલીસે ઝડપી લીધા અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાહન ચેકિંગ દરમિયાન પીકપ વાહન જેનો ઉપયોગ કપાસ ચોરીમાં થતો હોય અને તેમાં બેસેલ ઈસમો કપાસ ચોરવાનું કામ કરતા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે તેવા જ પ્રકારનું પીકઅપ વાહન આવતા પોલીસ દ્વારા તેમને અટકાવાયા હતા, તેમાં રહેલા શક્તિ જીણાભાઈ લીંબડિયા, ગુલા જીણાભાઈ લીંબડિયા, રમેશ મનજીભાઈ બગદરિયા, વિજય ગોવીંદભાઈ બગદરિયા, નટુ ઓધાભાઈ રાઠોડ નામના પાંચ શખ્સો શંકાસ્પદ લાગતા અટકાયત અને ત્યાર બાદ ધરપકડ કરવામાં આવી હતી, જેમાં પોલીસે તેમની પાસેથી પીકઅપ વાન તેમજ રોકડ રકમ રૂા.૧,૫૬,૦૦૦ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન તેમણે ગઢડાના ઉગામેડી સભાડિયા કાપરડી ખોપાળા ઉગામેડી સમઢિયાળા ભોજાવદર વડોદ વાંગધ્રા દરેડ રામણકા સભાડિયા શહીદના ગામડાઓમાંથી કપાસની ગાંસડીઓની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું.

આ ઈસમોએ ગઢડા, ઉમરાળા, વલ્લભીપુર સહિતના પંથકના ગામડાઓમાંથી આમ, કુલ-૧૬ જગ્યાએથી ૮૩ કરતા વધુ કપાસની ગાંસડીઓ ચોરી હોવાની કબૂલાત કરી હતી.

ખેડા જિલ્લાના ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે જિલ્લા-રાજ્ય સ્તરીય ક્વિઝ સ્પર્ધા યોજાશે

નડિયાદ, તા.૫

૧૯મી ડીસેમ્બરે શિક્ષણ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જે અન્વયે આ ક્વિઝ જિલ્લા સ્તરે ઓનલાઈન માધ્યમથી અને રાજ્ય સ્તરે ઓનલાઈન અથવા ઓફલાઈન માધ્યમથી ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવનાર છે.

ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (Science, Technology, Engineering & Mathematics – STEM) ક્ષેત્રે ઉત્સાહ વધારવનું અને પ્રેરણા આપવાનું છે. આ ક્વિઝના માધ્યમથી રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે સહભાગી થવામાં અને જ્ઞાનમાં જાગૃતિમાં અભિવૃદ્ધિ થવા માટે છે. આ ક્વિઝ સ્પર્ધા જિલ્લા સ્તરે ઓનલાઈન માધ્યમથી અને રાજ્ય સ્તરે ઓનલાઈન અથવા ઓફલાઈન માધ્યમથી યોજવામાં આવનાર છે. જેમાં ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ક્વિઝ સ્પર્ધામાં રૂપિયા ૧ કરોડ સુધીના ઈનામો સ્પર્ધકો જીતી શકશે.

આ ક્વિઝ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ છે. જેની અંતિમ તારીખ ૧૯મી જાન્યુઆરી છે. સ્પર્ધકોએ આ પહેલા http://gujcost.co.in વેબસાઈટ પરથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અથવા તો આ અંગે વધુ માહિતી માટે નડિયાદ સ્થિત ડો. કલામ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર ભાવિકાબેન મકવાણાનો ૭૩૮૩૨૭૪૫૭૫ પર અથવા gujcostsn@gmail.com પર સંપર્ક કરવો તેમ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના નિયામકે જણાવ્યું છે. આ સ્પર્ધામાં જિલ્લાની વધુમાં વધુ શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ પ્રોત્સાહન મેળવે તે દિશામાં ડો.કલામ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર એ પ્રયાસો હાથ ધર્યા છે.

મુંબઈથી ભાગીને આવેલ સગીર પ્રેમીપંખીડા ભાવનગર સ્ટેશન પાસે ઝડપાયા

ભાવનગર, તા.૫

મુંબઈથી ૧૪ વર્ષની સગીરા અને ૧૫ વર્ષનો સગીર પ્રેમીપંખીડા ઘરેથી ભાગી બાન્દ્રા ટ્રેનમાં બેસી ભાવનગર છેલ્લા સ્ટેશન પહોંચી ગયા હતા અને સ્ટેશન બહાર આમતેમ ભટકતા હોય નિલમબાગ પોલીસને જાણ થતા પોલીસ સ્ટાફે તેઓને ઝડપી લઈ પુછપરછ કરતા મુંબઈથી આવ્યા હોવાનું જણાવેલ. જ્યારે બંનેનો કોરોના ટેસ્ટ કરાવતા સગીરાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

બંન્નેની ઓળખ કરવા માટે વ્હોટ્સએપમાં બંન્નેના આઈડી પ્રુફ મંગાવાતા બંન્ને મુંબઈ પાસેના ખેરવાડી વિસ્તારના હોવાનું જણાયું હતું. આ મામલે નિલમબાગ પોલીસે ખેરવાડી પોલીસ મથકમાં તપાસ કરતા ખેરવાડી પોલીસ મથકમાં સગીરા ભગાડ્યા અંગેની ફરિયાદ નોંધાઈ હતી. જેથી ત્યાંના ઈન્સ્પેક્ટરને આ બંન્ને મળી ગયા હોવાની જાણ કરવામાં આવી હતી. બંન્ને ઝડપાયેલા સગીર યુવક-યુવતીમાંથી યુવતીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેને સર ટી. હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી છે. જ્યારે યુવકનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જેને ચાઈલ્ડ હેલ્પલાઈનના કો-ઓર્ડિનેટરને સોંપી ફુલસર બાળવિકાસ ગૃહમાં મોકલી આપ્યા છે. આજે ખેરવાડી પોલીસ સ્ટાફના લોકો ભાવનગર આવી છોકરાનો કબ્જો સંભાળશે જ્યારે છોકરી રિપોર્ટ પોઝિટિવ હોવાથી તેનો કબજો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યે સોંપવામાં આવશે.

પાલેજને ગુજરાત એક્સપ્રેસ અને દાદર અજમેર ટ્રેનનું સ્ટોપેજ આપવા માંગ

પાલેજ, તા.૫

પાલેજ સહિત આસપાસના ગામોના આગેવાનો દ્વારા ગુજરાત એક્સપ્રેસનું પાલેજને પુનઃ સ્ટોપેજ ચાલું રાખવામાં આવે તેમજ પાલેજ સ્ટેશને સુવિધાઓ વધારવામાં આવે પંચાયત સરપંચો એડીઆરએમ સહિત જીએમ મુંબઈ સુધી રજૂઆતો કરી છે. પાલેજ રેલવે સ્ટેશને પાછળનાં આઠ વર્ષથી ગુજરાત એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ ચાલું હતું. કોરોના દરમ્યાન ગુજરાત એક્સપ્રેસ સહિતની ટ્રેનોનાં સ્ટોપેજ રદ કરવામાં આવ્યા હતા. હાલમાં ટ્રેનો રાબેતા મુજબ ચાલી રહી છે. પરંતુ પાલેજ સ્ટેશને ગુજરાત એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ રદ કરતાં મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પાલેજ આસપાસનાં ત્રીસથી વધુ ગામોની જનતા પાલેજ સ્ટેશનેથી રોજિંદો વ્યવહારથી જોડાયેલી છે. અહીં વેપારીઓ રોજિંદા કોલેજ જતાં વિદ્યાર્થીઓ એનઆરઆઈ નાગરિકો માટે મોટા શહેર જવા માટે ઉપયોગી ટ્રેન છે. પાલેજ સ્ટેશનેથી સીધા મુંબઈ જવા માટે અમદાવાદ માટે પણ ઉપયોગી ટ્રેન હતી. આ ટ્રેન કોરોના પેહલાં સ્ટોપેજ હતું હાલ ફરી સ્ટોપેજ મળે એવી મુસાફરોમાંથી માંગ ઉઠી રહી છે.

ભરૂચ જિલ્લાનું વેપારી અને ઔદ્યોગિક મથક પાલેજ ખાતે રેલવેસ્ટેશન ખાતે અજમેર માટે દાદર અજમેર એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ મળે તો પાલેજ આસપાસના લોકોને અજમેર જવા માટે ભરૂચ વડોદરા સ્ટેશનેથી ટ્રેન માટે જવાની મુશ્કેલી દૂર થાય એમ છે. અહીં રોજિંદા અજમેર માટે લોકો એક્સપ્રેસ ટ્રેનો દૂરના સ્ટેશને જાય છે. પાલેજને સ્ટોપેજ મળે તો અહીં આસપાસના ગામોમાંથી રોજ લોકો અજમેર માટે જવા તૈયાર રહે એટલો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરિવાર સાથે શ્રદ્ધાળુઓ અજમેર જાય છે પરંતુ પાલેજ સ્ટેશનથી સુધા અજમેર જવાની ટ્રેન નોઅભાવ છે.

ભાવનગરના ગઢેચી વડલા સ્થિત લાટીમાં આગ લાગતા ભારે નુકસાન

ભાવનગર, તા.૫

ભાવનગર શહેરના ગઢેચીવડલા સ્થિત એક લાટી માં આગ લાગતાં મોટી માત્રામાં લાકડાનો જથ્થો સળગી જવા પામ્યો છે. સમગ્ર બનાવ અંગે સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર આજે વહેલી સવારે ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે શહેરના ગઢેચીવડલા વિસ્તારમાં આવેલ રામજીની વાડીમાં આવેલ એક પ્લોટમાં લાટી નું વેચાણ થતું હોય આ પ્લોટમાં કોઈ આકસ્મિક કારણોસર આગ લાગતાં ફાયરબ્રિગેડનો કાફલો દોડી આવ્યો હતો અને ભારે જહેમત બાદ સતત પાણીનો છંટકાવ કરી આગપર કાબૂ મેળવ્યો હતો આ આગને પગલે કિંમતી લાકડાનો જથ્થો સળગી ગયો હોવાનું જાણવા મળ્યું છે આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતના બાળકોએ ૧૫ મેડલ જીત્યા

ભરૂચ, તા.૫

વાકો ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશીપ તાજેતરમાં શ્રી છત્રપતિ સ્પોર્ટ કોમ્પલેક્ષ બલવાડી પૂણે ખાતે યોજાઈ હતી.

આ ચેમ્પિયનશીપમાં સ્પોર્ટ કિકબોક્સિંગ ગુજરાતના પ્રેસિડન્ટ કોશી કલ્પેશ મકવાણા અને જનરલ સેક્રેટરી સિહાન ફરાહીમ મલેક તથા તેમના માર્ગદર્શન હેઠળ છોકરાઓએ ભાગ લીધો હતો. કોચ ઈફતેખારખાન અને રફીક પટેલે સહકાર આપ્યો હતો. ગુજરાતમાંથી વડોદરા, ભરૂચ, વલસાડના બાળકોએ ભાગ લીધો હતો. કુલ ૧૩૦૦ વિદ્યાર્થીઓમાં ગુજરાતના બાળકોએ ૭ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૪ બોન્ઝ મેડલ મેળવ્યા હતા. વિજેતા બાળકોમાં અબુબકર, પ્રેમ પટેલ, અકલીમખાન, સાહિદખાન, મોરાનકર, વૈભવ, નિકિતા સાલુનકે, અમાન રાજપૂત, મોહિત મિશ્રા, રાજપૂત નેવિદ અને રિતેશ મહાદીકનો સમાવેશ થાય છે.

૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો, જિલ્લા સમાહર્તાના હસ્તે ઈનામો એનાયત કરાયા

ભરૂચના ઈતિહાસથી યુવા પેઢી માહિતગાર થાય તે માટે હેરિટેજ ટ્રેઝર હંટ કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૫

ભરૂચ એ સૌથી જૂના નગરોમાંનું એક છે અને ભરૂચમાં ૨૦થી વધુ હેરીટેજ સાઈટો આવેલી છે. આ સાઈટો અંગે યુવા પેઢી માહિતગાર થાય અને તેઓ ભરૂચના ઈતિહાસને સમજે તે હેતુથી ભરૂચ સિટિઝન કાઉન્સિલ તથા ઈનરવ્હીલ કલબ ઓફ ભરૂચ દ્વારા હેરીટેજ ટ્રેઝર હંટનું આયાજન કરવામાં આવ્યું હતું.

ભરૂચના કોટ વિસ્તાર ખાતેથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૪૨ જેટલી ટીમોના ૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેઓને એક ક્લુ આપવામાં આવ્યો હતો. જેના આધારે તેઓએ જે તે હેરીટેજ સાઈટ ઉપર પહોચવાનું હતું.

આ કાર્યક્રમનું ઉદઘાટન ભરૂચ સિટિઝન કાઉન્સિલના પ્રમુખ જીવરાજ પટેલ, સેક્રેટરી હરીશ જોશી, ઈનર વ્હીલ કલબના પ્રમુખ રીઝવાના ઝમીનદાર પ્રોજેકટ ચેરમેન અર્ચના પટેલ, જન શિક્ષણ સંસ્થાનના નિયામક ઝૈનુલ સૈયદ, નીતિન ભટ્ટ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

ભરૂચના ઈતિહાસ સાથે સંકળાયેલા શ્રેષ્ઠીઓનું આ તબક્કે સન્માન કરવામાં આવ્યું હતું. પ્રો.ડો. નરોતમ વાળંદ, પ્રો. મીનળબેન દવે તથા સરદાર મંઝીલ મ્યુઝીયમનાં સાદીકસાબ હૈદરસાબ સૈયદ અને ભરૂચના છેલ્લા નવાબના વંશજ ડો, મોહસીન ખાનનું સન્માન કરાયું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ઈનામ ૫ હજાર, દ્વિતીય ઈનામ ૩ હજાર અને તૃતીય ઈનામ ૨ હજાર પુરસ્કાર રૂપે આપવામાં આવ્યું હતું. ઈનામ વિતરણ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા સમાહર્તા તુષાર સુમેરા વિશેષ ઉપસ્થિત રહયા હતા અને તેઓએ વિજેતાઓને ઈનામો એનાયત કર્યા હતા. જિલ્લા સમાહર્તાએ ભરૂચ જિલ્લાના ઈતિહાસને ઉજાગર કરવા માટે તંત્ર તરફથી તમામ સહયોગ આપવા જણાવ્યું હતું.

સુરેન્દ્રનગરમાં આઈસર-બાઈક વચ્ચે અકસ્માતમાં પટેલ સમાજના આગેવાનનું મોત

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર શહેરના ૮૦ ફૂટ રોડ ઉપર આઈસર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા પટેલ સમાજના આગેવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર શહેરના ૮૦ ફૂટ રોડ ઉપર ઉદ્યોગનગરના ગેટ પાસે બાઈક અને આઈસર વચ્ચે અકસ્માત સર્જાતા ઘટનાસ્થળે ગુજરવદીના વતની અને પટેલ સોસાયટીમાં રહેતા નર્મદા નિગમના રિટાયર્ડ એન્જીનિયર તેમજ સુરેન્દ્રનગર જિલ્લા કડવા પાટીદાર પટેલ સમાજ કેળવળી મંડળના મંત્રી બળદેવભાઈ નાથાભાઈ સંગાણી ઉંમર ૬૫નું કરૂણ મોત નિપજતા સમાજમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ઘટનાસ્થળે તાત્કાલિક પટેલ સમાજના અગ્રણી આગેવાનો ભાજપના ચુંટાયેલા સદસ્ય પરેશ પટેલ, આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ હિતેષ બજરંગ, ગોપાલ પટેલ, કીશોર પટેલ, સહિત બહોળી સંખ્યામાં આગેવાનોએ ઘટનાસ્થળે દોડી જઈ મૃતક આધેડની લાશને પી.એમ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી અકસ્માતના પગલે ટ્રાફિક સર્જાતા આગેવાનો દ્વારા ટ્રાફિક હળવો કરી સરાહનીય કામગીરી કરી હતી અકસ્માત અંગે પોલીસ મથકે જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે મોડી પહોંચતાં કલાકો સુધી ડેડબોડી રસ્તા પર રઝળતી રહેતા પટેલ સમાજના આગેવાનોમાં રોષ છવાયો હતો.

કોરોનાનો બીજો ડોઝ અપાવવા એએમસી પોલીસના શરણે

દબાણ અને ડરની રાજનીતિ ? : હેલો હું પોલીસ સ્ટેશનમાંથી બોલું; તમે બીજો ડોઝ લઈ લો

જે લોકોને રસીનો બીજો ડોઝ લેવાનો બાકી છે તેમનું લિસ્ટ મ્યુનિ.એ પોલીસને સોંપ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વેક્સિનેશને ઝડપી બનાવવા દબાણ અને ડરની રાજનીતિ અપનાવી છે. જે લોકો કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લઈ ચૂક્યા છે અને સમય વીતી ગયા બાદ પણ બીજો ડોઝ લીધો નથી તેવા લોકોને રસી લેતા ડરાવવા એએમસી પોલીસના શરણે ગઈ છે. એટલે કે કોરોનાની વેક્સિન લેવા હવે મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી નહીં પરંતુ પોલીસ સ્ટેશનમાંથી ફોન આવશે કે તમે બીજો ડોઝ કેમ નથી લીધો વહેલી તકે લઈ લો. કોર્પોરેશનના અધિકારીના જણાવ્યા મુજબ કોરોનાની વેક્સિનનો બીજો ડોઝ લેવાનો બાકી છે, તેમને જાણ કરવા માટે અમદાવાદ પોલીસની મદદ લીધી છે. જેના માટે અંદાજે ૬ લાખ લોકોનું લિસ્ટ પોલીસને આપવામાં આવ્યું છે. જેઓને પોલીસ ફોન કરી વેક્સિન લેવા જાણ કરશે. ઉપરાંત પોલીસવાન દ્વારા પબ્લિક એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં કોરોના વેક્સિનેશન માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. જેમાં કોરોનાનો બીજો ડોઝ લેવાનો બાકી છે. તેમને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફોન કરી અને વેક્સિન લેવા માટે જાણ કરવામાં આવતી હતી, આમ છતાં પણ અનેક લોકોએ વેક્સિન લીધી ન હતી. જેથી હવે મ્યુનિસિપલ કોર્પોરેશન લોકોને ડરાવી વેક્સિન લેવાં માટે જાણ કરવાની હોય તેમ અમદાવાદ પોલીસને કામ આપી દીધું છે. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જે લોકોને વેક્સિનનો બીજો ડોઝ લેવાનો બાકી હોય તેવા લોકોનું લિસ્ટ અમદાવાદ શહેર પોલીસને સોંપ્યું છે અને હવે પોલીસ કર્મચારીઓ પોલીસ સ્ટેશનમાં બેસીને આવા વ્યક્તિઓને ફોન કરવાના રહેશે. કોર્પોરેશન દ્વારા હવે આ કામ પોલીસને સોંપવામાં આવતા પોલીસ પર કામનું ભારણ વધી જશે. એક તરફ પોલીસને કાયદો અને વ્યવસ્થાનાની જાળવણી કરવાની હોય છે. બીજીતરફ રાજયમાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે. જેના વીવીઆઈપી બંદોબસ્તમાં મોટા ભાગના પોલીસ કર્મચારીઓ જોડાયેલ છે જેના કારણે પોલીસ સ્ટેશનમાં પણ સ્ટાફ ઓછો છે ત્યારે હવે વધુ એક કામનું ભારણ પોલીસ પર આવી જશે જેના કારણે પોલીસને કામ વધી જશે.

રાજ્યમાં કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ : છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૩૫૦ અને ઓમિક્રોનના ૫૦ કેસ

● અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૧૬૩૭ કેસ નોંધાયા ● એક્ટિવ કેસની સંખ્યા ૧૦,૯૯૪

અમદાવાદ, તા.૫

રાજ્યમાં કોરોના વિસ્ફોટની સ્થિતિ સર્જાઈ છે. બે દિવસથી સતત ૧૦૦૦થી વધુ કેસ વધી રહ્યા છે. જેણે લઈને સરકાર અને તંત્રમાં ચિંતાની સાથે દોડધામ જોવા મળી રહી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૩૫૦ નવા કેસ નોંધાયા હતા. એ પહેલા ૨૯ મેના રોજ ૨૨૩૦ કેસ હતા. અમદાવાદમાં એક જ દિવસમાં કેસમાં બમણો વધારો થઈને કુલ ૧૬૬૦ કેસ નોંધાયા છે. જે કોરોના વિસ્ફોટની સ્થિતિ તરફ ઈશારો કરે છે તો બીજી તરફ ઓમિક્રોનના પણ નવા ૫૦ કેસ નોંધાયા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮,૪૦,૬૪૩ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦,૧૨૬ છે. તેમજ અત્યાર સુધીમાં ૮,૧૯,૫૨૩ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦,૯૯૪ એક્ટિવ કેસ છે, જેમાંથી ૩૨ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે ૧૦,૯૬૨ દર્દીની હાલત સ્થિર છે.

આજે અમરેલીમાં કોરોનાથી એકનું મોત નોંધાયું છે. જ્યારે ૪ જાન્યુઆરીએ ભાવનગર અને નવસારી જિલ્લામાં ૧-૧ મળી કુલ ૨ દર્દીનાં મોત થયાં હતા. એ અગાઉ ૩ જાન્યુઆરીએ જામનગર શહેરમાં ૨ અને નવસારી જિલ્લામાં ૧ એમ કુલ ૩નાં મોત થયાં હતાં. તો ૨ જાન્યુઆરીએ નવસારીમાં કોરોનાથી એકનું મોત નિપજયું હતું. અગાઉ ૩૦ ડિસેમ્બરે રાજ્યમાં ૨ લોકોના મોત નોંધાયા હતા. એ પહેલાં ૨૯ ડિસેમ્બરે પોરબંદર જિલ્લામાં એક દર્દીનું મોત થયું હતું. અગાઉ રાજ્યમાં સતત ૭ દિવસથી કોરોનાથી મોત નોંધાયા હતા. જો કે, ૨૬ ડિસેમ્બરે શૂન્ય મોત રહ્યું હતું. પરંતુ ૨૭ ડિસેમ્બરે જામનગર શહેરમાં એકનું મોત થયું છે. ૨૫ ડિસેમ્બરે રાજકોટ જિલ્લામાં કોરોનાથી ૨ દર્દીનાં મોત થયાં હતાં. અગાઉ ૧૦મી ડિસેમ્બરે રાજ્યમાં ૩ દર્દીનાં મોત નોંધાયા હતા. ૨૦ સપ્ટેમ્બરે પહેલી અને બીજી લહેરના સૌથી ઓછા ૮ કેસ નોંધાયા હતા. રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં કોરોનાથી કુલ ૭ અને નવેમ્બરમાં ૫ દર્દીના મોત નોંધાયા હતા. જ્યારે ડિસેમ્બરમાં અગાઉ રાજ્યમાં ૧૬ સપ્ટેમ્બર સુધી સતત ૫૦ દિવસ સુધી ડબલ ડિજિટમાં ક્યાંય કેસ નોંધાયા ન હતા.

વાત કરીએ નવા કેસની તો અમદાવાદ શહેરમાં ૧૬૩૭, સુરતમાં ૬૩૦, વડોદરામાં ૧૫૦, રાજકોટમાં ૧૪૦, ગાંધીનગરમાં ૫૯, ભાવનગરમાં ૫૯, જામનગરમાં ૧૯ અને જૂનાગઢ શહેરમાં ૮ કેસ નોંધાયા છે તો જિલ્લા સ્તરે આણંદમાં ૧૧૪, ખેડામાં ૮૪, સુરતમાં ૬૦, કચ્છમાં ૪૮, નવસારીમાં ૪૭, ભરૂચમાં ૩૯, વલસાડમાં ૩૪, વડોદરામાં ૩૧ જ્યારે ૧૭ જિલ્લાઓમાં ૩૦થી ઓછા કેસ નોંધાયા છે તો ૬ જિલ્લામાં એક પણ નવો કેસ સામે આવ્યો નથી.

કોરોનાના કેસો વધતા ઉદગમ-ઝેબર સ્કૂલે ઓફલાઈન વર્ગો બંધ કર્યા

સ્કૂલ દ્વારા હવે માત્ર ઓનલાઈન જ ક્લાસ ચલાવવામાં આવશે ટૂંકમાં અન્ય સ્કૂલો પણ ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય લેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરની ઉદગમ અને ઝેબર સ્કૂલ દ્વારા કોરોનાના કેસો વધુ સંખ્યામાં આવવા લાગતા શાળામાં ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય લીધો છે. હવે સ્કૂલમાં માત્ર ઓનલાઈન જ વર્ગો લેવામાં આવશે તેમ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. અમદાવાદની વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ પણ કોરોના સંક્રમિત થયા હતા, જેમાં સૌથી વધુ ઉદગમ સ્કૂલના ૧૩ જેટલા વિદ્યાર્થીઓ સંક્રમિત થયા હોવાનું સામે આવ્યા બાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ઉદગમ સ્કૂલ અને ઝેબર સ્કૂલના ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય લીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરમાં રોજેરોજ કોરોનાના કેસો નવો રેકોર્ડ કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં લગભગ બમણાની ઝડપે કેસ વધી રહ્યા છે. શહેરની સાથે સાથે સ્કૂલોમાં પણ રોજેરોજ નવા કેસો આવવા લાગ્યા હતા. જેમાં શહેરની ઉદગમ સ્કૂલ, ઝેબર સ્કૂલ, મહારાજા અગ્રસેન સ્કૂલ, ડીપીએસ સ્કૂલ સહિત અનેક સ્કૂલોમાં વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા હતા. રોજેરોજ સ્કૂલોમાં કોરોનાના કેસ આવતા સ્કૂલ સંચાલકોમાં પણ ડરનો માહોલ ફેલાયો હતો. અમદાવાદમાં આવેલી ઉદગમ સ્કૂલમાં તો સૌથી વધુ ૧૩ જેટલા વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા હતા.

ઉદગમ સ્કૂલમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા હોવાનું સામે આવ્યા બાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ઉદગમ સ્કૂલ અને ઝેબર સ્કૂલના ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેથી હવે આ બંને સ્કૂલોમાં તમામ વર્ગોમાં માત્ર ઓનલાઈન જ શિક્ષણ આપવામાં આવશે. સ્કૂલમાં જે રીતે ઓફલાઈન વર્ગો લેવાતા હતા તે મુજબ હવે ઓનલાઈન વર્ગો લેવામાં આવશે તેમ સ્કૂલ તરફથી સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે. હાલમાં બે સ્કૂલોએ સત્તાવાર રીતે ઓફલાઈન વર્ગો બંધ કરવાની જાહેરાત કરી છે. જોકે, અન્ય સ્કૂલો પણ આગામી દિવસોમાં ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય લે તેવી પ્રબળ શક્યતાઓ સુત્રોએ વ્યક્ત કરી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સુધારણા ઝુંબેશ બાદ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ

રાજ્યમાં ૧૧ લાખથી પણ વધુ નવા મતદારો નોંધાયા : ૫.૩૦ લાખ મતદારોના નામ કમી થયા

રાજ્યભરમાં કુલ ૪.૮૪ કરોડથી વધુ મતદારો નોંધાયા : ૧૨૮૮ ત્રીજી જાતિના

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૫

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ગતવર્ષે નવેમ્બર માસમાં મતદાર યાદી સુધારણા અભિયાન હાથ ધરવામાં આવ્યા બાદ હવે આજે સુધારણા બાદની મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. જેમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશને પરિણામે રાજ્યમાં ૧૧ લાખથી વધુ નવા મતદારોનો વધારો થવા પામ્યો છે. એટલે કે હવે રાજ્યમાં કુલ ૪.૮૪ કરોડ મતદારો નોંધાવવા પામ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગત તા.૧/૧૧/૨૦૨૧એ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ કરી તેમાં સુધારણા માટે તા.૫/૧૨/૨૦૨૧ સુધીની મુદ્દત આપી એક ઝુંબેશ હાથ ધરાઈ હતી. ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતતા માટે વિવિધ પગલાંઓ લઈ વધુ સંખ્યામાં લોકો લાભ લે તે માટે પ્રયાસો પણ કરાયા હતા. જેમાં નવેમ્બરના ચાર રવિવારે મતદાન બુથોએ ખાસ ઝુંબેશરૂપે વ્યવસ્થા પણ કરાઈ હતી. આ બધા પ્રયાસોને અંતે પંચ દ્વારા આજે જાહેર કરાયેલ આખરી મતદાર યાદીમાં રાજ્યમાં નવા ૧૧,૧૫,૩૧૨ નવા મતદારો નોંધાવવા પામ્યા હોવાનું બહાર આવ્યું છે.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન આમ તો કુલ ૧૬,૪૬,૦૫૨ નવા મતદારો ઉમેરાયા છે તો તેની સામે ૫,૩૦,૭૪૦ મતદારો કમી થવા પામેલ છે. આમ કમી મતદારોને અંતે ૧૧,૧૫,૩૧૨ નવા મતદારો નોંધાવવા પામેલ છે. જેમાં ૬,૫૧,૦૭૫ ૧૮થી ૧૯ વર્ષના નવા યુવા મતદારો છે તો અન્ય ૨૦થી ૨૯ વર્ષની વયના ૬,૫૨,૨૭૪ મતદારો નોંધાયા છે.

અમારી મતદાર યાદી મુજબ રાજ્યમાં હવે કુલ ૪,૮૪,૭૨,૭૬૪ મતદારો નોંધાયેલ છે. અગાઉના પ્રાથમિક મુસદ્દામાં કુલ ૪,૭૩,૫૭,૪૫૨ મતદારો નોંધાયેલા હતા. રાજ્યના કુલ મતદારોમાં ૨,૫૦,૮૬,૦૨૮ પુરૂષ અને ૨,૩૩,૮૫,૪૪૮ સ્ત્રીઓનો તથા ૧૨૮૮ ત્રીજી જાતિના મતદારો નોંધાયા છે. આખરી મતદાર યાદી ચૂંટણી પંચની વેબસાઈટ સહિતના વિવિધ સ્થળોએ જોઈ શકાશે. નવા મતદારોના ચૂંટણી ઓળખ કાર્ડ સ્પીડ પોસ્ટ મારફત મતદારોના નિવાસસ્થાને મોકલી આપવામાં આવશે તેમ પંચની યાદી દ્વારા જણાવાયું છે.

કોરોનાના કેસ વધતાં તંત્ર ફરી એક્ટિવ

અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં માસ્ક વિના ફરતાં લોકો પાસેથી ૧૮ લાખ દંડ વસૂલાયો

અમદાવાદ, તા.૫

છેલ્લા કેટલાક દિવસથી શહેરમાં ઝડપથી કોરોના સંક્રમણ વકર્યું છે. રાજ્યમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાઈ રહ્યા છે ૧૬૩૭ નવા કેસ નોંધાયા છે. બીજી તરફ શહેરમાં ઓમિક્રોનના કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદ શહેરમાં મનવા ૨૧ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન ઉમેરાયા છે, જ્યારે પહેલાથી ૪૪ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન અમલમાં છે. આમ હવે શહેરમાં કુલ ૬૫ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન અલમમાં છે. નવા ઉમેરાયેલા માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૨૦૩ જેટલા મકાનોને મૂકવામાં આવ્યા છે. જેમાં સેટેલાઈટના શ્યામ વૃંદ એપાર્ટમેન્ટમાં ૪ મકાનમાં ૧૯ વ્યક્તિ, સાઉથ બોપલના ગાલા લક્ઝુરીયઝમાં ૪ મકાનમાં ૨૧ વ્યક્તિ, સેલાના ઓર્ચિડ હરમોનીમાં ૮ મકાનમાં ૧૩ વ્યક્તિ, શાહિબાગના શિલાલેખમાં ૮ મકાનમાં ૩૩ વ્યક્તિ, ભાઈપુરાના મનોહર કુંજ સોસાયટીમાં ૧૨ મકાનના ૫૭ વ્યક્તિ, રામોલના ગુલાબનગરમાં ૨૮ મકાનમાં ૧૧૩ વ્યક્તિ, ઘોડાસરના મધુવન પ્લેટમાં ૧૬ મકાનમાં ૫૮ વ્યક્તિ, બોપલના પલક એલિનામાં ૨૦ મકાનમાં ૬૨ વ્યક્તિઓને માઈક્રો કન્ટેનમેન્ટમાં મુકાયા છે.અમદાવાદથી બેંગલુરુ જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં એક પેસેન્જર માસ્ક પહેર્યા વગર પહોંચી ગયો હતો. જેથી તેને માસ્ક પહેરવા ફ્લાઈટના ક્રૂમેમ્બર્સે સૂચના આપતા પેસેન્જરે તેમની સાથે વિવાદ કર્યો હતો. જેથી ક્રૂમેમ્બર્સે પાયલટને જાણ કરતા પાયલટે પણ તેને માસ્ક પહેરવાની સૂચના આપી હતી. પરંતુ પેસેન્જરે માસ્ક પહેરવાનો ઈન્કાર કરી પાયલટ સાથે રકઝક કરતા એરલાઈન્સના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. અધિકારીઓએ ત્યાં પહોંચી તેને ફ્લાઈટમાંથી ઉતારી મૂક્યો હતો. કોરોના ગાઈડલાઈનનું પાલન ન કરવા અને એરલાઈન્સના સ્ટાફ સાથે રકઝક કરવા માટે તેની સામે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવી હતી.ગુજરાતમાં કોરોનાએ તમામ મર્યાદાઓ વટાવી દીધી છે. અમદાવાદમાં સૌથી વધુ કેસ નોંધાય છે. પરંતુ અમદાવાદીઓને બેદરકારી હવે ભારે પડી રહી છે. શહેરમાં પોલીસ પણ હવે લોકોને ગાઈડલાઈનનું પાલન કરાવવા માટે કડક અમલવારી કરી રહી છે. રાત્રિ કર્ફ્યૂથી લઈને માસ્કના દંડ સુધીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરમાં છેલ્લા બે દિવસમાં લાપરવાહ બનીને માસ્ક વિના ફરતા ૧૮૫૦ લોકોને દંડવામાં આવ્યાં છે. માસ્ક વિનાના લોકો પાસેથી માત્ર બે જ દિવસમાં ૧૮ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. શહેરમાં કેસો વધવાથી જાહેર સ્થળો પર માસ્ક નહીં પહેરનાર પાસેથી દંડની રકમ વસૂલવામાં આવી રહી છે.

ગુજરાત વીજ નિયમન પંચ-GERCના અધ્યક્ષ તરીકે અનિલ મુકીમને શપથ લેવડાવતા મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વીજ નિયમન પંચ-GERCના અધ્યક્ષ તરીકે નિયુકત થયેલા પૂર્વ મુખ્ય સચિવ અનિલ મુકીમને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી કાર્યાલયમાં યોજાયેલા આ શપથ વિધિમાં ઊર્જામંત્રી કનુભાઇ દેસાઇ, ઊર્જા રાજ્યમંત્રી મુકેશ પટેલ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે.રાકેશ સહિતના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. વીજ નિયમન પંચના સભ્યો મેહુલ ગાંધી અને એસ.આર.પાંડે પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી અને મંત્રીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરી અનિલ મુકીમને GERCના અધ્યક્ષના હોદ્દાનો પદભાર સંભાળવા માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આજથી AMTS અને BRTSમાં ૫૦ ટકા મુસાફરોને જ બેસાડાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરમાં ચિંતાજનક રીતે વધતા જતા કોરોના અને ઓમિક્રોનના કેસોને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આવતીકાલ તા.૬ જાન્યુઆરીથી એએમટીએસ અને બીઆરટીએસને ૫૦ ટકા ક્ષમતા સાથે દોડાવવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત જે મુસાફરોએ માસ્ક પહેર્યું હશે અને રસીના બંને ડોઝ લીધા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ તથા ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેન વલ્લભ પટેલે જણાવ્યું છે કે, હાલમાં એએમટીએસની ૧૮૦ બસો અને બીઆરટીએસની ૩૫૦ બસો મળી કુલ ૫૩૦ બસો સંચાલન મૂકવામાં આવે છે. જે રાબેતા મુજબ ચાલુ રહેશે. વર્તમાન સમયમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી ૫૦ ટકા સિટિંગ કેપેસિટી સાથે આવતીકાલે તા.૬/૧/૨૦૨૨થી બસો સંચાલનમાં મૂકવામાં આવનાર છે. શહેરીજનોને એસઓપીનું પાલન કરવા વિનંતી પણ કરવામાં આવી છે. જેમાં દરેક પ્રવાસીએ માસ્ક ફરજિયાત પહેરેલું હોવું જોઈએ. ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના પ્રવાસીઓના કોવિડ-૧૯ વેક્સિનની સર્ટિફિકેટની ખરાઈ

મુસાફરોએ માસ્ક ફરજિયાત પહેરેલું અને રસીના બંને ડોઝ લીધા હોવા જોઈએ

કરવામાં આવશે જે પ્રવાસીઓએ વેક્સિન લીધી ન હોય અથવા તો જેમનો વેક્સિનનો બીજો ડોઝ ડ્યુ થયેલ હોઈ અને ડોઝ લીધેલ ન હોય તેવા પ્રવાસીઓને એએમટીએસ અને બીઆરટીએસ બસમાં મુસાફરી કરવા દેવામાં આવશે નહીં. એસઓપીનું પાલન થાય તે માટે અલગ-અલગ જગ્યાએ અધિકારી, સુપરવાઈઝરી ટીમ અને વિજિલન્સ ટીમને જવાબદારી સોંપવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાના કેસોનો વિસ્ફોટ થઈ રહ્યો છે. રોજ ૫૦૦થી હજાર કેસો નોંધાઈ રહ્યા છે. આજરોજ કોરોનાના ૧૬૦૦થી વધુ કેસો અને ઓમિક્રોનના ૩૪ કેસો નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. આથી કોરોના ગાઈડલાઈન્સને વધુ કડક બનાવવામાં આવી છે.

ગુલશને મહેર હાઈસ્કૂલમાં રસીકરણનો કાર્યક્રમ યોજાયો

સમગ્ર રાજ્યમાં ૧૫થી ૧૮ વર્ષના બાળકો માટે કોરોના વેક્સિનેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ગુલશને મહેર હાઈસ્કૂલમાં બુધવારે વિદ્યાર્થીઓને વેક્સિન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કોરોનાના કેસમાં ધરખમ વધારો થતાં

અમદાવાદ શહેરમાં માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા વધી

અમદાવાદ,તા.૫

કોરોના વાયરસ વકરતા અમદાવાદ શહેરમાં માઈક્રો કન્ટેન્મેનટ ઝોનની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. મ્યુનિ. હેલ્થ ઓફિસર ડો. ભાવિન સોલંકીના જણાવ્યા અનુસાર દરેક ઝોનમાં કોરોના દર્દીની વિગતોનો રિપોર્ટ તૈયાર થાય છે અને પછી જે તે સોસાયટીમાં કોરોના પોઝિટિવ કેસ વધુ હોય અને જ્યાં સંક્રમણ ફેલાવાની શક્યતા વધારે હોય તેવી સોસાયટીને માઈક્રો કન્ટેન્મેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવે છે. જે મુજબ મંગળવારે ઉત્તર પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમ, પશ્ચિમ, મધ્ય, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ઝોનમાં કુલ ૨૧ સોસાયટી માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવી છે. આ સાથે શહેરમાં કુલ માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા ૮૬ ઉપર પહોંચી છે. નવી ૨૧

અમદાવાદના વિવિધ ઝોનમાં વધુ ૨૧ વિસ્તારને માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરતા સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી

જગ્યાઓએ આજથી હેલ્થ ખાતાની ટીમો ઘરે-ઘરે ફરીને નાગરિકોના આરોગ્યની ચકાસણી કરશે તેમજ સ્ક્રીનિંગ કરવામાં આવશે. જેને પણ તાવ, ખાંસી હશે તેમના કોરોના ટેસ્ટ કરવામાં આવશે. મ્યુનિ હેલ્થ ખાતાના સૂત્રોએ સ્વીકાર્યું કે, શહેરમાં કોરોના સંક્રમણ અને પોઝિટિવ કેસનું પ્રમાણ અત્યંત વધારે અને ચોંકાવનારૂં હોઈ શકે છે. પરંતુ ઉપરથી મળેલી સૂચનાના કારણે નાગરિકોમાં ભય ન ફેલાય તે માટે પોઝિટિવ કેસ અને માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા એકસાથે જાહેર કરવામાં આવતી નથી. ડો. સોલંકીના જણાવ્યા અનુસાર શહેરમાં કોરોના સંક્રમણનો ફેલાવો ચિંતાજનક છે. મંગળવારે ૧૨૯૦ પોઝિટિવ કેસ નોંધાયા છે, પરંતુ તેમાંથી મોટાભાગને હોસ્પિટલમાં દાખલ કરવા જેવી ગંભીર લક્ષણ જોવા મળતા નથી. જી તેમને ઘરે જ રહેવાની સૂચના સાથે ઘરે સારવાર આપવાના વ્યવસ્થા કરવામાં આવે છે. કોરોના દર્દીની સારવાર માટે વિવિધ વિસ્તારોમાં ૪૩ ખાનગી હોસ્પિટલો ડેઝિગ્નેટ કરવામાં આવી છે. તેમાં પણ હાલ ૪૮ જ દર્દી સારવાર હેઠળ છે, જેમાં ૩૦ જનરલ વોર્ડમાં ૭ આઈસીયુમાં ૩ દર્દી જ વેન્ટિલેટર ઉપર છે અને બાકીના બેડ ખાલી હોવાનું જાણવા મળ્યું છે.

ગેડિયા ગેંગના હનીફખાન અને તેના સગીર પુત્રનું એન્કાઉન્ટર ખોટું, બંનેની ઠંડે કલેજે હત્યા

● હનીફખાનને ઢસડીને પોલીસ વાહનમાં બેસાડીને લઇ જવામાં આવતો હતો, ત્યારે તેના ૧૪ વર્ષના પુત્રએ પીછો કરતાં પોલીસે પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હતી તેના કારણે તેનું મરણ થયું હતું ● આ જોઈને હનીફ દોડી આવ્યો હતો અને પોલીસે તેને પણ ગોળી મારી હતી તેના કારણે તેનું પણ મરણ થયું છે : પરિવારજનોના હાઇકોર્ટમાં આક્ષેપ બાદ રાજ્ય સરકાર અને પોલીસને નોટિસ

(અમદાવાદ) તા.૫

રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ગેડીયા ગામે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા હનીફખાન જત મલેક અને તેના પુત્ર મદીનની ઘટનાનો વિવાદ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યા બાદ આજે તેની સુનાવણી થતા રાજ્ય સરકાર અને સુરેન્દ્રનગર પોલીસને નોટીસ પાઠવીને વધુ સુનાવણી આગામી તા. ૨૩ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા જનાર હનિફખાનની પુત્રી દ્વારા દ્વારા હાઇકોર્ટમાં પિટિશન કરીને દાવો કરવામાં આવ્યો હતો કે હનીફના પુત્રની ઉંમર ૧૪ વર્ષની હતી અને તેની હત્યા બદલ એન્કાઉન્ટર કરનાર પોલીસ ટુકડી ઉપર ફરિયાદ દાખલ થવી જોઇએ. પોલીસ કેસની વિગતો મુજબ સુરેન્દ્રનગર પોલીસની એક ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે તા. ૬ નવેમ્બરની રાત્રે આઠ વાગ્યાના અરસામાં ગેડીયા ગામે પહોંચી હતી. ત્યારે કૂખ્યાત ગેંગસ્ટર હનીફ જત મલેક અને તેનો પુત્ર મળી આવ્યા હતા પરંતુ પોલીસ કઇ સમજે તે પહેલા તેમની ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને યુવક દ્વારા કથિત રીતે પોલીસ ઉપર તિક્ષ્ણ હથિયારનો ઘા મારવામાં આવ્યો હતો. તેના કારણે બે પોલીસ જવાનો ઘાયલ થયા હતા. જવાબી કાર્યવાહીમાં પોલીસે ગોળીબાર કરતા બન્ને ઘાયલ થયા હતા અને તેના પરિવારજનો હોસ્પિટલ લઇ ગયા ત્યારે બન્નેને મરણ પામેલા જાહેર કરવામા આવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ મદીનની વય ૧૮ વર્ષની હતી. જો કે અરજીમાં દાવો કરવામા આવ્યો હતો કે પોલીસ ઇન્સ્પેક્ટર વી.એન. જાડેજા અને તેની ટીમ તેમના ઘરે પહોંચી હતી અને હનીફખાનને ઢસડીને પોલીસ વાહનમાં બેસાડીને લઇ જવામાં આવતો હતો. ત્યારે તેના ૧૪ વર્ષના પુત્રએ પીછો કરતાં પોલીસે પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હતી તેના કારણે તેનું મરણ થયું હતું. આ જોઈને હનીફ દોડી આવ્યો હતો અને પોલીસે તેને પણ ગોળી મારી હતી તેના કારણે તેનું પણ મરણ થયું છે. આ બાબતે ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી હોવા છતાં કોઇ પગલાં લેવાયા નથી. પોલીસે ૭૫ વર્ષના વયોવૃદ્ધ લોકો અને એક અપંગ લોકો સામે પોલીસ કાર્યવાહીમાં વિઘ્ન લાવવા બદલ ફરિયાદ કરી છે પરંતુ તેઓ ઘરમાં પણ હલન-ચલન માંડ કરી શકે છે ત્યારે તેઓ પોલીસ કાર્યવાહીમાં વિઘ્ન નાખી શકે નહિ તે સ્વાભાવિક છે. હનીફ જત મલેક અન તેના પરિવારજનો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. હનીફ સામે લૂંટ, હુમલો સહિતના ૮૬ ગુનાઓ નોંધાયેલા હતા અને તેમાથી ૫૧ ગુનાઓમાં તે વોન્ટેડ છે. હનીફની ગેંગ ગેડીયા ગેંગ તરીકે આળખાતી હતી અને હાઇવે ઉપર ચાલતી ટ્રક ઉપર હુમલો કરીને લૂંટ કરવા માટે કૂખ્યાત હતી. સુરેન્દ્રનગર અને તેની આસપાસના સાત જિલ્લાઓમાં ગેંગની વિરૂધ્ધ ૧૨૫ ગુનાઓ નોંધાયેલા છે. તેની પત્ની, સાળો, ભાઇ અને પિતરાઇભાઇ સહિતના પરિવારજનો સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ટ ક્રાઇમ એક્ટ એટલે કે ગુજસીટોક હેઠળ ગુનાઓ નોંધાયેલા છે.

ખમાસાની રાહે ખૈર ગર્લ્સ હાઈસ્કૂલમાં કોરોના વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો

રાજ્ય સરકાર દ્વારા ૧૫થી ૧૮ વર્ષના બાળકો માટે કોરોનાની વેક્સિન લેવાની ઝુંબેશ સોમવાર ૩ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત શહેરના ખમાસા વિસ્તારમાં આવેલી રાહે ખૈર ગર્લ્સ હાઈસ્કૂલમાં પણ ૧૫થી ૧૮ વર્ષની વિદ્યાર્થિનીઓ માટે બુધવારના રોજ વેક્સિન આપવાનો કાર્યક્રમ સામાજિક કાર્યકર બુરહાનુદ્દીન કાદરીની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો. આ વેક્સિનેશન કેમ્પમાં જમાલપુર અર્બન હેલ્થ સેન્ટરની મેડિકલ ટીમે અને ડોક્ટરોએ હાજર રહી સેવા આપી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ રસી લઈ વેક્સિનેશન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે હાઈસ્કૂલના પ્રિન્સિપાલ યાસ્મીન બેન મન્સૂરી, શાળાના શિક્ષકો અને સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા.

અ.મ્યુ.કો. દ્વારા આયોજિત ફ્લાવર શોનું અયોજન એ કોરોનાને ખુલ્લુ આમંત્રણ, રોકવા માટે હાઈકોર્ટમાં પિટિશન

અમદાવાદ, તા.૫

કોંગ્રેસના કાઉન્સિલરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ૮ જાન્યુઆરીથી શરૂ થનારા ફ્લાવર શો,- ૨૦૨૨ના આયોજનને પડકારતી જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી છે. સાબરમતી ખાતે ૮ થી ૨૩ જાન્યુઆરીની વચ્ચે ફ્લાવર શોનું આયોજન થવાનું છે. એલિસબ્રિજ નજીક રિવર ફ્રન્ટ. નજીક કરાયેલા આયોજન વિરૂધ્ધ થયેલી પીઆઈએલ આવતીકાલે અથવા શુક્રવારે સુનાવણી માટે આવે તેવી શક્યતા છે. ચાંદખેડા વોર્ડના કાઉન્સિલર રાજશ્રી કેસરી દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે કોરોનાના વધતા જતા કેસોને કારણે ફ્લાવર શોનું આયોજન ન કરવું જોઈએ, ખાસ કરીને ઓમિક્રોન જે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા જાહેર કરાયેલ ચિંતાનું સ્વરૂપ છે. તેણીએ પીઆઈએલમાં ઉલ્લેખ કર્યો છે કે તે અસ્પષ્ટ છે કે એએમસી રસી વગરના અને રસી વગરના બંને લોકોને ફ્લાવર શોમાં હાજરી આપવા દેશે. જો કોઈ વ્યક્તિને માત્ર એક જ વાર રસી આપવામાં આવી હોય, તો તેને કોરોના સંક્રમિત થવાની સંભાવના વધારે છે. તેથી જ્યાં મોટી સંખ્યામાં લોકો એકઠા થાય ત્યાં શોનું આયોજન કરવું ખૂબ જ જોખમી છે. તેણીએ વધુ રજૂઆત કરી હતી કે અમ્યુકો પાસેથી મળેલી માહિતી મુજબ, એક કલાકમાં ૪૦૦ લોકોને આ શોમાં હાજરી આપવાની મંજૂરી આપવામાં આવશે જે ૧૧ કલાક સુધી ચાલશે અને તેમાં ૪૪૦૦ લોકોની હાજરીની અપેક્ષા છે. તેથી, ફ્લાવર શો-૨૦૨૨ સાથે સંકળાયેલા કેસોની વધતી જતી સંખ્યા માત્ર સંક્રમણ, ફેલાવવાનું જ નહીં પરંતુ વધારવાનું કરવાનું ચાલુ રાખશે. નાગરિક સંસ્થાએ મુલાકાતીઓ માટે ફૂડ કોર્ટ અને કેન્ટીન ચલાવવાની પણ મંજૂરી આપી છે અને શક્ય છે કે લોકો માસ્ક અને સામાજિક અંતર વિના ભેગા થાય. આના પરિણામે ઓમિક્રોન અથવા કોરોના કેસનો ચેપ લાગશે.

અમેરિકાએ વીસ વર્ષમાં યુદ્ધો પાછળ ૧૪૦ ટ્રિલિયન ડૉલર ખર્ચી નાંખ્યા, હથિયાર કંપનીઓ અને કોન્ટ્રાક્ટરોએ બંને હાથે બજેટને લૂંટ્યું

(એજન્સી) તા.૫

અમેરિકી સૈન્યએ છેલ્લા બે દાયકામાં અફઘાનિસ્તાન અને પશ્ચિમી એશિયામાં યુદ્ધો પાછળ ૧૪૦ ટ્રિલિયન ડૉલર જેટલા નાણાં ખર્ચી નાખ્યા હતા અને આ ખર્ચાથી સૌથી મોટો લાભ હથિયાર ઉત્પાદન કંપનીઓ, ડીલરો અને કોન્ટ્રાક્ટરોને થયો. વોલ સ્ટ્રીટ જરનલે પોતાના અહેવાલમાં લખ્યું છે કે ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧થી અમેરિકી સૈન્યને પ્રાપ્ત સંસાધનોની નિકાસથી પેન્ટાગોનના ખર્ચામાં ૧૪૦ ટ્રિલિયન ડૉલરનો વધારો થયો છે. અહેવાલમાં આ વિશે કેટલાક ઉદાહરણો આપવામાં આવ્યા છે કે કઈ રીતે અમેરિકી કરદાતાઓના નાણાં તે યોજનાઓ પર વેડફાઈ ગયા જે ક્યારેય પૂરી થઈ શકી નહોતી. આ રીતે એક હેતુ પાછળ પેન્ટાગોને ૬૦ લાખ ડૉલર ખર્ચી નાખ્યા. જેની હેઠળ ૯ ઈટાલિયન બકરા આયાત કરવામાં આવ્યા હતા. આ યોજના સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ હતી. પાંચ કંપનીઓ જેમાં લોકહિડ માર્ટિને કોર્પોરેશન, બોઇંગ કંપની, જનરલ ડાયનામિક્સ કોર્પોરેશન, રિથિયોન ટેકનોલોજીઝ કોર્પોરેશન અને નોર્થરોપ ગ્રુમન કોર્પોરેશને શસ્ત્રો, પુરવઠો અને અન્ય સેવાઓ માટે બે ટ્રિલિયન અને ૧૦ અબજ ડૉલરનો સૌથી મોટો હિસ્સો લીધો હતો. આ અખબારે બ્રાઉન યુનિવર્સિટીના યુદ્ધ ખર્ચ, વિસ્તારના નિષ્ણાતો, કાયદાકીય એક્સપર્ટસ

અને અન્ય લોકો પાસેથી ડેટા એકત્રિત કર્યો જેઓ અમેરિકાના યુદ્ધોની ગુપ્ત માહિતી પર કામ કરી રહ્યા હતા. વોલ સ્ટ્રીટ જનરલના અહેવાલ અનુસાર, એક અફઘાની યુવાને અનુવાદક તરીકે અમેરિકી સૈન્યને પથારીઓની ચાદરો ઉપલબ્ધ કરાવવા માટે સોદો કર્યો અને આ કરારથી પ્રાપ્ત આવક દ્વારા તેણે એક ટીવી સ્ટેશન અને ઘણી ઘરેલુ એરલાઈન્સ બનાવી લીધી. અહેવાલમાં જણાવવામાં આવ્યું કે, કેલિફોર્નિયાના એક વેપારીએ કિર્ગિસ્તાનમાં એક બાર ચલાવતા ઈંધણનો વ્યવસાય શરૂ કર્યો જેમાંથી તેને અબજોની આવક થઈ. ઓહાયોના બે સૈન્ય નેશનલ ગાર્ડસે પણ એક નાનો વ્યવસાય શરૂ કર્યો જે સૈન્યને અફઘાની ભાષાંતરવાદક પૂરો પાડતા હતા. તે અમેરિકી સૈન્યના પ્રમુખ કોન્ટ્રાક્ટરો માંનો એક બન્યો. તેમણે કોન્ટ્રાક્ટથી લગભગ ચાર અબજ ડૉલરની કમાણી કરી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૦૮માં અફઘાનિસ્તાન અને ઈરાકમાં અમેરિકાના ૧ લાખ ૮૭ હજાર ૯૦૦ સૈનિકો હાજર હતા. જ્યારે ૨ લાખ ૩ હજાર ૬૬૦ કોન્ટ્રાક્ટરો હતા.

UAEએ રસીકરણ વગરના નાગરિકો માટે વિદેશ યાત્રા પ્રતિબંધિત કરી

(એજન્સી) તા.૪

યુનાઈટેડ અરબ અમીરાત (યુ.એ.ઈ.)એ જાહેરાત કરી હતી કે ૧૦ જાન્યુઆરીથી રસી લીધા વગરના નાગરિકોને વિદેશયાત્રાએ જવા દેવામાં નેશનલ ઈમરજન્સી ક્રાઈસિસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને ટાંકી આ એક અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ફક્ત સંપૂર્ણપણે રસીકરણ કરાયેલા અમીરાતીઓને જ વિદેશયાત્રા કરવા દેવામાં આવશે. જો કે તબીબી દૃષ્ટિએ રસીકરણમાંથી બાકાત રખાયેલા લોકો આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે. વિશ્વના અનેક દેશોમાં ફેલાઈ ચૂકેલા કોરોના વાયરસના ઓમિક્રોન વેરિયન્ટના વધતા જતાં કેસો વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય

છે કે યુ.એ.ઈ. વિશ્વમાં સૌથી ઊંચું રસીકરણ દર ધરાવતો દેશ છે. તેના ૧૦૦ ટકા રસીકરણ લાયક રહેવાસીઓને પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જ્યારે તેમાંથી ૯૨ ટકાનું સંપૂર્ણપણે રસીકરણ થઈ ગયું છે.

પેલેસ્ટીનની અર્થવ્યવસ્થામાં ૨૦૨૨માં ચાર ટકા જેટલી વૃદ્ધિની અપેક્ષા છે

(એજન્સી) તા.૫

પેલેસ્ટીનના વડાપ્રધાન મોહમ્મદ ઈશ્તેયે અહીં જણાવ્યું હતું કે, પેલેસ્ટીની અર્થતંત્રમાં આ વર્ષે ૪ ટકાનો વધારો જોવા મળશે તેવી અપેક્ષા છે. પેલેસ્ટીની મંત્રીમંડળની સાપ્તાહિક બેઠક દરમિયાન, ઈશ્તેયેએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨માં કુલ રાષ્ટ્રીય આવક અને કુલ રાષ્ટ્રીય નિકાલ જોગ આવકના મૂલ્યમાં અનુક્રમે ૩.૨ ટકા અને ૪.૨ ટકા વધારો થવાની અપેક્ષા છે. સિન્હુઆ સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો. વડાપ્રધાને ઉમેર્યું હતું કે, ૨૦૨૨માં કુલ વપરાશ વર્ષ પ્રતિ વર્ષ બે ટકા વધવાની સંભાવના છે. સત્તાવાર ડેટા અનુસાર પેલેસ્ટીની અર્થતંત્રમાં ૨૦૨૧માં ૯.૭ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

ઈઝરાયેલે મુક્તિ માટે સંમતિ આપતા પેલેસ્ટીની કેદીની ૧૪૧ દિવસ બાદ ભૂખ હડતાળનો અંત

(એજન્સી) તા.૫

ઈઝરાયેલી જેલમાં પેલેસ્ટીની કેદી હિશામ અબુ હવાશે ઈઝરાયેલી કબજાના સત્તાવાળાઓ સાથે સાથે એક સોદો કર્યા બાદ ૨૬ ફેબ્રુઆરીએ તેની મુક્તિની ખાતરી મળતા ૧૪૧ દિવસની ભૂખ હડતાળ સમાપ્ત કરી લીધી છે. અટકાયતીઓ અને ભૂતપૂર્વ અટકાયતી બાબતના આયોગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અબુ હવાશે ૨૬ ફેબ્રુઆરીના રોજ તેની વહીવટી અટકાયતનો અંત લાવવાના કરાર થયા બાદ તેની ભૂખ હડતાળ સમાપ્ત કરી હતી. અબુ હવાશના વકીલ ખાલેદ મહાજને મંગળવારે સાંજે સોદા અંગેના અહેવાલોને સમર્થન આપ્યું હતું. આને ઈઝરાયેલના કબજા સામે અબુ હવાશની જીત ગણાવી હતી. હેબ્રોનની દક્ષિણે આવેલા દુરા શહેરમાંથી ૪૦ વર્ષીય અબુ હવાશને ૨૭ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તરત જ ૬ મહિના માટે વહીવટી અટકાયત હેઠળ રાખવામાં આવ્યો હતો. તેમની અટકાયતના આદેશનું એક કરતા વધુ વખત રિન્યુ કરવામાં આવ્યું હતું. વફા ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, તેમણે પછી ટ્રાયલ વિના તેમની ધરપકડના વિરોધમાં ભૂખ હડતાળ પર જવાનું નક્કી કર્યું હતું. ભૂખ હડતાળ કરનાર પરિણીત છે અને પાંચ બાળકોનો પિતા છે. તેમની સામે લેવાયેલ જીવલેણ પગલાને કારણે તેમની તબિયત નાજુક તબક્કે પહોંચી ગઈ છે. પેલેસ્ટીન પ્રિઝનર્સ સોસાયટી (પીપીએસ) દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અબુ હવાશની લડાઈએ તમામ પડકારો હોવા છતાં કેદીઓના મુદ્દા ખાસ કરીને વહીવટી અટકાયતનો મુદ્દો મોખરે લાવ્યો છે. ટ્રાયલ અથવા આરોપ વિના રાખવામાં આવેલા સેંકડો પેલેસ્ટીની કેદીઓએ ચાર દિવસ પહેલા તેમની વહીવટી ધરપકડના વિરોધમાં ઈઝરાયેલી લશ્કરી અદાલતોનો બહિષ્કાર શરૂ કર્યો છે.

અધિકાર જૂથ : ઈઝરાયેલે ૨૦૨૧માં ૩૧૩ પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી

(એજન્સી) તા.૫

ઈઝરાયેલી કબજા દળોએ કબજે કરેલા વેસ્ટ બેન્ક અને ગાઝા પટ્ટીમાં ૭૧ સગીરો સહિત કુલ ૩૧૩ જેટલા પેલેસ્ટીનીઓને મારી નાખ્યા હતા. ઈઝરાયેલી અધિકારી જૂથ, બી'સેલેમે મંગળવારે જારી કરેલા એક અહેવાલમાં આમ જણાવ્યું હતું. અહેવાલ કહે છે કે, ૧૧ અને ૨૧ મે વચ્ચે મોટાભાગે ગાઝા પરના ઈઝરાયેલી આક્રમણ દરમિયાન ગાઝા પટ્ટીમાં ૨૩૬ અને પૂર્વ જેરૂસલેમ સહિત કબજે કરેલા વેસ્ટ બેન્કમાં ૭૭ લોકો માર્યા ગયા હતા. બી'સેલેમ અનુસાર સશસ્ત્ર વસાહતીઓ અથવા વસાહતીઓના અનુરક્ષક સૈનિકો દ્વારા ત્રણ અન્ય પેલેસ્ટીનીઓની હત્યા કરવામાં આવી હતી. માનવ અધિકાર વોચ (એચઆરડબ્લ્યુ)એ યુએનના એક અહેવાલમાં જણાવ્યું છે કે, મે મહિનાના યુદ્ધ દરમિયાન ઈઝરાયેલી સૈન્યના હુમલાઓમાં ૨૬૦ પેલેસ્ટીનીઓના મોત થઈ ગયા હતા. જેમાં ૬૬ બાળકોનો પણ સમાવેશ થાય છે. બી'સેલેમે કહ્યું હતું કે, આ ઘટનાઓથી ઘણું સ્પષ્ટ થાય છે કે, વસાહતી હિંસા કોઈ ખાનગી પહેલ નથી પણ એક અન્ય ઓછું ઔપચારિક સાધન છે જેનો ઉપયોગ ઈઝરાયેલી વંશવાદી શાસન દ્વારા વધુને વધુ પેલેસ્ટીની જમીન પર કબજો કરવા માટે થાય છે. બી'સેલેમે કહ્યું કે, ઈઝરાયેલના ઘાતક, બેફામ ગેરકાયદેસર જાહેર ગોળીબારની નીતિના પરિણામે ગયા વર્ષે સેંકડો પેલેસ્ટીનીઓના મોત થઈ ગયા હતા. આશરે ૭૦ ટકા લોકો ગાઝા પટ્ટીમાં મૃત્યુ પામ્યા હતા જ્યારે ભરચક વસ્તી ધરાવતા વિસ્તારો પર બોમ્બમારો કરવાનો ગુનાહિત નીતિ પર અમલ કરવામાં આવ્યો હતો.

તુર્કીના એર્દોગન ફેબ્રુઆરીમાં સઉદી અરેબિયાની મુલાકાત લેશે

(એજન્સી) અંકારા, તા.૫

તુર્કીના રાષ્ટ્રપતિ તૈયિય એર્દોગને સોમવારે કહ્યું હતું કે, તેઓ આવતા મહિનામાં સઉદી અરેબિયાની મુલાકાત લેશે, જેના સંબંધો તાજેતરના વર્ષોમાં અંકારા સાથે સંકુચિત થઈ ગયા છે, રોઇટર્સનો અહેવાલ. સઉદી અરેબિયા સાથે નિકાસના મુદ્દાઓને ઉકેલવા વિશે પ્રશ્ન પૂછાતા એર્દોગને કહ્યું કે, તેઓ ફેબ્રુઆરીમાં ખાડી દેશની મુસાફરી કરશે. સોશિયલ મીડિયા પર નામ આપ્યા વગર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં એર્દોગને કહ્યું કે, તેઓ ફેબ્રુઆરીમાં મારી અપેક્ષા રાખે છે. તેમણે મને વચન આપ્યું છે અને હું ફેબ્રુઆરીમાં મારી સઉદી અરેબિયાની મુલાકાત લઈશ. દેશો વચ્ચેના ભરપુર સંબંધોના કારણે તાજેતરના વર્ષોમાં સઉદી અરેબિયા સાથેની નિકાસ ડૂબી ગઈ છે. તુર્કી હવે પ્રાદેશિક અને ક્ષેત્રિય સત્તાઓ સાથે સંબંધોને સુધારવા કામ કરી રહ્યું છે, જેમાં યુએઈનો પણ સમાવેશ થાય છે. સઉદી સરકારની મીડિયા કચેરી ટિપ્પણી માટેની વિનંતી પર જવાબ આપવા માટે તાત્કાલિક ઉપલબ્ધ નહોતી. સઉદી અરેબિયા અને તુર્કીએ તાજેતરના મહિનાઓમાં સંબંધો સુધારવા માટે કામ કર્યું છે. કારણ કે, બંને દેશો પ્રાદેશિક મુદ્દાઓ અને રાજકીય ઈસ્લામ પર મતભેદો અંગે વર્ષોથી હરીફ તરીકે રહ્યા છે.

કોરોનાનું વાવાઝોડું ઝડપથી દેશ તરફ આગળ વધી રહ્યું છે : ઈઝરાયેલી વડાપ્રધાન

(એજન્સી) અમેરિકા, તા.૫

ઈઝરાયેલના વડા પ્રધાન નફતાલી બેનેટે ચેતવણી આપી છે કે ટૂંક સમયમાં દેશમાં એક દિવસમાં કોરોનાના હજારો નવા કેસ નોંધાશે. તેમણે કહ્યું કે ગયા જુલાઈથી દેશની ૯.૩ મિલિયન વસ્તી માટે ૪.૨ મિલિયનથી વધુ કોરોના વાયરસના બૂસ્ટર ડોઝ અપાઈ ગયા બાદ કોરોનાનું વાવાઝોડું ઝડપથી દેશ તરફ આગળ વધી રહ્યું છે. ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટે કહ્યું કે ના તો દુનિયા અને ના તો આપણે જાણીએ છીએ કે દરરોજ કેટલા કોરોના દર્દીઓ જોવા મળશે. તેમણે કહ્યું

કે સરકારનો ઉદ્દેશ્ય સૌથી વધુ નબળા લોકોનું રક્ષણ કરતા અર્થવ્યવસ્થાને બચાવવાનો પણ છે. આપને જણાવી દઈએ કે છેલ્લા બે સપ્તાહમાં ઈઝરાયેલમાં દરરોજ લગભગ ૩૦૦ કેસ મળી રહ્યા હતા, રવિવારના રોજ વધીને ૪૦૦૦થી વધુ થઈ ગયા છે. ઈઝરાયેલમાં કોરોનાથી લગભગ ૮૨૪૪ મોત થયા છે. વિશ્વભરના દેશો હવે કોરોના સંક્રમણથી ડરી ગયા છે. સ્થિતિ એવી છે કે જ્યાં અમેરિકાએ કહ્યું છે કે કોરોનાના કેસ એટલા વધી જશે કે હજારો લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડશે. તો ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટે કહ્યું કે કોરોનાનું તોફાન ખૂબ જ ઝડપથી દેશ તરફ આગળ વધી રહ્યું છે.

ભૂખ હડતાળ કરી રહેલા કેદીઓની મુક્તિની માગ સાથે પેલેસ્ટીનીઓની વિશાળ રેલી

(એજન્સી) વેસ્ટ બેંક, તા. ૫

ઈઝરાયેલી જેલોમાં ભૂખ હડતાળ કરી રહેલા બળજબરીથી પકડાયેલા કેદીઓના સમર્થનમાં યહૂદીઓ દ્વારા કબજે કરાયેલા વેસ્ટબેંકમાં પેલેસ્ટીનિયનો દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈઝરાયેલની વહીવટી અટકાયતની નીતિ હેઠળ આરોપ કે ટ્રાયલ વિના જ ધરપકડના વિરોધમાં હિશામ અબુ હવ્વાશ છેલ્લા ૧૪૦ દિવસથી ભૂખ હડતાળ કરી રહ્યા છે. અબુ હવ્વાશને કેદમાંથી મુક્ત કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને મધ્યસ્થી કરવાની હાકલ સાથે રામલ્લાહ શહેરમાં સેંકડો પેલેસ્ટીનિઓ માર્ગો પર ઉતરી પડ્યા હતા. ભૂખ હડતાળ પર ઉતરેલા કેદીઓના સમર્થનમાં બેથલેહેમ અને રામલ્લાહની બિરઝૈત યુનિવર્સિટીમાં વધુ બે રેલીઓ આયોજિત કરાઈ હતી. દરમિયાન પેલેસ્ટીની વડાપ્રધાન મોહંમદ શતાયેહે કહ્યું કે, તેમની સરકાર અટકાયતમાં રખાયેલા કેદીઓના સ્વાસ્થ્ય પર ઝીણવટભરી નજર રાખી રહી છે. સોમવારે યોજાયેલી કેબિનેટની બેઠકમાં શતાયેહે કહ્યું કે, અબુ હવ્વાશની સુરક્ષિત મુક્તિની મદદ માટે તેમણે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પત્ર લખ્યા છે. દક્ષિણ વેસ્ટ બેંકના દુરા શહેરમાંથી આવનારા અબુ હવ્વાશને ૨૭ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ઈઝરાયેલી દળો દ્વારા ગેરકાયદે રીતે પકડી પડાયા હતા અને વહીવટી અટકાયત હેઠળ જેલમાં નાખી દેવાયા હતા, આ નીતિ હેઠળ ઈઝરાયેલી

સત્તાવાળાઓ કોઈપણ પણ પકડીને ટ્રાયલ કે આરોપ વિના છ મહિના સુધી કેદમાં રાખી શકે છે અને આ મર્યાદાને લંબાવી પણ શકાય છે. જેલ બાબતોના સંગઠન અનુસાર ઈઝરાયેલી જેલોમાં આશરે ૪૬૫૦ પેલેસ્ટીની કેદીઓ કેદ છે જેમાં ૫૦૦થી વધુ કોઈપણ આરોપ કે ટ્રાયલ વિના જ કેદમાં છે.

ઈઝરાયેલ ઈરાન સાથે એક 'સારા' પરમાણુ કરારનું વિરોધી નથી

(એજન્સી) જેરૂસલેમ, તા.૫

ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટે ગયા અઠવાડિયે કહ્યું હતું કે ઈઝરાયેલ વિશ્વસત્તાઓ અને ઈરાન વચ્ચે એક કરારનું વિરોધી નથી પરંતુ તે એક 'સારો' કરાર ઈચ્છે છે. તેમણે ઉમેર્યું હતું કે દિવસના અંતે નિઃશંકપણે એક સારો કરાર હોઈ શકે છે અમે પરિમાણોને જાણીએ છીએ. પરંતુ શું આ ગતિશીલતામાં હાલમાં આમ થવાની અપેક્ષા છે ? ના, કારણ કે તમને વધુ મજબૂત (વિશ્વ નેતાઓ તરફથી) સ્થિતિની જરૂર છે. ઈરાન ખૂબ જ નબળા કાર્ડસ ધરાવે છે, પરંતુ વિશ્વનું વર્તન એવું છે. જાણે કે તે મજબૂત સ્થિતિમાંથી મંત્રણા કરી રહ્યું છે. અમે સ્વાયત્તના કહેનારા નથી. અમે પ્રાયોગિક અભિગમને અપનાવી રહ્યા છીએ. આર્મી રેડિયો

સાથેના એક ઈન્ટરવ્યુમાં બેનેટે કહ્યું હતું કે અન્ય લોકોથી વિપરીત અમે તો પરિણામ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. વિદેશમંત્રી યાઈર લેપિડના ટ્વિટના એક દિવસ પછી આમ આવ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલ કોઈપણ કરારનો વિરોધ કરી રહ્યું નથી. એક સારો કરાર સારો છે. અમે એવા એક કરારનો વિરોધ કરીશું જેમાં વાસ્તવિક દેખરેખની શકયતા નથી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
ગુરૂવાર ૬ જાન્યુઆરી ૨૦૨૨
૨ જમાદિલ આખર હિજરી ૧૪૪૩
પોષ સુદ ચોથ સંવત ૨૦૭૮

કિશોરોનું રસીકરણ આવશ્યક

લાંબા સમય સુધી રાહ જોયા પછી જ્યારે ૧૫થી ૧૮ વર્ષની ઉંમરના કિશોરો માટે રસીકરણ અભિયાનની શરૂઆત થઈ તો તેને લઈને સ્વાભાવિક રીતે ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રથમ દિવસે જ ૪૦ લાખથી વધુ કિશોરોએ રસી મેળવી હતી. ખરેખર રસીની ઉપલબ્ધતા અને કિશોરો પર સંભવિત આડઅસરો વગેરેને ધ્યાનમાં રાખીને સરકારે આ દિશામાં કોઈ પગલું ભરવાથી પોતાને રોકી રાખી હતી પણ હવે તે મૂંઝવણ દૂર થઈ ગઈ છે. આપણા દેશમાં કિશોરવયના બાળકોની વિશાળ વસ્તી છે. તેમનું રસીકરણ ન થઈ શકવાના કારણે શાળા-કોલેજોને ખોલવા અંગે પણ અવરોધ ઊભો થયો હતો. વાલીઓને એ વાતની આશંકા હતી કે બાળકોને જો શાળામાં મોકલવામાં આવશે તો સંક્રમણનું જોખમ રહેશે. ઘણી જગ્યાએ એવું થયું પણ ખરું કે જ્યારે શાળાઓ અને કોલેજોને ખોલવામાં આવી અને વિદ્યાર્થીઓ ત્યાં ગયા, તો મોટી સંખ્યામાં ચેપગ્રસ્ત થઈ ગયા હતા. ત્યારબાદ શાળાઓએ ફરીથી બંધ કરવી પડી હતી. છેલ્લા બે વર્ષથી શાળાઓ અને કોલેજો બંધ રાખવાથી અથવા આંશિકરૂપે ખોલવાથી પરિણામ એ આવ્યું કે બાળકોની શીખવાની ક્ષમતા પર ખરાબ અસર પડી. ખાસ કરીને બોર્ડની પરીક્ષાઓને લઈને નિર્ણય લેવામાં અડચણ આવી રહી હતી. ગયા વર્ષે તો બોર્ડની પરીક્ષાઓને રદ જ કરવી પડી હતી. આ વર્ષે ફરીથી બોર્ડની પરીક્ષાઓનો સમય નજીક આવી રહ્યો છે. એવામાં રસીકરણ અભિયાન શરૂ કરવાથી બાળકો, વાલીઓ શાળા અને બોર્ડની પરીક્ષાનું સંચાલન કરનારી સંસ્થાઓને ચેપ સામેના રક્ષણને લઈને ખાતરી મળી શકશે. કિશોરવયના બાળકો માટે શરૂ થયેલા રસીકરણ અભિયાનની એક સારી બાબત એ પણ છે કે તેમના માટે અલગથી કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે અને શાળાઓમાં પણ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કિશોરોને આગામી બોર્ડની પરીક્ષા વિશે ચિંતા છે. તેઓ ઈચ્છે છે કે પરીક્ષાઓ શરૂ થતાં પહેલા તેઓ બંને ડોઝ લઈ લે જેથી રોગપ્રતિકારક ક્ષમતામાં વધારો થાય અને તેઓ ચેપથી બચી શકે. આ જ કારણે કિશોરોમાં રસીકરણને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શરૂઆતમાં જ્યારે રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું હતું ત્યારે આને લઈને વિવિધ આશંકાઓ ઊભી થઈ હતી, જેના કારણે ઘણા બધા લોકોના મનમાં ખચકાટ હતો. પરંતુ કોરોનાની બીજી લહેરમાં જોવા મળ્યું હતું કે, જે લોકોએ રસી લીધી હતી તેમના પર કોરોનાની ઘાતક અસર થઈ નહોતી. આનાથી જ લોકોમાં રસી અંગે વિશ્વાસ જાગ્યો હતો. તેથી જ ઘણા બધા વાલીઓની માંગ હતી કે કિશોરો માટે પણ રસીકરણ અભિયાન વહેલી તકે શરૂ કરવામાં આવે. કોરોનાના કેસો ફરી એક વખત વધવા લાગ્યા છે અને ઓમિક્રોન નામનું વેરિયન્ટ પણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. કેટલાક નિષ્ણાતો આને ત્રીજી લહેર માની રહ્યા છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આગામી દિવસોમાં કેસો વધુ ઝડપથી વધશે. પહેલી લહેરમાં જોવા મળ્યું હતું કે, બાળકો અને કિશોરો પર કોરોનાની વધુ અસર નહોતી થઈ. પરંતુ બીજી લહેરમાં બાળકો પણ મોટી સંખ્યામાં ઝપટમાં આવી ગયા હતા. આજ કારણે ત્રીજી લહેર અંગે લોકોમાં ભયનો માહોલ છે. કોરોના વાયરસ જે રીતે તેનું સ્વરૂપ બદલી રહ્યો છે તેમાં તેની અસરને લઈને કોઈ દાવો કરવો સરળ નથી. તેથી જેવું કિશોરો માટે રસીકરણ અભિયાન શરૂ થયું, તો તેઓ ખૂબ જ ઉત્સાહ સાથે રસીકરણ માટે નોંધણી કરાવી રહ્યા છે જે એક સારો સંકેત છે. હવે સરકાર પાસેથી અપેક્ષા છે કે તે રસીની ઉપલબ્ધતા જાળવી રાખવામાં કોઈ પ્રકારની ફરિયાદ આવવા દેશે નહીં.

'અને તેનું જીવન લુપ્ત થવું જોઈએ'

ભારતીય સંસદ પર હુમલાની ખૂબ જ વિચિત્ર વાર્તા

૭ વર્ષીય ગાલિબ, અફઝલનો પુત્ર, યાસીન મલિક અને એસ.એ.આર. ગિલાની સાથે ૦૬ ઑક્ટોબરના રોજ દિલ્હીમાં

૩૦ ઓક્ટોબર,૨૦૦૬
(ભાગઃ૩)

જ્યારે હાઈકોર્ટે તેમને અને અફસાન ગુરૂને નિર્દોષ જાહેર કર્યા ત્યારે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. (અફસાનની ધરપકડ કરવામાં આવી ત્યારે તે ગર્ભવતી હતી, તેણીને જેલમાં બાળક આવ્યું હતું. તેના અનુભવે તેણીને તોડી નાખી હતી. તે હવે ગંભીર માનસિક સ્થિતિથી પીડાય છે.) સર્વોચ્ચ અદાલતે નિર્દોષ છૂટને સમર્થન આપ્યું હતું. ગિલાનીના સંસદ હુમલા અથવા કોઈપણ આતંકવાદી સંગઠન સાથે જોડાવાના કોઈ પુરાવા મળ્યા નથી. એક પણ અખબાર કે પત્રકાર કે ટીવી ચેનલે તેમના જુઠ્ઠાણા માટે ગિલાનીની માફી માંગવી યોગ્ય સમજી નહીં.

ગિલાનીની મુસીબતોનો આટલેથી જ અંત આવ્યો ન હતો. તેમના નિર્દોષ છૂટકારાથી સ્પેશિયલ સેલના માસ્ટરમાઈન્ડવાળા કાવતરાની પોલ ખુલી ગઈ. હવે આ, એક સમસ્યા બની જાય છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, ગિલાની હવે મુક્ત માણસ હતા - પ્રેસને મળવા, વકીલો સાથે વાત કરવા, તેમનું નામ સાફ કરવા માટે મુક્ત. ૮ ફેબ્રુઆરી, ૨૦૦૫ની સાંજે, સુપ્રીમ કોર્ટમાં અંતિમ સુનાવણી દરમિયાન, ગિલાની તેમના વકીલના ઘરે જઈ રહ્યા હતા. એક રહસ્યમય બંદૂકધારી પડછાયામાંથી દેખાયો અને તેમના ઉપર પાંચ ગોળીઓ ચલાવી. ચમત્કારિક રીતે, તે બચી ગયા. આ વાર્તામાં અવિશ્વસનીય નવો વળાંક હતો. સ્પષ્ટપણે કોઈને તે શું જાણે છે, તે શું કહેશે તેની ચિંતા હતી.... ગમે તે કલ્પના કરશે કે પોલીસ આ તપાસને સર્વોચ્ચ પ્રાધાન્ય આપશે, આશા છે કે તે સંસદ હુમલાના કેસમાં કેટલાક મહત્વપૂર્ણ નવા તથ્યો ઉજાગર કરશે. તેના બદલે, સ્પેશિયલ સેલે ગિલાની સાથે એવું વર્તન કર્યું કે તે તેની પોતાની હત્યામાં મુખ્ય શંકાસ્પદ હતો. તેઓએ તેનું કોમ્પ્યુટર જપ્ત કર્યું અને તેની કાર છીનવી લીધી. હોસ્પિટલની બહાર સેંકડો કાર્યકરો એકઠા થયા હતા અને હત્યાના પ્રયાસની તપાસ માટે હાકલ કરી હતી, જેમાં સ્પેશિયલ સેલની જ તપાસનો સમાવેશ થાય છે. (અલબત્ત એવું ક્યારેય બન્યું નથી. એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે, કોઈએ આ બાબતને આગળ વધારવામાં રસ દાખવ્યો નથી. વિચિત્ર.)

તેથી તે હવે અહીં હતા, એસ.એ.આર. ગિલાની, આ ભયંકર અગ્નિપરીક્ષામાંથી બચીને, જંતર-મંતર પર જાહેરમાં ઉભા થઈને કહે છે કે મોહમ્મદ અફઝલ મૃત્યુદંડને લાયક નથી. તેના માટે માથું નીચું રાખવું, ઘરે રહેવું કેટલું સરળ હશે. હિંમતના આ શાંત પ્રદર્શનથી હું ખૂબ જ પ્રેરિત, નમ્ર બની છું.

એના વિશે વિચારો. ત્રાસ હેઠળ કરાવવામાં આવેલી ગેરકાયદેસર કબૂલાતના આધારે, સેંકડો હજારો સૈનિકોને તિજોરી પર ભારે ખર્ચ લાદીને પાકિસ્તાન બોર્ડર પર ખસેડવામાં આવ્યા હતા.

એસ.એ.આર.ગિલાની પાસે, પત્રકારોની અને ફોટોગ્રાફરોની ભીડમાં, લેમન કલરના ટી-શર્ટ અને ગેબર્ડીન પેન્ટમાં નાનું ટેપ-રેકોર્ડર પકડીને, અન્ય ગિલાની હતા. ઈફ્તિખાર ગિલાની. તેઓ પણ જેલમાં રહ્યા હતા. ૯ જૂન, ૨૦૦૨ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી અને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તે સમયે તે જમ્મુ સ્થિત કાશ્મીર ટાઈમ્સના રિપોર્ટર હતા. તેમના પર ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમનો 'ગુનો' એ હતો કે તેમની પાસે 'ભારત હસ્તકના કાશ્મીર'માં ભારતીય સૈનિકોની તૈનાતી વિશે અપ્રચલિત માહિતી હતી. (આ 'માહિતી', માટે એવું બહાર આવ્યું છે કે, એક પાકિસ્તાની સંશોધન સંસ્થા દ્વારા પ્રકાશિત મોનોગ્રાફ હતો, અને જે તેને ડાઉનલોડ કરવા ઇચ્છતા હોય તેના માટે ઈન્ટરનેટ પર મુક્તપણે ઉપલબ્ધ હતું.) ઈફ્તિખાર ગિલાનીનું કમ્પ્યુટર જપ્ત કરવામાં આવ્યું હતું. IB અધિકારીઓએ તેની હાર્ડ ડ્રાઈવ સાથે છેડછાડ કરી, ડાઉનલોડ કરેલી ફાઈલ સાથે છેડછાડ કરી, 'ભારત હસ્તકના કાશ્મીર' શબ્દોને બદલીને 'જમ્મુ અને કાશ્મીર' કરી દીધો જેથી તે ભારતીય દસ્તાવેજ જેવો ધ્વનિત થાય અને 'ઓન્લી ફોર રેફરન્સ' શબ્દો ઉમેર્યા. સ્ટ્રિક્ટલી નોટ ફોર સર્ક્યુલેશન', એવું લાગે કે ગૃહ મંત્રાલયમાંથી કોઈ ગુપ્ત દસ્તાવેજની ચોરી કરવામાં આવી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ મિલિટરી ઈન્ટેલિજન્સ - જો કે તેને મોનોગ્રાફની ફોટોકોપી આપવામાં આવી હતી - ઈફ્તિખાર ગિલાનીના વકીલની વારંવારની અપીલોને અવગણીને, તેઓ ચૂપ રહ્યા અને છ મહિના સુધી આ બાબતે સ્પષ્ટતા કરવાનો ઇનકાર કર્યો.

ફરી એકવાર સ્પેશિયલ સેલ દ્વારા બહાર પાડવામાં આવેલા દૂષિત જૂઠાણાં અખબારોમાં આજ્ઞાકારી રીતે પુનઃઉત્પાદિત કરવામાં આવ્યા હતા. તેઓએ જે જૂઠાણાં બોલ્યા તે અહીં છેઃ

"હુર્રિયતના કટ્ટરપંથી સૈયદ અલી શાહ ગિલાનીના ૩૫ વર્ષીય જમાઈ ઈફ્તિખાર ગિલાનીએ શહેરની અદાલતમાં કબૂલ્યું હોવાનું માનવામાં આવે છે કે તે પાકિસ્તાનની જાસૂસી સંસ્થાનો એજન્ટ હતો." — ધ હિન્દુસ્તાન ટાઈમ્સ, જૂન, ૧૧, ૨૦૦૨: નીતા શર્મા

સુસ્થાપિત સૂત્રોએ જણાવ્યું હતું કે,"ઈફ્તિખાર ગિલાની હિઝબુલ મુજાહિદ્દીનના સૈયદ સલાહુદ્દીનનો પીન-પોઈન્ટ મેન હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે ઈફ્તિખાર ભારતીય સુરક્ષા એજન્સીઓની ચાલ વિશે સલાહુદ્દીનને માહિતી આપતો હતો. તેણે તેના પત્રકારના રૂપ પાછળના તેના વાસ્તવિક હેતુઓને એટલી સારી રીતે છૂપાવી દીધા હતા કે તેને ખુલ્લો પાડવા માટે વર્ષ લાગી ગયું." — ધ પાયોનિયર, પ્રમોદ કુમાર સિંઘ

"આવકવેરાના દરોડા દરમિયાન ગિલાનીના જમાઈના ઘરેથી જપ્ત કરાયેલી મોટી સંપત્તિ અને સંવેદનશીલ દસ્તાવેજો — હિન્દુસ્તાન, જૂન ૧૦, ૨૦૦૨

પોલીસની ચાર્જશીટમાં તેના ઘરેથી માત્ર રૂા.૩,૪૫૦ની વસૂલાત નોંધવામાં આવી છે.

દરમિયાન, અન્ય મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે તેની પાસે ત્રણ બેડરૂમનો ફ્લેટ હતો, જેની અઘોષિત આવક રૂા.૨૨ લાખ હતી, તેણે રૂા.૭૯ લાખનો ઈન્કમટેક્સ બચાવ્યો હતો, કે તે અને તેની પત્ની ધરપકડથી બચવા માટે ફરાર હતા.

લોકોની હત્યા કરવી અને તેમને 'વિદેશી આતંકવાદીઓ' તરીકે ખોટી રીતે ઓળખવા, અથવા મૃત લોકોને 'વિદેશી આતંકવાદીઓ' તરીકે ખોટી રીતે ઓળખવા એ સુરક્ષા દળોમાં અસામાન્ય નથી.

તેમની ધરપકડ પછી જેલમાં ઈફ્તિખાર ગિલાનીને માર મારવામાં આવ્યો, અપમાનિત કરવામાં આવ્યા. તેમના પુસ્તક માય ડેઝ ઈન પ્રિઝનમાં તેઓ જણાવે છે કે કેવી રીતે, અન્ય વસ્તુઓની સાથે, તેમને તેમના શર્ટથી શૌચાલય સાફ કરવા અને પછી દિવસો સુધી તે જ શર્ટ પહેરવા માટે મજબૂર કરવામાં આવતા હતા. છ મહિનાની અદાલતી દલીલો અને તેમના સાથીદારો દ્વારા લોબિંગ કર્યા પછી, જ્યારે તે સ્પષ્ટ થઈ ગયું કે જો તેમની સામેનો કેસ ચાલુ રહેશે તો તે ગંભીર શરમમાં પરિણમશે, ત્યારે તેમને મુક્ત કરવામાં આવ્યા.

તેઓ હવે અહીં હતા. એક મુક્ત માણસ, એક પત્રકાર વાર્તા કવર કરવા જંતર-મંતર પર આવે છે. મને થયું કે એસ.એ.આર. ગિલાની, ઈફ્તિખાર ગિલાની અને મોહમ્મદ અફઝલ એક જ સમયે તિહાર જેલમાં હશે. (અન્ય ઘણા ઓછા જાણીતા કાશ્મીરીઓની સાથે જેમની વાર્તાઓ આપણે ક્યારેય જાણી શકીએ નહીં.)

એવી દલીલ કરી શકાય છે કે બંને એસ.એ.આર.ગિલાની અને ઈફ્તિખાર ગિલાની માત્ર ભારતીય ન્યાયિક પ્રણાલીની ઉદ્દેશ્યતા અને તેની સ્વ-સુધારાની ક્ષમતા દર્શાવવા માટે સેવા આપે છે, તેઓ તેને બદનામ કરતા નથી. તે માત્ર અંશતઃ સાચું છે. બંને ઈફ્તિખાર ગિલાની અને જી.છ.ઈ. ગિલાની દિલ્હી સ્થિત કાશ્મીરીઓ હોવા માટે ભાગ્યશાળી છે, જેમાં સ્પષ્ટ, મધ્યમ વર્ગના સાથીદારોનો સમુદાય છે; પત્રકારો અને યુનિવર્સિટીના શિક્ષકો, જેઓ તેમને સારી રીતે ઓળખતા હતા અને જરૂરિયાતના સમયે તેમની આસપાસ હતા. એસ.એ.આર. ગિલાનીના વકીલ નંદિતા હક્સરે એસ.એ.આર. ગિલાની માટે અખિલ ભારતીય સંરક્ષણ સમિતિની રચના કરી હતી. (જેની હું સભ્ય હતી). ગિલાનીને ટેકો આપવા માટે કાર્યકરો, વકીલો અને પત્રકારો દ્વારા સંકલિત અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જાણીતા વકીલો રામ જેઠમલાણી, કે.જી. કન્નાબીરન, વૃંદા ગ્રોવરે તેમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓએ આ કેસ શું હતો તે દર્શાવ્યું — જે વાહિયાત ધારણાઓ, અને સંપૂર્ણ જૂઠ્ઠાણા, બનાવટી પુરાવાઓ દ્વારા મજબૂત બનાવામાં આવ્યો હતો. અલબત્ત ન્યાયિક નિરપેક્ષતા અસ્તિત્વમાં છે. પરંતુ તે એક શરમાળ જાનવર છે જે આપણી કાનૂની વ્યવસ્થાના ભુલભુલામણીમાં ક્યાંક ઊંડે રહે છે. તે ભાગ્યે જ પોતાને બતાવે છે. ટોચના વકીલોની આખી ટીમને તેમની ગુફામાંથી બહાર કાઢવામાં આવ્યા. તેને અખબારી-ભાષામાં કઠિન કાર્ય કહેવામાં આવશે. પાંચ મહિના સુધી, તેની ધરપકડ કરવામાં આવી ત્યારથી લઈને પોલીસ ચાર્જશીટ દાખલ થઈ તે દિવસ સુધી, મોહમ્મદ અફઝલ, ઉચ્ચ સુરક્ષાવાળી જેલમાં બંધ હતો, તેની પાસે કોઈ કાનૂની બચાવ કે કોઈ કાનૂની સલાહ નહોતી. કોઈ ટોચના વકીલો ન હતા, કોઈ સંરક્ષણ સમિતિ ન હતી (ભારતમાં અથવા કાશ્મીરમાં), અને કોઈ અભિયાન ન હતું. ચારેય આરોપીઓમાં તે સૌથી વધુ સંવેદનશીલ હતો. તેમનો કેસ ગિલાનીના કેસ કરતાં વધુ જટિલ હતો. નોંધપાત્ર રીતે, આ સમય દરમિયાન, અફઝલના નાના ભાઈ હિલાલને કાશ્મીરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ગેરકાયદેસર રીતે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ચાર્જશીટ દાખલ થયા બાદ તેને છોડી મૂકવામાં આવ્યો હતો. (આ કોયડાનો એક ભાગ છે જે વાર્તા ખુલતાની સાથે જ સ્થાન મેળવશે)

૨૦ ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ, તપાસ અધિકારી, પોલીસ કમિશનર (એસીપી) રાજબીર સિંઘ (જેને 'એન્કાઉન્ટરો'માં માર્યા

ચર્ચા
- અરૂંધતી રોય

ડાબેથી; શૌકત ગુરૂ, એસ.એ.આર. ગિલાની અને મોહમ્મદ અફઝલ દિલ્હીમાં, ૨૦૦૧

ગયેલા 'આતંકવાદીઓ'ની સંખ્યા માટે દિલ્લીના 'એનકાઉન્ટર સ્પેશિયાલિસ્ટ' તરીકે ઓળખાય છે), સ્પેશિયલ સેલ ખાતે પત્રકાર પરિષદ બોલાવી હતી. મોહમ્મદ અફઝલને મીડિયા સમક્ષ 'કબૂલાત' કરાવવામાં આવી હતી. ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ (ડીસીપી) અશોક ચંદે પ્રેસને જણાવ્યું કે અફઝલ પહેલા જ પોલીસ સમક્ષ કબૂલાત કરી ચૂક્યો છે. આ અસત્ય હોવાનું બહાર આવ્યું. પોલીસ સમક્ષ અફઝલની ઔપચારિક કબૂલાત બીજા દિવસે જ થઈ હતી (જે પછી તે પોલીસ કસ્ટડીમાં જ રહ્યો અને યાતનાઓ માટે સંવેદનશીલ રહ્યો, બીજી ગંભીર પ્રક્રિયાગત ભૂલ). તેના મીડિયા 'કબૂલાત'માં અફઝલે પોતાને સંસદ હુમલામાં સંપૂર્ણપણે દોષી ઠેરવ્યો હતો.

આ 'મીડિયા કબૂલાત' દરમિયાન એક વિચિત્ર બાબત બની. સીધા સવાલના જવાબમાં અફઝલે સ્પષ્ટ કહ્યું કે ગિલાનીને હુમલા સાથે કોઈ લેવાદેવા નથી અને તે સંપૂર્ણપણે નિર્દોષ છે. આ સમયે એસીપી રાજબીર સિંહે તેના પર બૂમો પાડી અને તેને ચૂપ રહેવા દબાણ કર્યું અને મીડિયાને વિનંતી કરી કે અફઝલના 'કબૂલાત'નો આ ભાગ ન લઈ જાય. અને તેઓએ પાલન કર્યું! આ વાર્તા માત્ર ત્રણ મહિના પછી બહાર આવી જ્યારે ટેલિવિઝન ચેનલ આજ તકે હમલે કે સો દિન (હુમલાનાં સો દિવસો) નામના કાર્યક્રમમાં 'કબૂલાત'નું પુનઃપ્રસારણ કર્યું અને કોઈક રીતે આ ભાગને અંદર રાખ્યો. આ દરમિયાન સામાન્ય લોકોની નજરમાં જાહેર - જેઓ કાયદા અને ફોજદારી પ્રક્રિયા વિશે થોડું જાણે છે - અફઝલની જાહેર 'કબૂલાત'એ માત્ર તેના અપરાધની પુષ્ટિ કરી. 'સમાજના સામૂહિક અંતરાત્મા'ના ચુકાદા માટે બીજું અનુમાન લગાવવું મુશ્કેલ ન હોત. (ક્રમશઃ)

(સૌ.: આઉટલૂક ઈન્ડિયા.કોમ)

ફિલ્મ કંપોઝર, સંગીતકાર અને ગાયક એ.આર.રહેમાન

પૂરું નામ : અલ્લાહરખા રહેમાન
જન્મનું નામ : એ.એસ. દિલીપકુમાર
જન્મ : ૬ જાન્યુઆરી ૧૯૬૬ ચેન્નાઈ, તામિલનાડુ
રાષ્ટ્રીયતા : ભારતીય
કાર્યક્ષેત્ર : ફિલ્મ કંપોઝર, રેકોર્ડ નિર્માતા, સંગીતકાર, ગાયક
સક્રિય : ૧૯૮૫થી આજપર્યંત

અલ્લાહરખા રહેમાનનો જન્મ ૬ જાન્યુઆરી ૧૯૬૬ એ(એસ. દિલીપકુમાર તરીકે) એ એક ભારતીય ફિલ્મ કંપોઝર, રેકોર્ડ નિર્માતા, સંગીતકાર અને ગાયક છે. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં તેમની ફિલ્મી કારકીર્દિની શરૂઆત થઈ હતી. તેમણે તેર ફિલ્મફેર પુરસ્કાર, ચાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો, એક બાફ્ટા પુરસ્કાર, એક ગોલ્ડન ગ્લોબ, બે ગ્રેમી પુરસ્કારો અને બે એકેડેમી પુરસ્કારો જીત્યા છે. ૨૦૧૦માં પદ્મશ્રી, પદ્મભૂષણ. ભારતના વિવિધ ફિલ્મ ઉદ્યોગો, આંતરરાષ્ટ્રીય સિનેમા અને રંગભૂમિમાં કામ કરી રહેલા અને વર્ષ ૨૦૦૪ સુધીમાં ૦૦ વર્ષની લાંબી કારકીર્દિ ધરાવતા રહેમાને વિશ્વભરમાં તેમના ફિલ્મ સ્કોર્સ અને સાઉન્ડટ્રેક્સની ૧૫ કરોડથી વધારે રેકોર્ડ્સનું વેચાણ કર્યું હતું,ચરૂચ૪ અને ૨૦૦ મિલિયન કેસેટ્સનું વેચાણ કર્યું હતું, જેને પગલે તેઓ વિશ્વના ઓલ-ટાઈમ ટોપ સેલિંગ રેકોર્ડિંગ આર્ટિસ્ટ્સમાં સ્થાન પામ્યા હતા. ટાઈમ મેગેઝિને તેમને "મોઝાર્ટ ઓફ મદ્રાસ" ગણાવ્યા હતા અને ઘણા તમિલ કોમેન્ટેટરોએ તેમને ઈસાઈ પુયાલનું ઉપનામ આપ્યું હતું ૨૦૦૯માં, મેગેઝિને 'વિશ્વના સૌથી વગદાર વ્યક્તિઓ'ની ટાઈમ ૧૦૦ની યાદીમાં રહેમાનને સ્થાન આપ્યું હતું. એ. આર. રહેમાન ભારતના તમિલ નાડુ રાજ્યના ચેન્નાઈ ખાતે સંગીતના પ્રભાવ હેઠળના મુદલિયાર તમિલ કુટુંબમાં જન્મ્યા હતા.ચ૮ચ૯ તેમના પિતા આર. કે. શેખર ચેન્નાઈ સ્થિત કંપોઝર અને મલયાલમ ફિલ્મોના વૃંદવાદનના સંચાલક હતા. રહેમાને ખૂબ જ યુવા વયે તેમના પિતાને ગુમાવી દીધા હતા અને તેમના કુટુંબે આવક મેળવવા માટે સંગીતના સાધનો ભાડે આપ્યા હતા. તેમની માતા કરીમા

પ્રાસંગિક

(કસ્તુરી)એ તેમને ઉછેર્યા હતા. ત્યારબાદ ૮ વર્ષની ઉંમરે ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને તેમનું નામ બદલીને રહેમાન કરી દીધું. તેઓ પિઆનો, સિન્થેસાઈઝર, હાર્મોનિયમ અને ગિટાર વગાડતા હતા. મુખ્યત્વે સિન્થિસાઈઝર પ્રત્યેની તેમની જિજ્ઞાસામાં વધારો થયો, કેમકે તેઓ કહેતા, તે "સંગીત અને તકનીક વચ્ચેનું આદર્શ મિશ્રણ છે". ૧૯૯૨માં, રહેમાને પોતાના ઘરની પાછળના ભાગમાં પોતાનો પંચાતન રેકોર્ડ ઈન નામનો મ્યુઝિક રેકોર્ડિંગ અને મિક્સીંગ સ્ટુડિઓ શરૂ કર્યો, જે વિકાસ પામીને ભારતના સૌથી અદ્યતન રેકોર્ડિંગ સ્ટુડિઓમાં પરિવર્તીત થયો. શરૂઆતમાં તેઓ જાહેરાતો, ભારતીય ટેલીવિઝન ચેનલ્સ અને દસ્તાવેજી ફિલ્મો માટે મ્યુઝિક જિંગલ્સ બનાવવા ઉપરાંત અન્ય પ્રોજેક્ટ્સ પર કામ કરતા હતા. રહેમાને જાવેદ અખ્તર, ગુલઝાર, આનંદ બક્શી, પી.કે. મિશ્રા, મેહબુબ, વૈરામુથુ અને વાલિ જેવા ભારતીય કવિઓ અને ગીતકારો સાથે કામ કર્યું છે. કેટલાક ફિલ્મ દિગ્દર્શકો સાથેની તેમની જોડીએ હંમેશા સફળ સાઉન્ડટ્રેક્સ આપ્યા છે, રહેમાને ફિલ્મ સિવાયના પ્રોજેક્ટ્સમાં પણ ભાગ લીધો હતો. તેમણે ભારતની ૫૦મી સ્વતંત્રતાની વર્ષગાંઠ નિમિત્તે વંદે માતરમ (૧૯૯૭) આલ્બમ બનાવ્યું, જેને વ્યાપારી સફળતા મળી. ત્યારબાદ તેમણે ભારત બાલા દ્વારા દિગ્દર્શીત જન ગણ મન માટે આલ્બમ બનાવ્યો, જેમાં ભારતીય ક્લાસિકલ મ્યુઝિકના ઘણા અગ્રણી પ્રતિનિધિઓ/કલાકારોએ એકસાથે અભિનય કર્યો હતો. છેલ્લા છ વર્ષોમાં, રહેમાને સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, દૂબઈ, યુકે, કેનેડા, ધી યુએસ (હોલિવુડ બોલ અને થર્ડ ટુર) અને ભારતના ચાહકો સામે તેમની કોન્સર્ટ્સના ત્રણ સફળ પ્રવાસો કર્યા હતા. તેમણે કેરેન ડેવિડના આગામી સ્ટુડિઓ આલ્બમ માટે કામ કરી રહ્યા છે. તેમણે તમિલ ફિલ્મના સ્કોર્સ માટે કંપોઝ કરેલા ૨૫ ગીતોને દર્શાવતા ઈન્ટ્રોડ્યૂસીંગ એ. આર. રહેમાન ના બે ડિસ્કના સાઉન્ડટ્રેકને મે ૨૦૦૬માં રજૂ કરવામાં આવ્યો હતો. તેમના બિન-ફિલ્મી આલ્બમ કનેક્શનની રજૂઆત ૧૨ ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ કરવામાં આવી.

રોજગાર ટુડે

(અ) IARI : ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ
ટેકનિશિયન : ૬૪૧ જગ્યા
શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૦ પાસ/ મેટ્રિક્યુલેશન
વય મર્યાદા : ૧૮થી ૩૦ વર્ષ
પસંદગી પ્રક્રિયા : લેખિત પરીક્ષા + ઈન્ટરવ્યુ
વિગતવાર માહિતી તથા ઓનલાઈન અરજી માટે વેબસાઈટ : www.iari.res.in જોવી
ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૦/૦૧/૨૦૨૨

(બ) ESIC : એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન
UDC-MTS- સ્ટેનો : ૩૮૪૭ જગ્યા
શૈક્ષણિક લાયકાત : ડિગ્રી હોલ્ડર/ધોરણ-૧૨ પાસ/મેટ્રીક્યુલેશન
વિવિધ જગ્યા માટે જુદી જુદી લાયકાત છે
વય મર્યાદા : UDC અને સ્ટેનો માટે ૧૮થી ૨૭ વર્ષ
MTS માટે ૧૮થી ૨૫ વર્ષ
પસંદગી પ્રક્રિયા : પ્રિલિમ પરીક્ષા, મેઈન પરીક્ષા, સ્કીલ ટેસ્ટ, સ્ટેનો માટે ડિકટેકશન+ટ્રાન્સક્રિપ્શન
પગાર ધોરણ : UDC અને સ્ટેનો માટે રૂા.૨૫,૫૦૦થી ૮૧,૧૦૦
MTS રૂા.૧૮,૦૦૦થી ૫૬,૯૦૦
અરજી ફી : સામાન્ય ઉમેદવાર માટે રૂા.૫૦૦/-
SC/ST/PWD/Female માટે રૂા.૨૫૦/-
વિગતવાર માહિતી તથા ઓનલાઈન અરજી માટે વેબસાઈટ : www.esic.nic.in જોવી.
ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૫/૦૨/૨૦૨૨

(ક) NBCC : નેશનલ બિલ્ડિંગ્સ કન્સ્ટ્રકશન કોર્પોરેશન લિમિટેડ
માર્કેટીંગ એક્ઝિક્યુટીવ : ૧૨ જગ્યા
શૈક્ષણિક લાયકાત : ફુલ ટાઈમ MBA /બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-માર્કેટીંગ મુખ્ય વિષય સાથે
૬૦% માર્કસ સાથે
અનામત વર્ગને ૫૫% માર્કસ સાથે
વય મર્યાદા : મહત્તમ ૩૫ વર્ષ
પગાર ધોરણ : રૂા.૪૨,૫૦૦/-
વિગતવાર માહિતી તથા ઓનલાઈન અરજી માટે વેબસાઈટ : nbccindia.com જોવી.
અરજીની છેલ્લી તારીખ : ૧૩/૦૧/૨૦૨૨

- એ.જી. શેખ (ગ્રીવેન્સ સેલ)

બાંગ્લાદેશે ઈતિહાસ સર્જ્યો, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન ન્યુઝીલેન્ડને હરાવ્યું

ઈબાદત હુસેનનું કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

માઉન્ટ મોનગાનુઈ, તા.૫ ઝડપી બોલર ઈબાદત હુસેને કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૪૬ રનમાં ૬ વિકેટ ઝડપી જેની મદદથી બાંગ્લાદેશએ પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન ન્યુઝીલેન્ડને ૮ વિકેટે હરાવી તેની સામે પ્રથમ વિજય મેળવ્યો. ઈબાદતે ચોથા જ દિવસે બાંગ્લાદેશને ઐતિહાસિક વિજયની નજીક પહોંચાડી દીધું હતું. તેણે પાંચમા અને અંતિમ દિવસે ન્યુઝીલેન્ડની અંતિમ બંને વિકેટ પણ ઝડપી લીધી. યજમાન ટીમ બીજી ઈનિંગમાં ૧૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ જે બાંગ્લાદેશ વિરૂદ્ધ તેનો લોએસ્ટ સ્કોર છે. પ્રથમ ઈનિંગમાં ન્યુઝીલેન્ડ ૧૩૦ રનથી પાછળ હતું જેના કારણે બાંગ્લાદેશને વિજય માટે ફક્ત ૪૦ રન બનાવવાના હતા. તેણે બે વિકેટ ગુમાવી પણ કપ્તાન મોમિનુલ હક અને પૂર્વ કપ્તાન રહીમે ટીમને વિજય સુધી પહોંચાડી પોતાના દેશની બહાર ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશની આ છઠ્ઠી જીત છે અને ટોપ પાંચ રેન્કીંગવાળી ટીમોમાંથી કોઈ એકની સામે પ્રથમ જીત છે. ન્યુઝીલેન્ડ ટેસ્ટ રેન્કિંગમાં બીજા અને બાંગ્લાદેશ નવમા સ્થાને છે. આ જીત સાથે તેણે પોતાની ધરતી પર સતત ૧૭ ટેસ્ટમાં અપરાજીત રહેવાની ન્યુઝીલેન્ડની પરંપરા પણ તોડી નાખી. પૂર્વ વોલિબોલ ખેલાડી ઈબાદતે આ મેચ પહેલાં ૮૧ની સરેરાશથી ૧૧ ટેસ્ટ વિકેટ ઝડપી હતી.

જાહેર નિવિદા ક્રમાંક - ૧૪/૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, પંચાયત વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ ટે.ફો.નં.૦૨૬૮-૨૫૫૭૬૪૦ દ્વારા નવીન જિલ્લા પંચાયત બિલ્ડિંગના ફાયર સેફટી અને ફાયર એસ્કેપના કામ માટે કન્સલટન્સી તેમજ ડ્રોઈંગ બનાવવાની કામગીરી તથા તેના એસ્ટીમેટ, ડી.ટી.પી. બનાવવાની કામગીરીના ભાવપત્રક સરકારી/ અર્ધ સરકારી લાયસન્સ ધરાવતા આર્કિટેક પાસેથી મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રક અત્રેની કચેરીએ ટેન્ડર ફી પેટે રૂા.૬૦૦/- પી.એલ.એ. ઓફ ડી.ડી.ઓ. (૮૪૪૮-પી.એલ.એ.ઓફ ડી.ડી.ઓ. ખેડા-૪૧) સદરે જમા કરાવી, ચલનની એક નકલ રજૂ કરેથી તા.૧૫/૦૧/૨૦૨૨ સુધીમાં આપવામાં આવશે. અને ભરેલા ભાવપત્રકો તા.૨૫/૦૧/૨૦૨૨ સુધીમાં રજિસ્ટર્ડ પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને મળે તે મુજબ મોકલવાના રહેશે. તેમજ સદર ભાવપત્રો તા.૨૮/૦૧/૨૦૨૨ના રોજ ખોલવામાં આવશે. આ અંગેની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે.

ફોન નંબર (૦૨૬૮) ૨૫૫૭૬૪૦

સહી/- અવાચ્ય કાર્યપાલક ઈજનેર

માહિતી/નડી/૫૨૮/૨૦૨૧-૨૨

આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં કે એલ રાહુલની લાંબી છલાંગ મો. શમી-બુમરાહને પણ ફાયદો

દુબઈ,તા.૫ ભારતીય ઓપનર કેએલ રાહુલ દ.આફ્રિકા વિરૂદ્ધ પ્રથમ ટેસ્ટમાં થયેલી ૧૧૩ રનની જીતમાં પ્લેયર ઓફ ધ મેચ પ્રદર્શનના કારણે આઈસીસીની નવી ટેસ્ટ રેન્કિંગમાં ૧૮ સ્થાનના ફાયદા સાથે બેટસમેનોની યાદીમાં ૩૧માં સ્થાને પહોંચી ગયો છે. રાહુલની આ ફોર્મેટમાં સર્વશ્રેષ્ઠ રેન્કિંગ આઠમું સ્થાન છે. જે તેણે નવેમ્બર ૨૦૧૭માં પ્રાપ્ત કર્યું હતું. અગ્રવાલને એક સ્થાનનો ફાયદો જ્યારે અજંકિય રહાણે બે સ્થાનની છલાંગ સાથે બુધવારે નવા અપડેટમાં ૨૫મા સ્થાને પહોંચી ગયો છે. ઝડપી બોલર જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમી પણ રેન્કિંગમાં ઉપરના ક્રમે આવનારા અન્ય ભારતીય છે. બુમરાહે મેચમાં પાંચ વિકેટ ઝડપવાથી ત્રણ સ્થાનના ફાયદા સાથે નવમા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે મો.શમીએ આઠ વિકેટ ઝડપી હતી. જેમાં પ્રથમ ઈનિંગની પાંચ વિકેટ પણ સામેલ છે. આ પ્રદર્શનથી મો.શમી બે સ્થાનના ફાયદા સાથે ૧૭મા સ્થાને પહોંચી ગયો છે. દ.આફ્રિકાનો કપ્તાન ડીન એલ્ગર બે સ્થાનના લાભ સાથે ૧૪મા સ્થાને પહોંચી ગયો છે. જેણે બીજી ઈનિંગમાં ૭૭ બનાવ્યા હતા. તેમ્બા બાવુમા ૫૨ અને અણનમ ૩૫ રનના સ્કોરથી ૧૬ સ્થાનની છલાંગ લગાવી ૩૯મા સ્થાને પહોંચી ગયો છે. રબાડાએ ૭ વિકેટ ઝડપી જેનાથી તે એક સ્થાન ઉપર છઠ્ઠા સ્થાને જ્યારે એનગિડી મેચમાં આઠ વિકેટ ઝડપવાથી ૧૬ સ્થાનની છલાંગથી ૩૦મા સ્થાને પહોંચી ગયો છે. પદાર્પણ કરી રહેલા ઝડપી બોલર માર્કો ઝૅન્સેને ૯૭માં સ્થાનથી રેન્કિંગમાં પ્રવેશ કર્યો છે.

ચોથી એશિઝ ટેસ્ટમાં વરસાદનું વિઘ્ન ઓસ્ટ્રેલિયા ત્રણ વિકેટે ૧૨૬ રન

સિડની,તા.૫

ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ વરસાદના વિઘ્નવાળી ચોથી એશિઝ ટેસ્ટના પ્રથમ દિવસે ત્રણ વિકેટે ૧૨૬ રન બનાવી લીધા. વરસાદના કારણે પ્રથમ બે સેશનમાં ફક્ત ૨૧ ઓવર ફેંકાઈ શકી જ્યારે અંતિમ સત્રમાં રન ઝડપથી બન્યા અને બે વિકેટ પણ પડી. પ્રથમ દિવસની રમત સમાપ્ત થઈ ત્યારે સ્ટીવ સ્મિથ (૬) અને ઉસ્માન ખ્વાજા (૪) અણનમ હતા. વરસાદના કારણે રમત ૩૦ મિનિટ મોડી શરૂ થઈ હતી. આ પહેલા ઓસ્ટ્રેલિયાના કપ્તાન પેટ કમિન્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. હેરિસ અને ડેવિડ વોર્નરે પ્રથમ વિકેટ માટે ૫૦ રનની ભાગીદારી કરી. ખરાબ ફોર્મના કારણે ત્રીજી ટેસ્ટમાંથી બહાર કરાયેલા સ્ટુઅર્ટ બ્રોડે પોતાની પસંદગીને સાર્થક કરતા ઈંગ્લેન્ડને ૨૧મી ઓવરમાં સફળતા અપાવી અને વોર્નરને પેવેલિયન પરત મોકલ્યો. વોર્નરે ૭૨ બોલમાં ૬ ચોગ્ગાની મદદથી ૩૦ રન બનાવ્યા. બ્રોડે ગત સાત એશિઝ ટેસ્ટમાં આઠમી વાર વોર્નરની વિકેટ ઝડપી છે. હેરીસે ૩૮ રન બનાવ્યા પણ વોર્નરની જેમ જ સારી શરૂઆતને મોટી ઈનિંગમાં ફેરવી શક્યો નહીં. ઓસ્ટ્રેલિયા આ સિરીઝ પહેલા જ ૩-૦થી જીતી ચૂક્યું છે. બંને ટીમોએ આ મેચ માટે એક ફેરફાર કર્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમમાં કોરોના સંક્રમિત ટ્રેવિસ હેડના સ્થાને ઉસ્માન ખ્વાજા અને ઈંગ્લેન્ડ ટીમમાં ઈજાગ્રસ્ત રોબિન્સનના સ્થાને સ્ટુઅર્ટ બ્રોડનો સમાવેશ કરાયો છે.

શ્રીલંકાના ૩૦ વર્ષીય ભાનુકા રાજપક્ષાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો

કોલંબો,તા.૫, શ્રીલંકાના બેટસમેન ભાનુકા રાજપક્ષાએ પારિવારિક જવાબદારીઓનો હવાલો આપતા બુધવારે તાત્કાલિક અસરથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે. રાજપક્ષાની વન-ડે કારકિર્દી ૬ મહિનાથી પણ ઓછી ચાલી જેણે જુલાઈ ૨૦૨૧માં જ પદાર્પણ કર્યું હતું. તેણે શ્રીલંકા ક્રિકેટને પત્ર લખીને આ જાણકારી આપી છે. પત્રમાં તેણે લખ્યું છે કે મેં ખેલાડી અને એક પતિ તરીકે પોતાની સ્થિતિની સમીક્ષા કરી. પારિવારિક જવાબદારીઓના કારણે મારે આ નિર્ણય લેવો પડી રહ્યો છે. તેણે શ્રીલંકા માટે પાંચ વન-ડે અને ૧૮ ટ્વેન્ટી-૨૦ મેચ રમી ૪૦૯ રન બનાવ્યા. તે ટ્વેન્ટી-૨૦ વિશ્વકપમાં શ્રીલંકાની ટીમનો હિસ્સો હતો અને તેણે ૧૫૫ રન બનાવ્યા હતા.

સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

અનુ. નં.	કર્જદાર (રો)નું નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1.	લોન અકાઉન્ટ નં. HLLAAHE00302815 1. જશવંતલાલ શાહ ઉર્ફે જશવંતલાલ શાંતિલાલ શાહ, પ્રોપ્રાઈટર, નેમિનાથ પ્લાય એન્ડ ફોમ એજન્સી 2. સંજયકુમાર શાહ ઉર્ફે સંજયકુમાર જશવંતલાલ શાહ 3. રાજેન્દ્ર શાહ ઉર્ફે રાજેન્દ્રભાઈ જશવંતલાલ શાહ 4. સવિતાબેન શાહ ઉર્ફે શાહ સવિતાબેન જશવંતલાલ 5. પારૂલ શાહ ઉર્ફે પારૂલ રાજેન્દ્રકુમાર શાહ 6. કૃતિ શાહ ઉર્ફે કૃતિ સંજયકુમાર શાહ	મિલકત નં. 1, શોપ નં. જીએલ /7, ભોંયતળિયું, ઓક્સફર્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકા ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત, મિલકત નં. 2, શોપ નં. જીએલ /8, ભોંયતળિયું, ઓક્સફર્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકો ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત, મિલકત નં. 3, શોપ નં. જીએલ/9, ભોંયતળિયું, ઓક્સફર્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકો ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત	18-11-2021	રૂ. 1,12,08,844.03/- (રૂપિયા એક કરોડ બાર લાખ આઠ હજાર આઠસો ચુમ્માળીસ અને ત્રણ પૈસા ફક્ત) 18.11.2021ના રોજ
2.	લોન અકાઉન્ટ નં. HLLARAJ00398968 1. પ્રવીણભાઈ વશરામભાઈ પીપલિયા 2. પીપલિયા રીટાબેન પ્રવીણ 3. પીપલિયા ઉષાબેન અરવિંદ 4. પીપલિયા અરવિંદ વી, પ્રોપ્રાઈટર એડીએમ ઓર્નામિન્ટ્સ	ફ્લેટ નં. 1101, 11મો માળ, કિંગ્સ હાઈટ્સ, ટાવર એ, વિદ્યા કુંજ સોસાયટી મેઈન રોડ, અમીન માર્ગ પાસે, રાજકોટ-360 005.	12-11-2021	રૂ. 87,96,265.13/- (સત્યાસી લાખ છણ્ણુ હજાર બસ્સો પાંસઠ અને તેર પૈસા ફક્ત) 12.11.2021ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર કરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફાર્મિંગ એસેટ (કોલમ (ગ) માં દર્શાવેલા તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને તેણીને એલાન કરે છે. જો તેમ નહીં થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જેગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટસના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સુચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશો. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો ઉજદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સ્થળ: અમદાવાદ / રાજકોટ

ઈન્ડિયાબુલ્સ કમર્શિયલ ક્રેડિટ લિ. વતી
અધિકૃત અધિકારી

સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

અનુ. નં.	કર્જદાર (રો)નું નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1.	લોન અકાઉન્ટ નં. HHLGNR00299655 1. શ્રી કૃપાબેન ભાવેશભાઈ પટેલ, તે શ્રી ભજનલાલ મગનલાલ પટેલનાં પુત્રી 2. પટેલ ભાવેશ ડાહ્યાભાઈ, તે ડાહ્યાભાઈ કિશનચંદભાઈ પટેલના પુત્ર	પ્લોટ નં. 24, પાનેશ્વર રેસિડેન્સી, પરમેશ્વર રેસિડેન્સની અંદર, પ્રાર્થના સોસાયટીની નજીક, વાલીનાથ ચોક, પાટણ, પાટણ-384 141, ગુજરાત	29-11-2021	રૂ. 27,73,490.63/- (રૂપિયા સત્યાવીસ લાખ તોત્તેર હજાર ચારસો નેઉ અને ત્રેસઠ પૈસા ફક્ત) 29.11.2021ના રોજ
2.	લોન અકાઉન્ટ નં. HDHLAHE00486657 (ડીએચએફએલનો અગાઉનો એલએએન કોડ 00015563) 1. બાબુભાઈ ડાહ્યાભાઈ નાઈ 2. સાવનકુમાર બાબુભાઈ નાઈ 3. નયનાબેન બાબુભાઈ નાઈ	ફ્લેટ નં. ડી- 701, 7મો માળ, "વૃંદાવન સ્કાયલાઈન," વસ્ત્રાલ, અમદાવાદ-382 418, ગુજરાત	17-11-2021	રૂ. 15,21,174/- (રૂપિયા પંદર લાખ એકવીસ હજાર એકસો ચુમ્મોત્તેર ફક્ત) 17.11.2021ના રોજ
3.	લોન અકાઉન્ટ નં. HHEAHA00335748 1. ઠક્કર કૌશિક ચંદરકાંત 2. ઠક્કર લીના કૌશિક	ફ્લેટ નં. સી-1003, 10મો માળ, બ્લોક-સી, "સર્જન એપાર્ટમેન્ટ્સ," સારથિ મેમનગર, અમદાવાદ-380 052, ગુજરાત	11-11-2021	રૂ. 19,89,722.32/- (રૂપિયા ઓગણીસ લાખ નેવ્યાસી હજાર સાતસો બાવીસ અને બત્રીસ પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
4.	લોન અકાઉન્ટ નં. HHLAHE00305885 1. દીપિકા આલ્બર્ટભાઈ ક્રિશ્ચિયન 2. આલ્બર્ટ ક્રિશ્ચિયન	ફ્લેટ નં. 103, પહેલો માળ, "મારુતિ ફ્લોરા," ગુડ શેફર્ડ સ્કૂલ નજીક, સિધાવાઈ માતા મંદિરની પાછળ, સીટીએમ રામોલ રોડ, સર્વે નં. 165, ટીપીએસ નં. 1, ખોખરા, મહેમદાબાદ, અમદાવાદ-380 009, ગુજરાત	11-11-2021	રૂ. 16,38,919.80/- (રૂપિયા સોળ લાખ આડત્રીસ હજાર નવસો ઓગણીસ અને એંશી પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
5.	લોન અકાઉન્ટ નં. HHESUR00285734 1. બાબુ નાથુ ધામેલિયા 2. નિતા બાબુ ધામેલિયા	ફ્લેટ નં. સી- 402, 4થો માળ, બિલ્ડિંગ નં. સી, કેપિટલ સ્ટેટસ, ગ્રીન ટેરેસની પાછળ, પ્રેસિડેન્સી રેસિડેન્સીની પાછળ, કરણ પાર્ક રોડ, અડાજણ, સુરત-395 009, ગુજરાત	12-10-2021	રૂ. 99,20,368.40/- (રૂપિયા નવ્વાણુ લાખ વીસ હજાર ત્રણસો અડસઠ અને ચાળીસ પૈસા ફક્ત) 12.10.2021ના રોજ
6.	લોન અકાઉન્ટ નં. HHLBAR00351035 1. ચૌહાણ ચંદ્રપાલસિંહ ભૂપેન્દ્રસિંહજી, પ્રોપ્રાઈટર નિર્મલ કન્સ્ટ્રક્શન	એસી 1, 1લો માળ, ટાવર-સી, યુટોપિયન કોર્નર, પ્રથમ બ્લુએટ્સ નજીક, ગ્રીનવૂડ નજીક, વડોદરા-390 006, ગુજરાત	11-11-2021	રૂ. 23,89,186.93/- (રૂપિયા ત્રેવીસ લાખ નેવ્યાસી હજાર એકસો છ્યાસી અને ત્રાણુ પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
7.	લોન અકાઉન્ટ નં. HHLGNR00291641 1. શ્રી જયેશ ગુલાબશંકર વ્યાસ, તે શ્રી ગુલાબશંકર કેશવલાલ વ્યાસના પુત્ર 2. શ્રીમતી કાજલબેન જયેશકુમાર	ફ્લેટ નં. બી- 106, અનાની હાઈટ્સ, એન, સિદ્ધાર્થનગર, ખોડિયાર નગર, ન્યૂ વીઆઈપી રોડ, સયાજીપુરા, વડોદરા-390 024, ગુજરાત	29-11-2021	રૂ. 10,66,890.45/- (રૂપિયા દસ લાખ છાસઠ હજાર આઠસો નેઉ અને પિસ્તાલીસ પૈસા ફક્ત) 29.11.2021ના રોજ
8.	લોન અકાઉન્ટ નં. HDHLAHE00488811 (ડીએચએફએલનો અગાઉનો એલએએન કોડ 00015861) 1. દિનેશ કુમાર ઘાંચી 2. વિમલા ડી પરિહાર	ફ્લેટ નં. એફ- 706, ક્રિશ ઈલાઈટ, હોંડા શોરૂમની સામે, નિકોલ, અમદાવાદ, ગુજરાત-382 350	11-11-2021	રૂ. 21,73,941.81/- (રૂપિયા એકવીસ લાખ તોત્તેર હજાર નવસો એકતાળીસ અને એક્યાસી પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
9.	લોન અકાઉન્ટ નં. HHLRAJ00214112 1. અમિતાભ પ્રફુલ્લચંદ્ર શાસ્ત્રી 2. ભાર્ગવી અમિતાભ શાસ્ત્રી	બ્લોક નં. 126, શક્તિનગર કો-ઓપ હાઉસિંગ સોસાયટી લિ., રેવેન્યુ સર્વે નં. 182-1-2-3 / 1-9-2એ, 189-2, સીટ નં. 18, ચલતા નં. 2, સિટી સર્વે નં. 769, ટી. પી. સ્કીમ નં. 4, ફાઈનલ પ્લોટ નં. 131 અને 136, ગામ સૈયદ વાસના, વડોદરા-390 011, ગુજરાત	18-10-2021	રૂ. 31,56,293.19/- (રૂપિયા એકત્રીસ લાખ છપ્પન હજાર બસ્સો ત્રાણુ અને ઓગણીસ પૈસા ફક્ત) 18.10.2021ના રોજ
10.	લોન અકાઉન્ટ નં. HHLBAR00284314 1. અનિલ એસ પટેલ @ અનિલભાઈ શાંતિભાઈ મકાણી 2. મકાણી સંગીતાબેન અનિલભાઈ	નં. 304 ટાવર- ઈ, શ્રી સિદ્ધેશ્વર હાઈટ્સ, કાન્હા સિટી નજીક, આજવા ચોકડી, એનએ. ન્યૂ કારેલીબાગ, વડોદરા-390 018, ગુજરાત	26-11-2021	રૂ. 15,51,647.43/- (રૂપિયા પંદર લાખ એક્કાવન હજાર છસ્સો સુડતાળીસ અને તેંતાલીસ પૈસા ફક્ત) 26.11.2021ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર કરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફાર્મિંગ એસેટ (કોલમ (ગ) માં દર્શાવેલા તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને તેણીને એલાન કરે છે. જો તેમ નહીં થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જેગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટસના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સુચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશો. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો ઉજદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સ્થળ: અમદાવાદ / પાટણ / સુરત / વડોદરાના / ગાંધીનગર / રાજકોટ / કમલાનગર

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ વતી
અધિકૃત અધિકારી

ભારત સરકાર
નાણા મંત્રાલય
ઋણુ વસૂલાત પ્રાધિકરણ-૨
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નંબર ૨૨ (અગાઉ ૬૨) (ડીઆરટી રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૬ અને ૩૭)
(આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની બીજી અનુસૂચિના નિયમ ૫૨ (૧) (૨) જુઓ)
બેંક અને નાણાકીય સંસ્થાઓ અધિનિયમ, ૧૯૯૩ને લીધે થયેલા દેવાની વસૂલાત સાથે વાંચો.
ઈ-ઓક્શન/સેલ નોટિસ
રજી.એડી/દસ્તી/એફિક્શન/બેટ ઓફ ડ્રમ/પબ્લિકેશન દ્વારા

આરપી/આરસી નં.	૨૮૨/૨૦૨૧	OA નંબર	૨૨૯/૨૦૧૬

સર્ટિફિકેટ હોલ્ડર બેંક	ઇન્ટરનેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની પ્રા. લિમિટેડ
પ્રમાણપત્ર દેવાદારો	મેસર્સ નિત્યાનાદ સિન્થેટીક્સ એન્ડ અન્યા

પ્રતિ,
સીડી નં. ૧ : મેસર્સ નિત્યાનંદ સિન્થેટીક્સ, ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત ૩૯૫૦૦૨ ખાતે વ્યવસાય કરતી ભાગીદારી પેઢી
અને અત્રે પણ : C/o. ઉગમ ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેંક ઑફિસ બિલ્ડિંગની ઉપર, બોમ્બે માર્કેટ ઉમરવાડા સુરત - ૩૯૫૦૦૬.
સીડી નં. ૨ : શ્રી જગદીશભાઈ કરમશીભાઈ બોદરા, રહે. ૭૦૨, રિવર રેસીડેન્સી, પૂજા અભિષેક પાછળ, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૭.
અત્રે પણ : બંગલો નં.૩૭ અને ૩૮, ડાયમંડ નગર, મીરાનગર સામે, વરાછા રોડ, સુરત.
અને અત્રે પણ : C/o. ઉગમ ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેંક ઓફિસ બિલ્ડિંગ ઉપર, બોમ્બે માર્કેટ ઉમરવાડા સુરત - ૩૯૫૦૦૬.
સીડી નં. ૩ : શ્રી રાજેશકુમાર અરજણભાઈ વેકરિયા, રહે. ૩/ડી, અશ્વિની એપાર્ટમેન્ટ, અનમોલ ટાવર પાસે; સુમુલ ડેરી રોડ, સુરત ૩૯૫૦૦૪.
અને અત્રે પણ : ૮/સી, અશ્વિની એપાર્ટમેન્ટ, અનમોલ ટાવર પાસે, સુમુલ ડેરી રોડ, સુરત - ૩૯૫૦૦૪.
સીડી નં. ૪ : શ્રીમતી વિજયાબેન અશોકભાઈ જાગાણી, રહે. બંગલા નં.૩૨/બી, આરએસ નંબર ૨૪૩/એ, સીમા રો-હાઉસીસ, ઘોડ રોડ, સુરત - ૩૯૦૦૭.
અને અહીં પણ : ફ્લેટ નં.એલ-૬૦૩, રિવરવ્યુ હાઈટ, મોટા વરાછા, સુરત - ૩૯૪૧૦૧.
સીડી નં. ૫ : શ્રી જતીનભાઈ રસીકભાઈ કાનાણી, રહે. ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨.
સીડી નં. ૬ : શ્રી ભરતભાઈ કરમશીભાઈ બોદરા, રહે. ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨

એ. સીડી નંબર ૧-૬ ૩૦/૧૦/૨૦૧૫ના રોજ **રૂા.૭,૭૨,૫૮,૧૨૯.૦૨ (રૂપિયા સાત કરોડ બોત્તેર લાખ અઠ્ઠાવન હજાર એકસો ઓગનત્રીસ અને બે પૈસા માત્ર)**ની બાકી લેણી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગઈ છે. **૩૧/૦૭/૨૦૨૧**ના ચુકાદા અને હુકમનામાની શરતો. **OA.No** માં પાસ કરેલ. **૨૨૯/૨૦૧૬**, ૧૬/૧૨/૨૦૨૧ના મારા આદેશ મુજબ ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ મિલકત(ઓ) જાહેર ઈ-ઓક્શન દ્વારા વેચવામાં આવશે. હરાજીનું વેચાણ "ઓનલાઈન ઈ-ઓક્શન" દ્વારા કરવામાં આવશે._https://drt.auctiontiger.net.

મિલકતનું વર્ણન

તમામ હક્ક ટાઈટલ અને હિત ફ્લેટ નં.૬૦૩ ક્ષેત્રફળ ૧૩૫૩.૦૦ ચો.ફૂટ, ૧૨૫.૭૦ ચો.મીટરની સમકક્ષ અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે જમીન પર બાંધવામાં આવેલ રિવર વ્યૂ હાઈટ્સ ખાતે "L" બિલ્ડીંગ જમીન બેરીંગ રેવન્યુ બ્લોક નં. ૫૩,૫૯,૬૦ અને ૬૩ (રેવન્યુ સર્વે નં.૬૩/૨+ ૬૬, ૬૭/૨, ૬૭/૧, ૨૨/૧ પૈકી અને ૨૨/૨ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨૫ ફાઈનલ પ્લોટ નં. ૧૩૭ ગામ મોટા વરાછા સુરત સિટી સબ જિલ્લો ચોર્યાસી જિલ્લો સુરત વિજયા અશોકભાઈ જાગાણી નામે ઊભેલ.
અનામત કિંમત (રાઉન્ડ ઓફ) રૂ.૮૫.૦૦ લાખ
EMD ૧૦% અથવા (રાઉન્ડ ઓફ) રૂ.૮.૫૦ લાખ

નોંધ : કોઈપણ પ્રકારનો દાવો જો મળશે, જો કોઈ હશે તો આરડીબી એક્ટ ૧૯૯૩ની કલમ ૩૧-બી (વર્ષ ૨૦૧૬ના સુધારા મુજબ હેઠળના નિયમો મુજબ પેમેન્ટની પ્રાથમિકતા નક્કી કરાશે.
ઈએમડી **RTGS/NEFT** મારફતે નીચે દર્શાવેલ એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે.

લાભાર્થી બેંકનું નામ	HDFC બેંક લિમિટેડ
લાભાર્થી બેંકનું સરનામું	માણેકજી વાડિયા બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, નાનિક મોટવાણી માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩
લાભાર્થી ખાતું નંબર	૦૦૬૦૦૧૧૦૦૦૦૯૯૯
IFSC કોડ	HDFC0000060

૧) બિડ વધારાની રકમ રૂ. ૫૦,૦૦૦/- લોટ નં. ૧ માટે
૨) સંભવિત બિડર્સ સેવા પ્રદાતા મેસર્સ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ પાસેથી ઑનલાઈન તાલીમ મેળવી શકે છે. (ટેલિ. હેલ્પલાઈન નંબર ૯૨૬૫૫૬૨૮૨૧ - ૦૭૯-૬૧૨૦૦૫૯૪/૫૯૮/૫૬૮/૫૮૭/૫૩૮ અને શ્રી ચિંતન ભટ્ટ (મોબાઈલ નં. ૦૯૯૭૮૫૯૧૮૮૮), હેલ્પલાઈન ઈ-મેલ આઈડી : **support@auctiontiger .net** અને
મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે સિદ્ધાર્થ શાહ, (મોબ નં. ૯૯૩૦૨૭૫૫૨૭) નો સંપર્ક કરી શકે છે.
૩) સંભવિત બિડર્સને તેમની બિડ સબમિટ કરતા પહેલા વિગતવાર નિયમો અને શરતો અને વેચાણની પ્રક્રિયા માટે વેબસાઈટ https:// www.drt.auctiontiger.netની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
૪) સંભવિત બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખથી ૧૫ દિવસની અંદર ૨૫% (માઈનસ **EMD**) હરાજી પછી તરત જ અને ૭૫% ચૂકવણી શિડ્યૂલનું પાલન કરે અને જો ૧૫મો દિવસ રવિવાર અથવા અન્ય રજા હોય, તો પછી તાત્કાલિક આગામી પ્રથમ દિવસે બેંક કાર્યકારી. એક્સ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫) મિલકતો "જેમ છે ત્યાં છે", "જેમ છે તે પ્રમાણે" અને "જેમ છે તે પ્રમાણે"ના આધારે વેચાણ માટે મૂકવામાં આવી રહી છે અને સંભવિત ખરીદદારોને યોગ્ય રીતે ખંત કરવા સલાહ આપવામાં આવે છે.
૬) હરાજીની સૂચિ નીચે મુજબ છે:-

હરાજીનું સમયપત્રક

૧	મિલકતનું નિરીક્ષણ	૧૭/૦૧/૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યાની વચ્ચે
૨	બાનાની રકમ સાથે બિડ મેળવવાની અને ચૂકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ	૦૭/૦૨/૨૦૨૨ સાંજે ૦૫.૦૦ સુધી
૩	ઈ-ઓક્શન	૦૮/૦૨/૨૦૨૨ બપોરે ૧૨.૦૦થી ૦૧.૩૦ વાગ્યાની વચ્ચે (૦૩ મિનિટની ઓટો એક્સટેન્શન કલમ સાથે, ઈ-ઓક્શન સમાપ્ત થાય ત્યાં સુધી)

રિકવરી ઓફિસર-૧,
ઋણ વસૂલાત પ્રાધિકરણ-૨,
અમદાવાદ

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) **CIN : L65110TN2014PLC097792**
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહ-દેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતનું સરનામું
1.	24299831	મિલકત સામે લોન	૧. દિલીપભાઈ રબારી ૨. મમતાબેન દિલીપભાઈ રબારી ૩. વાઘજીભાઈ રબારી ૪. રબારી દિલીપભાઈ ૫. રબારી મમતાબેન દિલીપભાઈ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૮,૧૧,૯૩૯.૯૦/-	**તે તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત નં.૯૫, ક્ષેત્રફળ ૪૫x૨૨-૯૯૦.૦૦ ચો.ફૂટ (૯૧.૯૭૧ ચો.મી.) ગામ સાંતી, તા. અને જિ. પાટણ અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : ખુલ્લી જમીન, ઉત્તર : રામન્દા તરફનો રસ્તો, દક્ષિણ : ખુલ્લી જમીન**
2.	27368018	હોમ લોન	૧. ઈમરાનખાન સફીમોહમ્મદ પઠાણ ૨. સબનુરબાનુ ઈમરાનખાન પાઠણ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૧૦,૯૧,૦૯૯.૯૯/-	**તે તમામ ભાગ અને હિસ્સાઓ** રેસિડેન્શિયલ મિલકત સ્થિત ગામડી, તા.આણંદ, જિ. આણંદ,રેવન્યુ સર્વે નં.૩૫૮, જેનું સિટી સર્વે નં.૮૨૩ વિસ્તાર ૯૯૪૬.૪ ચો.મી. પૈકી પ્લોટ નં.૧૧/બી વિસ્તાર ૫૨.૪૪ ચો.મી. ગ્રામ પંચાયત મિલકત નં.૩૫૮ પ્લોટ નં.૧૧/બી, અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : સોસાયટી રોડ, પશ્ચિમ : માર્જિન અને કોમન પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.૧૨/એ, દક્ષિણ : પ્લોટ નં.૧૧/એ**
3.	31573383	મિલકત સામે લોન	૧.જગદીશભાઈ ગોપાલભાઈ પટેલ ૨. દિપુબેન જગદીશભાઈ પટેલ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૩,૮૫,૦૧૧.૦૭/-	**સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ગામતળ મિલકત જે મિલકત નં.૧૩૬૫નું પ્લોટ ક્ષેત્રફળ ૯૯૦ ચો.ફૂટ બાંધકામ સાથે ક્ષેત્રફળ ૭૫૦ ચો.ફૂટ તરીકે જમીન પર ઉભેલ મોજે/ગામ સમ્પા, સબ જિ. દેહગામ અને જિ.ગાંધીનગર અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : નટવરભાઈ કાંતીજીનું ઘર, પશ્ચિમ : રોડ, ઉત્તર : ખુલ્લી જમીન, દક્ષિણ : પોપટભાઈનું ઘર**
4.	13026578 અને 12717304	હોમ ફાયનાન્સ લોન	૧. કે. ભીખુભાઈ સોની ૨. મોહિનીબેન કે. સોની	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૧૨,૧૯,૬૬૮.૪૮/-	**બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ** મોજે સિટી વડોદરા સ્થિત જમીન બેરીંગ વિભાગ-એ, ટીક્કા નં.૪/૨ સી.એસ.નં.૩૭૮ સિટી સર્વે મુજબ ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. પહેલો માળ ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. મુ. રજિ. સબ જિ. અને જિ. વડોદરા, ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : સી.એસ. નં.૩૮૦ તરફ, પશ્ચિમ : ખાંચો તરફ, ઉત્તર : એલ.એસ.નં.૪૦૫ દેસાઈ શેરી રોડ તરફ, દક્ષિણ : સી.એસ.નં.૩૮૦ તરફ**
5.	22879499	મિલકત સામે લોન	૧. નિઝામુદ્દીન અબ્દુલરહીમ દૌવા ૨. જરીનાબેન દૌવા	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૪,૪૫,૦૪૦.૮૨/-	**રહેણાંકની મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** રવિયાના ગ્રામ પંચાયત મિલકત નં.૩/૩૧ જૂના ગામતળ, કુલ ક્ષેત્રફળ ૯૦૦-૦૦ ચો.ફૂટ સ્થિત 'મુમનવાસ' રવિયાના સીમમાં, તા. સરસ્વતી, જિ. પાટણ, રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ૧૫-૦૦ ફૂટ રોડ, પશ્ચિમ : પબ્લિક રોડ, ઉત્તર : રીઝવાન અહેમદ દૌવાનું ઘર, દક્ષિણ : ઉમર રહીમ દૌવાનું ઘર**
6.	37055635	મિલકત સામે લોન	૧. રાકેશકુમાર રાઠોડ ૨. વિમલાબેન રાઠોડ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૮,૪૩,૮૩૧.૨૫/-	**રહેણાંકની મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થિત સારસા, તા.આણંદ, જિ. આણંદ, ગુજરાત-૩૮૮૩૬૫, સિટી સર્વે નં.૧૯૯૩, શીટ નં.૩૧, ગામ ઓથોરિટી મિલકત નં.૮૯૫/૭ અને ૮૯૫/૮ ક્ષેત્રફળ ૭૭.૫૬ ચો.મી. અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : રાવજીભાઈ મંગલભાઈ પટેલનું ઘર, પશ્ચિમ : અજીતસિંહ ઉદેસિંહ રાઠોડનું ઘર, ઉત્તર : ત્યાં રોડ છે, દક્ષિણ : ત્યાં રોડ છે**
7.	12919546	મિલકત સામે લોન	૧. શ્રી જલારામ કાસ્ટિંગ ૨. શ્રીમતી બાબુબેન નારણભાઈ મકવાણા ૩. શ્રીમતી બાબુબેન નારણભાઈ મકવાણા (સ્વ.શ્રી નારણભાઈ માકનભાઈ મકવાણાના કાયદાકીય વારસદાર તરીકે)	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૪૬,૬૧,૬૨૮.૬૦/-	**બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ** મોજે મકરપુરા, વડોદરા સ્થિત જમીન બેરીંગ આર.એસ. નં.૬૪/પી, ૬૫/પી, ૬૬/પી અને ૬૭/પી, પૈકી પ્લોટ નં.૮૩૭/૧, પ્લોટ ક્ષેત્રફળ ૩૫૫.૩૧ ચો.મી. મુ. રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને જિ. વડોદરા અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ નં.૮૩૭/૨, પશ્ચિમ : ૪૦ ફૂટ પહોળો રોડ, ઉત્તર : ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ નં.૮૩૬, દક્ષિણ : ૯.૦૦ મી. પહોળો રોડ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોક્ત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા.: ૦૬.૦૧.૨૦૨૨
સ્થળ : ગુજરાત

ભારત બીજી ઈનિંગમાં ૨૬૬ રનમાં સમેટાયું, પુજારા-રહાણેની અડધી સદી

આફ્રિકાને જીતવા ૨૪૦ રનનો ટાર્ગેટ, ભારત પર પરાજયનું સંકટ

દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગમાં બે વિકેટે ૧૧૮ રન બનાવ્યા, કેપ્ટન એલ્ગર ૪૬ રને રમતમાં

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

અજિંક્ય રહાણે(૫૮) અને ચેતેશ્વર પુજારા(૫૩)ની અડધી સદીઓની મદદથી ભારતે દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં પોતાની બીજી ઈનિંગમાં ૨૬૬ રન બનાવીને યજમાન ટીમને જીતવા માટે ૨૪૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં દક્ષિણ આફ્રિકાએ ત્રીજા દિવસના અંતે બે વિકેટ ગુમાવીને ૧૧૮ રન બનાવી લીધા છે. આમ હવે તેને મેચ જીતવા માટે ૧૨૨ રનની જરૂર છે અને તેની પાસે હજુ પણ આઠ વિકેટ બાકી છે. આ ટાર્ગેટ સરળ હોવાથી ભારત પર પરાજયનું સંકટ તોળાઇ રહ્યું છે. દિવસના અંતે કેપ્ટન એલ્ગર(૪૬) અને વાનડર ડુસેન(૧૧) રમતમાં હતા. ભારત તરફથી શાર્દુલ ઠાકુર અને અશ્વિને એક-એક વિકેટ ઝડપી હતી. ૨૪૦ રનના ટાર્ગેટનો પીછો કરતાં આફ્રિકાએ શાનદાર શરૂઆત કરી હતી અને ઓપનરો માર્કરમ અને એલ્ગરે પ્રથમ વિકેટ માટે ૪૭ રનની ભાગીદારી કરી હતી. માર્કરમ ૩૮ બોલમાં ૩૧ રન બનાવીને શાર્દુલ ઠાકુરનો શિકાર બન્યો હતો. કીગર પીટરસન ૨૮ રન બનાવીને અશ્વિનના હાથે આઉટ થયો હતો. બીજી વિકેટ માટે પીટરસને એલ્ગર સાથે ૪૬ રનની ભાગીદારી કરી હતી. આ પહેલાં બીજા દિવસે ૮૫ રનમાં બે વિકેટ ગુમાવીને આગળ રમતાં ભારતે મક્કમ રમત રમતાં પુજારા અને રહાણે વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૧૧ રનની ભાગીદારી થઇ હતી અને એક સમયે એવું લાગતું હતું કે, ભારત મોટો સ્કોર ખડકી દેશે. જોકે, ૧૫૫ રનના ટીમના સ્કોરે રબાડાએ રહાણેને આઉટ કર્યા બાદ બીજા આઠ રનના ગાળામાં જ તેણે પુજારાને પણ આઉટ કરી દેતાં ભારતે ૧૬૩ રનના સ્કોરે જ કુલ ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ હનુમા વિહારી અને શાર્દુલ ઠાકુર સિવાય અન્ય બેટ્સમેનો નિષ્ફળ જતાં ભારત ૨૬૬ રનના સ્કોરે જ ઓલઆઉટ થઇ ગયું હતું. હનુમા વિહારી ૮૪ બોલમાં ૪૦ રન બનાવીને અણનમ રહ્યો હતો. દક્ષિણ આફ્રિકા તરફથી રબાડા, એનગીડી અને જેનસને ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ઓલિવરને એક વિકેટ મળી હતી. ઉલ્લેખનીય છે કે, ભારતે પ્રથમ ટેસ્ટમાં ઐતિહાસિક વિજય મેળવ્યો હતો અને ત્રણ ટેસ્ટ મેચોની સિરિઝમાં ૧-૦ની સરસાઇ મેળવી લીધી હતી.

જાહેર નિવિદા ક્રમાંક - ૧૪/૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, પંચાયત વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ ટે.ફો.નં.૦૨૬૮-૨૫૫૭૬૪૦ દ્વારા નવીન જિલ્લા પંચાયત બિલ્ડિંગના ફાયર સેફટી અને ફાયર એસ્કેપના કામ માટે કન્સલટન્સી તેમજ ડ્રોઈંગ બનાવવાની કામગીરી તથા તેના એસ્ટીમેટ, ડી.ટી.પી. બનાવવાની કામગીરીના ભાવપત્રક સરકારી/ અર્ધ સરકારી લાયસન્સ ધરાવતા આર્કિટેક પાસેથી મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રક અત્રેની કચેરીએ ટેન્ડર ફી પેટે રૂા.૬૦૦/- પી.એલ.એ. ઓફ ડી.ડી.ઓ. (૮૪૪૮-પી.એલ.એ.ઓફ ડી.ડી.ઓ. ખેડા-૪૧) સદરે જમા કરાવી, ચલનની એક નકલ રજૂ કરેથી તા.૧૫/૦૧/૨૦૨૨ સુધીમાં આપવામાં આવશે. અને ભરેલા ભાવપત્રકો તા.૨૫/૦૧/૨૦૨૨ સુધીમાં રજિસ્ટર્ડ પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને મળે તે મુજબ મોકલવાના રહેશે. તેમજ સદર ભાવપત્રો તા.૨૮/૦૧/૨૦૨૨ના રોજ ખોલવામાં આવશે. આ અંગેની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે.

ફોન નંબર (૦૨૬૮) ૨૫૫૭૬૪૦

સહી/- અવાચ્ય કાર્યપાલક ઈજનેર

માહિતી/નડી/૫૨૮/૨૦૨૧-૨૨

સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સટ્રકશન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

અનુ. નં.	કર્જદાર (રો)નું નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1.	લોન અકાઉન્ટ નં. HLLAAHE00302815 1. જશવંતલાલ શાહ ઉર્ફે જશવંતલાલ શાંતિલાલ શાહ, પ્રોપ્રાઈટર, નેમિનાથ પ્લાય એન્ડ ફોમ એજન્સી 2. સંજયકુમાર શાહ ઉર્ફે સંજયકુમાર જશવંતલાલ શાહ 3. રાજેન્દ્ર શાહ ઉર્ફે રાજેન્દ્રભાઈ જશવંતલાલ શાહ 4. સવિતાબેન શાહ ઉર્ફે શાહ સવિતાબેન જશવંતલાલ 5. પારૂલ શાહ ઉર્ફે પારૂલ રાજેન્દ્રકુમાર શાહ 6. કૃતિ શાહ ઉર્ફે કૃતિ સંજયકુમાર શાહ	મિલકત નં. 1, શોપ નં. જીએલ /7, ભોંયતળિયું, ઓક્સફક્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકા ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત, મિલકત નં. 2, શોપ નં. જીએલ /8, ભોંયતળિયું, ઓક્સફર્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકો ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત, મિલકત નં. 3, શોપ નં. જીએલ/9, ભોંયતળિયું, ઓક્સફર્ડ ટાવર, મૌજે મેમનગર, તાલુકો ઘાટલોડિયા, અમદાવાદ-380 052, ગુજરાત	18-11-2021	રૂ. 1,12,08,844.03/- (રૂપિયા એક કરોડ બાર લાખ આઠ હજાર આઠસો ચુમ્માળીસ અને ત્રણ પૈસા ફક્ત) 18.11.2021ના રોજ
2.	લોન અકાઉન્ટ નં. HLLARAJ00398968 1. પ્રવીણભાઈ વશરામભાઈ પીપલિયા 2. પીપલિયા રીટાબેન પ્રવીણ 3. પીપલિયા ઉષાબેન અરવિંદ 4. પીપલિયા અરવિંદ વી, પ્રોપ્રાઈટર એડીએમ ઓનમિન્ટ્સ	ફ્લેટ નં. 1101, 11મો માળ, કિંગ્સ હાઈટ્સ, ટાવર એ, વિદ્યા કુંજ સોસાયટી મેઈન રોડ, અમીન માર્ગ પાસે, રાજકોટ-360 005.	12-11-2021	રૂ. 87,96,265.13/- (સત્યાસી લાખ છણ્ણુ હજાર બસ્સો પાંસઠ અને તેર પૈસા ફક્ત) 12.11.2021ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોકત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર કરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફાર્મિંગ એસેટ (કોલમ (ગ) માં દર્શાવેલા તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને તેણીને એલાન કરે છે. જો તેમ નહીં થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જેગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટસના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સુચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો ઉજદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

ઈન્ડિયાબુલ્સ કમર્શિયલ ક્રેડિટ લિ. વતી

સ્થળઃ અમદાવાદ / રાજકોટ — અધિકૃત અધિકારી

સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સટ્રકશન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

અનુ. નં.	કર્જદાર (રો)નું નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1.	લોન અકાઉન્ટ નં. HHLGNR00299655 1. શ્રી કૃપાબેન ભાવેશભાઈ પટેલ, તે શ્રી ભજનલાલ મગનલાલ પટેલનાં પુત્રી 2. પટેલ ભાવેશ ડાહ્યાભાઈ, તે ડાહ્યાભાઈ કિશનચંદભાઈ પટેલના પુત્ર	પ્લોટ નં. 24, પાનેશ્વર રેસિડેન્સી, પરમેશ્વર રેસિડેન્સની અંદર, પ્રાર્થના સોસાયટીની નજીક, વાલીનાથ ચોક, પાટણ, પાટણ-384 141, ગુજરાત	29-11-2021	રૂ. 27,73,490.63/- (રૂપિયા સત્યાવીસ લાખ તોત્તેર હજાર ચારસો નેઉ અને ત્રેસઠ પૈસા ફક્ત) 29.11.2021ના રોજ
2.	લોન અકાઉન્ટ નં. HDHLAHE00486657 (ડીએચએફએલનો અગાઉનો એલએએન કોડ 00015563) 1. બાબુભાઈ ડાહ્યાભાઈ નાઈ 2. સાવનકુમાર બાબુભાઈ નાઈ 3. નયનાબેન બાબુભાઈ નાઈ	ફ્લેટ નં. ડી- 701, 7મો માળ, ''વૃંદાવન સ્કાયલાઈન,'' વસ્ત્રાલ, અમદાવાદ-382 418, ગુજરાત	17-11-2021	રૂ. 15,21,174/- (રૂપિયા પંદર લાખ એકવીસ હજાર એકસો ચુમ્મોત્તેર ફક્ત) 17.11.2021ના રોજ
3.	લોન અકાઉન્ટ નં. HHEAHA00335748 1. ઠક્કર કૌશિક ચંદરકાંત 2. ઠક્કર લીના કૌશિક	ફ્લેટ નં. સી-1003, 10મો માળ, બ્લોક-સી, ''સર્જન એપાર્ટમેન્ટ્સ,'' સારથિ મેમનગર, અમદાવાદ-380 052, ગુજરાત	11-11-2021	રૂ. 19,89,722.32/- (રૂપિયા ઓગણીસ લાખ નેવ્યાસી હજાર સાતસો બાવીસ અને બત્રીસ પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
4.	લોન અકાઉન્ટ નં. HHLAHE00305885 1. દીપિકા આલ્બર્ટભાઈ ક્રિશ્ચિયન 2. આલ્બર્ટ ક્રિશ્ચિયન	ફ્લેટ નં. 103, પહેલો માળ, ''મારુતિ ફ્લોરા,'' ગુડ શેફર્ડ સ્કૂલ નજીક, સિધાવાઈ માતા મંદિરની પાછળ, સીટીએમ રામોલ રોડ, સર્વે નં. 165, ટીપીએસ નં. 1, ખોખરા, મહેમદાબાદ, અમદાવાદ-380 009, ગુજરાત	11-11-2021	રૂ. 16,38,919.80/- (રૂપિયા સોળ લાખ આડત્રીસ હજાર નવસો ઓગણીસ અને એંશી પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
5.	લોન અકાઉન્ટ નં. HHESUR00285734 1. બાબુ નાથુ ધામેલિયા 2. નિતા બાબુ ધામેલિયા	ફ્લેટ નં. સી- 402, 4થો માળ, બિલ્ડિંગ નં. સી, કેપિટલ સ્ટેટસ, ગ્રીન ટેરેસની પાછળ, પ્રેસિડેન્સી રેસિડેન્સીની પાછળ, કરણ પાર્ક રોડ, અડાજણ, સુરત-395 009, ગુજરાત	12-10-2021	રૂ. 99,20,368.40/- (રૂપિયા નવ્વાણુ લાખ વીસ હજાર ત્રણસો અડસઠ અને ચાળીસ પૈસા ફક્ત) 12.10.2021ના રોજ
6.	લોન અકાઉન્ટ નં. HHLBAR00351035 1. ચૌહાણ ચંદ્રપાલસિંહ ભૂપેન્દ્રસિંહજી, પ્રોપ્રાઈટર નિર્મલ કન્સ્ટ્રક્શન	એસી 1, 1લો માળ, ટાવર-સી, યુટોપિયન કોર્નર, પ્રથમ બ્લુએટ્સ નજીક, ગ્રીનવૂડ નજીક, વડોદરા-390 006, ગુજરાત	11-11-2021	રૂ. 23,89,186.93/- (રૂપિયા ત્રેવીસ લાખ નેવ્યાસી હજાર એકસો છ્યાસી અને ત્રાણુ પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
7.	લોન અકાઉન્ટ નં. HHLGNR00291641 1. શ્રી જયેશ ગુલાબશંકર વ્યાસ, તે શ્રી ગુલાબશંકર કેશવલાલ વ્યાસના પુત્ર 2. શ્રીમતી કાજલબેન જયેશકુમાર	ફ્લેટ નં. બી- 106, અનાની હાઈટ્સ, એન, સિદ્ધાર્થનગર, ખોડિયાર નગર, ન્યૂ વીઆઈપી રોડ, સયાજીપુરા, વડોદરા-390 024, ગુજરાત	29-11-2021	રૂ. 10,66,890.45/- (રૂપિયા દસ લાખ છાસઠ હજાર આઠસો નેઉ અને પિસ્તાલીસ પૈસા ફક્ત) 29.11.2021ના રોજ
8.	લોન અકાઉન્ટ નં. HDHLAHE00488811 (ડીએચએફએલનો અગાઉનો એલએએન કોડ 00015861) 1. દિનેશ કુમાર ઘાંચી 2. વિમલા ડી પરિહાર	ફ્લેટ નં. એફ- 706, ક્રિશ ઈલાઈટ, હોંડા શોરૂમની સામે, નિકોલ, અમદાવાદ, ગુજરાત-382 350	11-11-2021	રૂ. 21,73,941.81/- (રૂપિયા એકવીસ લાખ તોત્તેર હજાર નવસો એકતાળીસ અને એક્યાસી પૈસા ફક્ત) 11.11.2021ના રોજ
9.	લોન અકાઉન્ટ નં. HHLRAJ00214112 1. અમિતાભ પ્રફુલચંદ્ર શાસ્ત્રી 2. ભાર્ગવી અમિતાભ શાસ્ત્રી	બ્લોક નં. 126, શક્તિનગર કો-ઓપ હાઉસિંગ સોસાયટી લિ., રેવેન્યુ સર્વે નં. 182-1-2-3 / 1-9-2એ, 189-2, સીટ નં. 18, ચલતા નં. 2, સિટી સર્વે નં. 769, ટી. પી. સ્કીમ નં. 4, ફાઈનલ પ્લોટ નં. 131 અને 136, ગામ સૈયદ વાસના, વડોદરા-390 011, ગુજરાત	18-10-2021	રૂ. 31,56,293.19/- (રૂપિયા એકત્રીસ લાખ છપ્પન હજાર બસ્સો ત્રાણુ અને ઓગણીસ પૈસા ફક્ત) 18.10.2021ના રોજ
10.	લોન અકાઉન્ટ નં. HHLBAR00284314 1. અનિલ એસ પટેલ @ અનિલભાઈ શાંતિભાઈ મકાણી 2. મકાણી સંગીતાબેન અનિલભાઈ	નં. 304 ટાવર- ઈ, શ્રી સિદ્ધેશ્વર હાઈટ્સ, કાન્હા સિટી નજીક, આજવા ચોકડી, એનએ. ન્યૂ કારેલીબાગ, વડોદરા-390 018, ગુજરાત	26-11-2021	રૂ. 15,51,647.43/- (રૂપિયા પંદર લાખ એક્કાવન હજાર છસ્સો સુડતાળીસ અને તેંત્તાલીસ પૈસા ફક્ત) 26.11.2021ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોકત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર કરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફાર્મિંગ એસેટ (કોલમ (ગ) માં દર્શાવેલા તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને તેણીને એલાન કરે છે. જો તેમ નહીં થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જેગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટસના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સુચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો ઉજદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સ્થળઃ અમદાવાદ / પાટણ / સુરત / વડોદરાના / ગાંધીનગર / રાજકોટ / કમલાનગર

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ વતી
અધિકૃત અધિકારી

બાંગ્લાદેશે ઈતિહાસ સર્જ્યો વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન ન્યુઝીલેન્ડને હરાવ્યું

ઈબાદત હુસેનનું કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

માઉન્ટ મોનગાનુઈ, તા.૫

ઝડપી બોલર ઈબાદત હુસેને કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૪૬ રનમાં ૬ વિકેટ ઝડપી જેની મદદથી બાંગ્લાદેશએ પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન ન્યુઝીલેન્ડને ૮ વિકેટે હરાવી તેની સામે પ્રથમ વિજય મેળવ્યો. ઈબાદતે ચોથા જ દિવસે બાંગ્લાદેશને ઐતિહાસિક વિજયની નજીક પહોંચાડી દીધું હતું. તેણે પાંચમા અને અંતિમ દિવસે ન્યુઝીલેન્ડની અંતિમ બંને વિકેટ પણ ઝડપી લીધી. યજમાન ટીમ બીજી ઈનિંગમાં ૧૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ જે બાંગ્લાદેશ વિરૂદ્ધ તેનો લોએસ્ટ સ્કોર છે. પ્રથમ ઈનિંગમાં ન્યુઝીલેન્ડ ૧૩૦ રનથી પાછળ હતું જેના કારણે બાંગ્લાદેશને વિજય માટે ફક્ત ૪૦ રન બનાવવાના હતા. તેણે બે વિકેટ ગુમાવી પણ કપ્તાન મોમિનુલ હક અને પૂર્વ કપ્તાન રહીમે ટીમને વિજય સુધી પહોંચાડી પોતાના દેશની બહાર ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશની આ છઠ્ઠી જીત છે અને ટોપ પાંચ રેન્કીંગવાળી ટીમોમાંથી કોઈ એકની સામે પ્રથમ જીત છે. ન્યુઝીલેન્ડ ટેસ્ટ રેન્કિંગમાં બીજા અને બાંગ્લાદેશ નવમા સ્થાને છે. આ જીત સાથે તેણે પોતાની ધરતી પર સતત ૧૭ ટેસ્ટમાં અપરાજીત રહેવાની ન્યુઝીલેન્ડની પરંપરા પણ તોડી નાખી. પૂર્વ વોલિબોલ ખેલાડી ઈબાદતે આ મેચ પહેલાં ૮૧ની સરેરાશથી ૧૧ ટેસ્ટ વિકેટ ઝડપી હતી.

આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં કે.એલ.રાહુલની લાંબી છલાંગ મો.શમી-બુમરાહને પણ ફાયદો

દુબઈ,તા.૫

ભારતીય ઓપનર કેએલ રાહુલ દ.આફ્રિકા વિરૂદ્ધ પ્રથમ ટેસ્ટમાં થયેલી ૧૧૩ રનની જીતમાં પ્લેયર ઓફ ધ મેચ પ્રદર્શનના કારણે આઈસીસીની નવી ટેસ્ટ રેન્કિંગમાં ૧૮ સ્થાનના ફાયદા સાથે બેટસમેનોની યાદીમાં ૩૧માં સ્થાને પહોંચી ગયો છે. રાહુલની આ ફોર્મેટમાં સર્વશ્રેષ્ઠ રેન્કિંગ આઠમું સ્થાન છે. જે તેણે નવેમ્બર ૨૦૧૭માં પ્રાપ્ત કર્યું હતું. અગ્રવાલને એક સ્થાનનો ફાયદો જ્યારે અજંકિય રહાણે બે સ્થાનની છલાંગ સાથે બુધવારે નવા અપડેટમાં ૨૫મા સ્થાને પહોંચી ગયો છે. ઝડપી બોલર જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમી પણ રેન્કિંગમાં ઉપરના ક્રમે આવનારા અન્ય ભારતીય છે. બુમરાહે મેચમાં પાંચ વિકેટ ઝડપવાથી ત્રણ સ્થાનના ફાયદા સાથે નવમા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે મો.શમીએ આઠ વિકેટ ઝડપી હતી. જેમાં પ્રથમ ઈનિંગની પાંચ વિકેટ પણ સામેલ છે. આ પ્રદર્શનથી મો.શમી બે સ્થાનના ફાયદા સાથે ૧૭મા સ્થાને પહોંચી ગયો છે. દ.આફ્રિકાનો કપ્તાન ડીન એલ્ગર બે સ્થાનના લાભ સાથે ૧૪મા સ્થાને પહોંચી ગયો છે. જેણે બીજી ઈનિંગમાં ૭૭ બનાવ્યા હતા. તેમ્બા બાવુમા પર અને અણનમ ૩૫ રનના સ્કોરથી ૧૬ સ્થાનની છલાંગ લગાવી ૩૯મા સ્થાને પહોંચી ગયો છે. રબાડાએ ૭ વિકેટ ઝડપી જેનાથી તે એક સ્થાન ઉપર છઠ્ઠા સ્થાને જ્યારે એનગિડી મેચમાં આઠ વિકેટ ઝડપવાથી ૧૬ સ્થાનની છલાંગથી ૩૦મા સ્થાને પહોંચી ગયો છે. પદાર્પણ કરી રહેલા ઝડપી બોલર માર્કો ઝેન્સેને ૯૭માં સ્થાનથી રેન્કિંગમાં પ્રવેશ કર્યો છે.

ભારત સરકાર
નાણા મંત્રાલય
ઋણુ વસૂલાત પ્રાધિકરણ-૨
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નંબર ૨૨ (અગાઉ ૬૨) (ડીઆરટી રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૬ અને ૩૭)
(આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની બીજી અનુસૂચિના નિયમ ૫૨ (૧) (૨) જુઓ)
બેંક અને નાણાકીય સંસ્થાઓ અધિનિયમ, ૧૯૯૩ને લીધે થયેલા દેવાની વસૂલાત સાથે વાંચો.
ઇ-ઓક્શન/સેલ નોટિસ
રજી.એડી/દસ્તી/એફિક્શન/બેટ ઓફ ડ્રમ/પબ્લિકેશન દ્વારા

આરપી/આરસી નં.	૨૮૨/૨૦૨૧	OA નંબર	૨૨૯/૨૦૧૬

સર્ટિફિકેટ હોલ્ડર બેંક	ઇન્ટરનેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની પ્રા. લિમિટેડ
પ્રમાણપત્ર દેવાદારો	મેસર્સ નિત્યાનાદ સિન્થેટીક્સ એન્ડ અન્યા

પ્રતિ,
સીડી નં. ૧ : મેસર્સ નિત્યાનંદ સિન્થેટીક્સ, ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત ૩૯૫૦૦૨ ખાતે વ્યવસાય કરતી ભાગીદારી પેઢી
અને અત્રે પણ : C/o. ઉગમ ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેંક ઑફિસ બિલ્ડિંગની ઉપર, બોમ્બે માર્કેટ ઉમરવાડા સુરત - ૩૯૫૦૦૬.
સીડી નં. ૨ : શ્રી જગદીશભાઈ કરમશીભાઈ બોદરા, રહે. ૭૦૨, રિવર રેસીડેન્સી, પૂજા અભિષેક પાછળ, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૭.
અત્રે પણ : બંગલો નં.૩૭ અને ૩૮, ડાયમંડ નગર, મીરાનગર સામે, વરાછા રોડ, સુરત.
અને અત્રે પણ : C/o. ઉગમ ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેંક ઓફિસ બિલ્ડિંગ ઉપર, બોમ્બે માર્કેટ ઉમરવાડા સુરત - ૩૯૫૦૦૬.
સીડી નં. ૩ : શ્રી રાજેશકુમાર અરજણભાઈ વેકરિયા, રહે. ૩/ડી, અશ્વિની એપાર્ટમેન્ટ, અનમોલ ટાવર પાસે; સુમુલ ડેરી રોડ, સુરત ૩૯૫૦૦૪.
અને અત્રે પણ : ૮/સી, અશ્વિની એપાર્ટમેન્ટ, અનમોલ ટાવર પાસે, સુમુલ ડેરી રોડ, સુરત - ૩૯૫૦૦૪.
સીડી નં. ૪ : શ્રીમતી વિજયાબેન અશોકભાઈ જાગાણી, રહે. બંગલા નં.૩૨/બી, આરએસ નંબર ૨૪૩/એ, સીમા રો-હાઉસીસ, ઘોડ રોડ, સુરત - ૩૯૦૦૭.
અને અહીં પણ : ફ્લેટ નં.એલ-૬૦૩, રિવરવ્યુ હાઈટ, મોટા વરાછા, સુરત - ૩૯૪૧૦૧.
સીડી નં. ૫ : શ્રી જતીનભાઈ રસીકભાઈ કાનાણી, રહે. ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨.
સીડી નં. ૬ : શ્રી ભરતભાઈ કરમશીભાઈ બોદરા, રહે. ૫૧૮, ટ્રેડ સેન્ટર, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨

એ. સીડી નંબર ૧-૬ ૩૦/૧૦/૨૦૧૫ના રોજ **રૂા.૭,૭૨,૫૮,૧૨૯.૦૨ (રૂપિયા સાત કરોડ બોત્તેર લાખ અઠ્ઠાવન હજાર એકસો ઓગનત્રીસ અને બે પૈસા માત્ર)**ની બાકી લેણી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગઈ છે. **૩૧/૦૭/૨૦૨૧**ના ચુકાદા અને હુકમનામાની શરતો. **OA.No** માં પાસ કરેલ. **૨૨૯/૨૦૧૬**, ૧૬/૧૨/૨૦૨૧ના મારા આદેશ મુજબ ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ મિલકત(ઓ) જાહેર ઈ-ઓક્શન દ્વારા વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ''ઓનલાઈન ઈ-ઓક્શન'' દ્વારા કરવામાં આવશે._https://drt.auctiontiger.net.

મિલકતનું વર્ણન

તમામ હક્ક ટાઈટલ અને હિત ફલેટ નં.૬૦૩ ક્ષેત્રફળ ૧૩૫૩.૦૦ ચો.ફૂટ, ૧૨૫.૭૦ ચો.મીટરની સમકક્ષ અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે જમીન પર બાંધવામાં આવેલ રિવર વ્યૂ હાઈટ્સ ખાતે **"L"** બિલ્ડીંગ જમીન બેરીંગ રેવન્યુ બ્લોક નં. ૫૩,૫૯,૬૦ અને ૬૩ (રેવન્યુ સર્વે નં.૬૩/૨+ ૬૬, ૬૭/૨, ૬૭/૧, ૨૨/૧ પૈકી અને ૨૨/૨ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨૫ ફાઈનલ પ્લોટ નં. ૧૩૭ ગામ મોટા વરાછા સુરત સિટી સબ જિલ્લો ચોર્યાસી જિલ્લો સુરત વિજયા અશોકભાઈ જાગાણી નામે ઊભેલ.

અનામત કિંમત (રાઉન્ડ ઓફ) રૂ.૮૫.૦૦ લાખ

EMD ૧૦% અથવા (રાઉન્ડ ઓફ) રૂ.૮.૫૦ લાખ

નોંધ : કોઈપણ પ્રકારનો દાવો જો મળશે, જો કોઈ હશે તો આરડીબી એક્ટ ૧૯૯૩ની કલમ ૩૧-બી (વર્ષ ૨૦૧૬ના સુધારા મુજબ હેઠળના નિયમો મુજબ પેમેન્ટની પ્રાથમિકતા નક્કી કરાશે.
ઈએમડી **RTGS/NEFT** મારફતે નીચે દર્શાવેલ એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે.

લાભાર્થી બેંકનું નામ	HDFC બેંક લિમિટેડ
લાભાર્થી બેંકનું સરનામું	માણેકજી વાડિયા બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, નાનિક મોટવાણી માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩
લાભાર્થી ખાતું નંબર	૦૦૬૦૦૧૧૦૦૦૦૯૯૯
IFSC કોડ	HDFC000060

૧) બિડ વધારાની રકમ રૂ. ૫૦,૦૦૦/- લોટ નં. ૧ માટે
૨) સંભવિત બિડર્સ સેવા પ્રદાતા મેસર્સ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ પાસેથી ઑનલાઇન તાલીમ મેળવી શકે છે. (ટેલિ. હેલ્પલાઈન નંબર ૯૨૬૫૫૬૨૮૨૧ - ૦૭૯-૬૧૨૦૦૫૯૪/૫૯૮/૫૬૮/૫૮૭/૫૩૮ અને શ્રી ચિંતન ભટ્ટ (મોબાઈલ નં. ૦૯૯૭૮૫૯૧૮૮૮), હેલ્પલાઈન ઈ-મેલ આઈડી : **support@auctiontiger .net** અને
મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે સિદ્ધાર્થ શાહ, (મોબ નં. ૯૯૩૦૨૭૫૫૨૭) નો સંપર્ક કરી શકે છે.
૩) સંભવિત બિડર્સને તેમની બિડ સબમિટ કરતા પહેલા વિગતવાર નિયમો અને શરતો અને વેચાણની પ્રક્રિયા માટે વેબસાઈટ **https:// www.drt.auctiontiger.net**ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
૪) સંભવિત બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખથી ૧૫ દિવસની અંદર ૨૫% (માઈનસ **EMD**) હરાજી પછી તરત જ અને ૭૫% ચૂકવણી શિડ્યૂલનું પાલન કરે અને જો ૧૫મો દિવસ રવિવાર અથવા અન્ય રજા હોય, તો પછી તાત્કાલિક આગામી પ્રથમ દિવસે બેંક કાર્યકારી. એક્સ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫) મિલકતો ''જેમ છે ત્યાં છે'', ''જેમ છે તે પ્રમાણે'' અને ''જેમ છે તે પ્રમાણે''ના આધારે વેચાણ માટે મૂકવામાં આવી રહી છે અને સંભવિત ખરીદદારોને યોગ્ય રીતે ખંત કરવા સલાહ આપવામાં આવે છે.
૬) હરાજીની સૂચિ નીચે મુજબ છેઃ-

હરાજીનું સમયપત્રક

૧	મિલકતનું નિરીક્ષણ	૧૭/૦૧/૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યાની વચ્ચે
૨	બાનાની રકમ સાથે બિડ મેળવવાની અને ચૂકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ	૦૭/૦૨/૨૦૨૨ સાંજે ૦૫.૦૦ સુધી
૩	ઈ-ઓક્શન	૦૮/૦૨/૨૦૨૨ બપોરે ૧૨.૦૦થી ૦૧.૩૦ વાગ્યાની વચ્ચે (૦૩ મિનિટની ઓટો એક્સટેન્શન કલમ સાથે, ઈ-ઓક્શન સમાપ્ત થાય ત્યાં સુધી)

રિકવરી ઓફિસર-૧,
ઋણ વસૂલાત પ્રાધિકરણ-૨,
અમદાવાદ

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહ-દેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતનું સરનામું
1.	24299831	મિલકત સામે લોન	૧. દિલીપભાઈ રબારી ૨. મમતાબેન દિલીપભાઈ રબારી ૩. વાઘજીભાઈ રબારી ૪. રબારી દિલીપભાઈ ૫. રબારી મમતાબેન દિલીપભાઈ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૮,૧૧,૯૩૯.૯૦/-	**તે તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત નં.૯૫, ક્ષેત્રફળ ૪૫x૨૨-૯૯૦.૦૦ ચો.ફૂટ (૯૧.૯૭૧ ચો.મી.) ગામ સાંતી, તા. અને જિ. પાટણ અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : ખુલ્લી જમીન, ઉત્તર : રામન્દા તરફનો રસ્તો, દક્ષિણ : ખુલ્લી જમીન**
2.	27368018	હોમ લોન	૧. ઈમરાનખાન સફીમોહમ્મદ પઠાણ ૨. સબનુરબાનુ ઈમરાનખાન પાઠણ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૧૦,૯૧,૦૯૯.૯૯/-	**તે તમામ ભાગ અને હિસ્સાઓ** રેસિડેન્શિયલ મિલકત સ્થિત ગામડી, તા.આણંદ, જિ. આણંદ,રેવન્યુ સર્વે નં.૩૫૮, જેનું સિટી સર્વે નં.૮૨૩ વિસ્તાર ૯૯૪૬.૪ ચો.મી. પૈકી પ્લોટ નં.૧૧/બી વિસ્તાર ૫૨.૪૪ ચો.મી. ગ્રામ પંચાયત મિલકત નં.૩૫૮ પ્લોટ નં.૧૧/બી, અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : સોસાયટી રોડ, પશ્ચિમ : માર્જિન અને કોમન પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.૧૨/એ, દક્ષિણ : પ્લોટ નં.૧૧/એ**
3.	31573383	મિલકત સામે લોન	૧.જગદીશભાઈ ગોપાલભાઈ પટેલ ૨. દિપુબેન જગદીશભાઈ પટેલ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૩,૮૫,૦૧૧.૦૭/-	**સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ગામતળ મિલકત જે મિલકત નં.૧૩૬૫નું પ્લોટ ક્ષેત્રફળ ૯૯૦ ચો.ફૂટ બાંધકામ સાથે ક્ષેત્રફળ ૭૫૦ ચો.ફૂટ તરીકે જમીન પર ઉભેલ મોજે/ગામ સમ્પા, સબ જિ. દેહગામ અને જિ.ગાંધીનગર અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : નટવરભાઈ કાંતીજીનું ઘર, પશ્ચિમ : રોડ, ઉત્તર : ખુલ્લી જમીન, દક્ષિણ : પોપટભાઈનું ઘર**
4.	13026578 અને 12717304	હોમ ફાયનાન્સ લોન	૧. કે. ભીખુભાઈ સોની ૨. મોહિનીબેન કે. સોની	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૧૨,૧૯,૬૬૮.૪૮/-	**બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ** મોજે સિટી વડોદરા સ્થિત જમીન બેરીંગ વિભાગ-એ, ટીક્કા નં.૪/૨ સી.એસ.નં.૩૭૮ સિટી સર્વે મુજબ ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. પહેલો માળ ક્ષેત્રફળ ૩૫-૧૧-૭૪ ચો.મી. મુ. રજિ. સબ જિ. અને જિ. વડોદરા, ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : સી.એસ. નં.૩૮૦ તરફ, પશ્ચિમ : ખાંચો તરફ, ઉત્તર : એલ.એસ.નં.૪૦૫ દેસાઈ શેરી રોડ તરફ, દક્ષિણ : સી.એસ.નં.૩૮૦ તરફ**
5.	22879499	મિલકત સામે લોન	૧. નિઝામુદ્દીન અબ્દુલરહીમ દૌવા ૨. જરીનાબેન દૌવા	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૪,૪૫,૦૪૦.૮૨/-	**રહેણાંકની મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** રવિયાના ગ્રામ પંચાયત મિલકત નં.૩/૩૧ જૂના ગામતળ, કુલ ક્ષેત્રફળ ૯૦૦-૦૦ ચો.ફૂટ સ્થિત 'મુમનવાસ' રવિયાના સીમમાં, તા. સરસ્વતી, જિ. પાટણ, રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ૧૫-૦૦ ફૂટ રોડ, પશ્ચિમ : પબ્લિક રોડ, ઉત્તર : રીઝવાન અહેમદ દૌવાનું ઘર, દક્ષિણ : ઉમર રહીમ દૌવાનું ઘર**
6.	37055635	મિલકત સામે લોન	૧. રાકેશકુમાર રાઠોડ ૨. વિમલાબેન રાઠોડ	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૮,૪૩,૮૩૧.૨૫/-	**રહેણાંકની મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થિત સારસા, તા.આણંદ, જિ. આણંદ, ગુજરાત-૩૮૮૩૬૫, સિટી સર્વે નં.૧૯૯૩, શીટ નં.૩૧, ગામ ઓથોરિટી મિલકત નં.૮૯૫/૭ અને ૮૯૫/૮ ક્ષેત્રફળ ૭૭.૫૬ ચો.મી. અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : રાવજીભાઈ મંગલભાઈ પટેલનું ઘર, પશ્ચિમ : અજીતસિંહ ઉદેસિંહ રાઠોડનું ઘર, ઉત્તર : ત્યાં રોડ છે, દક્ષિણ : ત્યાં રોડ છે**
7.	12919546	મિલકત સામે લોન	૧. શ્રી જલારામ કાસ્ટિંગ ૨. શ્રીમતી બાબુબેન નારણભાઈ મકવાણા ૩. શ્રીમતી બાબુબેન નારણભાઈ મકવાણા (સ્વ.શ્રી નારણભાઈ માકનભાઈ મકવાણાના કાયદાકીય વારસદાર તરીકે)	૨૪.૧૨.૨૦૨૧	ભા.રૂા. ૪૬,૬૧,૬૨૮.૬૦/-	**બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ** મોજે મકરપુરા, વડોદરા સ્થિત જમીન બેરીંગ આર.એસ. નં.૬૪/પી, ૬૫/પી, ૬૬/પી અને ૬૭/પી, પૈકી પ્લોટ નં.૮૩૭/૧, પ્લોટ ક્ષેત્રફળ ૩૫૫.૩૧ ચો.મી. મુ. રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને જિ. વડોદરા અને **આ મુજબ ખૂંટ : પૂર્વ : ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ નં.૮૩૭/૨, પશ્ચિમ : ૪૦ ફૂટ પહોળો રોડ, ઉત્તર : ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ નં.૮૩૬, દક્ષિણ : ૯.૦૦ મી. પહોળો રોડ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોક્ત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા.: ૦૬.૦૧.૨૦૨૨
સ્થળ : ગુજરાત

તેલંગાણા હાઇકોર્ટે રાજ્યમાં ફેસિયલ રીકગ્નિશન ટેકનોલોજીના ઉપયોગને પડકારતી જનહિતની અરજી પર નોટિસ બજાવી

તેલંગાણા હાઇકોર્ટે તેલંગાણા રાજ્ય સરકારને નોટિસ બજાવીને ખુલાસો કરવા જણાવ્યું

(એજન્સી) તા.૫

તેલંગાણા હાઇકોર્ટે તેલંગાણા રાજ્યમાં ફેશિયલ રીકગ્નિશન ટેકનોલોજીના ઉપયોગને પડકારતી જનહિતની (પીઆઇએલ) અરજી પર તેલંગાણા રાજ્ય સરકારને નોટિસ બજાવી છે.મુખ્ય ન્યાયમૂર્તિ સતિષચંદ્ર શર્મા અને ન્યાયમૂર્તિ અભિનંદકુમાર શાવિલીની ડિવિઝન બેંચ દ્વારા હૈદરાબાદના એક સામાજિક કાર્યકર એસ ક્યુ મસુદ દ્વારા દાખલ કરાયેલ જનહિતની અરજી પર નોટિસ બજાવી છે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે સ્પેશિયલ રેકગ્નિશન ટેકનોલોજી કાયદા દ્વારા સમર્થિત નથી અને બિનજરુરી છે. આ સાથે જ તેનો ઉપયોગ કોઇ પણ જાતની સુરક્ષા ઉપાય વગર કરવામાં આવી રહ્યો છે એટલે સરળતાથી તેના દુરુપયોગની શંકા છે. જનહિત અરજીમાં જણાવાયું છે કે તેલંગાણા દુનિયામાં સૌથી વધુ સર્વેક્ષણ કરતું રાજ્ય છે અને રાજ્ય સરકાર કોઇ પણ જાતના કાનૂની આધાર વગર ફેઇસ રીકગ્નિશન ટેકનોલોજીનો (એફઆરટી) ઉપયોગ કરી રહી છે. આ સંદર્ભમાં તેલંગાણા રાજ્યમાં પ્રતિવાદીઓ દ્વારા એફઆરટીના ઉપયોગને પડકારતી

જનહિતની અરજી દાખલ કરી છે. આ અરજીમાં ખાસ જણાવાયું છે કે હૈદરાબાદમાં વિવિધ કાયદાઓના અમલ અને કલ્યાણ ઉદ્દેશ્ય માટે વિવિધ આધારો પર ગોપનીયતાના અધિકારના ઉલ્લંઘન સહિત નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ફેસિયલ રીકગ્નિશન ટેકનોલોજીનો ઉપયોગ અમલી કાયદાના પાલન માટે પ્રાઇવસીના અધિકારને પ્રતિબંધીત કરે છે. જનહિતની અરજીમાં જણાવાયું છે કે સરકાર પ્રાઇવસીના અધિકારને ત્યાં સુધી પ્રતિબંધીત કરી શકે નહી જ્યાં સુધી આવો પ્રતિબંધ કાનૂન પર આધારીત ન હોય અને આ બાબત આવશ્યક છે, પરંતુ એફઆરટીનો ઉપયોગ ગોપનીયતાને પ્રતિબંધીત કરે છે. બાયોમેટ્રીક ડેટાનો ઉપયોગ વ્યક્તિની પ્રવૃત્તિઓનું સર્વેક્ષણ કરવા માટે કરવામાં આવે છે. જનહિતની અરજીમાં જણાવાયું છે કે તેલંગાણા રાજ્યમાં કોઇ પણ કાનૂન ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો અધિકાર આપતો નથી. આ ઉપરાંત એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજીને સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય શું છે અને મોટા ભાગની એફઆરટી ટેકનોલોજી ખોટી છે અને તેથી તેનો ઉપયોગ કોઇ પણ હેતુને પ્રાપ્ત કરવા માટે યોગ્ય નથી.

કેન્દ્રે જે મિશનરી ઓફ ચેરિટીનું વિદેશી ભંડોળ રોક્યું એને જ ઓડિશા સરકારે રૂા.૭૮ લાખનું અનુદાન કર્યું

ભુવનેશ્વર, તા.૫

કેન્દ્ર સરકારે તાજેતરમાં જ જે મિશનરીજ ઓફ ચેરિટીના વિદેશી ભંડોળ પર રોક લગાવી હતી એ મિશનરીને ઓડિશા સરકાર દ્વારા રૂપિયા ૭૮.૭૬ લાખનું અનુદાન કરવામાં આવ્યું છે. મંગળવારે મધર ટેરેસાના મિશનરી જ ઓફ ચેરિટી દ્વારા સંચાલિત ૧૩ સંસ્થાઓ માટે મુખ્યમંત્રી રાહત ફંડે આ રકમ મંજૂર કરવામાં આવી છે. મિશનરીજનું મુખ્ય કાર્યાલય કોલકાતામાં છે પાટનગર ભુવનેશ્વર સ્થિત રાજ્ય મુખ્યાલયે મુખ્યમંત્રીનો આ પગલા માટે આભાર વ્યક્ત કર્યો છે. ઓડિશામાં સંગઠનના પ્રમુખ સિસ્ટર સ્ટેની રોજે કહ્યું કે, "અમારા સમર્થન માટે મુખ્યમંત્રીના ઋણી છીએ. અમે કયારેય પૈસા માંગતા નથી પરંતુ લોકો અને સંગઠન અસહાય અને નિરાધાર લોકો માટેના અમારા કલ્યાણકારી કાર્યોથી પ્રભાવિત થઈને અનુદાન કરે છે" થોડાક સમય અગાઉ આ સંગઠનના વિદેશી યોગદાન વિનિયમન અધિનિયમ લાયસન્સનું રિન્યુઅલ કરવાનો કેન્દ્રે ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ ઓડિશા સરકારે તમામ કલેક્ટરોને નિર્દેશ જારી કરીને કહ્યું કે, મિશનરી જ ઓફ ચેરિટીમાં રહેતા કોઈપણ સહવાસીને ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય સંબંધિત કોઈ તકલીફ પડવી જોઈએ નહીં. મિશનરીજની ૧૩ સંસ્થા રાજ્યના આઠ જિલ્લાઓમાં ફેલાયેલી છે. સરકારના આ નિર્ણયથી રાજ્યના વિભિન્ન કોષ્ટક અને અનાથાશ્રમોમાં ૯૦૦થી વધુ લોકોને લાભ થશે. તાજેતરમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે, ક્રિસમસના દિવસે કેન્દ્રીય મંત્રાલયે મધર ટેરેસાના મિશનરીજ ઓફ ચેરિટી સંગઠન દ્વારા સંચાલિત બેંક ખાતાઓ ફ્રીજ કરી

દીધા છે. બેનરજીએ આ મુદ્દે નારાજગી દર્શાવતા કહ્યું કે, ભલે કાનૂન સર્વોપરી છે પરંતુ, માનવીય પ્રયાસોથી સમાધાન કરવું જોઈએ નહીં. આરોપો બાદ ગૃહ મંત્રાલયે કહ્યું કે સરકારે મધર ટેરેસાના મિશનરીજ ઓફ ચેરિટી દ્વારા સંચાલિત બેંક ખાતાઓ ફ્રીઝ કર્યા નથી. મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે, કોલકાતા સ્થિત સંસ્થાએ જ ભારતીય સ્ટેટ બેંકને પત્ર લખીને તેના ખાતાઓ નિલંબિત કરવા જણાવ્યું હતું એક નિવેદનમાં જણાવ્યું હતું કે, (મંત્રાલય હેડ ઓફિસ) એમએચે મિશનરીજ ઓફ ચેરિટીના કોઈપણ ખાતાને ફ્રીઝ કર્યા નથી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ જાણ કરી છે કે મિશનરીજ ઓફ ચેરિટીએ પોતે એસબીઆઈને તેના ખાતામાં ફ્રીઝ કરવા અનુરોધ કર્યો હતો.

કેરળના અભિનેતાના અપહરણનો કેસ : ટ્રાયલ કોર્ટે પોલીસને બાલચંદ્રકુમારના ઘટસ્ફોટની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો

(એજન્સી) તા.૪

કોચીની એક ટ્રાયલ કોર્ટે, જે એક અગ્રણી અભિનેત્રીના અપહરણ અને જાતીય શોષણને લગતા કેસની સુનાવણી કરી રહી છે, તેણે મંગળવારે પોલીસને ફિલ્મ નિર્દેશકના તાજેતરના ઘટસ્ફોટની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. ગયા અઠવાડિયે ફિલ્મ નિર્દેશક બાલચંદ્રકુમારે, સ્થાનિક મલયાલમ ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, દિલીપે જાતીય શોષણના દ્રશ્યો જોયા હોવાનો આક્ષેપ કર્યો હતો. દિગ્દર્શકે કહ્યું કે, દિલીપને પહેલા આરોપી સુનીલકુમાર ઉર્ફે પલ્સર સુની સાથે ગાઢ મિત્રતા હતી. તેને જામીન પર છોડવામાં આવ્યા પછી, દિલીપે હુમલાના ફૂટેજને એક્સેસ કર્યા હતા અને તે તેના ઘરે પણ જોયા હતા. આ ખુલાસા બાદ તપાસ ટીમે આ ડાયરેક્ટરનું નિવેદન નોંધ્યું હતું. જ્યારે આ કેસની મંગળવારે સુનાવણી કરવામાં આવી ત્યારે ટ્રાયલ કોર્ટે પોલીસને આ ખુલાસાની તપાસ કરવા અને ૨૦ જાન્યુઆરી સુધીમાં તેના પર અહેવાલ સુપરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. દરમિયાન કોર્ટે આ ૨૦૧૭ના સનસનાટીભર્યા કેસની બાલચંદ્રકુમારના તાજા ઘટસ્ફોટ પર આધારિત વધુ તપાસ હાથ ધરવાની ફરિયાદ પક્ષની માંગ પર

નિર્ણય લીધો ન હતો. દિલીપ સામેના નવા આરોપો અને તેની તપાસ માટે પ્રોસિક્યુશનની માંગ એવા સમયે આવી છે જ્યારે ટ્રાયલ કોર્ટ માટે ગત વર્ષે ઓગસ્ટમાં સુપ્રીમ કોર્ટે નિર્ધારિત કરેલ છ મહિનાની મુદત આવતા મહિને સમાપ્ત થઈ રહી છે. સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશ મુજબ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ટ્રાયલ પૂર્ણ થવી જોઈતી હતી. ટ્રાયલ કોર્ટે રોગચાળાની સ્થિતિ તરફ ધ્યાન દોર્યા પછી, સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટમાં સુનાવણી પૂર્ણ કરવા માટે વધુ છ મહિનાનો સમય આપ્યો હતો. આ ઉપરાંત, સ્પેશિયલ પ્રોસિક્યુટર વી.એન. અનિલ કુમારે ગયા અઠવાડિયે પ્રોસિક્યુશનના ડાયરેક્ટર જનરલ ટી.એ. શાજીને પોતાનું રાજીનામું સુપરત કરતાં આ ટ્રાયલમાં વધુ એક વળાંક આવ્યો છે. સ્પેશિયલ પ્રોસિક્યુટર ગયા બુધવારે કોર્ટમાંથી ચાલ્યા ગયા હતા જ્યારે ટ્રાયલ કોર્ટ ઈચ્છતી હતી કે, તેઓ તપાસ અધિકારી બૈજુ પૌલોસની પરીક્ષણને મુલતવી રાખવા માટે તેમની વિનંતી લેખિતમાં રજૂ કરે. મંગળવારે ૪ જાન્યુઆરીએ સ્પેશિયલ પ્રોસિક્યુટર ટ્રાયલ કોર્ટમાં હાજર ન હતા. કારણ કે, તેમના રાજીનામા અંગેનો નિર્ણય સરકાર સમક્ષ પેન્ડિંગ છે. આ સનસનાટીભર્યા કેસની સુનાવણી દરમિયાન આ બીજી વખત છે જ્યારે ટ્રાયલ કોર્ટ અને ફરિયાદ પક્ષ વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી છે. અનિલકુમારની ૨૦૨૦માં સ્પેશિયલ પ્રોસિક્યુટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી જ્યારે ટ્રાયલ કોર્ટ 'પક્ષપાતી અને પ્રતિકૂળ' હોવાનો આરોપ મૂક્તા હાઇકોર્ટે ટ્રાયલ કોર્ટના સ્થાનાંતરણની સુરેશનની માંગને નકારી કાઢી હતી. આ ફરિયાદ ઉપરાંત, પીડિતાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ટ્રાયલ કોર્ટ પક્ષપાતી હતી. ત્યારે હાઇકોર્ટે કહ્યું હતું કે, જો ટ્રાયલ કોર્ટ અને ફરિયાદી સુમેળમાં કામ નહીં કરે તો દોષિતો કાયદાની પકડમાંથી છટકી જશે અથવા નિર્દોષને સજા ભોગવવી પડશે.

કઠુઆ સગીરા રેપ-હત્યા કેસમાં અપરાધી પોલીસકર્મીઓ વહેલા છૂટી જતાં અમે વ્યથિત અને ભયભીત છીએ : પીડિતાના પરિવારજનો

કઠુઆ સગીરા બળાત્કાર અને હત્યા કેસમાં પુરાવાનો નાશ કરવા બદલ બે પોલીસને અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ તેમની પાંચ વર્ષની સજા પૂરી થાય તે પહેલા તેમને જામીન આપવામાં આવ્યા છે

(એજન્સી) તા.૫

જાન્યુ.૨૦૧૮માં કઠુઆમાં એક ૮ વર્ષની બાળકી પર પાશવી ગેંગ રેપ અને હત્યા કેસમાં પુરાવાના નાશ કરવા બદલ અપરાધી ઠરાવવામાં આવેલ બે પોલીસકર્મીઓને તેમની પાંચ વર્ષની જેલની સજા પૂરી થાય તે પહેલા જામીન આપવામાં આવતાં ભારે વિરોધ થયો છે. આ બળાત્કાર-હત્યા કેસની તપાસમાં કાઇમ બાંધે એવું જણાવ્યું હતું કે સગીરા પીડિતાના કપડા ફોરેન્સિક સાયન્સ લેબમાં મોકલતાં પહેલા પોલીસ દ્વારા કપડાને ધોઇ નાખવામાં આવ્યા હતા. આ પોલીસકર્મીઓને સજા પૂરી થાય તે પહેલા જામીન આપવામાં આવતાં પીડિતાના પરિવારજનો વ્યથીત છે. જેમણે સગીરાને છ મહિનાની હતી ત્યારે પોતાની બહેન પાસેથી દત્તક લીધી હતી એ મીરે ધ વાયરને જણાવ્યું હતું કે ત્રણ પોલીસકર્મીઓએ પાંચ વર્ષની જેલની સજા કાપવાની હતી અને રૂા.૫૦,૦૦૦નો દંડ પણ આપવાનો હતો પરંતુ આ પોલીસકર્મીઓને તેમની પાંચ વર્ષની સજા પૂરી થાય તે પહેલા માત્ર બે વર્ષમાં છોડી મૂકવામાં આવ્યાં છે. અમારી તો માગણી હતી કે તમામ અપરાધીઓને ફાંસીએ લટકાવવામાં આવે. પરંતુ હવે આ અપરાધી ઠરેલા પોલીસકર્મીઓ જેલમાંથી બહાર આવી ગયાં છે અને હવે અમને ખતરો જણાય છે કારણ કે તેઓ અમને ગમે તે કરી શકે તેમ છે. પરિવાર ઉદાસ અને હતાષ છે. આ પોલીસકર્મીઓને વહેલા છોડી મૂકાતાં હવે અમારી સામે ખતરો ઊભો થયો છે. બીજું જો આરોપી પોલીસકર્મીઓને તેમની સંપૂર્ણ સજા પહેલા બે વર્ષમાં છોડી મૂકવામાં આવતા હોય તો અમારી બાળકી પર બળાત્કાર અને હત્યા કરવા માટે જવાબદાર મુખ્ય આરોપી પણ જેલમાંથી છૂટી શકે છે. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટમાં પીડિતાના પરિવારના પ્રતિનિધિત્વ કરતાં એડવોકેટ મુબીન ફારુકીએ જણાવ્યું હતું કે અપરાધી ઠરેલા પોલીસકર્મીઓ ગુનાહિત ષડયંત્રમાં સંડોવાયેલા હોવાનું તેમજ બળાત્કાર અને હત્યા પહેલા આ ઘાતકી ગુના અંગે તેઓ માહિતગાર હતા એવું કાઇમ બ્રાંચની ચાર્જશીટમાં જણાવાયું છે.

પાક. પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલી કંપનીઓ પર ૧૯૮૧માં કરવામાં આવેલા બોમ્બ હુમલા પાછળ મોસાદનો હાથ હોવાની શકયતા : અહેવાલ

(એજન્સી) જેરૂસલેમ, તા.૫

૧૯૮૦ના દાયકામાં પાકિસ્તાનને તેના નવા પરમાણુ શસ્ત્રો કાર્યક્રમમાં મદદ કરવા માટે ઉત્સાહપૂર્વક કામ કરનાર જર્મન અને સ્વિસ કંપનીઓને ધમકી આપવા માટે ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદે બોમ્બ ધડાકા કર્યા હોવાની શંકા જાહેર કરવામાં આવી છે. કારણ કે, આ યહૂદી રાજયએ ઈસ્લામાબાદને અસ્તિત્વના જોખમ તરીકે પરમાણુ ક્ષમતાઓ પ્રાપ્ત કરી હતી એવો દાવો કર્યો હતો. જેરૂસલેમ પોસ્ટે એક અગ્રણી સ્વિસ દૈનિક અહેવાલને ટાંક્યો છે અને કહ્યું છે કે, આ પ્રવૃત્તિઓને રોકવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા અસફળ હસ્તક્ષેપને પગલે ૧૯૮૧માં ત્રણ કંપનીઓ પર ત્રણ બોમ્બ વિસ્ફોટ પછી આ હુમલાઓ મોસાદે કર્યા હતા અને ધમકીઓ આપી હોવાની શંકા ટૂંક સમયમાં જ ઊભી થઈ હતી. ઈઝરાયેલ માટે એવી સંભાવના કે પાકિસ્તાન, પ્રથમ વખત, પરમાણુ બોમ્બ સાથે ઈસ્લામિક સ્ટેટ બની શકે છે અને તે તેના અસ્તિત્વ માટે જોખમ ઊભું કરે છે. પાકિસ્તાને ૨૮ મે, ૧૯૯૮ના રોજ બલૂચિસ્તાન પ્રાંતના ચાગાઈ જિલ્લામાં રાસકોહ હિલ્સ ખાતે એક સાથે પાંચ ભૂગર્ભ પરમાણુ પરીક્ષણો કર્યા હતા. કોડનેમ ચાગાઈ-૧, તે પરમાણુ શસ્ત્રોનું પાકિસ્તાનનું પ્રથમ જાહેર પરીક્ષણ હતું, તે જ વર્ષે ૩૦ મેના રોજ બીજુ રમાણુ પરીક્ષણ, ચાગાઈ-૨ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન અને ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાને ૧૯૮૦ના દાયકામાં પરમાણુ હથિયારોના ઉપકરણો વિકસાવવા પર સાથે મળીને કામ કર્યું હતું જેમાં જર્મન અને સ્વિસ કંપનીઓએ તેમના આ પરમાણુ કાર્યક્રમને મદદ કરી હતી. સ્વિસ ઈતિહાસકાર એડ્રિયન હેન્નીનું કહેવું છે કે, સ્વિસ અને જર્મન કંપનીઓ પર બોમ્બ હુમલામાં સંભાવિત રીતે મોસાદની સંડોવણી હતી. તેમ છતાં આ પ્રયાસો શોધી

કાઢવામાં આવ્યા પછી ઈઝરાયેલી જાસૂસી એજન્સીએ હુમલા કર્યા હતા, તે સાબિત કરવા માટે કોઈ પુરાવા નથી. દક્ષિણ એશિયામાં પરમાણુ શસ્ત્રોના અપ્રસાર માટેના સંગઠને સ્વિટ્ઝર્લેન્ડ અને જર્મનીમાં થયેલા વિસ્ફોટોની જવાબદારી લીધી હતી. NZZના અહેવાલમાં સ્વર્ગસ્થ પાકિસ્તાની પરમાણુ વૈજ્ઞાનિક, અબ્દુલ કાદીરખાનની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમણે ૧૯૮૦ના દાયકા દરમિયાન પરમાણુ બોમ્બ વિકસાવવા માટે પશ્ચિમી સંસ્થાઓ અને કંપનીઓ પાસેથી ટેક્નોલોજી અને બ્લૂપ્રિન્ટ્સ સુરક્ષિત કરવા યુરોપની યાત્રાઓ કરી હતી. ખાને ૧૯૮૭માં ઈરાનના ઓર્ગેનાઈઝેશન ફોર એટોમિક એનર્જીના પ્રતિનિધિમંડળને ઝ્યુરિચની હોટલમાં મળ્યા હોવાનું કહેવાય છે. ઈરાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઈરાનના પરમાણુ ઊર્જા કમિશનના વડા ઈજનેર મસુદ કરી રહ્યા હોવાનું કહેવાય છે. ખાન બે જર્મન એન્જિનિયરો, ગોથહાર્ડ લેર્ચ અને હેઇન્ઝ મેબસને સ્વિટ્ઝર્લેન્ડમાં મળ્યા હતા અને દુબઈમાં વધારાની મીટિંગો થઈ હોવાનું કહેવાય છે. શંકાસ્પદ મોસાદ એજન્ટોએ ત્યારબાદ પાકિસ્તાનને મદદ કરવામાં સામેલ કંપનીઓ અને એન્જિનિયરો સામે 'કાર્યવાહી' કરી હોવાનું કહેવાય છે. બોન અને બર્નમાં અમેરિકન રાજય વિભાગના અસફળ હસ્તક્ષેપના થોડા મહિનાઓ પછી અજાણ્યા અપરાધીઓએ આમાંથી ત્રણ કંપનીઓ પર વિસ્ફોટક હુમલા કર્યા હતા. ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૧ના રોજ કોરા એન્જિનિયરિંગના અગ્રણી કર્મચારીના ઘર પર, ૧૮ મે ૧૯૮૧ના રોજ માર્કોડોર્ફમાં વાલિશમિલર કંપનીની ફેક્ટરી બિલ્ડિંગ પર અને નવેમ્બર ૬, ૧૯૮૧ના રોજ એરલેન્જેનમાં હેઇન્ઝ મેબસની એન્જિનિયરિંગ ઓફિસ પર આ હુમલાઓ કરવામાં આવ્યા હતા. આ તમામ ત્રણ હુમલાઓના પરિણામે માત્ર મિલકતને નુકસાન થયું હતું અને માત્ર એક કૂતરો માર્યો ગયો હતો. આ વિસ્ફોટો પછી અંગ્રેજી અને જર્મન ભાષામાં ઘણા ફોન કોલ્સ આવ્યા હોવાનું કહેવાય છે જેમાં અજાણ્યા શખ્સોએ અન્ય કંપનીઓને ધમકી આપી હતી અને કહ્યું હતું કે, અમે વોલિશમિલર કંપની સામે જે હુમલો કર્યો છે, તે તમારી સાથે પણ થઈ શકે છે. આ રીતે લેબોલ્ડ-હેરિયસ વહીવટી કચેરીને ડરાવવામાં આવી હતી. સ્વિસ અને જર્મન કંપનીઓએ ખાનના પરમાણુ શસ્ત્રોના નેટવર્કસાથેના તેમના જોડાણથી ભારે લાભ મેળવ્યો હતો. આમાંના ઘણા સપ્લાયર્સ, મુખ્યત્વે જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડના હતા અને તેઓએ ટૂંક સમયમાં જ પાકિસ્તાન સાથે કરોડોનો વેપાર કર્યો હતો. વોશિંગ્ટનમાં નેશનલ સિક્યોરિટી આર્કાઈવમાં પણ તાજેતરમાં ૧૯૮૦માં બોન અને બર્ન સાથે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી રાજદ્વારી પત્રવ્યવહાર પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેમાં નવી માહિતી બહાર આવી છે. આ બે દેશો દ્વારા પાકિસ્તાનને મદદ કરવા પર યુએસએ નારાજગી દર્શાવી હોવાનું જણાય છે. હવે બહાર પાડવામાં આવેલ ડિસ્પેચમાં જે અગાઉ ગુપ્ત તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી, તે કંપનીઓને પ્રથમ વખત સૂચિબદ્ધ કરવામાં આવી છે. જેમના પર અમેરિકાએ પાકિસ્તાની પરમાણુ શસ્ત્રો કાર્યક્રમને ટેકો આપવાનો આરોપ મૂક્યો છે. આ સૂચિમાં જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડની લગભગ અડધો ડઝન કંપનીઓનો સમાવેશ થાય છે.

(સૌ. : હિન્દુસ્તાન ટાઈમ્સ)

ભારતના ધર્માંતરણ વિરોધી કાયદાને રદ કરવા માટેની દાદ માગતા કાનૂની કેસોની પ્રગતિ કેવી રહી છે ?

આવા કાયદાનો ધાર્મિક લઘુમતીઓ અને ધાર્મિક યુગલોને નિશાન બનાવવા માટે ઉપયોગ થાય છે એવું આલોચકોનું કહેવું છે

(એજન્સી) તા.૫

ધર્માંતરણ વિરોધી વિધેયક જ્યારે કર્ણાટક વિધાનસભા પરિષદની મંજૂરીની પ્રતિક્ષા કરવામાં આવી રહી છે ત્યારે તેની સામેના કાનૂની પડકારો તૈયાર કરવામાં આવી રહ્યાં છે. જો તે કાયદો પસાર થશે તો ગેરરજૂઆત, બળજબરી, છેતરપિંડી, લાલચ કે લગ્નના આધારે ધર્માંતરણ પર પ્રતિબંધ મૂકનાર કર્ણાટક હવે ૧૦મું રાજ્ય બન્યું છે. આ કાયદાઓનો ઉપયોગ ધાર્મિક લઘુમતી અને આંતરધર્મીય યુગલોને નિશાન બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે. ૨૦૧૭થી ભાજપ શાસિત તમામ પાંચ રાજ્યોએ નવો એન્ટિ કન્વર્ઝન કાયદો પાસ કર્યો છે અથવા તો વર્તમાન કાયદાને અપડેટ કર્યો છે. નવા કાયદામાં સજાની કડક જોગવાઈઓ છે અને ધર્માંતરણ અટકાવવા માટેના નવા આધારો છે. જેમ કે જો વ્યક્તિ લગ્ન કરવા માટે અન્ય ધર્મ અંગીકાર કરે તો લગ્ન દ્વારા આ પ્રકારનું ધર્માંતરણ બળજબરીપૂર્વકના ધર્માંતરણ તરીકે ગણવામાં આવશે. આ ઉપરાંત બે અન્ય ભાજપ શાસિત રાજ્યો હરિયાણા અને આસામે પણ આ કાયદો આગળ વધવાની

યોજનાની જાહેરાત કરી છે. ૧૯૬૭માં ઓડિશાએ પ્રથમ આવો કાયદો પસાર કર્યો ત્યારથી ધર્માંતરણ વિરોધી કાયદા સામે સમયાંતરે અદાલતોમાં પડકાર કરવામાં આવ્યાં છે. આમ ભારતના ધર્માંતરણ વિરોધી કાયદાને રદબાતલ ઠરાવવાની દાદ માગતાં કાનૂની કેસોનું આખરે શું થશે ? આ પ્રકારના કાયદાઓનો ધાર્મિક લઘુમતી અને આંતરધર્મીય યુગલોને નિશાન બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. હાઇકોર્ટે જણાવ્યું છે કે વ્યક્તિને પોતાની માન્યતા ધરાવવાનો અધિકાર છે અને બદલાવવાનો પણ અધિકાર છે અને તેમને પોતાની માન્યતા ગુપ્ત રાખવાનો પણ અધિકાર છે પરિણામે અદાલતે જણાવ્યું હતું કે ધર્માંતરણ કરતાં પહેલા ૩૦ દિવસ અગાઉ જિલ્લા મેજીસ્ટ્રેટને નોટિસ આપવાની જરુરીયાત તેમના પ્રાઇવસીના અધિકારને પ્રભાવિત કરશે. જો વ્યક્તિ પોતાની સ્વૈચ્છાએ પોતાનો ધર્મ બદલે તો વ્યક્તિ કોઇ તારીખ નક્કી કરી શકે નહીં કે આ દિવસે તે વ્યક્તિ આ ધર્મથી મટીને બીજા ધર્મને સ્વીકાર્યો છે. હાઇકોર્ટે જો કે કાયદાની અન્ય જોગવાઇઓની કાયદેસરતાને જાળવી રાખી છે.

સંસ્કાર સૌરભ

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે તે ગુનેગાર છે. - હદીસ બોધ

બોધ વચન

ઈર્ષા એટલે લઘુતાગ્રંથિનો પ્રવેશ. - વિક્ટર હ્યુગો

આજની આરસી

૬ જાન્યુઆરી ગુરૂવાર ૨૦૨૨
૨ જમાદિલઆખર હિજરી ૧૪૪૩
પોષ સુદ ચોથ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૬-૦૨
ખત્મે ઝવાલ ૧૨-૪૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૦૮

ગુરસુરિયું

બાઘાએ ઘરમાં ભૂલથી વીજળીના તારને અડકી લીધું... બાઘો નીચે પડી ગયો... બાઘો તડપી-તડપીને મરવા જેવો જ હતો કે, અચાનક તેને યાદ આવ્યું કે, વીજળી તો બે દિવસથી બંધ છે. પાછો ઊઠીને હસતા હસતા બોલ્યો : યાર... સારું થયું યાદ આવી ગયું, નહીં તો આજે તો હું મરી જ જાત સાલુ.

વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસોમાં વધારો : મહિલાનું મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરા શહેરમાં દિનપ્રતિદિન અલગ-અલગ રોગચાળાથી નિર્દોષ શહેરીજનો સપડાયા કરે છે. જેના કારણે તેઓએ શારીરિક, આર્થિક અને માનસિક નુકસાની વેઠવી પડી રહી છે. થોડા દિવસ પૂર્વે પાણીગેટમાં કોલેરાથી એક વૃદ્ધાનું મોત નીપજ્યું હતું ત્યારે આ ઘટનાના માંડ એક પખવાડિયામાં હવે પૂર્વ વિસ્તારમાં ઝાડ ઉલ્ટીથી સંક્રમિત એક મહિલાનું સયાજી હોસ્પિટલમાં મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે.

સયાજી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન આ મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, વાઘોડિયા રોડના વૈકુંઠ નજીક આવેલ એક ફ્લેટમાં રહેતી ૫૮ વર્ષીય મહિલા છેલ્લા કેટલાક દિવસોથી ઝાડા ઊલટીની ફરિયાદના કારણે માંદી પડી હતી. તેની શારીરિક તબિયત લથડી ગયા બાદ તેને સયાજી હોસ્પિટલના એક વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં મહિલાનું સારવાર વેળા મોત નીપજ્યું હતું. તબીબે જણાવ્યું હતું કે, ઝાડા, ઉલ્ટી અંતર્ગત દાખલ મહિલાના અલગ અલગ રિપોર્ટ પણ કાઢવામાં આવ્યા હતા. દરમિયાન સયાજી હોસ્પિટલ ખાતે મહિલાનું મરણ થતા અસરગ્રસ્ત વિસ્તારમાં ગંદુ પાણી આવતું હોવાની શક્યતાઓ વધી ગઈ છે. તો બીજી તરફ પાલિકાના એન્જિનિયરિંગ વિભાગે પણ હવે વાઘોડિયા રોડ સ્થિત વૈકુંઠની આસપાસના વિસ્તારોમાં યુદ્ધના ધોરણે પાણીના સેમ્પલો લઈ તથા જરૂર જણાય ત્યાં સુવેઝનું કોન્ટામીનેશન થતું હોય તો તે તાત્કાલિક બંધ કરી લોકહિતના પગલા લે તે અનિવાર્ય છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પૂર્વે પાણીગેટના હરીજનવાસ તથા જુનીગઢી વિસ્તારમાં પણ કોલેરા ખૂબ વ્યાપક પ્રમાણમાં વકર્યો હતો. તેની અસરમાં સપડાયેલા લોકોએ જમનાબાઈ તથા સયાજી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. જે પૈકી એક વૃદ્ધાનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. આ ઘટનાને હજુ પંદર દિવસ પણ થયા નથી ત્યાં શહેરમાં વધુ એક મહિલાએ કોલેરામાં દમ તોડયો છે.

કચ્છ ભાજપના આગેવાન ભાનુશાળી હત્યા કેસના આરોપી

પૂર્વ ધારાસભ્ય છબિલ પટેલને દિલ્હી લઈ જવાના મુદ્દે અધિકારીઓની પૂછપરછ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

કચ્છના ભાજપના આગેવાન જયંતિ ભાનુશાળીની હત્યા કેસના આરોપી પૂર્વ ધારાસભ્ય છબિલ પટેલને જેલમાંથી બહાર કાઢ્યા બાદ કારમાં દિલ્હી લઈ જવાયા હોવાના ચકચારી પ્રકરણની તપાસ માટે હેડક્વાર્ટરના અધિકારીઓની પૂછપરછ કરાઈ છે.

છબિલ પટેલને દિલ્હીના કેસની તારીખમાં હાજર કરવા માટે પાંચ દિવસ સુધી જાપ્તો લઈ જવાયો હોવાની અને તેમને પોલીસ વાનમાં નહીં પણ કારમાં દિલ્હી લઈ જવાયા હોવાની વિગતો બહાર આવતાં હેડક્વાર્ટરના પીએસઆઈ એ સી રાઠવા અને કોન્સ્ટેબલ વિરમ નાથાભાઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ પ્રકરણમાં પોલીસ કમિશનરે તપાસ સોંપતા ડીસીપી ડો.કરણરાજ વાઘેલાએ જેલનો જાપ્તો કોણે નક્કી કર્યો અને અગાઉ છબિલ પટેલને ક્યારે દિલ્હી લઈ જવાયો અને તે વખતે જાપ્તામાં ક્યા કર્મચારીઓને લઈ જવાયા હતા તેવા મુદ્દાઓની વિગતો મેળવવા તજવીજ કરી છે.તેમણે એસીપી,પીઆઈ અને અન્ય કર્મચારીઓની પૂછપરછ કરી હોવાની વિગતો જાણવા મળી છે.આ ઉપરાંત છબિલ પટેલને પરત ફરતી વખતે વિમાનમાં લવાયો હોવાની વિગતો બહાર આવતાં પોલીસે દિલ્હી એરપોર્ટના સીસીટીવી મેળવવા પણ તજવીજ કરી છે.

સુરત શહેરમાં કોરોનાના વધુ ૧૧૦ કેસ નોંધાયા : સંક્રમણ અટકાવવા નાગરિકોને અપીલ

(સંવાદદાતા દ્વારા)
સુરત તા.૪

રાજ્યમાં અમદાવાદ બાદ સુરત શહેરમાં કોરોના મહામારીના ત્રીજા તબક્કાની સંભવિત લહેરના ભણકારા સંભળાઈ રહ્યાં છે. મ્યુ. કમિ. બંછાનીધી પાની દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા માટે નાગિરકોને કરવામાં આવી રહેલી અપીલ વચ્ચે પણ મોટા ભાગના વિસ્તારોમાં ટોળે વળતાં નાગરિકો ખુલ્લેઆમ કોરોનાને નિમંત્રણ આપી રહ્યાં છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વેક્સિનેશનની કામગીરી વધારી દેવામાં આવી છે. ૧૫થી ૧૮ વર્ષની જૂથના વિદ્યાર્થીઓને વેક્સિનેશન કરાવવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે શહેરની વિવિધ શાળાઓ અને કોલેજોમાં વેક્સિનેશનની કામગીરી યથાવત હોવાનું તસવીરમાં દશ્યમાન થાય છે. **(તસવીર : અન્સારી તાહીર, સુરત)**

સુરતમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના વાયરસનું સંક્રમણ ડબલ થઈ રહ્યું છે. ગઈકાલે આજ સુધીમાં વીતેલા ૨૪ કલાકમાં સુરત શહેરમાં કોરોના સંક્રમણ ૪૧૫ નવા દર્દીઓ નોંધાયા હતા. જ્યારે આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં છેલ્લા ૧૬ કલાકમાં કોરોના વાયરસ સંક્રમણના નવા ૧૧૦ દર્દીઓ નોંધાયા છે. ગઈકાલે કોરોના સંક્રમિત ૧૮ દર્દીઓ સાજા થયાં હતા. હાલ ઓફલાઈન શૈક્ષણિક કાર્ય ચાલુ હોવાથી શાળાઓમાં હેલ્થ ચકાસણી દરમિયાન કોરોના સંક્રમિત થયેલા વિદ્યાર્થીઓ મળી આવે છે. જેથી જે તે શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ કરાવી દેવામાં આવે છે. રાંદેર અને અઠવા ઝોનમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતો જાય છે. જેને ધ્યાનમાં રાખીને મનપાના આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમિત રહેણાંક વિસ્તાર અથવા એપાર્ટમેન્ટ કલ્સ્ટર તરીકે જાહેર કરવામાં આવી રહ્યા છે. સુરત શહેરમાં ફરીથી કોરોના વાયરસે ભારે ઉપાડો લેતાં પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત મનપા કમિશનર સહિતના અધિકારીઓ હોસ્પિટલો સજ્જ કરાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં ગઈકાલે મંગળવારે બપોર સુધીમાં ૧૫૫ નવા કેસ નોંધાયા હતા જ્યારે આજે બુધવારે બપોર સુધીમાં ૧૧૦ કેસો નોંધાયા છે.

સુરત શહેરમાં ગતરોજ નવા ૪૧૫ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. આ કેસો સહિત આજદિન સુધી શહેરમાં ૧૧૩૩૭૫ પોઝિટિવ કેસો નોંધાયા છે. આજદિન સુધી શહેરમાં ૧૮ ઓમિકોનના પોઝિટિવ કેસો નોંધાયા છે. કોવિડ-૧૯ની મહામારી સામે રક્ષાત્મક કવચ સમાન વેકિસનનો પ્રથમ ડોઝ કુલ ૪૧૧૪૮ વ્યકિતઓએ અને બીજો ડોઝ કુલ ૧૦૪૧૦ વ્યકિતઓએ આજરોજ લીધો હતો.

વડોદરાના રસ્તાઓ પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત્ : મહિલા સહિત બે ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર થતો નથી. અવાર- નવાર રખડતા ઢોરના કારણે લોકોને ઈજાઓ થઈ રહી છે. આજે સવારે રસ્તા પર ગાય દોડાવતા પશુમાલિકના કારણે એક વાહનચાલકને ઈજા થઈ હતી. જ્યારે હરણીરોડ સવાદ ક્વાટર્સ પાસે પણ એક મહિલાને ગાયે શિંગડે ભેરવતા ઈજા થઈ હતી.

આજે સવારે આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે પશુમાલિક દ્વારા રોડ પરથી ગાયોને ભગાડવામાં આવતી હતી, તે દરમિયાન એક વાહનચાલક અડફેટે આવી જતા તે રોડ પર ફેંકાઈ ગયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. બનાવ સમયે પશુમાલિક સ્થળ પર જ હાજર હોય, ઈજાગ્રસ્ત વાહનચાલક અને પશુમાલિક વચ્ચે તકરાર શરૂ થઈ હતી. પશુમાલિકે ખર્ચના રૂપિયા આપવાની વાત કરી હતી. પરંતુ વાહનચાલકે પોલીસ કેસ કરવાની વાત કરી હતી. દરમિયાન પોલીસ આવી જતા પશુમાલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અન્ય એક બનાવમાં હરણીરોડ સવાદ ક્વાટર્સ પાસે આજે બપોરે એક મહિલાને ગાયે શિંગડે ભેરવતા તેઓને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારનો કરૂણ બનાવ

પિતાએ સિવણ ક્લાસ છોડી દેવાનું કહેતા દીકરીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રોજેરોજ મોડું થતું હોય તો સિવણ ક્લાસ છોડી દે એવું કહેતાં દીકરીને લાગી આવતાં ફાંસો ખાધો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૪

સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા સરદાર નગરમાં રહેતા પિતાએ સિવણ ક્લાસમાંથી ઘરે આવતા રોજ મોડું થતું હોય તો છોડી દે કહેતા ૧૯ વર્ષીય દીકરીએ એકલતાનો લાભ લઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. મૃતક દીકરીના પિતા અજયકુમાર પ્રસાદએ જણાવ્યું હતું કે, તેઓ બિહારના વતની છે. વર્ષોથી સુરતમાં જ રહે છે. મિસા સિક્યુરિટીમાં સુપરવાઈઝર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા આવ્યા છે. ખુશ્બુ પરિવારની એકની એક લાડકી દીકરી હતી. ખુશ્બુના આપઘાતને લઈ પરિવાર આઘાતમાં સરી ગયો છે. મંગળવારે નાના દીકરાનો ફોન આવ્યો ને કહ્યું ડેડી ખુશ્બુ સિવણ ક્લાસમાંથી હજી આવી નથી, ૪૫ મિનિટ થઈ ગઈ, શુંકરૂં. બસ સાંભળી હોંશ ઉડી ગયા હતા. કંપનીનો ગેટ પાસ બનાવી ઘરે આવવા નીકળ્યો ને થોડી જ વારમાં ફરી ફોન આવ્યો ડેડી બહેન આવી ગઈ છે. થોડી ચિંતા ઓછી થઈ પણ ઘરે જઈને દીકરીને એટલું જ કહ્યું કે, જો રોજ રોજ મોડું થતું હોય તો સિવણ ક્લાસ બંધ કરી દે. ત્યારબાદ હું નોકરી પર જવા નીકળ્યો ને પત્ની ખુશ્બુને લઈ આરામ કરવા રૂમમાં ચાલી ગઈ હતી. લગભગ ૩-૪ની વચ્ચે પત્ની બાથરૂમ ગઈ પરત આવી તો દીકરી પંખા સાથે ફાંસો ખાઈ લટકી રહી હતી. બુમાબુમ કરી દુપટ્ટો કાપી દીકરીને નીચે ઉતાર્યા બાદ નજીકના દવાખાને લઈ જતા મૃત જાહેર કરી દેવાઈ હતી. હજી કંપનીમાં પ્રવેશ જ કરૂં છું ને પત્નીનો ફોન આવ્યો તમે જલ્દી ઘરે આવી જાઉં. બસ આ સાંભળી કંઈક અનહોનીના સંકેત આવી ગયા હતા. સચિન જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

વડોદરાના સંગમ ચાર રસ્તા પાસે પાણીની લાઈનમાં લીકેજથી જળબંબાકાર

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરાના સંગમ ચાર રસ્તા પાસે દેવ દર્શન એપાર્ટમેન્ટ સામે મુખ્ય માર્ગ પર રિપેરીંગ દરમ્યાન વાલ્વનું વાયસર ફાટી જતાં પાણીની રેલમછેલથી જળ બંબાકારના દશ્યો સર્જાયા હતા. છેલ્લા બે-ત્રણ દિવસથી થયેલ લીકેજનું યોગ્ય સમયે મેન્ટેનસ નહીં કરાતા જળબંબાકારના આ દશ્યો સર્જાયા હતા. પાણી બચાવોની ઝુંબેશ ચલાવનાર વડોદરા કોર્પોરેશનનું તંત્ર યોગ્ય કાર્યવાહી કરીને પાણીનું લીકેજ અટકાવે તે જરૂરી છે. વડોદરામાં છેલ્લા કેટલાક દિવસથીની લાઈન લીકેજના બનાવો ઉપરા-છાપરી બની રહ્યા છે. સોમવારે દિવાળી પુરામાં પણ પાણીની લાઈનમાં ગાબડું પડતાં મેઈન રોડ પર હજારો લીટર પાણીનો જથ્થો વેડફાઈ ગયો હતો.

ધ્રાંગધ્રાના ચુલી ગામ પાસે અકસ્માતમાં રિક્ષામાં સવાર ત્રણનાં મોત : બે મહિલાને ગંભીર ઈજા

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા કચ્છ હાઈવે ઉપર ચુલી ગામ પાસે અકસ્માત સર્જાયો છે. સીએનજી રિક્ષાને કોઈ અજાણ્યા વાહને અડફેટે ઘટનાસ્થળે ત્રણ લોકોનાં મોત નિપજ્યા છે. રિક્ષામાં સવાર ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે મોત થયા હતા, જેમાં એક પુરૂષ અને બે મહિલાઓનો સમાવેશ થાય છે.

જ્યારે બે મહિલાઓને ગંભીર ઈજા પહોંચી હતી, જેને ૧૦૮ દ્વારા ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો, જેમાં એક મહિલાને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રિફર કરવામાં આવી હતી. બનાવની જાણ થતા ધ્રાંગધ્રા તાલુકા પોલીસ હોસ્પિટલ પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતમાં મૃત્યુ પામનાર તેમજ ઈજાગ્રસ્ત લોકો ધ્રાંગધ્રા તાલુકાના જીવા ગામના છે. ખાનગી કંપનીમાં કામ કરતા આ મહિલાઓ કામ કર્યા બાદ પરત ફરતા હતા ત્યારે આ ઘટના બની હતી.

આ મામલે ધ્રાંગધ્રા ડીવાયએસપી અને પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ મામલે આગળની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે હાઈવે ઉપરના સીસીટીવી ફૂટેજના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અકસ્માતના મૃતકો

(૧) હિતેશ પ્રભુભાઈ સાબરિયા (ઉં.વ.૧૯)
(૨) નંદુબેન ઘનશ્યામભાઈ પરમાર (ઉં.વ.૧૯)
(૩) પુષ્પાબેન મનસુખભાઈ વાણિયા (ઉં.વ.૧૮)

સુરેન્દ્રનગરના વસ્તડી ગામે પાણી ન મળતાં ખેડૂતોએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી

ગામમાંથી નર્મદા કેનાલ પસાર થતી હોવા છતાં ખેડૂતોને પિયત માટે તંત્ર દ્વારા પાણી અપાતું નથી

સુરેન્દ્રનગર, તા.૫

વઢવાણ તાલુકાના વસ્તડી ગામે બોટાદ બ્રાન્ચ કેનાલમાંથી પાણી આપવા બાબતે ખેડૂતો અને નર્મદા વિભાગ વચ્ચે વિવાદ થતા જોરાવરનગર પોલીસ દ્વારા ગેરકાયદે પાણી ન ઉપાડવાની ચેતવણી અપાતા ખેડૂતોએ સુકાતા મોલ માટે કેનાલમાંથી પાણી ન અપાય તો ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની સાથે આત્મવિલોપનની ચીમકી આપેલ હોવાનું જાણવા મળે છે.

(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર નર્મદા વિભાગ દ્વારા જોરાવરનગર પોલીસમાં અરજી આપીને બોટાદ બ્રાન્ચ કેનાલમાંથી ખેડૂતો ગેરકાયદે પાણી વાળીને વોડોદ ડેમ ભરતા હોવાથી આગળ બોટાદ સુધી પાણી પહોંચતુ ન હોવાની રજૂઆત કરીને વાડીમાં પાણીચોરી અટકાવવાની માંગ કરેલ હતી નર્મદા વિભાગના કહેવા મુજબ વસ્તડી ડેમ ભરેલો હોવા છતા ખેડૂતો વાલ્વ ખોલીને કેનાલમાંથી નિયમ વિરૂદ્ધ પાણી ડેમમાં વાળી રહ્યા છે આથી જોરાવરનગર પી.એસ.આઈ ખેડૂતોને ગેરકાયદેસર રીતે કેનાલમાંથી પાણી ન ઉપાડવાની ચીમકી આપીને પાણી માટે સરકારમાં રજૂઆત કરવા કહેવામાં આવતા વસ્તડીના ખેડૂતોમાં રોષની લાગણી ફેલાવા પામેલ હતી. ગઈકાલે જોરાવરનગર પોલીસ દ્વારા બોટાદ બ્રાન્ચ કેનાલમાંથી વસ્તડીના ખેડૂતોને ગેરકાયદેસર રીતે પાણી ન ઉપાડવા માટે ચેતવણી આપવામાં આવતા ખેડૂતોએ વડોદડેમ નર્મદાના પાણીથી બે મીટર જેટલો ભરી દેવામા નહિ આવે તો ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો સાથે સામુહિક આત્મવિલોપનની ચીમકી આપવામા આવેલ છે.

સાર્વજનિક હાઈસ્કૂલ ખાનપુરદેહમાં કોરોના રસીકરણ કાર્યક્રમ યોજાયો

કોરોના રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સાર્વજનિક હાઈસ્કૂલ ખાનપુરદેહમાં (કોવિડ વેક્સિનેશન) કાર્યક્રમ સરકારના આદેશ મુજબ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક રસીકરણ કરાવ્યું હતું. ૧૫થી ૧૮ વર્ષની વયના કુલ ૯૮ વિદ્યાર્થીઓમાંથી ૮૦ વિદ્યાર્થીઓએ રસીકરણ કરાવ્યું હતું.

વીરપુરની શેઠ કે.સી. આર્ટસ કોલેજની વિદ્યાર્થિની મહેરા મિત્તલની ગોલ્ડ મેડલ માટે પસંદગી

વીરપુર, તા.૫

વીરપુર તાલુકાની વિરપુર કેળવણી મંડળ સંચાલિત શેઠ કે.સી.આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ગોવિંદગુરૂ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં ગોલ્ડ મેડલ માટે પસંદગી પામતાં મહિસાગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે તાલુકાના બાર ગામની મહેરા મિતલબેન વિક્રમભાઈ કે.સી.શેઠ આર્ટસ કોલેજમાં બીએ (Sem-6) ગુજરાતી વિષયમાં ગોવિંદગુરૂ યુનિવર્સીટી દ્વારા સુવર્ણચંદ્રક (ગોલ્ડ મેડલ) માટે પસંદગી પામી છે મહેરા મિત્તલબેન તા.૧૭/૦૧/૨૦૨૨ના રોજ સુવર્ણચંદ્રક મેળવવા ગોવિંદગુરૂ યુનિવર્સિટીએ આમંત્રિત કરેલ છે શેઠ કે.સી.આર્ટસ કોલેજ તાલુકા અને મહીસાગર જિલ્લાના ગૌરવ સમાન હોઈ મહેરા મિતલ બેન તેમના પરિવારને તેમજ શેઠ કે.સી.આર્ટસ કોલેજના ગુજરાતી વિભાગ પ્રાધ્યાપક સોનલ પ્રજાપતિ, કોલેજના આચાર્ય સુજીત ત્રીપાઠી અને કેળવણી મંડળ પ્રમુખ અને મંત્રી દિલીપ શુક્લએ મિત્તલના ઉજ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

ધોળકામાં સમસ્ત મુસ્લિમ સમાજનો ૧૦મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ધોળકા, તા. ૫

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટ દ્વારા સમસ્ત મુસ્લિમ સમાજના ૧૦માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરમાંથી જોડાયેલા ૪૯ મુસ્લિમ યુગલોને મૌલાના સલીમ અશરફી એ નિકાહ પઢાવ્યા હતા. આ પ્રસંગે સમારંભનાં અધ્યક્ષસ્થાને પધારેલા પીરે તરીકત હાજી હુસનુદ્દીનમિયાં એમ. હુસેની સાહેબે નવયુગલોનાં સુખી દામ્પત્ય જીવન માટે ખાસ દુવા કરી હતી. મુખ્ય મહેમાન તરીકે પધારેલા વાંકાનેરનાં ધારાસભ્ય મહંમદજાવેદ પિરઝાદા એ ઉપસ્થિત મુસ્લિમ સમુદાયના લોકોને ધાર્મિક શિક્ષણની સાથે સાથે દુન્યવી શિક્ષણ મેળવવા હાકલ કરી હતી. તેમણે વકફની જમીનો ઉપર સ્કૂલો અને હોસ્પિટલો બાંધી વકફની મિલકતોનો સમાજ માટે ઉપયોગ કરવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે પધારેલા મોઈનઅહેમદ મંજુરહુસેન પિરઝાદા (સંચાલક : એસ.એમ.પી. ગ્રુપ , વાંકાનેર)એ પણ સામાજિક પ્રવૃત્તિઓ થકી સમાજની બને એટલી વધુમાં વધુ સેવા કરવા અને ખાસ કરીને ભૂખ્યા લોકો માટે નાત, જાત કે કોમના ભેદભાવ વિના સવાર-સાંજ લંગર ચાલુ કરવા હાકલ કરી હતી. સૈયદ વસીમઅહેમદ હુસેની બાવા સાહેબે પણ આ નિમિત્તે ખાસ હાજર રહ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં દુલ્હનોને સખીદાતાઓનાં આર્થિક સહયોગ થી પલંગ, તિજોરી , રસોડા સેટ સહિત ૫૫ જેટલી ચીજ વસ્તુઓ ભેટ તરીકે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સખીદાતાઓ, શુભેચ્છકો અને અંજુમનનાં ટ્રસ્ટીઓ અને મેમ્બરો એ ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : મોહંમદી કાંટાવાલા, ધોળકા)

સાબરકાંઠામાં ૩૮,૮૯૪ નવા મતદારો નોંધાયા

હિંમતનગર, તા.૫

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં ૧૮થી ૧૯ વર્ષની વયજૂથના ૨૯,૬૦૬ મતદારો નોંધાયેલું છે, જેથી નવીન પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ૫,૬૧,૦૩૭ પુરૂષ મતદારો, ૫,૩૩,૧૨૨ સ્ત્રી મતદારો અને ૩૧ અન્ય જાતિના મતદારો મળી કુલ ૧૦,૯૪,૧૯૦ મતદાર યાદીમાં નોંધાયેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ ૨૭ હિંમતનગર વિધાનસભા મતવિસ્તારમાં ૭૭૪૫, ૨૮ ઈડર, ૯૬૧૩, ૨૯ ખેડબ્રહ્મા ૧૩,૩૦૨ અને ૩૩ પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તારમાં ૮૨૩૪ મળી કુલ ૩૮,૮૯૪ નવા મતદારો નોંધાયા છે.

નડિયાદના નાનાવગા ગામે ચૂંટણીની અદાવતમાં ધારિયા વડે હુમલો કરાયો

નડિયાદ, તા.૫

નડિયાદના નાનાવગા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અમારા વિરૂદ્ધ કેમ પ્રચાર કર્યો તેમ કહી એક શખ્સે એક વ્યક્તિ પર ધારિયા વડે હુમલો કર્યો છે. આ બનાવ સંદર્ભે નડિયાદ ગ્રામ્ય પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. મળતી માહિતી મુજબ નડિયાદ તાલુકાના નાનાવગા ગામે રહેતા ૩૪ વર્ષિય ગોપાલ રામસિંહ સોઢા પોતે એસટી વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ તેઓ ગામની દૂધ મંડળી પાસે આવેલ દુકાને ગયા હતા. આ દરમિયાન ગામમાં રહેતા શનાભાઈ અમરાભાઈ સોઢા ત્યાં ધસી આવી ગોપાલને જણાવ્યું કે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અમારા વિરૂદ્ધ કેમ પ્રચાર કર્યો તેમ કહી અપશબ્દો બોલવા લાગ્યો હતો. ગોપાલે અપશબ્દો બોલવાની ના પાડતા શનાભાઈ ઉશ્કેરાઈ ગયા અને એકાએક શનાભાઈ પોતાના ઘરેથી ધારીયું લઈ આવી ગોપાલ પર હુમલો કર્યો હતો. જોકે ગોપાલ એકાએક નીચે નમી જતાં આ ધારિયાની ચાંચ હાથ પર વાગી ગઈ હતી.

પ્રાંતિજ પંથકમાં કોરોનાની પુનઃ દસ્તક, ત્રણ કેસ નોંધાયા

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને ધડકણમાં એક-એક કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. તો તલોદના ગોરાઆંજણા ગામે પણ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતુ થયું હતું. જિલ્લામાં કોરોના પોઝિટિવ ત્રણ કેસો નોંધાતા તંત્ર ધંધે લાગી ગયું છે. જેમાં પ્રાંતિજ વ્હોરવાડમાં ૪૪ વર્ષિય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તો પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામે પણ ૨૯ વર્ષિય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પ્રાંતિજ સ્થાનિક આરોગ્ય વિભાગ દોડતુ થયું હતું. તો તલોદના ગોરાઆંજણા ખાતે પણ ૪૪ વર્ષિય પુરૂષનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. હવે તંત્ર શું પગલાં ભરે છે. તેના ઉપર લોકોની મીટ મંડાયેલી છે. અત્રે નોધનીય છે કે, જિલ્લામાં અત્યાર સુધીમાં ૭,૧૫૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં ૧૫૪ કોરોનાથી મોત થયા છે.

અટક બદલેલ છે

મારી જૂની અટક
ચાહવાલા ઇમરાન ઇકબાલ
હતી જે બદલીને નવી અટક
મલેક ઇમરાન ઇકબાલ
રાખેલ છે. જેની સર્વે નોધ લેશો.

સરનામું :- માંડવ ફળિયું જુમ્મા મસ્જિદ પોસ્ટ. જબુંસર તાલુકા. જબુંસર જિલ્લો. ભરૂચ પીન.૩૯૨૧૫૦ ગુજરાત.ઈન્ડિયા

GUJARAT STATE WAQF BOARD
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar.
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર - ૮, ગાંધીનગર.
૨૬૪/૨૦૨૨

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬
વિષય :- "અલ-હસન વકફ ટ્રસ્ટ"
ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **મોહંમદઐયુબ અબ્દુલ્લા હસન મુ.ગોધરા, જિ.પંચમહાલ**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વકફ જંગમ/ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ -૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

ગામ/મુ.પો./ઠે	તાલુકો અને જિલ્લો	મિલકતનો પ્રકાર	સર્વે નં/મિલકત નં.	ચો.મી.
મુ.પો. ગોધરા,	તા.ગોધરા, જિ.પંચમહાલ.	ખાનગી પ્લોટ,	રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૨,	૮૯-૩૫,
		ખાનગી પ્લોટ,	રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૩,	૮૭-૫૯,
		ખાનગી પ્લોટ,	રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૪,	૧૫૫-૫૬,

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયમર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એચ.ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

સંસ્કાર સૌરભ

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે તે ગુનેગાર છે. - હદીસ બોધ

બોધ વચન

ઈર્ષા એટલે લઘુતાગ્રંથિનો પ્રવેશ. - વિક્ટર હ્યુગો

આજની આરસી

૬ જાન્યુઆરી ગુરૂવાર ૨૦૨૨
૨ જમાદિલઆખર હિજરી ૧૪૪૩
પોષ સુદ ચોથ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૬-૦૨
ખત્મે ઝવાલ ૧૨-૪૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૦૮

ગુસ્તુપ્તિયું

બાઘાએ ઘરમાં ભૂલથી વીજળીના તારને અડકી લીધું... બાઘો નીચે પડી ગયો... બાઘો તડપી-તડપીને મરવા જેવો જ હતો કે, અચાનક તેને યાદ આવ્યું કે, વીજળી તો બે દિવસથી બંધ છે. પાછો ઊઠીને હસતા હસતા બોલ્યો : યાર... સારું થયું યાદ આવી ગયું, નહીં તો આજે તો હું મરી જ જાત સાલુ.

ગુજરાત હાઈકોર્ટના કોર્ટ રૂમમાં સરકારી અધિકારીઓ હાજર રહેતા ચીફ જસ્ટિસ નારાજ, SOPનું પાલન કરવા આદેશ

હાઈકોર્ટમાં માત્ર વકીલોને જ પ્રવેશની ગાઈડલાઈન હોવા છતાં પણ અધિકારીઓ હાજર રહ્યા : કોરોનાના કેસો વધતા વકીલ મંડળે માત્ર ઓનલાઈન સુનાવણી જ હાથ ધરવા માટે ચીફ જસ્ટિસને કરી રજૂઆત

અમદાવાદ, તા.૫

ગુજરાત હાઈકોર્ટમાં કોરોના અંગેની માર્ગદર્શિકા (એસઓપી) હોવા છતાં કોર્ટ રૂમમાં બે સરકારી અધિકારીઓ હાજર રહેતાં ચીફ જસ્ટીસે નારાજગી વ્યક્ત કરી હતી અને સરકારી વકીલને ટકોર કરી હતી માત્ર વકીલોને જ હાજર રહેવાની માર્ગદર્શિકા હોવા છતાં કેમ અધિકારીઓને હાજર રાખવામાં આવ્યા છે. બીજી બાજુ વકીલ મંડળે આજે ચીફ જસ્ટીસ સાથે મુલાકાત કરીને માત્ર ઓનલાઈન સુનાવણી જ ચાલુ રાખવાનો અનુરોધ કર્યો હતો. કોરોનાના વધી રહેલા કેસોને ધ્યાનમાં લઈને વકીલ મંડળ દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ બુધવારના રોજ ગુજરાત હાઈકોર્ટમાં એક કેસની સુનાવણી થઇ રહી હતી તે દરમિયાન ચીફ જસ્ટીસના ધ્યાને આવ્યું હતું કે, બે સરકારી અધિકારીઓ કોર્ટ રૂમમા હાજર છે. કોર્ટે આ અધિકારીઓ કોણ છે તેની માહિતી મેળવીને સરકારી વકીલને ટકોર કરી હતી કે, સરકારી અધિકારીઓને કોર્ટમાં શા માટે બોલાવ્યા ? કોર્ટમાં માત્ર વકીલોને જ પ્રવેશ માટે પરવાનગી છે, તો તેઓ અહીં કેમ આવ્યા ? જો અધિકારીઓને કોરોના લક્ષણો નહીં હોય તો તેઓને ખબર પણ નહીં હોય કે એ સંક્રમિત છે અને એનું સંક્રમણ બીજાને પણ લાગી શકે છે. સંક્રમણ ફેલાતું અટકે એટલે નિયંત્રણો લાદવા પડ્યા છે, એવામાં અધિકારીને કોર્ટરૂમમાં બોલાવવાની શુ જરૂર ? કોર્ટની ટકોર બાદ સરકારી વકીલે કોર્ટની માફી માંગીને હવે તકેદારી રખાશે એવી ખાતરી આપી હતી. રાજ્યમાં અને અમદાવાદમાં વધી રહેલા કોરોનાના કેસોને જોતાં ગુજરાત હાઇકોર્ટમાં સતર્કતા રાખવામાં આવી રહી છે. આજથી ગુજરાત હાઈકોર્ટમાં પ્રવેશ માટે ગેટ નંબર ૫ સિવાય તમામ ગેટ બંધ કરી દેવાયા છે. તેમજ માત્ર વકીલોને કોર્ટમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. કોર્ટની કેન્ટીન પણ બંધ કરી દેવામાં આવી છે. તેની સાથે સાથે અમદાવાદની નીચલી કોર્ટમાં પણ સતર્કતા માટે સૂચનો જારી કર્યાં છે. અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં તકેદારી રાખવા માટે કેટલાંક મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવ્યાં છે. જેમાં પક્ષકારોને અનિવાર્ય સંજોગો સિવાય કોર્ટમાં ન આવવાનું કહેવામાં આવ્યું છે. એની સાથે સાથે પક્ષકારો અને વકીલોને કેસને લગતા દસ્તાવેજો-કાગળો ડ્રોપ બોક્સમાં મૂકવા માટે વિનંતિ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મહામારીને કારણે આ પહેલા ૧૭ મહિના સુધી હાઈકોર્ટમાં વર્ચ્યુઅલ હિયરિંગ ચાલ્યું હતું. ત્યારબાદ ૧૭ ઓગસ્ટથી ફિઝિકલ હિયરિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

આ મામલે અમદાવાદ બાર એસોસિએશન તથા સ્મોલ કોર્ટ બાર એસોસિએશન તરફથી વકીલોને વર્તમાન પરિસ્થિતિને લઈને માહિતગાર કરવામાં આવ્યા છે. શહેરમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસ બમણા થઈ રહ્યા છે તેમજ માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં પણ કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે. કોર્ટ પરિસરમાં લોકોની અવરજવર પણ વધી રહી છે. એ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જેથી ૨૦ જાન્યુઆરી સુધી બંને પક્ષકારો અને વકીલની સંમતિથી જ કેસ ચલાવવા, કોઈ વકીલની ગેરહાજરીમાં કેસ ન ચલાવવા અને એકતરફી આદેશો ન કરાવવા માટે સૂચના અપાઈ છે. આ ઉપરાંત સાક્ષીને કોર્ટમાં બોલાવવા આગ્રહ ન રાખવા માટે કહેવામાં આવ્યું છે.

ખરાબ હવામાનને કારણે દ્વારકાનું જહાજ ઈરાનમાં ડૂબ્યું

લાઈફબોટ દ્વારા તમામ કર્મચારીઓનો બચાવ થયો હતો

અમદાવાદ,તા.૫

દ્વારકાના સલાયાનું વહાણ ખરાબ હવામાનના કારણે ડૂબ્યું છે. ફેઝે તાઝુદિન બાબા-૨ નામના વહાણે ઈરાનના દરિયામાં જળસમાધિ લીધી હતી. આ વહાણ અંદાજિત ૬ કરોડની કિંમત ધરાવતું અને ૧૦૦૦ ટનવાળી કેપેસિટી ધરાવતું હતું. આ વહાણમાં ૧૦ જેટલા ખલાસીઓ સવાર હતા. વહાણમાં સવાર તમામ ખલાસીઓનો આબાદ બચાવ થયો હતો. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ આ ઘટના બની હતી. ફેઝે તાઝુદિન બાબા-૨ નામનું જહાજ મુન્દ્રાથી ખાંડ ભરીને નીકળ્યું હતું. આ જહાજ દ્વારકાના સલાયા ગામના રહેવાસી હસન કાસમ ભોકલ નામના વેપારીનું હતું. આ જહાજ ૧૦૦૦ ટનની કેપેસિટી ધરાવતુ હતું. જેની કિંમત ૬ કરોડ રૂપિયા હતી. ૨૫ ડિસેમ્બરના રોજ જહાજમાં ખાંડ ભરવામાં આવી હતી અને જહાજ ઈરાન જવા નીકળ્યુ હતું. ત્યારે જ મંગળવારે વહેલી સવાર આ ઘટના બની હતી. મંગળવારે સવારે ઈરાનના દરિયામાં વાતાવરણ બગડ્યુ હતું. ખરાબ હવામાનને કારણે જહાજ ડગમગવા લાગ્યુ હતું. જેથી તેમાં સવાર ૧૧ ખલાસીઓ સલામત રીતે બહાર નીકળી ગયા હતા. લાઈફબોટ દ્વારા તમામ કર્મચારીઓનો બચાવ થયો હતો. તેના બાદ જહાજે દરિયામાં જળસમાધિ લીધી હતી.

રાજ્યની ૭ યુનિવર્સિટીઓને સેન્ટર ઓફ એક્સેલન્સના સર્ટિફિકેટ અપાયા

યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર-પ્રતિનિધિઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂટશનના ઉદ્‌ઘાટન સમારંભ પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યની સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો મેળનારી ૭ ખાનગી યુનિવર્સિટીના કુલપતિ-પ્રતિનિધિઓને સેન્ટર ઓફ એક્સેલન્સના સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્યની જે ૭ યુનિવર્સિટીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. તેમાં અમદાવાદની અમદાવાદ યુનિવર્સટી, સેપ્ટ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, ચાંગાની ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરની ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, પંડિત દિન દયાળ યુનિવર્સિટી અને રાજકોટની મારવાડી યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકાર દ્વારા આ તમામ સાત યુનિવર્સિટીઓને અગાઉ સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તાજેતરમાં શિક્ષણ વિભાગે નોટિફિકેશન બહાર પાડ્યા બાદ બુધવારે સાયન્સ સિટી ખાતે યોજાયેલી એજ્યુકેશન સમિટમાં આ તમામ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર અથવા તો તેમના પ્રતિનિધિઓને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણી સહિતના અન્ય મંત્રીઓ અને અધિકારીઓના હસ્તે સેન્ટર ઓફ એક્સેલેન્ટરના સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

LDCE અને ઈન્વર્સ સેમિકન્ડક્ટર કંપની વચ્ચે એમઓયુ

અમદાવાદ, તા.૫

અમદાવાદ સાયન્સ સિટી ખાતેની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂટમાં લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરિંગ (LDCE) અને ઈન્વર્સ સેમિકન્ડક્ટર કંપની વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. રાજ્યમાં હાઈ અને RISC-V(Reduced Instruction Set Computer)ટેસ્ટિંગ લેબ પ્રસ્થાપિત કરવા હેતુ થી આ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ ટેસ્ટિંગ લેબ આઈ.ટી.એમ ચેન્નઈ ના સહયોગથી કાર્યરત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ આ પ્રકારનું ટેસ્ટિંગ કરાવવા સેમ્પલ ચીન મોકલવું પડે છે. પરંતુ હવે આ એમઓયુ થકી RISC-V ગુજરાતમાં ઉપલબ્ધ બનશે.

કોન્ટ્રાક્ટર એસો.ની લડતને બિલ્ડર્સ એસો.નો ટેકો

અમદાવાદ, તા.૫

ગુજરાત કોન્ટ્રાક્ટ એસોસિએશન દ્વારા બાંધકામમાં વપરાતા વિવિધ માલ સામાનના અસહ્ય ભાવ વધારાના કારણે સમગ્ર રાજ્યમાં કોન્ટ્રાક્ટર્સ અભૂતપૂર્વ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા છે અને ગંભીર નુકસાન વેઠી રહ્યા છે, જે સામેની લડતમાં બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના કોન્ટ્રાક્ટર સભ્યો પણ જોડાશે. બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નિમેષ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત કોન્ટ્રાક્ટર એસોસિએશનની લડતમાં બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ ખભેખભો મિલાવીને સાથે રહેવાનો સંકલ્પ જાહેર કર્યો છે.

HDFC બેન્ક દ્વારા AIC STPINEXT સાથે ઓમઓયુ

અમદાવાદ, તા.૫

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી બાબતોના કેન્દ્રીય મંત્રાલય (MeitY) હેઠળના સંગઠન સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા (STPI)ના એક સ્પેશિયલ પર્પઝ વ્હિકલ AIC STPINEXT ઈનિશિયેટિવ સાથે એચડીએફસી બેન્ક દ્વારા એમઓયુ કરવામાં આવ્યું છે. આ એમઓયુ કરવા પાછળનો હેતુ સ્ટાર્ટ-અપ્સની તમામ બેન્કિંગ જરૂરિયાતો પૂરી કરવાનો તથા સ્માર્ટઅપ પ્રોગ્રામ હેઠળ તેમને મૂલ્ય-વર્ધિત સેવાઓ પૂરી પાડવાનો છે.

ઈન્ડિયન ગેસ એક્સચેન્જે માસિક ૧૩૪ ટકાની વૃદ્ધિ નોંધાવી

અમદાવાદ, તા.૫

ઈન્ડિયન ગેસ એક્સચેન્જે આગામી ત્રણ મહિનાઓની ડિલિવરીના વોલ્યુમ સહિત ડિસેમ્બર, ૨૦૨૧માં ૧૮,૩૯,૯૫૦ એમએમબીટીયુ વોલ્યુમની ટ્રેડિંગ પૂર્ણ કરી ૧૩૪ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. એક્સચેન્જે માસિક, પખવાડિક, સાપ્તાહિક, દૈનિક તથા આગામી ત્રણ મહિનાના ડે-અહેડ કોન્ટ્રાક્ટ્સમાં ૫૦ ટ્રેડ નોંધાવ્યા હતા. ૧ ડિસેમ્બર, ૨૧ના રોજ ૫,૫૪,૧૫૦ એમએમબીટીયુના એક જ દિવસમાં સૌથી વધુ ટ્રેડની સિદ્ધિ હાંસલ કરી હતી.

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited)and amalgamated with IDFC Bank Limited)
CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road, Chetpet, Chennai-600031. TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
Authorized Officer – Satyendra Maurya Contact Number- 8306001848
Authorized Officer – Debjyoti Roy Contact Number- 9874702021

એપેન્ડિક્સ - IV-A (જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ)
સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે દેણદાર(રો)ને અને જામીનદાર(રો)ને ખાસ અને જાહેર જનતાને સામાન્ય રીતે નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ફિઝિકલ કબજો આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઇ છે તે છે'** તે આધારે **૯મી ફેબ્રુઆરી, ૨૦૨૨**ના રોજ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે **૧.ઓમ સાંઈનાથ જરી ૨. અશોકકુમાર બાલકૃષ્ણ જરીવાલા અને ૩) નીતાબેન અશોકકુમાર જરીવાલા** પાસેથી લેવાના થતા **રૂ. ૨૮,૭૦,૫૮૭.૭૫/-** ની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. રિઝર્વ કિંમત **રૂ.૧૮,૭૨,૦૦૦ /-** અને અર્નેસ્ટ મની ડિપોઝીટ **રૂ.૧,૮૭,૨૦૦/-** રહેશે.

ગીરવે મિલ્કતનું વર્ણન

સ્થાવર મિલકત, ફ્લેટ નંબર ૪૦૧ અને ૪૦૨ કે જેનું ક્ષેત્રફળ, ૧૩૦૦.૦૦ ચો. ફૂટ, એટલે કે ૧૪૪.૪૪ ચો. યાર્ડસ, એટલે કે ૧૨૦.૭૭ ચો. મી., સુપર બિલ્ટ અપ એરિયા અને ક્ષેત્રફળ ૭૨.૦૯ ચો.મી., બ્લિટ અપ એરીયા ની મિલકતના વણ વહેંચાયેલો હિસ્સો ની ગ્રાઉન્ડની જગ્યાનું ક્ષેત્રફળ ૨૪.૩૬ ચો.મી. ચોથા માળે, "તુલસી વિલા એપાર્ટમેન્ટ", માં આવેલી જમીન પર આવેલ ગોપીપુરા લીમડી કુઈ મારવાડી એરીયા, સુરત શહેર, જીલ્લો : સુરત, ગુજરાત, પેટા જિલ્લો અને તાલુકો ચોર્યાસી જેના સર્વે નં. વોર્ડ નં.૧૦, સિટી સર્વે નોંધ નં. ૧૧૧૯/૭ અને ૧૧૨૦ જેનું ક્ષેત્રફળ ૧૨૨.૩૫.૩૭ ચો.મી. અને ૫૫.૧૮.૪૫ ચો.મી. ટોટલ ક્ષેત્રફળ ૧૭૩.૫૨.૮૫ ચો.મી. જમીનના સરખા હિસ્સા કર્યા પછી બાકીની જમીન ૧૫૪.૦૯ ચો.મી પૈકી.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડની વેબસાઈટ www.idfcfirstbank.com પર આપેલ લિંક જુઓ.

તારીખ : ૦૬-૦૧-૨૦૨૨
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited) CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તા.૨૫-૦૧-૨૦૨૨ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ	(i) ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	(ii) દેણદાર(રો) અને સહદેણદારર(રો)નાં નામ	(iii) મિલકતનું સરનામું	(iv) રિઝર્વ કિંમતની રકમ	(v) ઈએમડી રકમ	(vi) હરાજીની તારીખ અને સમય	(vii) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નં.
૧	૩૩,૯૫,૨૦૦.૭૬ ૦૯ માર્ચ ૨૦૧૮	શ્રી કાંતિભાઈ બંસીલાલ રાવલ, શ્રી સમુ બંસીલાલ બ્રાહ્મણ અને શ્રી બંસીલાલ શોગજીભાઈ રાવલ	યુનિટ નં. ૧૦, વૃંદાવન ડુપ્લેક્સ, રામનગર સોસાયટીની અંદર, નાંદેજ ક્રોસિંગ પાસે, નાંદેજ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૩૫	૨૨,૬૪,૭૬૦/-	૨,૨૬,૪૭૬/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧
૨	૧૮,૫૮,૧૯૭.૮૨ ૨૯ ડિસેમ્બર ૨૦૧૮	આશિષ દેવીદાસ ભાવસાર અને નીતુબેન નટવરભાઈ નાયર	યુનિટ નં. ૦૭, ગીરીરાજ પાર્ક, નાંદેજ ગામ પાસે, નાંદેજ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૩૫	૧૧,૮૯,૦૮૦/-	૧,૧૮,૯૦૮/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૦૬.૦૧.૨૦૨૨
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited) CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તા. ૨૫-૦૧-૨૦૨૨ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ	(i) ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	(ii) દેણદાર(રો) અને સહદેણદારર(રો)નાં નામ	(iii) મિલકતનું સરનામું	(iv) રિઝર્વ કિંમતની રકમ	(v) ઈએમડી રકમ	(vi) હરાજીની તારીખ અને સમય	(vii) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નં.
૧	૧૦,૯૧,૯૦૩.૮૬ ૨૯ ડિસેમ્બર ૨૦૧૮	નિમિષાબેન પાર્થિવભાઈ પટેલ અને પાર્થિવકુમાર વિનુભાઈ પટેલ	જે તે તમામ ભાગ અને પાર્સલ ના જમીન અને મકાન પર ધરાવતું બિનખેતી પ્લોટની જમીન નો મોજે વાડી, વડોદરા ની જમીનમાં ધરાવતું સી.એસ.સર્વે વિભાગ-એ,ટિક્કા નં. ૮/૨,સી.એસ. નં.૧૧૦, ૧૧૨,૧૧૩, "સત્યમ ફ્લેટ્સ" તરીકે ઓળખાતું, ત્રીજો માળ,ફ્લેટ નંબર ૩૦૧, બાંધકામ ની જાહેર માપણી ૩૯.૮૦ ચોરસ મીટર ખાતે નો નોંધણી જિલ્લો અને પેટા-જિલ્લો વડોદરા.	૧૦,૨૧,૫૦૦/-	૧,૦૨,૧૫૦/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧
૨	૧૦,૧૦,૮૨૭.૯૮ ૦૩ માર્ચ ૨૦૧૮	શિતલ અરવિંદભાઈ કહાર અને અરવિંદકુમાર જે કહાર	સ્થાવર મિલકત પર ધરાવતો ફ્લેટ નંબર ૧૦૪, જાહેર માપણી ૫૫.૫૫ ચોરસ મીટર,સુપર બિલ્ટ અપ વિસ્તાર ના "સાઈ સુધા રેસિડેન્સી" માં સ્થિત જમીન પર ધરાવતો રેવન્યુ સર્વે નંબર ૨૧૭ પૈકી ૧ ની જાહેર માપણી ૧૦૩૧ ચોરસ મીટર અને રેવન્યુ/બ્લોક સર્વે નં. ૨૧૭ પૈકી ૨ ની જાહેર માપણી ૨૮૪ ચોરસ મીટર ની સિમ ના ગામમાં પ્રતાપપુરા, પેટા જિલ્લોઃ હાલોલ,નોંધણી જિલ્લો પંચમહાલ	૬,૮૦,૪૦૦/-	૬૮,૦૪૦/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૦૬.૦૧.૨૦૨૨
સ્થળ : ગુજરાત

અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

IDFC FIRST BANK LIMITED IDFC FIRST Bank
(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited) CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** તા. ૨૫-૦૧-૨૦૨૨ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ	(i) ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	(ii) દેણદાર(રો) અને સહદેણદારર(રો)નાં નામ	(iii) મિલકતનું સરનામું	(iv) રિઝર્વ કિંમતની રકમ	(v) ઈએમડી રકમ	(vi) હરાજીની તારીખ અને સમય	(vii) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નં.
૧	૨૧,૧૬,૭૯૭.૩૨ ૧૩ એપ્રિલ ૨૦૧૮	મુકેશકુમાર ઉકાભાઈ સાવલીયા અને પીનલબેન મુકેશભાઈ સાવલીયા	પ્લોટ નંબર ૨, અમૃત રેસીડેન્સી, વિભાગ - ૩, ગામ - અંત્રોલી, તાલ - કામરેજ, જિ.-સુરત, ગુજરાત - ૩૯૪ ૧૫૦	૯,૮૬,૪૦૦/-	૯૮,૬૪૦/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧
૨	૨૨,૨૭,૩૩૮.૦૧ ૯ નવેમ્બર ૨૦૧૯	પરેશ જે બરવાળીયા અને રેખાબેન પરેશભાઈ બારવડીયા	પ્લોટ નંબર- ૬૬, એવર વિલા રો હાઉસ, મોજે ગામ સયાન, તાલ – ઓલપાડ, જિ. - સુરત, ગુજરાત - ૩૯૪૫૪૦	૧૩,૧૮,૮૯૬/-	૧,૩૧,૮૮૯.૬/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧
૩	૨૪,૬૧,૯૯૫.૯૦ ૧૦-૦૧-૨૦૧૯	જીજ્ઞેશભાઈ હમીરભાઈ ગોહિલ અને રેખાબેન જીજ્ઞેશભાઈ ગોહિલ	પ્લોટ નંબર ૪૬, રોયલ રેસીડેન્સી, ગામ કામરેજ, કામરેજ તાલુકો, જિલ્લો સુરત, ગુજરાત- ૩૯૪૧૮૫	૧૭,૧૪,૪૪૦/-	૧,૭૧,૪૪૪/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧
૪	૨૧,૮૯,૬૭૨.૮૬ ૩૦-૦૯-૨૦૧૯	અજય એમ. રાવલ અને મેઘા અજયકુમાર રાવલ	પ્લોટ નંબર ૧૬૬, દિવ્યલોક રેસીડેન્સી, મોજે - કાથોર, તાલ – કામરેજ, જિલ્લો- સુરત, ગુજરાત-૩૯૪૧૮૦	૧૩,૯૭,૫૦૦/-	૧,૩૯,૭૫૦/-	૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી	શ્રી સત્યેન્દ્ર મૌર્ય મો. ૮૩૦૬૦૦૧૮૪૮ શ્રી દેબજ્યોતિ રોય મો. ૯૮૭૪૭૦૨૦૨૧

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૦૬.૦૧.૨૦૨૨
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

ચશ્મા પહેરવાની જરૂર નહીં પડે

વૈજ્ઞાનિકોએ આંખો માટે ચમત્કારી ડ્રોપ્સ બનાવ્યા

અમેરિકાની ડ્રગ રેગ્યુલેટર FDAએ પણ આ ડ્રોપનો સામાન્ય લોકો પર ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે

નવી દિલ્લી, તા.૫

જે લોકોની દ્રષ્ટિ નબળી છે, પણ તેમને દરેક વખતે વાંચતી વખતે આંખો પર ચશ્મા ચડાવવા નથી ગમતા, તેમના માટે મેડિકલ સાયન્સ એક ચમત્કારી આઈ ડ્રોપ લાવ્યું છે. આ આઈ ડ્રોપ્સ આંખોમાં નાખ્યા બાદ નજર તેજ થઈ જશે અને ચશ્મા લગાવવાની જરૂર નહીં પડે. સૌથી સારી બાબત એ છે કે વૈજ્ઞાનિકોને આ આઈ ડ્રોપથી ઘણો ફાયદો પણ થયો છે. વુઈટી નામના આ આઈ ડ્રોપનું શરૂઆતી ટ્રાયલ ૭૫૦ દર્દીઓ પર કરવામાં આવ્યું હતું, જેના પરિણામો અસરકારક રહ્યા છે. અમેરિકાની ડ્રગ રેગ્યુલેટર FDAએ પણ આ ડ્રોપનો સામાન્ય લોકો પર ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. આ આઈ ડ્રોપને આયર્લેન્ડની ફાર્મા કંપની એલરજન દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેના ટ્રાયલમાં મુખ્ય રોલમાં રહેલા આઈ સ્પેશિયાલિસ્ટ ડો. જ્યોર્જ ઓ. વોરિંગે જણાવ્યું કે વધતી ઉંમર સાથે લોકોમાં

પ્રેસબાયોપિયા થવા લાગે છે, જેનાથી તેમની દ્રષ્ટિ નબળી પડવા લાગે છે. એવું થવાથી તેમને વસ્તુ બહુ નજીકથી જોવી પડે છે. વુઈટી આઈ ડ્રોપ આ પરિસ્થિતિમાં બહુ કારગર છે. આ આઈ ડ્રોપ ૧૫ મિનિટમાં તેની અસર દેખાડવાનું શરુ કરે છે અને ડ્રોપ નાખ્યા બાદ અમુક કલાકો સુધી તેની અસર રહે છે. આંખોમાં વુઈટી આઈ ડ્રોપનું એક ટીપું નાખવાથી કથી ૧૦ કલાક સુધી નજર પહેલાની સરખામણીમાં તેજ બની જાય છે. પેન્સીલ્વેનિયા યુનિવર્સિટીના ઓપ્થેલ્મોલોજિસ્ટ ડો. સ્ટીફન ઓરલિનનું કહેવું છે કે, આ આઈ ડ્રોપ કીકીના આકારને નાનું બનાવે છે. આમ થવાથી દર્દીને નજીકની વસ્તુ સ્પષ્ટ દેખાવા લાગે છે. કંપનીના જણાવ્યા મુજબ, એક મહિના માટે આ દવાના ડોઝનો ખર્ચ આશરે ૬૦૦૦ રૂપિયા આવશે. રોચેસ્ટર યુનિવર્સિટીના નેત્ર ચિકિત્સક ડો. સ્કોટ એમ. મેકરેનેના જણાવ્યા અનુસાર, ચશ્માનો બોજ ઉઠાવવા ન માગતા લોકો માટે આ ડ્રોપ એક સારો વિકલ્પ છે. ટ્રાયલના પરિણામો કહે છે કે, આ નવા આઈ ડ્રોપ આવા દર્દીઓ માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. વુઈટી ઈઓ Drop એવી પ્રથમ દવા છે જેનો ઉપયોગ પ્રેસબાયોપિયાની સારવારમાં થઈ રહ્યો છે. તે સામાન્ય પ્રકાશમાં દૂરની દ્રષ્ટિને અસર કરતું નથી અને આંખો સરળતાથી નજીકની અને દૂરની વસ્તુઓ પર ફોકસ કરી શકે છે.

રીઢા ગુનેગાર એવા યતી નરસિંહાનંદ સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી ? : પાંચ મોટા વેધક સવાલો

જો નરસિંહાનંદના નફરત ભડકાવતા ભાષણો પર નેતાઓ મૌન ધારણ કરે અને પોલીસ કોઈ એક્શન ન લે તો અમે પૂછીશું જનાબ ઐસે કૈસે ?

(એજન્સી) તા.૫

અહીં બે ભારતીયોની કહાણી છે. એક બાજુ કફીલખાનને સજા કરવામાં આવી છે. બીજી બાજુ યતી નરસિંહાનંદ બેરોકટોક સ્વતંત્ર રીતે ઘૂમી રહ્યાં છે. નાગરિકતા સુધારા કાયદા સામે રાષ્ટ્રવ્યાપી વિરોધ દેખાવો દરમિયાન ડિસે. ૨૦૧૯માં અલીગઢ ખાતે દેખાવકારોને સંબોધન કરતાં કફીલખાને જણાવ્યું હતું કે હું મારા તમામ ભાઈઓ અને બહેનોને કે જેઓ સંગઠિત અને સમૃદ્ધ ભારતમાં માને છે તેમને આ કાળા કાયદાનો વિરોધ કરવા અપીલ કરૂં છું. હું માત્ર મુસ્લિમોને જ નહી, પરંતુ પ્રત્યેક નાગરિકને આગળ આવવા કહું છું. નાગરિકત્વ ધર્મના આધારે હોઈ શકે નહીં. આ આપણા અસ્તિત્વની લડાઈ છે અને આપણે તેના માટે લડવું જોઈએ, પરંતુ આપણી લડાઈ લોકતાંત્રિક હોવી જોઈએ. ડિસે.૨૦૨૧માં હરિદ્વાર ખાતે યોજાયેલ તાજેતરના સંમેલનમાં રીઢા ગુનેગાર યતી નરસિંહાનંદે જણાવ્યું હતું કે આપણે મુસ્લિમોને મારી નાખવા માટે તલવારની જરુર નથી કારણ કે જો તેમના પર તલવારથી હુમલો કરીશું તો તેઓ મરશે નહીં. તેમની પાસે વધુ સારા શસ્ત્રો છે. તેથી તમારે હવે બહેતર ટેકનિકનો અમલ કરવાની જરુર છે. વારંવાર મુસ્લિમો વિરુદ્ધ નફરત

ભડકાવનાર નરસિંહાનંદને કેમ હજુ સુધી જેલમાં ધકેલવામાં આવતાં નથી ? આ અંગે પાંચ વેધક સવાલો છે.

૧. ઉત્તરાખંડના ડીજીપીએ જણાવ્યું હતું કે હરીદ્વારમાં ધાર્મિક સંસદ ખાતે વક્તાઓ સામે યુએપીએના આરોપો લગાવવાની જરુર નથી. પરંતુ અમે ડીજીપીને પૂછીએ છીએ કે શું આપણે કોમી હિંસાની રાહ જોઈને બેઠા છીએ ?

૨. ધર્મ સંસદ ખાતે માઁ અન્નપૂર્ણાએ જણાવ્યું હતું કે જો તમે તેમને (મુસ્લિમોને) ખતમ કરવા માગતાં હો તો તેમને મારી નાખો. આવું નિવેદન કરવા છતાં મા અન્નપૂર્ણા સામે કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી ?

૩. વક્તાઓને બોલાવવા છતાં વક્તાઓ સામે કેમ કોઈ પગલાં લેવાયાં નથી ?

૪. ઉત્તરાખંડ પોલીસને પૂછવાનું કે કોમી નફરત અને હિંસા ભડકાવવાનો વીડિયો હોવા છતાં કેમ કોઈ ધરપકડ કરવામાં આવી નથી ?

૫. કોમી નફરત અને હિંસા ભડકાવવાના પુરાવા હોવા છતાં યતી નરસિંહાનંદ કેમ હજુ જેલમાં નથી ? તેમને કોણ બચાવી રહ્યું છે ?

(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

ભારતના ભાગલાને સમર્થન આપનાર અને ભારતમાં કાશ્મીરના વિલયનો વિરોધ કરનાર સાવરકર માટે ભારત રત્ન કેટલા અંશે યોગ્ય ?

મુસ્લિમ મુખ્ય પ્રધાનોએ ભાગલાનો વિરોધ કર્યો હતો પરંતુ સાવરકરે ભાગલાને સમર્થન આપ્યું હતું અને તેમણે સ્વતંત્રતા માટેની રજવાડાઓની ખોજને પણ ટેકો આપ્યો હતો જ્યારે ભારતમાં કાશ્મીરના વિલયનો વિરોધ કર્યો હતો એવું દત્તાત્રેય દાભોલકર લખે છે

(એજન્સી) તા.૫

સાવરકરે સ્વતંત્ર રહેવા માગતાં રજવાડાઓને સમર્થન આપ્યું હતું. ભારતમાં કાશ્મીરનું વિસર્જનનો વિરોધ કર્યો હતો અને મહાત્મા ગાંધી વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી હતી. બ્રિટીશ વિદેશ સચિવે જણાવ્યું હતું કે ભારતના ભાગલા સામ્રાજ્ય માટે જરુરી હતા અને સાવરકરે તેમાં ભૂમિકા ભજવી હતી. સાવરકરે મહાત્મા ગાંધી વતી બ્રિટીશ સમક્ષ દયાની અરજી દાખલ કરી હતી એવા કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના નિવેદનનું એવું અર્થઘટન કરવામાં આવ્યું છે કે સાવરકરે મહાત્મા ગાંધીએ આપેલ સૂચનાઓનો અમલ કર્યો હતો. હકીકત એ છે કે સાવરકરે ૧૯૧૧થી ૧૯૨૩ વચ્ચે જેલમાં ૧૨ વર્ષ દરમિયાન ૮ દયાની અરજીઓ દાખલ કરી હતી અને દ.આફ્રિકાથી ગાંધીજી પરત આવ્યાં તે પહેલા નવે.૧૯૧૩માં એક અતી મહત્વની દયાની અરજી દાખલ કરી હતી. પરંતુ બ્રિટીશ સરકારે સાવરકર દ્વારા અનેક વખત માફી માગવા છતાં સાવરકરને જેલમાંથી મુક્ત કર્યા ન હતા. મુખ્ય જેલર રેજીનાલ્ડ ક્રોડોકે જણાવ્યું હતું કે સાવરકરને કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા આપવી વ્યવહારુ રીતે અશક્ય છે. દરમિયાન ૩, જૂન ૧૯૪૭ના રોજ બ્રિટને ભારતના ભાગલા જાહેર કર્યા હતાં. એક અઠવાડિયા બાદ ઈંગ્લેન્ડની બેલર પાર્ટીની વાર્ષિક બેઠકમાં વિદેશ સચિવ અર્નેસ્ટ ગ્રેવીને જણાવ્યું હતું કે ભારતના ભાગલા આપણા માટે જરુરી છે અને ભારતના મુસ્લિમોને આ વિચાર આપણે ઠસાવવામાં સફળ રહ્યાં છીએ. પરંતુ મહાત્મા ગાંધીએ ભાગલાનો વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ રાષ્ટ્રના ભાગલા પાડતાં પહેલા તમે મારા શરીરના બે ભાગ પાડજો. આ વખતે જ્યારે સત્તાનું હસ્તાંતર થઈ રહ્યું હતું ત્યારે વીર સાવરકર ક્યાં હતા ? સાવરકરે ગાંધી વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરી હતી. તેમને એવી આશા હતી કે તેનાથી બ્રિટીશ શાસકો ખુશ થશે. પરંતુ ભારત જ્યારે સ્વતંત્ર થયું ત્યારે બ્રિટીશે સાવરકર કે હિંદુ મહાસભા કે આરએસએસનો ભાગલા અંગે અભિપ્રાય લેવાની પણ દરકાર કરી ન હતી. પંડિત નહેરુ અને સરદાર પટેલ જ્યારે સંગઠિત ભારતનું નિર્માણ કરી રહ્યાં હતાં ત્યારે સાવરકર સ્વતંત્ર રહેવા માગતાં રાજા અને રજવાડાઓને સમર્થન આપી રહ્યાં હતાં. સાવરકર અને ગોલવલકર કાશ્મીર મહારાજા હરિસિંહના મહેમાન હતા અને તેમણે ભારતમાં કાશ્મીરનો વિલય કરવા સામે વિરોધ કર્યો હતો. આમ હવે જ્યારે સાવરકર માટે ભારત રત્ન આપવાની વાત ચાલે છે ત્યારે સાવરકરને લઈને અનેક વેધક પ્રશ્નો ઊભા થાય છે.

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

પરંપરાગત થ્રી વ્હીલર્સ કરતાં ઈ-રિક્ષા ભારતીય શહેરો માટે બહેતર છે, પરંતુ તેનું ચલણ કેમ વધતું નથી ?

ઈ-રિક્ષા માટે વાહન લોન મેળવવાની ઘણી મુશ્કેલીઓ છે. આથી જો લોન પ્રત્યે હળવી નીતિ દાખલ કરવામાં આવે તો ભારતનું ઈ-વ્હીકલમાં પરિવર્તન વધુ સરળ બને



(એજન્સી) તા.૫

દિલ્હીની ભરચક ગીચ ગલીઓમાં જ્યારે અન્ય રિક્ષાઓના એન્જિનની ઘરઘરાટી સંભળાતી હોય અને ત્યારે ઈલેક્ટ્રીક મોટર ધરાવતી ઈ-રિક્ષા બાજુમાંથી પસાર થઈ જાય તો પણ કંઈ અવાજ આવતો નથી. આ બેટરી સંચાલિત ઓટો રિક્ષા પાટનગરમાં હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે અને અનેકને કનેક્ટિવિટી પણ પૂરી પાડે છે. માલસામાનની હેરફેર કરે છે અને વાયુ પ્રદૂષણ ઘટાડે છે. દેશમાં ઈલેક્ટ્રીક વાહનોના રૂપાંતર આડે કેટલાક અવરોધો છે. ખાસ કરીને બેટરી જેવા ભાગની સક્ષમતા અને ભવિષ્ય અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે. જો કે પરંપરાગત ત્રિચક્રી વાહનો કરતાં ભારતીય શહેરો માટે ઈ-રિક્ષા બહેતર છે. ઈલેક્ટ્રીક થ્રી વ્હિલર માટેની કિંમત રૂા.૧.૩૦ લાખ છે અને મહિન્દ્રા જેવા ઓટો ઉત્પાદકોએ રૂા.૧.૭૦ લાખ કે તેથી વધુ રકમનું ખર્ચાળ મોડેલ બહાર પાડ્યું છે. ઈ-રિક્ષાની ટેકનોલોજી અંગે અનિશ્ચિતતા હોવાથી તેને ફાઈનાન્સ કરવામાં નાણાકીય સંસ્થાઓમાં વિશ્વાસનો અભાવ છે. બીજું એડવાન્સ બેટરી ધરાવતાં વાહનો માટે જ સબસિડી ઉપલબ્ધ છે. મોટા ભાગના ઈલેક્ટ્રીક ટુ-થ્રી વ્હીલર્સને લોન મેળવવામાં મુશ્કેલી પડે છે. વિકાસશીલ દેશમાં લીથિયમ-આયર્ન બેટરી મોંઘી હોય છે અને ડ્રાઈવરોને આ બેટરી સાથે વાહનો ખરીદવામાં વધુ સમર્થનની જરુર છે. આ બધા પરિબળોને કારણે ઈલેક્ટ્રીક રિક્ષા ખરીદવા માગતાં ડ્રાઈવરોને લોન મોંઘી પડે છે. આમ ઈલેક્ટ્રીક વાહનોના ઉપયોગને જો પ્રોત્સાહિત કરવો હોય તો ફાઈનાન્સ આવશ્યક છે અને તેથી ભારતમાં ઈલેક્ટ્રીક મોબિલિટી ઈકો સિસ્ટમના પ્રત્યેક સેગમેન્ટ માટે યોગ્ય નીતિઓ ઘડવાની જરૂર છે.

સરકાર સામે વાલીઓમાં ભભૂકેલો રોષ

ભરૂચના મનુબર ખાતે રસી લીધા બાદ ત્રણ વિદ્યાર્થીઓ બેભાન થતાં ખળભળાટ

ત્રણેય વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૫

ઓમિક્રોનની દહેશત વચ્ચે ભરૂચના મનુબર ખાતે આયોજિત વેક્સિનેશન કાર્યક્રમ અંતર્ગત રસી લીધા બાદ ત્રણ વિદ્યાર્થીઓ બેભાન થઈ જતાં ભરૂચ જિલ્લામાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે. બે વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થીને તાત્કાલિક ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અત્યાર સુધીના સર્વેક્ષણમાં એવી વિગતો બહાર આવી છે કે, કોરોનાની બે રસી લેનાર ભારતીયોને પણ ઓમિક્રોન પોઝિટિવ આવી રહ્યો છે. આવા સંજોગોમાં ૧૫થી ૧૮ વર્ષની વયના વિદ્યાર્થીઓને વેક્સિનેશન માટે ઘોષણા કરી દેવામાં આવી હતી. આજના વેક્સિનેશન કાર્યક્રમ અંતર્ગત મનુબર સ્થિત મનુબર યુવકમંડળ શાળામાં ત્રણ વિદ્યાર્થીઓ બેહોશ થઈ જતાં સ્કૂલ સંચાલકો, આચાર્ય અને શિક્ષકો હેબત ખાઈ ગયા હતા અને આનન ફાનનમાં ભરૂચ ખાતે આવેલી ખાનગી હોસ્પિટલમાં લઈને દોડી પડ્યા હતા. ત્રણ સ્ટુડન્ટને ગભરામણ અને બેચેની પછી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાથી વાલીઓમાં ભય અને ચિંતાનું વાતાવરણ પ્રસરી ગયું છે. રસીકરણ અંતર્ગત ૨૫૯ સ્કૂલમાં ૩૦ હજાર વિદ્યાર્થીને વેક્સિનેટ કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે, જેમાં ૧૭ હજારને લગાડી દેવામાં આવી છે. આજના બનાવ બાદ ભરૂચના હોસ્પિટલમાં ખસેડાયેલા વિદ્યાર્થીઓ અંગે સમાચાર વહેતા થતાં જ વાલીઓ તેમજ ચિંતિત સમાજસેવીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા, જેને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ઉહાપો મચી ગયો હતો. કલેક્ટર અને જિલ્લા શિક્ષણાધિકારીએ પણ તેમના પ્રતિનિધિ મોકલીને વિદ્યાર્થીઓના ખબર અંતર કઢાવ્યા હતા. આજની ઘટના બાદ કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રત્યે વાલીઓમાં ભારે રોષ ફેલાઈ ગયો છે અને બાકી બચેલા વિદ્યાર્થીઓને વેક્સિનશન પ્રક્રિયાથી દૂર રાખવા માંગ કરી રહ્યા છે. સોફિયા પટેલ, વિલાસ વસાવા અને સમીરા મન્સુરીને પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

સુરત શહેર પોલીસ કમિશનર અજયકુમાર તોમર દ્વારા ચોકીનું ઉદ્‌ઘાટન

નાનપુરા પોલીસ ચોકીના માધ્યમથી પોલીસ અને સ્થાનિક લોકો વચ્ચે પરસ્પર સહકાર વધશે

પોલીસ મથકમાં બેસહારા લોકો સહારો શોધવા આવતા હોય છે પોતાની સાથે થયેલા અન્યાય સામે ન્યાય મેળવવા આવતા હોય છે જ્યારે તેમને ન્યાય મળે છે, ત્યારે આવી વ્યક્તિઓને હાશકારો થાય છે : ઈલ્યાસ કાપડિયા

(ઇસરાઇલ શેખ)

સુરત, તા.૫

ભારત આઝાદ થયું તે પૂર્વેથી શહેરના નાનપુરા વિસ્તારમાં કાર્યરત નાનપુરા પોલીસ ચોકીના નવા ભવનનું પોલીસ કમિશ્નર અજયકુમાર તોમર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ તબક્કે સ્થળ પર હાજર આમંત્રિતોને સંબોધતાં પો.કમિ.તોમરે જણાવ્યું હતું કે આ ચોકીના માધ્યમથી પોલીસ અને સ્થાનિકોના સહકારથી પરસ્પરની વિશ્વસનિયતા વધશે.

આ તબક્કે સુરત હાલાઇ મેમણ જમાતના પ્રમુખ ઈલ્યાસ કાપડિયાએ જણાવ્યું હતું કે, પોલીસ મથકોમાં મુખ્યત્વે બેસહારા લોકો પોતાની સાથે થયેલ અન્યાય સામે ન્યાય મેળવવા આવતાં હોય છે અને જ્યારે તેમને ન્યાય મળે છે, ત્યારે આવી વ્યક્તિઓને હાશકારો થાય છે.

એશિયામાં સૌથી ઝડપી વિકસીત શહેર તરીકે સુરતની ગણના થઇ રહી છે, શહેરમાં મુખ્યત્વે કાપડ અને ડાયમંડના કારણે રોજી રોટી સહેલાઇથી મળી જતી હોવાથી અન્ય રાજ્યમાંથી એટલા બધા લોકો આવી રહ્યાં છે કે સુરતની વસ્તીનો આંક ખૂબ જ વધી રહ્યો છે. કેટલાક પરપ્રાંતિય લોકો સુરતમાં શોર્ટકટનો માર્ગ અપનાવી ગુનાખોરીને અંજામ આપતા હોય છે, માટે ક્રાઇમરેટને અંકુશમાં લેવા માટે શહેરના ફરતે નવા નવા પોલીસ મથકો કાર્યરત કરવામાં આવ્યાં છે. દરમિયાન સુરત શહેરના સૌથી સંવેદનશીલ વિસ્તાર તરીકે પંકાયેલ અને જ્યાં ત્રણેય કોમના લોકો વસવાટ કરે છે. તેવા અઠવા પોલીસ મથકમાં જવાબદાર અધિકારી તરીકે ફરજ બજાવનાર પી.આઇ. દિપક કોરાટની દેખરેખ હેઠળ બંને કોમના લોકો શાંતિ અને સલામતિનો અનુભવ કરી રહ્યાં છે. દરમિયાન અઠવા પોલીસ મથકની હદમાં મુસ્લિમ-માછી અને ખારવા સમાજની વસ્તીની વચ્ચો વચ્ચ આવેલ નાનપુરા પોલીસ ચોકીને નવા નિત રંગમાં બનાવવામાં આવી હતી, તેના ઉદ્‌ઘાટનવેળા શહેર પોલીસ કમિશ્નર અજયકુમાર તોમરે હાજર સામાજીક આગેવાન નાગરિકોને સંબોધતીવેળા જણાવેલ કે, અઠવા પોલીસ મથકની હદમાં આવેલ નાનપુરા પોલીસ ચોકીએ આજથી નહિં પરંતુ બાપદાદાના સમયગાળાથી કાર્યરત હોવાનું ઈતિહાસની પોથીથી ઉલ્લેખ મળે છે.

ભારત દેશને આઝાદી મળી ન હતી તે પહેલા ૧૯૨૯થી એટલે કે નાનપુરા પોલીસ ચોકીની સ્થાપનાને ૯૨ વર્ષ થઇ ગયાં છે, થોડા વર્ષોમાં આ ચોકી ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે માટે તેના સંબંધી ઈતિહાસનું પુસ્તક દુર્લભ થઇ ગયો હોવાથી તેની જાળવણી પણ ખૂબ જ જરૂરી હોવાથી તેના ઉપર વિશેષ ધ્યાન કરવામાં આવનાર છે. નાનપુરા ચોકી બંને કોમના રહેતા લોકોના મધ્યમાં આવતી હોવાથી ઉપયોગી નિવડશે, મુખ્યત્વે આ વિસ્તારના નાગિરકો અને પોલીસના સંબંધો ઉત્તરોત્તર એક બીજાની સાથે વધુ ગાઢ બનશે તેવા હેતુથી નાનપુરા ચોકી નિર્મિત બની શાંતિ સલામતિ જાળવવા અગ્રત્તાનો ભાગ બનશે તેવું પો.કમિ. અજયકુમાર તોમરે હાજર નાગરિકોને જણાવ્યું હતું.

નાનપુરા ચોકીના ઉદ્‌ઘાટન વેળા વિશેષ મહેમાન તરીકે પધારેલા ઉદ્યોગપતિ અને સુરત હાલાઇ મેમણના પ્રમુખ તથા ઓલ ઈન્ડિયા મેમણ જમાતના ફેડરેશનના ઉપ-પ્રમુખ ઈલ્યાસભાઇ કાપડીયાએ જણાવેલ કે, અઠવા પોલીસ મથકની નાનપુરા ચોકીથી આજુબાજુના નાગરિકોને ચોક્કસ ફાયદો થશે, કારણ કે પોલીસ મથકમાં બેસહારા લોકો સહારો શોધવા આવતા હોય છે, દુ:ખી આત્મા શાંતિ મેળવવા અંશત : ન્યાય મેળવવા પોલીસ મથકે આવતા હોય છે, અને પોલીસ તેમનો સહારો બની મદદરૂપ બને છે, ઈલ્યાસભાઇએ પોતાના ઉદ્‌બોધન વેળા એક શેર ટાંક્યો હતો, કે કદમ કદમ પર ઉજાલે ઉતર કે આયેંગે, તેરે નસીબ મે અસ્માનસે તારે ઉતર કે આયેંગે, તુ ઘર સે નિકલ, બે સહારો કે લીયે સહારા બનકર તેરી મદદ કો ફરિશ્તે ઉતર કે આયેંગે, આ શેર દ્વારા તેમને સ્પષ્ટ રીતે વર્ણવ્યું હતું કે તું અન્યાયની સામે ન્યાય મેળવવા તત્પરતા તો દાખવ તેમને મદદ કરનાર ચોક્કસ આવશે.

નાનપુરા ચોકીના ઉદ્‌ઘાટન વેળાઅધિ.પો.કમિ. સરધ સિંઘલ, ડીસીબી કિશોરભાઇ, એસીપી મેવાડા, તથા અઠવા પીઆઇ દિપક કોરાટ, તમામ પો.સ.ઇ. તેમજ સામાજીક આગેવાન ઝુબેર સોડાવાલા, મુફદ્દલ રંગુની, આસીફ રંગુની, ઉદ્યોગપતિ અને સામાજીક આગેવાન આશીફભાઇ બિસ્મીલ્લાહ હોટલવાલા, ઉવેશભાઇ હકીમ, એડવોકેટ ઈમરાનભાઇ શેખ, આશીફભાઇ રંગુની અને માછી સમાજના આગેવાન વિરેનભાઇ કહાર, ખારવા સમાજના જીગ્નેશભાઇ, જૈન સમાજના હિતેશભાઇ શાહ સહિતના સમાજ સેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

છેલ્લા એકથી દોઢ વર્ષના ગાળા દરમ્યાન કોમી રમખાણનો એક પણ બનાવ ન નોંધાતા હાશકારો

સુરત, તા.૫

સુરત શહેરમાં સૌથી સંવેદનશીલ તરીકે અઠવા પોલીસ મથકની ગણના થાય છે, લગભગ વાર તહેવારે નજીવી બાબતે કોમી રમખાણો થઇ જતા હોય છે, અઠવા પોલીસ મથકનો સમગ્ર વિસ્તાર માછી, મુસ્લિમ, ખારવા, જૈન, રાણા અને અન્ય લોકોની મિક્ષ વસ્તી હોવાથી ખુબ જ સંવેદનશીલ વિસ્તાર હોવાથી ગમે ત્યારે ગમે તે બનાવ બની જતો હોવાથી અને આ વિસ્તાર શહેરના મધ્યમાં આવતો હોવાથી તેના પ્રત્યાઘાત અન્ય વિસ્તારોમાં તાત્કાલીક પડતા હોય છે, પરંતુ પાછલા એકથી દોઢ વર્ષના ગાળા દરમિયાન અઠવા પોલીસ મથકમાં હત્યા, ધાડ-લૂંટ કે કોમીનલ બનાવ કે રાયોટીંગ જેવો એક પણ બનાવ બન્યો ન હોવાથી અઠવા પોલીસ મથકમાં તમામ કોમના નાગરિકોએ મૈત્રીપૂર્ણ સાથ સહકાર આપ્યા હોવાનું છેલ્લા એક દોઢ વર્ષથી અઠવા પોલીસ મથકનો હવાલો સંભાળનાર પોલીસ ઈન્સપેક્ટર દિપક કોરાટએ ચોકીના ઉદ્‌ઘાટનવેળા સામાજીક આગેવાનોને સંબોધતી વેળા જણાવ્યું હતું.

અંકલેશ્વરમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચીકીનો ગૃહઉદ્યોગ ધમધમી ઊઠ્યો

ચાલુ વર્ષે ચીકીના ભાવમાં ૩૦ ટકાનો વધારો

અંકલેશ્વરમાં સેલારવાડ ખાતે ચીકી બનાવવાનો ગૃહ ઉદ્યોગ ખૂબ ફાલ્યો છે જોલી ચીકીવાલા શોકતભાઈ તથા તેઓના પુત્ર અરહમભાઈ તથા તેઓના કુટુંબીજનો ચીકી બનાવવાના ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલા છે જે તસવીરમાં અલગ અલગ વેરાયટીની ચીકી તેમજ ચીકી બનાવી રહેલા માહિલાઓ નજરે પડે છે. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરના સેલારવાડ વિસ્તારમાં ચારથી પાંચ પરિવારો વર્ષોથી પોતાના ઘરમાં ચીકી બનાવવાનો ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલા છે બનાવેલ વિવિધ ફ્લેવરની ચીકીનો સ્વાદ દેશ વિદેશ લોકો માણી રહ્યા છે, ચાલુ વર્ષે મટિરિયલના ભાવમાં વધારો થતા ચીકીના ભાવમાં ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

ઉત્તરાયણ પર્વના આગમનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉત્તરાયણ પર્વમાં ચીકીની માંગ વધુ રહે છે ત્યારે અંકલેશ્વરની ચીકીનો સ્વાદ અંકલેશ્વર પૂરતો સીમિત રહ્યો નથી હવે અન્ય જિલ્લા તેમજ દેશ વિદેશના લોકો અંકલેશ્વરની ચીકીનો સ્વાદ માણી રહ્યા છે. અંકલેશ્વરના સેલારવાડ વિસ્તારમાં રહેતા શોકતભાઈ ચીકીવાલા વર્ષોથી ચીકીના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેઓ પોતાના ઘરમાં પરિવારના સભ્યો સાથે હાથ બનાવટથી ચીકી બનાવવાની શરૂઆત કરી હતી અને શહેરના લોકો પણ તેઓ પાસે ચીકી બનાવવાનો ઓર્ડર આપતા હતા જો કે સમય જતા તેઓની ચીકીની માંગમાં વધારો થતા તેઓ એ વિવિધ ફ્લેવરની ચીકી બનાવવાની શરૂઆત કરી છે તેઓ ચીકી બનાવવા માટે સીંગદાણા, ગોળ, ઘી તેમજ ખાંડ તેમજ ડ્રાયફ્રૂડની ચીકી બનાવતાની સાથે વેચાણમાં વધારો થયો છે સાથે તેઓના ચીકીના ગૃહ ઉદ્યોગમાં અન્ય મહિલાઓને પણ રોજગારી પુરી પાડી રહ્યા છે.

ત્યારે સેલારવાડમાં રહેતા મુસ્તાકભાઈ મુલ્લા તથા વસીમભાઈ પણ પોતાના ઘરમાં પરિવારના સભ્યો સાથે ચીકી બનાવટનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી અન્ય મહિલાઓને રોજગારી પુરી પાડી રહ્યા છે. ઉત્તરાયણ પર્વના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે લોકો ચીકીના ઓર્ડરો આપી રહ્યા છે અને તેઓ પણ ઓર્ડર પ્રમાણે ચીકી બનાવી આપે છે હાલમાં સેલારવાડમાં ચારથી પાંચ પરિવારો ચીકી બનાવવાના વ્યવસાય સાથે જોડાયેલા છે જો કે આ પરિવારો ઉત્તરાયણ પૂરતી ચીકી બનાવવાના બદલે હવે માંગમાં વધારો થતા કાયમ માટે ચીકી બનાવી રહ્યા છે.

હિંમતનગર સબજેલ ખાતે કેદીઓને ધાબળાનું વિતરણ કરાયું

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સબજેલ ખાતે ધનલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા ઠંડીની ઋતુમાં કેદીઓને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું. જે પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોગેસ પ્રમુખ કમલેશભાઈ પટેલ નિખિલભાઈ, ઉત્સવભાઈ, કિરણભાઈ અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઉપસ્થિત રહ્યા. (તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

ઊર્જા વિભાગની ભરતીમાં ભાજપ યુવા મોરચાના મહામંત્રી સામે આક્ષેપ થતાં મીડિયા સમક્ષ હાજર

મને રાજકીય રીતે બદનામ કરવાનું ષડયંત્ર યુવરાજ વિરૂદ્ધ બદનક્ષીનો દાવો કરીશ : અવધેશ પટેલ

હું કોઈ શિક્ષક નથી અને જે લોકોના આ ભરતી કૌભાંડમાં નામ આવ્યા છે તેમને ઓળખાતો નથી

અવધેશ પટેલે વધુમાં જણાવ્યા પ્રમાણે, યુવરાજસિંહે મને શિક્ષક કહ્યો, પરંતુ હું શિક્ષક નથી હું પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલો છું. હું કોઈ ક્લાસિસ નથી ચલાવતો કે કોઈ શિક્ષક નથી. સ્થાનિક પંચાયતની ચૂંટણી પૂરી થઈ છે. જેને કારણે આ કોઈ કાવતરું લાગી રહ્યું છે. આથી વિશેષ કાંઈ હોય એમ લાગી નથી રહ્યું. મને જાણવા મળ્યું હતુ કે, ધનસુરામાં યુવરાજસિંહ આવ્યા હતા જેથી કોઈ કાવતરૂં થયું હોય એમ લાગી રહ્યુ છે.

મોડાસા, તા.૫

ઉર્જા વિભાગની ભરતી કૌભાંડમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી અવધેશ પટેલ સમગ્ર ભરતી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર અને વચેટિયા તરીકે ભૂમિકા ભજવી હોવાનો આક્ષેપ કરતા ભારે સનસનાટી મચી હતી. રાજકીય પક્ષોએ ભાજપ પર માછલાં ધોયા હતા.

ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે અરવલ્લી બીજેપીના યુવા મોરચાના મહામંત્રી અવધેશ પટેલનું નામ બહાર આવતા ભૂગર્ભમાં ઉતરી ગયેલ અવધેશ પટેલ આજે મીડિયા સામે પ્રગટ થયો હતો અને પત્રકાર પરિષદ કરી જણાવ્યું હતું કે, 'હું માનસિક રીતે કંટાળ્યો હોવાથી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જો મારૂં ઈન્વોલમેન્ટ હોય તો કાયદાકીય કાર્યવાહીમાં મારો સહકાર ન હોય. યુવરાજ સાબિત કરી બતાવે કે, મેં વિદ્યાર્થી પાસે પૈસા લીધા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, 'હું યુવરાજ વિરૂદ્ધ બદનક્ષીનો દાવો કરવા જઈશ. મને શંકા તો છે પણ મારે અત્યારે કાંઈ જાહેર નથી કરવું. આ એક રાજકીય બદનામી કરવાનો સ્ટંટ છે.'

આપ યુવા નેતા યુવરાજસિંહએ કોની-કોની સામે આક્ષેપ કર્યો હતો વાંચો

વિદ્યાર્થી યુવાનેતા યુવરાજસિંહના આક્ષેપ પ્રમાણે વચેટિયા તરીકે ધનસુરાનો અવધેશ પટેલ, વડોદરાની એનએસઇ આઇટી કંપની (મહારાષ્ટ્ર)નો શ્રીકાંત શર્મા, ટ્યુશન ક્લાસ ચલાવતો અજય પટેલ, અરવિંદ પટેલ, જીયુવીએનએલમાં ઉચ્ચ અધિકારી પ્રજાપતિ, હર્ષ નાઇ, પ્રાંતિજ સેન્ટર ઉપર હાલ પરીક્ષા આપતા મિત પટેલનો સમાવેશ થાય છે. ભરતીમાં જે લોકોએ પૈસા આપીને ઊર્જા વિભાગમાં નોકરી મેળવી લીધી છે. તેમાં હિતેશ પટેલ, કુશાંગ પટેલ, ધવલ પટેલ, પ્રિયંક પટેલ, આંચલ પટેલ-રાહુલ પટેલ (પતિ-પત્ની), પ્રદીપ પટેલ, બાબુ પટેલ, જીગીશા પટેલ, ધ્રુવ પટેલ, રજનીશ પટેલ વિગેરેનો સમાવેશ થાય છે.

કોંગી નેતા શરીફ કાનુગા દ્વારા મામલતદારને આવેદન

અંકલેશ્વરમાં ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પો કાર્યક્રમની પરવાનગી તાત્કાલિક રદ કરવા રજૂઆત

અંકલેશ્વર, તા.૫

કોરોના મહામારીને ધ્યાનમાં લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચના તારીખ ૦૩/૦૧/૨૦૨૨ના પરિપત્ર અનુસાર જાહેર સ્થળો પર કોઈ પણ વ્યક્તિ ૪થી વધુ નહિ ભેગા કરવા અને સભા સરઘસ જેવા કાર્યક્રમો પર તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૨ સુધી પ્રતિબંધ રાખવામાં આવેલ છે તેવો પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે તેમ છતાં અંકલેશ્વર GIDC સ્થિત D.A આનંદપુરા કલચરલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે તારીખ ૦૬/૦૧/૨૦૨૨થી તારીખ ૦૮/૦૧/૨૦૨૨ દરમ્યાન ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પો ૨૦૨૨ અંકલેશ્વરનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ૨૫૦ જેટલા ઈન્ડસ્ટ્રીયલ સ્ટોલ રાખવામાં આવશે અને લગભગ અંદાજિત ૧૦૦૦૦ જેટલા વ્યક્તિઓ આ કાર્યક્રમ માંભાગ લે એવું કહેવામાં આવેલ છે આ કાર્યક્રમની રૂપરેખા ankleshwarExpoની વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે. આ એક્સપોનું આયોજન થશે તો કોરોનાની મહામારીમાં અંકલેશ્વર શહેર તેમજ GIDC વિસ્તારમાં ઝડપથી ફેલાવવાની શક્યતા હોઈ આ કાર્યક્રમની તાત્કાલિક પરવાનગી રદ કરી જાહેરનામાનો અમલ યોગ્ય રીતે થાય અને અંકલેશ્વર શહેર તેમજ તાલુકાના નાગરિકોના સ્વાસ્થ્યને લઈ નક્કર પગલાં લેવાઈ તેવી માગણી સાથે આજરોજ અંકલેશ્વર હાંસોટ યુવા કોંગ્રેસના પ્રમુખ શરીફ ભાઈ કાનુગા દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



ખંભાળિયાના જહાજની ઈરાનના દરિયામાં જળસમાધિ : ૧૦ ખલાસીનો અદ્‌ભૂત બચાવ

મુંદ્રાથી ખાંડ ભરીને ઈરાન જતું હતું, વહાણવટી પરિવારમાં શોકનું મોજું

જામનગર, તા.૫

દ્વારકાના ખંભાળિયામાં રહેતા અને વહાણવટીના વ્યવસાય તરીકે સંકળાયેલા જાણીતા મુસ્લિમ પરિવારનું આશરે રૂા.છ કરોડ જેટલી કિંમતનું વહાણ ઈરાન નજીકના દરિયામાં ખરાબ હવામાનના કારણે જળમગ્ન થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ખંભાળિયામાં રહેતા મુસ્લિમ અગ્રણી અને વહાણવટી પરિવાર સાથે સંકળાયેલા કાસમભાઈ અબુભાઈ ભોકલના પરિવારજનોના નામનું ફેઝે તાજુદ્દીન બાબા-૨ નામનું આશરે ૧૨૦૦ ટનની કેપેસીટી ધરાવતું વહાણ ગત તા.૨૫ ડિસેમ્બરના રોજ મુંદ્રા બંદરથી ખાંડ ભરીને ઈરાન તરફ નીકળ્યું હતું. આશરે રૂા.છ કરોડ જેટલી કિંમતનું આ વહાણ મંગળવારે સવારના સમયે ઈરાન પહોંચે તે પહેલાં આ દરિયામાં વાતાવરણમાં પલટો આવતા ખરાબ વાતાવરણ સામે ટકી શક્યું ન હતું અને થોડી જ વારમાં આખું વહાણ પાણીમાં સમાઈ ગયું હતું. આ વહાણમાં ૧૦ જેટલા ખલાસીઓ સવાર હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ વહાણ અકસ્માતમાં ૧૦ ખલાસીઓનો આબાદ બચાવ થયો હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે, આમ ખંભાળિયા પંથકનું અને આશરે રૂા.છ કરોડ જેટલી કિંમત ધરાવતું વહાણે ઈરાન નજીક દરિયામાં જળસમાધિ લેતા વહાણવટી પરિવારોમાં શોકનું મોજું પ્રસરી ગયું છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં દીવાલ ધરાશાયી થતાં ચાર કામદારોનાં મોત

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં અત્યંત ભયંકર ઘટના અને હોનારત સર્જાઈ હતી. જેમાં ૪ કામદારોનાં મોત નિપજ્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસીની પ્લાસ્ટોકોન કંપનીમાં દીવાલ ધરાશાયી થઈ હોવાની વિગતો જાણવા મળી રહી છે. કડાકાભેર દીવાલ ધરાશાયી થતાં અફરાતફરીનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. આ હોનારતના પગલે ૪ કામદારોનાં મોત નિપજ્યા હતા તેમજ ૨ કામદારોને ઈજા પહોંચી હતી. જેમની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. કંપનીમાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન હોનારત સર્જાઈ હતી. (તસવીર :- અયાઝ શેખ, અંકલેશ્વર)

પીપાવાવ ખાતે બેંકમાં ચોરીના ઈરાદે ઘૂસેલ શખ્સે PSI પર સળિયા વડે હુમલો કર્યો

PSIએ સ્વબચાવમાં ફાયરિંગ કરતા આરોપી ઈજાગ્રસ્ત થતાં ઝડપાયો

અમરેલી, તા.૫

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ ખાતે આવેલ એક્સિસ બેંકમાં આજે વહેલી સવારે ચારેક વાગ્યેના સમયે બેક્રની ઈનબિલ્ટ વોર્નિંગ સિસ્ટમ દ્વારા બેંકમાં કોઈ શખ્સ ઘુસ્યો હોઈ તેની જાણ બેક્ર મેનેજર યોગેશ ગોતને ઓફિસને થતા મેનેજર અમરેલી પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા કંટ્રોલ રૂમ દ્વારા મરીન પીપાવાવ પીએસઆઈ ડી.એ તુંવરને તાત્કાલિક એક્શન લેવા જણાવતા પીએસઆઈ તેમજ પોલીસ સ્ટાફ એક્સિસ બેંકે જતા બેક્રને ચારેય બાજુથી કોર્ડન કરી બેક્ર પાછળ ચેક કરતા લોખંડની ગ્રીલ તૂટેલ જણાઈ હતી દરમ્યાન બેક્ર અંદરથી એક શખ્સ બહાર નીકળી પીએસઆઈ તુવર ઉપર લોખંડના સળિયા વડે હુમલો કરેલ હતો ફરજ પરના પોલીસ સ્ટાફ ઉપર પણ હુમલો કરેલ હતો પીએસઆઈ તુવર દ્વારા ઈજા થયેલ હાલતમાં પણ હિંમતપૂર્વક ઘૂસણખોર શખ્સ સામે સામનો કરી સ્વ બચાવમાં પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી એક ફાયરિંગ કરતા ઘૂસણખોર ઈજા થયેલ હતી. દરમ્યાન પોલીસે તેને પકડી પાડેલ હતો અને પ્રથમ રાજુલા સારવાર કરી વધુ સારવાર માટે અમરેલી ખસડેલ હતો. પોલીસ પૂછપરછમાં આ શખ્સ ધરમપ્રીતસિંઘ મેજરસિઘ ઉવ-૨૭ રહે. બહમનીવાલા, તા.પટ્ટી, જી.તરન તારન પંજાબનો હોવાનું જણાઈ આવેલ હતું.

PMની સુરક્ષા ચૂક મુદ્દે કોંગ્રેસના નેતાએ જ પંજાબના મુખ્યમંત્રીની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબમાં સુરક્ષામાં ચૂકના મુદ્દાએ ફરીવાર રાજ્ય કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક ગજગ્રાહને સામે લાવી દીધો છે. વડાપ્રધાન મોદીના કાફલાને ફ્લાયઓવર પર ૨૦ મિનિટ સુધી રોકાવું પડ્યું તે માટે પંજાબના સિનિયર મંત્રી સુનિલ જાખડે મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્નીની જ ટીકા કરતાં કહ્યું કે, વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક માટે તેઓ જ જવાબદાર છે. પંજાબ પ્રચાર કમિટીના ચેરમેન અને રાજ્ય કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુનિલ જાખડે કહ્યું કે, આજે જે પણ બન્યું તે સ્વીકાર્ય નથી. ફિરોઝપુરમાં ભાજપની રાજકીય સભાને સંબોધિત કરનારા ભારતના વડાપ્રધાન માટે સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત થવી જોઈતી હતી. આ રીતે લોકશાહી કામ કરે છે. બપોરે ત્રણ વાગે અચાનક સમાચાર આવ્યા કે, ફિરોઝપુરમાં એક સભામાં ભાગ લેવાની યોજના વડાપ્રધાને રદ કરી દીધી છે. બીજી તરફ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, કોઈક કારણોસર વડાપ્રધાને પોતાની સભા રદ કરી છે. કોંગ્રેસે સુરક્ષા ચૂકને ખોટા આરોપો ગણાવ્યા અને કહ્યું કે, પશ્ચિમ પંજાબના ફિરોઝપુરમાં વડાપ્રધાનની સભા રદ થઈ કારણ કે, ત્યાં લોકોની હાજરી જ ન હતી.

કોવેક્સિન લીધા પછી પેરાસિટામોલ, પેઈન કિલર દવાઓ લેવાની ભલામણ કરવામાં આવતી નથી : ભારત બાયોટેક

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકે બુધવારે જણાવ્યું હતું કે, તેની કોવિડ રસી કોવેક્સિનની રસી અપાયા પછી પેરાસિટામોલ અથવા પેઈન કિલર લેવાની ભલામણ કરવામાં આવતી નથી. એક નિવેદનમાં ભારત બાયોટેકે કહ્યું છે કે, અમને પ્રતિસાદ મળ્યો છે કે, અમુક રોગપ્રતિરક્ષા કેન્દ્રો બાળકો માટે કોવેક્સિન સાથે ૩ પેરાસિટામોલ ૫૦૦ મિલિગ્રામની ગોળીઓ લેવાની ભલામણ કરી રહ્યા છે. કોવેક્સિનની રસી લીધા પછી પેરાસિટામોલ અથવા પેઈન કિલર લેવાની ભલામણ કરવામાં આવતી નથી.

ભારત બાયોટેકે જણાવ્યું હતું કે, પેરાસિટામોલની ભલામણ અમુક અન્ય કોવિડ-૧૯ રસીઓ સાથે કરવામાં આવી હતી અને Covaxin માટે તેની ભલામણ કરવામાં આવતી નથી. આ ફાર્મા કંપનીએ કહ્યું છે કે, Covaxin લીધા પછી આડઅસરોની જાણ કરનારા બહુ ઓછા લોકોને દવાની જરૂર નથી. આડઅસર ધરાવતા કેટલાક લોકો મોટે ભાગે હળવા લક્ષણોની જાણ કરે છે જે એક કે બે દિવસમાં સારી થઈ જાય છે. અમારા ૩૦,૦૦૦ વ્યક્તિઓ પર કરવામાં આવેલા ક્લિનલ ટ્રાયલમાં આશરે ૧૦-૨૦% વ્યક્તિઓએ આડઅસરોની જાણ કરી છે. આમાંના મોટાભાગની આડઅસરો હળવી હોય છે, જે ૧-૨ દિવસમાં સારી થઈ જાય છે અને તેના માટે કોઈ દવાની જરૂર પડતી નથી. તમે ચિકિત્સકની સલાહ લો પછી જ દવા લેવાની ભલામણ કરવામાં આવે છે.

હાલમાં, માત્ર ભારત બાયોટેકની સ્વદેશી નિર્મિત કોવેક્સિન ૧૫-૧૮ વર્ષની વય જૂથને રસી આપવા માટે ઉપલબ્ધ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વસ્તી શ્રેણીમાં રસી આપવા માટે કોવેક્સિનના વધારાના ડોઝ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મોકલવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે, ૧૫-૧૮ વર્ષની વય જૂથ માટે ૩ જાન્યુઆરીથી રસીકરણ શરૂ થશે. આરોગ્ય કર્મચારીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને સંવેદનશીલ વરિષ્ઠ નાગરિકો માટે રસીના ત્રીજા અગમચેતીના ડોઝ માટે રસીકરણ પ્રક્રિયા ૧૦ જાન્યુઆરીથી શરૂ થશે. કોવિન પોર્ટલ મુજબ ૧૫થી ૧૮ વર્ષની વયજૂથના ૧,૦૬,૨૭,૨૭૭ બાળકોને અત્યાર સુધીમાં પ્રથમ કોવિડ-૧૯ રસીના ડોઝ સાથે રસી આપવામાં આવી છે. સરકારના કોવિન પોર્ટલ મુજબ, રસીના પ્રથમ ડોઝ માટે અત્યાર સુધીમાં ૧,૩૩,૬૪,૦૩૦ બાળકોએ નોંધણી કરાવી છે.

યોગીની બેઠક બાદ નવી ગાઈડલાઈન જાહેર થઈ

ઉત્તરપ્રદેશમાં નહીં લાગે સાપ્તાહિક કરફ્યુ : મુખ્યમંત્રી

યુપીમાં કોરોનાના વધતા કેસ જોતા સીએમ યોગી આદિત્યનાથે વહીવટીતંત્રને જરૂરી દિશા નિર્દેશ આપી દીધા છે

લખનૌ,તા.૫

યુપીમાં કોરોનાના વધતા કેસ જોતા સીએમ યોગી આદિત્યનાથ વહીવટીતંત્રને જરૂરી દિશા નિર્દેશ આપી દીધા છે. સીએમ યોગીએ સ્પષ્ટ કર્યું છે કે રાજ્યમાં હાલ વીકેન્ડ કરફ્યુ લાગશે નહી. ટીમ-૯ સાથે સીએમ યોગીએ રાજ્યમાં કોરોનાના વધતા કેસોની સમીક્ષા કરી અને જરૂરી પગલાં ભરવા માટે નિર્દેશ આપ્યા. બેઠકમાં કોરોના પ્રોટોકોલનું કોઈ પણ સંજોગોમાં પાલન કરાવવા પર ભાર રહ્યો. જેમાં કહેવાયું કે ગભરાવવાની કે પરેશાન થવાની જરૂર નથી પરંતુ સતર્કતા અને સાવધાનીની જરૂર છે. લોકોને માસ્ક અને રસી લેવાનું તથા સોશિયલ ડિસ્ટન્સિંગ માટે પ્રેરિત કરવાનું કહેવાયું. યુપીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ લાખ ૬૬ હજાર ૩૩ સેમ્પલનું પરીક્ષણ કરાયું જેમાંથી કુલ ૯૯૨ નવા સંક્રમિતોની પુષ્ટિ થઈ. આ સમય દરમિયાન ૭૭ લોકો રિકવર પણ થયા. રાજ્યમાં હાલ ૩૧૭૩ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે. ખાનગી અને સરકારી તમામ શાળાઓમાં મકર સંક્રાંતિ સુધી ધોરણ ૧૦માં સુધી રજાઓ જાહેર કરવામાં આવે. આ સમયગાળામાં તેમનું રસીકરણ ચાલુ રહેશે. જે જિલ્લાઓમાં ૧૦૦૦થી વધુ કોવિડ કેસ હશે ત્યાં જીમ, સ્પા, સિનેમાહોલ, બેક્વેટ હોલ, રેસ્ટોરન્ટ વગેરે જાહેર સ્થળોને ૫૦ ટકા ક્ષમતા સાથે સંચાલિત કરાશે. લગ્ન સમારોહ અને અન્ય આયોજનોમાં બંધ સ્થાનોમાં એક સમયે ૧૦૦થી વધુ લોકોને મંજૂરી નહી રહે. ખુલ્લા સ્થળો પર ગ્રાઉન્ડની કુલ ક્ષમતાની ૫૦ ટકાથી વધુ લોકોની હાજરીને મંજૂરી નહી. નાઈટ કરફ્યુ રાતે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી લાગૂ રહેશે. આ વ્યવસ્થા ૬ જાન્યુઆરી ગુરુવારથી પ્રભાવી રહેશે. બેઠકમાં કહેવાયું કે નિગરાણી સમિતિ અને ઈન્ટીગ્રેટેડ કોવિડ કમાન્ડ સેન્ટરને સંપૂર્ણ રીતે સક્રિય કરવામાં આવે. ગામડાઓમાં પ્રધાનના નેતૃત્વમાં તથા શહરી વોર્ડમાં કોર્પોરિટરોના નેતૃત્વમાં નિગરાણી સમિતિઓ એક્ટિવ રહે. ઘરે ઘરે સંપર્ક કર્યા વગર રસીકરણ માટે લોકોને ચિન્હિત કરવામાં આવે. તેમની સૂચિ જિલ્લા પ્રશાસનને આપવી.

કોર્ડેલિયા ક્રૂઝ મુંબઈ ખાતે આવી, ૬૬ સંક્રમિતોને કોવિડ કેર સેન્ટરમાં શિફ્ટ કરાયા

(એજન્સી) નવીદિલ્હી,તા.૫

બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની ડ્રગ પાર્ટીથી ચર્ચામાં આવનાર કોર્ડેલિયા ક્રૂઝમાં કોરોના બ્લાસ્ટ થયો છે . આ વખતે કોર્ડેલિયા ક્રૂઝ નવા વર્ષની પાર્ટી માટે ૨૦૦૦ લોકો સાથે મુંબઈથી ગોવા જઈ રહી હતી, પરંતુ આ ક્રૂઝમાં સવાર લગભગ ૬૬ મુસાફરો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું. જે બાદ તેને મંગળવારે મુંબઈ લાવવામાં આવ્યા હતા ક્રુઝમાં સવાર લોકોનો ઈ-ઝઈ ટેસ્ટ કરવામાં આવશે. બુધવારે સવારે ૭ વાગ્યા સુધીમાં તેમનો રિપોર્ટ આવશે. અમે કસ્તુરબાને પોઝિટિવ આવેલા લોકોના સેમ્પલ મોકલીશું અને તેમને ક્વોરેન્ટાઈન માટે કહેવામાં આવ્યું છે. જે બાદ હવે એવું કહેવામાં આવ્યું છે કે જેઓ પોઝિટિવ જણાય છે તેમને ભાયખલાના રિચાર્ડસન અને ક્રુડદાસ કોવિડ કેર સેન્ટરમાં શિફ્ટ કરવામાં આવશે. બીજી તરફ, મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના ૧૮,૪૬૬ નવા કેસ નોંધાયા છે અને છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૦ લોકોના મોત નોંધાયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૬૬,૩૦૮ થઈ ગઈ છે. નવા કેસમાંથી ૧૦,૮૬૦ નવા કેસ માત્ર રાજધાની મુંબઈમાં જ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના નવા વેરિઅન્ટ 'ઓમિક્રોન'થી સંક્રમિત લોકોની સંખ્યા ૬૫૩ પર પહોંચી ગઈ છે. BMC અનુસાર, મુંબઈમાં નવા કેસ પાછલા દિવસની સરખામણીએ ૩૪.૩૭ ટકા વધુ છે. તે જ સમયે, શહેરમાં વધુ બે લોકોના મોત થયા છે. રાજ્યમાં સંક્રમણના ૧૨,૧૬૦ નવા કેસ નોંધાયા હતા અને ૧૧ મૃત્યુ નોંધાયા હતા. એટલે કે, ચેપના નવા કેસોમાં ૫૦ ટકાનો વધારો થયો છે. મુંબઈ સિવાય રાજ્યના અન્ય શહેરોમાં પણ કેસ વધી રહ્યા છે. પુણે જિલ્લામાં પણ મંગળવારે કોરોનાના ૧,૧૦૪ નવા કેસ નોંધાયા હતા. આ ક્રૂઝ મુંબઈથી ગોવા, લક્ષદ્વીપ અને કોચી માટે બુક કરવામાં આવી રહી છે. કોરોનાના સંજોગોને ધ્યાનમાં રાખીને ૨૦૨૨માં વિદેશ પ્રવાસ શરૂ કરવામાં આવશે. આ ક્રૂઝમાં રેસ્ટોરન્ટ, બાર, ઓપન સિનેમા, થિયેટર, કોન્ફરન્સ રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, જિમ અને હોસ્પિટલ જેવી સુવિધાઓ છે. મોટાભાગની પાર્ટીઓ જહાજની અંદર બનેલા પૂલની આસપાસ યોજાય છે. તેના પર ૩૦૦૦ થી વધુ મુસાફરો મુસાફરી કરી શકે છે. જહાજ પર એક જ મુસાફરીનું ભાડું રૂ. ૧૭,૭૦૦ થી રૂ. ૫૩,૧૦૦ સુધી છે.કોર્ડેલિયા ક્રૂઝમાં સવાર લગભગ ૬૬ મુસાફરો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યા બાદ હવે દરેકને મંગળવારે સાંજે મુંબઈ લાવવામાં આવ્યા હતા. જે બાદ તમામ ઈ-ઝઈ ટેસ્ટ કરવામાં આવ્યા છે. હવે પોઝિટિવ મળી આવેલા તમામને મુંબઈના ભાયખલામાં રિચાર્ડસન અને ક્રુડાસ કોવિડ કેર સેન્ટરમાં શિફ્ટ કરવામાં આવશે.

હવે ૨૪ રાજ્યોમાં ઓમિક્રોનની હાજરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં જ કોરોનાના કેસોમાં ૫૫.૪૨ ટકાનો વધારો નોંધાતા એક દિવસમાં ૫૮,૦૯૭ કેસો નોંધાયા છે. આના કારણે મહામારી શરૂ થયા બાદ દેશમાં કુલ કેસોની સંખ્યા વધીને ૩,૫૦,૧૮,૩૫૮ થઈ ગઈ છે. હાલ દેશમાં ૨,૧૪,૦૦૪ એક્ટિવ કેસો છે. ૨૪ કલાકમાં ૫૩૪ મોત સાથે કુલ મોતનો આંકડો વધીને ૪,૮૨,૫૫૧ થઈ ગયો છે. મંગળવારે ૧૫,૩૮૯ કોરોના દર્દીઓ સાજા થયા હતા. દેશમાં દૈનિક પોઝિટિવિટી દર વધીને ૪.૮૧ થયો છે. દરમિયાન કોરોના વાયરસના ઓમિક્રોન વેરિયન્ટના મંગળવારના ૧૮૯૨ કેસોથી વધીને ૨૧૩૫ થઈ ગયા છે. દેશમાં બીજી ડિસેમ્બરે ઓમિક્રોનનો પ્રથમ કેસ નોંધાયો હતો અને હવે મણિપુરમાં પણ એક કેસ આવતાં ૨૪ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓમિક્રોનની હાજરી વર્તી રહી છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના સૌથી વધુ ૬૫૩, દિલ્હીમાં ૪૬૪, કેરળમાં ૧૮૫, રાજસ્થાનમાં ૧૭૪ અને ગુજરાતમાં ૧૫૪ કેસ છે.

RSS સાથે સંકળાયેલા સંગઠનોના વાર્ષિક સંમેલનમાં ભારત કેન્દ્રિત શિક્ષણની ચર્ચા થશે

(એજન્સી) તા.૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે સંકળાયેલા કેટલાક સંગઠનોનું ત્રણ દિવસનું વાર્ષિક સંમેલન યોજાવા જઈ રહ્યું છે. બુધવારે આ અંગે જાહેરાત કરવામાં આવી હતી.

આરએસએસના વડા મોહન ભાગવત અને મહાસચિવ દત્તાત્રેય હોસબોલે સહિત પાંચ મહાસચિવ અને અન્ય ઓફિસના કાર્યકરો જે સંઘ સાથે સંકળાયેલા છે તેઓ પણ આ બેઠકમાં હાજરી આપવાનાછે. આ બેઠક મોટાભાગે સપ્ટેમ્બર મહિનામાં યોજાતી હતી પરંતુ કોરોના મહામારીને કારણે આ બેઠકને જાન્યુઆરી સુધી પાછી ઠેલાઈ હતી. આ માહિતી અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ ઓફ ધી આરએસએસ સુનીલ આંબેકરે આપી હતી. આંબેકરે વધુમાં જણાવ્યું કે ૨૧૬ જેટલા ઓફિસ બેરર સહિત ૩૬ સંગઠનો આ બેઠકમાં જોડાવાના છે. જે લોકોએ પણ બંને ડૉઝ વેક્સિનના લઈ લીધા હશે તેઓ જ આ બેઠકમાં ભાગ લઈ શકશે. તેમણે કહ્યું કે આ કોઈ ડિસીઝન મેકિંગ બેઠક નથી પરંતુ તેમાં ફક્ત માહિતીની આપ-લે કરવામાં આવશે. આંબેકરે કહ્યું કે અમે ભારતના કેન્દ્રીય શિક્ષણ મુદ્દે ચર્ચા કરવા માટે આ બેઠકમાં જવાના છીએ. તેમાં વિદ્યા સમૂહ, વિદ્યા ભારતી, એબીવીપી, ભારતીય શિક્ષણ મંડળ અને અન્ય સંગઠનો પણ હાજર રહેવાના છે. આ સંગઠન નવી શિક્ષણ નીતિ સંબંધિત સલાહ -સૂચનો પણ બહાર પાડી શકે છે. ગત વર્ષે અમદાવાદ, ગુજરાતમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભારતીય મજદૂર સંઘ, સ્વદેશી જાગરણ મંચ અને લઘુ ઉદ્યોગ ભારતી સહિત અન્ય સંગઠનો સામેલ થયા હતા અને તેમાં રોજગાર વધારવા સંબંધિત મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

ભાજપમાંથી "મતુઆ સમુદાયના નેતાઓનું પલાયન" યથાવત્, કેન્દ્રીયમંત્રીએ રાજ્યના પાર્ટીના વ્હોટ્સએપ ગ્રુપમાંથી એક્ઝિટ કર્યું

બંગાળ ભાજપના તમામ વ્હોટ્સએપ જૂથો છોડી દેનાર શાંતનુ ઠાકુરે રાજ્ય ભાજપમાં તાજેતરના સંગઠનાત્મક ફેરબદલ અંગે તેમના નજીકના લોકોનો સમાવેશ ન થતાં નારાજ થયા હતા

(એજન્સી) તા.૫

કેન્દ્રીય બંદરો શિપિંગ અને જળમાર્ગોના રાજ્ય પ્રધાન શાંતનુ ઠાકુરે ભાજપની રાજ્ય એકમના તમામ વોટ્સએપ જૂથો છોડી દીધા છે, જે એવી અટકળોને વેગ આપે છે કે તેઓ ભગવા પાર્ટી છોડી દેશે.બંગાળ ભાજપના તમામ વોટ્સએપ જૂથો છોડી દેનાર શાંતનુ ઠાકુરે રાજ્ય ભાજપમાં તાજેતરના સંગઠનાત્મક ફેરબદલ અંગે તેમના નજીકના લોકોનો સમાવેશ ન થતાં નારાજ થયા હતા.

ઠાકુરના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રીને લાગે છે કે ભાજપ દ્વારા માતુઆ સમુદાય અને તેના નેતાઓની અવગણના કરવામાં આવી છે. બંગાળ ભાજપમાં તાજેતરના ફેરબદલમાં, જ્યાં સાંસદ દિલીપ ઘોષના સાંસદ સુકાંત મજુમદારે ચાર્જ સંભાળ્યો હતો, માટુઆ સમુદાયના કોઈ અગ્રણી નેતાને મહત્વપૂર્ણ પદ મળ્યું નથી. ભાજપના પાંચ ધારાસભ્યો-મુકુટમોની અધિકારી, સુબ્રત ઠાકુર, અંબિકા રોય, અશોક કીર્તનિયા અને અસીમ સરકાર-એ રાજ્યની પાર્ટી સમિતિમાંથી તેમની બાદબાકી પર નારાજગી વ્યક્ત કરી અને ભાજપના ધારાસભ્યોનું વ્હોટ્સએપ ગ્રુપ છોડી દીધું. તેઓ ઠાકુરને બોનગાંવ સ્થિત તેમના નિવાસ સ્થાને મળ્યા હતા. જો કે હજુ સુધી કોઈએ પાર્ટી છોડી નથી. નેતાઓએ રાજ્ય બીજેપીના પ્રાથમિક નિયંત્રણ એકમમાં મતુઓને પ્રતિનિધિત્વ આપવાનું કહ્યું છે.આ પહેલીવાર નથી જ્યારે બોનગાંવના બીજેપી સાંસદે પાર્ટીથી નારાજગી વ્યક્ત કરી હોય. CAAના અમલીકરણમાં વિલંબને લઈને તેઓ ગયા વર્ષે ઘણી વખત બોલ્યા હતા.

રાયપુરથી હિન્દુત્વના ઠેકેદાર કાલીચરણની કસ્ટડી મેળવતી પૂણેની પોલીસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ગત ૨૫મી ડિસેમ્બરના રોજ રાયપુર ખાતે યોજાયેલી ધર્મ સંસદમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અંગે આપત્તિજનક ટિપ્પણી કરવા મામલે છત્તીસગઢ પોલીસ દ્વારા હિન્દુત્વના ઠેકેદાર કાલીચરણની ધરપકડ કરવામાં આવી હતી. ૧૯મી ડિસેમ્બરના રોજ શિવપ્રતાપ દિવસ નિમિત્તે કરાયેલી વાંધાજનક ટિપ્પણીના આરોપસર કાલીચરણને પૂણે લાવવામાં આવી રહ્યો છે. પોલીસે આ મામલે પાંચ અન્ય લોકોની પણ ધરપકડ કરી છે, જેમાં હિન્દુત્વના નેતા મિલિન્દ એકબોટે, નંદકિશોર એકબોટે, મોહનરાવ શેટ્ટે, દિપક નાગપુરે અને કેપ્ટન દિગેન્દ્રકુમારનો સમાવેશ થાય છે. કાલીચરણ ઉર્ફે અભિજીત સારગની ૩૦મી ડિસેમ્બરના રોજ છત્તીસગઢ પોલીસ દ્વારા મધ્યપ્રદેશથી ધરપકડ કરવામાં આવી હતી. તેની પર ધર્મ સંસદ દરમ્યાન મહાત્મા ગાંધી અંગે વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ છે. રાયપુર કોર્ટે કાલીચરણના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કર્યા હતા. કાલીચરણ અને અન્ય આરોપીઓને પૂણે લાવી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

ફેક ટેલિગ્રામ મેસેન્જર એપ જીવલેણ માલવેર સાથે તમારી ડિવાઈસ હેક કરી શકે છે

(એજન્સી) તા.૫

ફેક ટેલિગ્રામ મેસેન્જર એપ હાલ પીસી સહિતની ડિવાઈસનું હેકીંગ કરે છે અને વિંડો બેઝ્ડ માલવેર તમારી માહિતીને જોખમમાં મૂકી શકે છે કારણ કે તે એન્ટી વાયરસ સિસ્ટમની અવગણના કરે છે એવી સાઈબર સિક્યોરિટી સંશોધકોએ ચેતવણી આપી છે. ચુનંદા સાઈબર ફોર્સમાં સેવા બજાવનાર ઈઝારાયેલી સંરક્ષણ દળોના પૂર્વ અધિકારીઓ દ્વારા ૨૦૧૪માં સ્થાપિત મિનરવા લેબના રિપોર્ટ અનુસાર ટેલિગ્રામ મેસેજીંગ એપ્લિકેશનના ફેક ઈન્સ્ટોલરનો વિન્ડો આધારીત પરપલ ફોક્સનું વિતરણ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. અમોને એવું જાણવા મળ્યું છે કે મોટી સંખ્યામાં ઈન્સ્ટોલર એ જ એટેક ચેઈનનો ઉપયોગ કરીને એ જ પરપલ ફોક્સ રુટ કીટ વર્ઝન આપવાની લાલચ કરે છે. આ સાઈબર એટેકની વિશિષ્ટતા એ છે કે પ્રત્યેક સ્ટેજને જુદી જુદી ફાઈલમાં અલગ પાડવામાં આવે છે જે સમગ્ર ફાઈલ સેટ વગર નિરર્થક બની જાય છે આને કારણે એટેકર એન્ટી-વાયરસ ડીટેક્શનથી પોતાની ફાઈલો બચાવી શકે છે એવું સંશોધકોએ જણાવ્યું હતું. તપાસ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે થ્રેટ એક્ટર એટેકને નાની નાની ફાઈલોમાં વિભાજિત અને અલગ કર્યા બાદ રડાર હેઠળ એટેકના મોટા ભાગના ભાગો છોડી શક્યો હતો અને આ રીતે આખરી સ્ટેજમાં પરપલ પોક્સ રુટ કીટ ઈન્ફેક્શન આવે છે. ૨૦૧૮માં પ્રથમ વાર આ જાણવા મળ્યું હતું. પરપલ ફોક્સ રુટ કીટ ક્ષમતા સાથે આવે છે કે જે એન્ટી વાયરસ સોલ્યુશનની પહોંચ બહાર માલવેરને મૂકવા માટે મંજૂરી આપવામાં આવે છે. ઓક્ટો.૨૦૨૧માં ટ્રેન્ડ માઈક્રો રીસર્ચરે પરપલ ફોક્સના સહયોગમાં ડબ કરાયેલા ફોક્સ સોકેટમાં ડોટનેટ ઈમ્પ્લાન્ટ થયું હોવાનું બહાર આવ્યું હતું. આમ ફેક ટેલિગ્રામ મેસેન્જર એપ જીવલેણ માલવેર સાથે તમારી ડિવાઈસ હેક કરી શકે છે.

ભારત દ્વારા ચીનની ફોન કંપની શાઓમીને રૂા.૬૫૩ કરોડની આયાત ડ્યૂટીની ચોરીની નોટિસ પાઠવવામાં આવી

નાણાકીય વ્યવહારોમાં કંપની રોયલ્ટી અને લાયસન્સ ફી ઉમેરી આયાત ડ્યૂટી ભરવાનું ટાળી રહી હતી : ભારતીય તંત્ર

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ચીનની મોબાઈલ ફોન નિર્માતા કંપની શાઓમી ઈન્ડિયાને આયાત ડ્યૂટીની કથિત ચોરી બદલ રૂા.૬૫૩ કરોડની નોટિસ ફટકારવામાં આવી છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. કંપનીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. તાજેતરમાં શાઓમીના સંકુલો પર પાડવામાં આવેલા દરોડા દરમ્યાન મળેલા દસ્તાવેજોની તપાસ બાદ કંપનીને આ નોટિસ પાઠવવામાં આવી હતી. આ સમગ્ર ઘટના અંગે તાત્કાલિક રીતે શાઓમી ઈન્ડિયા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

કેન્દ્રીય નાણા મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે, શાઓમી ઈન્ડિયા પર તેના પરિસરોમાં દરોડા દરમ્યાન મળેલા દસ્તાવેજોની પુનઃ પ્રાપ્તિ નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં કરારની જવાબદારીઓ હેઠળ અમેરિકા અને ચાઈનીઝ કંપનીઓને રોયલ્ટી અને લાયસન્સ ફીના રેમિટન્સનો સંકેત આપવામાં આવ્યો હતો. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા તપાસ દરમ્યાન એકત્ર કરવામાં આવેલા પુરાવા દર્શાવે છે કે, ન તો શાઓમી ઈન્ડિયા કે તેના કોન્ટ્રાક્ટ ઉત્પાદકો કંપની દ્વારા આયાત કરાયેલા માલના આકરણી મૂલ્યમાં ફર્મ દ્વારા ચૂકવવામાં આવેલી રોયલ્ટીની રકમ અને તેના કોન્ટ્રાક્ટ ઉત્પાદકો છે, આ કેસમાં કસ્ટમ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. નાણાકીય વ્યવહારોમાં કંપની રોયલ્ટી અને લાયસન્સ ફી ઉમેરી આયાત ડ્યૂટી ટાળી રહી હતી. પહેલી એપ્રિલ ૨૦૧૭થી ૩૦ જૂન સુધીના સમયગાળા માટે રૂા.૬૫૩ કરોડની કરની વસૂલાત માટે ત્રણ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે.

ભારતમાં ઓમિક્રોનથી મોતનો પ્રથમ કેસ નોંધાયો : રાજસ્થાનના વૃદ્ધ દર્દીનું મૃત્યુ

વૃદ્ધનું સંપૂર્ણ રસીકરણ થયેલું હતું અને તેઓ કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ ધરાવતા ન હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કોરોના વાયરસના સૌથી વધુ સંક્રમિત સ્વરૂપ ઓમિક્રોનથી મોત થયાનો પ્રથમ કેસ બુધવારે ભારતમાં નોંધાયો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં ડાયબિટિશ અને અન્ય બીમારીથી પીડિત એક દર્દીનું મોત નોંધાયું હતું. જે ટેકનિકલ રીતે ઓમિક્રોનથી મોતનો પ્રથમ કેસ છે. ૭૩ વર્ષીય વૃદ્ધ ઓમિક્રોનથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું હતું. બે વખત તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. ૩૧મી ડિસેમ્બરના રોજ રાજસ્થાનના ઉદેપુરની એક હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું, તેઓ કોરોના પછીની બીમારીઓથી પીડિત હતા. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. ૧૫મી ડિસેમ્બરના રોજ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા. તેમનું સંપૂર્ણ રસીકરણ થયેલું હતું અને તેઓ કોઈના સંપર્કમાં આવ્યાનું કે ટ્રાવેલ હિસ્ટ્રી પણ ધરાવતા ન હતા. ૨૫મી ડિસેમ્બરના રોજ જાણવા મળ્યું હતું કે, તેઓ ઓમિક્રોનથી સંક્રમિત છે. જેના છ દિવસ બાદ બપોરે સાડા ત્રણ વાગ્યે તેમનું હોસ્પિટલમાં મોત થયું હતું, એમ આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રએ કહ્યું કે, આપણે NEET-PG કાઉન્સેલિંગ સાથે આગળ વધવું જોઈએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી કે તે કેસના મુદ્દાઓની સુનાવણી ચાલુ રાખે અને NEET-PG કાઉન્સિલિંગ સાથે આગળ વધવા કેન્દ્રને મંજૂરી આપે. NEET-PG કાઉન્સિલિંગમાં વિલંબને લઈને રેસિડેન્ટ ડૉક્ટરો રસ્તા પર ઉતર્યા પછી, કેન્દ્ર સરકારે ૩ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતને વિનંતી કરી હતી કે NEET-PGમાં આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ક્વોટાના માપદંડોને પડકારતી અરજીઓ હાથ ધરે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચાલુ એડમિશનમાં EWS આરક્ષણ માટે ૮ લાખ રૂપિયાની વાર્ષિક આવકના વર્તમાન માપદંડને જાળવી રાખવા માટે નિષ્ણાત સમિતિ દ્વારા કરાયેલી ભલામણોને સ્વીકારીને ૩૧ ડિસેમ્બરે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટની બેન્ચને જાણ કરી હતી. રિપોર્ટ મુજબ સોલિસિટર જનરલે રજૂઆત કરી કે, "આપણે કાઉન્સેલિંગ સાથે આગળ વધવું જોઈએ. તે તબક્કો પૂરો કરવો જોઈએ. આ દરમિયાન કોર્ટ આ મામલાની સુનાવણી શરૂ કરી શકે છે અને અમે કોર્ટને ખૂબ વિગતવાર મદદ કરી શકીએ છીએ. અમને ડોકટરોની જરૂર છે અને તેમની ચિંતાઓ સાચી છે. એક સમાજ તરીકે, આપણે હવે લાંબી દલીલોમાં ન જવું જોઈએ. અમે કહ્યું હતું એ મુજબ રિપોર્ટ હવે સબમિટ કરવામાં આવ્યો છે. આ સુનાવણી ૬ જાન્યુઆરીએ ચાલુ રહેવાની છે. સુપ્રીમ કોર્ટની અગાઉની સુનાવણી પછી ડોકટરો રસ્તા પર ઉતરી આવ્યા હતા - જ્યારે કેન્દ્ર સરકારે NEET-PG ૨૦૨૧ કાઉન્સેલિંગમાં EWS ક્વોટાની સમીક્ષા કરવા માટે ચાર અઠવાડિયાનો સમય માંગ્યો હતો. સરકારે કોર્ટને જાણ કરી હતી કે જ્યાં સુધી અરજીઓ પર કાર્યવાહી ન થાય ત્યાં સુધી તે કાઉન્સેલિંગની પ્રક્રિયા આગળ ધપાવશે નહીં. એ પછી ડોકટરોએ ઓપીડી, પછી નિયમિત સેવાઓ, જેમ કે વોર્ડમાં દર્દીની સંભાળ અને આયોજિત શસ્ત્રક્રિયાઓમાંથી ખસી ગયા હતા અને અંતે ઈમરજન્સી સેવાઓ પણ સ્થગિત કરી દેવામાં આવી હતી. અરજીઓમાં અન્ય પછાત વર્ગો માટે ૨૭ ટકા અને બિન-અનામત વર્ગમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત પ્રદાન કરતી મેડિકલ કાઉન્સેલિંગ સમિતિની ૨૯ જુલાઈની સૂચનાને પડકારવામાં આવી છે.

બોર્ડની બીજી ટર્મની પરીક્ષાઓ સંબંધિત ઓનલાઈન પ્લેટફોર્મ પર ફરતી બોગસ માહિતી અંગે CBSEએ સાવચેત કર્યા

(એજન્સી) તા.૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) ટર્મ-૧ની પરીક્ષા સમાપ્ત થયા પછી, વિદ્યાર્થીઓ પરિણામ તેમજ ટર્મ-૨ પરીક્ષાની રાહ જોઈ રહ્યા છે. ટર્મ-૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૨ની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી. સીબીએસઈ ટર્મ-૧ પરિણામ અને CBSE ધો.૧૦ અને ૧૨માં અભ્યાસક્રમ અંગે સતત અટકળો વચ્ચે બોર્ડે પબ્લિક એડવાઈઝરી બહાર પાડી છે. ભ્રામક સમાચારો સામે દરેકને ચેતવણી આપતા બોર્ડે દરેકને માત્ર સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર આધાર રાખવા જણાવ્યું છે. ધો.૧૦, ૧૨ના અભ્યાસક્રમ, પરીક્ષાની તારીખો અને પરિણામોને લગતી ઓનલાઈન ખોટી માહિતી ફેલાવવા અંગે ચિંતા વ્યક્ત કરતા સીબીએસઈએ કહ્યું છે કે, પ્રેક્ષકોને ગેરમાર્ગે દોરવા માટે આ માહિતી ફેલાવવામાં આવી રહી છે. કોઈપણ ખોટી અફવાઓ પર વિશ્વાસ ન કરો. સીબીએસઈ ટર્મ-૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૨ ધો.૧૦, ૧૨ માટે માર્ચ/એપ્રિલ, ૨૦૨૨માં યોજાવાની છે. સીબીએસઈ ટર્મ-૨ ડેટ શીટની અપેક્ષિત તારીખ સંબંધિત સમાચાર ઘણા મીડિયા સંસ્થાઓ સહિત ઘણા ઓનલાઈન મીડિયા પ્લેટફોર્મ દ્વારા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. નવી જાહેર કરાયેલ પબ્લિક એડવાઈઝરી જણાવે છે કે, વિદ્યાર્થીઓ અને હિતધારકોને જાણ કરવામાં આવે છે કે, સીબીએસઈએ બોર્ડની પરીક્ષાઓની તારીખો અને અભ્યાસક્રમ અંગે કોઈ માહિતી બહાર પાડી નથી. સત્તાવાર સૂચના વાંચે છે, 'એવું જોવામાં આવ્યું છે કે, કેટલાક ઓનલાઈન મીડિયા પ્લેટફોર્મ્સ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓમાં મુખ્ય પરીક્ષા પેટર્નમાં ફેરફાર, ટર્મ-૨ બોર્ડ પરીક્ષાઓ અને પ્રેક્ષકોને મૂંઝવણમાં મૂકવા જેવા શબ્દોનો ઉપયોગ કરીને ખોટી માહિતી ફેલાવે છે.' સીબીએસઈ ટર્મ-૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૨ની પેટર્નમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે બોર્ડ દ્વારા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી, તે જ રહેશે. નોટિસમાં આગળ લખવામાં આવ્યું છે કે, 'વિદ્યાર્થીઓના હિતમાં, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે, બોર્ડે પરીક્ષાની પદ્ધતિમાં ફેરફારની જાહેરાત કરી હતી. ટર્મ-૧ની પરીક્ષાઓ પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ છે અને પરીક્ષાના ફોર્મેટનો ઉલ્લેખ ટર્મ ૨ માટે સમાન પરિપત્રમાં કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ અને હિતધારકોને સલાહ આપવામાં આવે છે કે, તેઓ માત્ર સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર ઉપલબ્ધ માહિતી પર આધાર રાખે. તેમને એ પણ જાણ કરવામાં આવે છે કે, CBSE ટર્મ-૨ બોર્ડ પરીક્ષા અને CBSE ટર્મ-૧ના પરિણામ પર કોઈપણ અપડેટ સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

સિવિલ સર્વિસ(મુખ્ય) પરીક્ષા ૭ જાન્યુઆરીએ લેવાશે : યુપીએસસી

(એજન્સી) તા.૫

UPSC સિવિલ સર્વિસીસ મેઈન એક્ઝામિનેશન ૨૦૨૧ના ઉમેદવારો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માહિતી છે. આ પરીક્ષાઓ પૂર્વનિર્ધારિત તારીખો પર જ લેવામાં આવશે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સર્વિસ મેન્સ ૨૦૨૧ પરીક્ષાની તારીખ બદલવાનો ઈનકાર કર્યોછે. આયોગે તેની સત્તાવાર વેબસાઈટ upsc.gov.in પર નોટિસ જારી કરીને આ સંદર્ભમાં માહિતી આપી છે. UPSC CSE Mains ૨૦૨૧ની પરીક્ષા ૭ જાન્યુઆરી ૨૦૨૨થી શરૂ થશે. UPSCએ તાજેતરની સૂચનામાં કહ્યું છે કે, 'કોવિડ-૧૯ના પ્રવર્તમાન સંજોગોની સંપૂર્ણ સમીક્ષા કર્યા પછી, કમિશને નિર્ણય લીધો છે કે સિવિલ સર્વિસિસ (મુખ્ય) પરીક્ષા ૨૦૨૧ પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ લેવામાં આવશે. એટલે કે, આ પરીક્ષાઓ ૭, ૮, ૯, ૧૫ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ લેવામાં આવશે. UPSC એ તમામ રાજ્ય સરકારોને અપીલ કરી છે કે સિવિલ સર્વિસ મેન્સ ૨૦૨૧ ના ઉમેદવારોને પ્રતિબંધોને કારણે પરીક્ષામાં બેસવામાં કોઈ મુશ્કેલી ન પડે તેનો પ્રબંધ કરે. ખાસ કરીને એવા ઉમેદવારો કે જેઓ કન્ટેઈનમેન્ટ અથવા માઈક્રો-કન્ટેનમેન્ટ ઝોનમાંથી આવતા હોય તેમને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે. કમિશને કહ્યું છે કે જો જરૂરી હોય તો, UPSC CSE Mains ૨૦૨૧ એડમિટ કાર્ડ અને પરીક્ષા કંડક્ટર્સના ID કાર્ડનો ઉપયોગ મૂવમેન્ટ પાસ તરીકે કરવો જોઈએ. આ ઉપરાંત, પરીક્ષામાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મદદ કરવા માટે પરીક્ષાર્થીઓને પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્યોને પણ અપીલ કરવામાં આવી છે. પરીક્ષાના ઓછામાં ઓછા એક દિવસ પહેલા એટલે કે ૬ જાન્યુઆરી ૨૦૨૨થી ૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધી અને પછી ૧૪ જાન્યુઆરી ૨૦૨૨થી ૧૬ જાન્યુઆરી ૨૦૨૨ સુધી શક્ય તેટલી જાહેર પરિવહનની સુવિધા આપવી જોઈએ. પરીક્ષા અંગે તમામ જિલ્લા સત્તાધીશોઓ અને સ્થળ નિરીક્ષકોને માર્ગદર્શિકાની નકલ આપવામાં આવી છે.

હોમવર્ક નહીં કરવા બદલ છોકરીને શિક્ષકે લાફો મારતાં શાળાના ડાયરેક્ટર પર આર્મી જવાન પિતા દ્વારા ફાયરિંગ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૪

એક આશ્ચર્યજનક ઘટનામાં આર્મીના જવાને પોતાની દિકરીએ હોમવર્ક પુરૂં નહીં કરતા શિક્ષકે લાફો માર્યા બાદ શાળાના ડાયરેક્ટર પર ફાયરિંગ કરતાં તેની પત્ની જ ઘાયલ થઈ હતી. આ ઘટના રાજસ્થાનના ભરતપુર જિલ્લાની છે. અધિકારીઓએ જણાવ્યું કે, દિકરીએ હોમવર્ક નહીં કરતાં શિક્ષકે લાફો માર્યા બાદ દિકરીએ ઘરે આવીને ફરિયાદ કરતાં સેનાના જવાન પપ્પુ ગુર્જર ખાનગી શાળાના ડાયરેક્ટરને મળવા ગયો હતો. આ મુદ્દે બંને વચ્ચે બોલાચાલી થઈ ગઈ જેના પગલે ગુર્જરે અચાનક ડાયરેક્ટર તરફ બંદૂક તાકી હતી. જોકે, તેની પત્ની તે જ સમયે આવી જતાં ગોળી તેને વાગી ગઈ હતી. તેની પત્નીની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

તમિલનાડુના સેન્ડીનલ્લામાં ૧૫ વર્ષ પછી પારો શૂન્ય ડિગ્રી સેલ્શિયસને સ્પર્શ્યો

(એજન્સી) ઉધગામંડલમ, તા.૫

નિલગીરી જિલ્લામાં ૧૫ વર્ષના અંતર પછી બુધવારે સેન્ડીનલ્લા ગામમાં લઘુતમ તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્શિયસ સુધી ગગડી ગયું હતું. જેના કારણે સામાન્ય જીવન ઠપ થઈ ગયું હતું. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે અને ઘણા સ્થળોએ ઠંડકની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. જેના કારણે લોકોને ઘરોની અંદર રહેવાની ફરજ પડી છે. સત્તાવાર સ્રોતો અનુસાર સેન્ડીનલ્લા શૂન્ય ડિગ્રી સેલ્શિયસ તાપમાન સાથે સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું. જેના પછી કંડલ વિસ્તાર બે ડિગ્રી તાપમાન સાથે ધ્રુજી ગયું હતું. જ્યારે આ પ્રખ્યાત પર્યટક ગામમાં બોટનિકલ ગાર્ડનમાં ૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઠંડા વાતાવરણના કારણે ડીઝલ થીજી જવાથી રહેવાસીઓને તેમના વાહનો શરૂ કરવામાં મુશ્કેલી અનુભવાઈ હતી. કડકડતી ઠંડીના કારણે ઓફિસ જનારા લોકો પણ પ્રભાવિત થયા હતા.

હૈદરાબાદ : પોલીસે ભાજપની 'શાંતિ' રેલીને પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) હૈદરાબાદ, તા.૪

તેલંગાણા પોલીસે ભાજપના પ્રદેશ પ્રમુખ બાંદી સંજયકુમારની ધરપકડના વિરોધમાં પાર્ટી દ્વારા પ્રસ્તાવિત 'શાંતિ રેલી'ને મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. હૈદરાબાદના પોલીસ કમિશનર સી.વી. આનંદે કહ્યું હતું કે, કોવિડ-૧૯ના નિયંત્રણોને ધ્યાનમાં રાખી આ પરવાનગી આપવામાં આવી ન હતી. પાર્ટીના સૂત્રો મુજબ બાંદી સંજયકુમારની ધરપકડના વિરોધમાં મંગળવારે સિકંદરાબાદમાં રેલી યોજાવાની હતી. આ રેલીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ સામેલ થવાના હતા. નોંધનીય છે કે, રવિવારે રાત્રે કોવિડ-૧૯ની માર્ગદર્શિકાના કથિત ભંગ બદલ કરીમનગરથી બાંદી સંજયકુમારની ધરપકડ કરવામાં આવી હતી.

NEP થકી વિશ્વના અગ્રણી શિક્ષણવિદ્દો-તજજ્ઞોનું વિચારમંથન ગુજરાતને ગ્લોબલ એજ્યુ. હબ બનાવશે : મુખ્યમંત્રી

નવી શિક્ષણ નીતિના અમલથી ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે દેશમાં સાનુકૂળ માહોલ ઊભો થયો છે

આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક કોન્ફરન્સ ખુલ્લી મૂકતાં મુખ્યમંત્રીએ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ-ઈનોવેશન પોલિસી લોન્ચ કરી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૫

અમદાવાદ સાયન્સ સિટી ખાતે આજે આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી શિક્ષણ નીતિના અમલના દિશા-દર્શનનો રોડમેપ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP-૨.૦)નું લોન્ચિંગ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વભરના અગ્રણી શિક્ષણવિદો, તજજ્ઞોનું એનઈપીના માધ્યમથી વિચારમંથન ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવશે. નવી એજ્યુકેશન પોલિસીના અમલથી દેશમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો સાનુકૂળ માહોલ ઊભો થયો છે.

'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'માં નવી નેશનલ એજ્યુકેશન પોલિસી અંગે ભૂમિકા આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, મોદીના માર્ગદર્શનમાં સાડા ત્રણ દાયકા બાદ નવી નેશનલ એજ્યુકેશન પોલિસીની રચના થઈ છે.

આ નેશનલ એજ્યુકેશન પોલિસી નાયા ભારતના નિર્માણમાં બહુ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે. કોઈ પણ દેશના સર્વાંગી વિકાસ માટે એક સુઆયોજિત શૈક્ષણિક નીતિ ખૂબ જરૂરી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલથી દેશ, આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન માટે સજ્જ બન્યો છે.

દેશમાં મૌલિક અને પ્રતિભાસંપન્ન યુવાનોના ઘડતર માટે સમયને અનુરૂપ જરૂરિયાતો પ્રમાણેની વ્યાપક શિક્ષણ વ્યવસ્થા જોઈએ, તે વ્યવસ્થા પૂરી પાડવાનું મોટું કામ પાર પડી રહ્યું છે. દેશ-રાજ્યના યુવાનો વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ થઈ શકે તેનું પણ નવી શિક્ષણ નીતિમાં ધ્યાન રાખવામાં આવ્યું છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે. ત્યારે આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ લેવા માટે કેન્દ્ર સરકાર કેપેસિટી બિલ્ડિંગ, સ્કીલ ડેવલપમેન્ટ, રિસર્ચ એન્ડ ઈનોવેશન માટે ઊંચા લક્ષ્યો સિદ્ધ કરી રહી છે.

ગુજરાત સરકારે નેશનલ એજ્યુકેશન પોલિસીના મુખ્ય પાસાંઓને અનુરૂપ વિવિધ મહત્ત્વપૂર્ણ પગલાંઓ હાથ ધર્યા છે. ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર આવા અનેક મજબૂત આધારસ્તંભ પર વિકસી રહ્યું છે. આ જ આધારસ્તંભ પર નવી એજ્યુકેશન પોલિસીનો પણ ખૂબ ઝડપથી અમલ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. આ પોલિસીના અમલીકરણથી એક એવી ઈકોસીસ્ટમ તૈયાર થશે અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ખૂબ ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આપણી યુનિવર્સિટીઝને વર્લ્ડ-ક્લાસ બનાવવા માટે સમય સાથે કદમ મિલાવતી જરૂરી પદ્ધતિઓ, પ્રણાલીઓ, માળખાગત બાબતો અને અભિગમ અંગેના કેસ સ્ટડીઝને સમજવા માટે આ કોન્ફરન્સમાં યોજાનારી વાઈલ ચાન્સેલર્સ કોન્કલેવ ઉપયોગી બનશે.

શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ દ્વિ-દિવસીય શિક્ષણ સમિટ રાજ્યના બાળકોના સંશોધન અને જ્ઞાનનું રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આદાન-પ્રદાન કરશે. જે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરશે. આ કોન્ફરન્સમાં હોલિસ્ટિક એજ્યુકેશન સ્કીલ ડેવલપમેન્ટ, આંતરપ્રિન્યોર્સિપ, ડિજિટલ એજ્યુકેશન જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરાશે. જે વિદ્યાર્થીઓના શિક્ષણને વધુ પરિપક્વ બનાવશે.

શિક્ષણ અંગેની કોન્ફરન્સમાં પાર્ટનર દેશોના પ્રતિનિધિઓના પ્રતિભાવ

વોકેશનલ શિક્ષણ પ્રથમ પસંદગી હોવી જોઈએ

વોકેશનલ શિક્ષણ અંતિમ નહીં, પરંતુ પ્રથમ પસંદગી હોવી જોઈએ. ગુજરાત રાજ્ય વિદ્યાર્થીઓને વોકેશનલ શિક્ષણ આપીને લર્નિંગ હબ તરીકે ઉભરી રહ્યું છે. ટેકનોલોજીના ઉપયોગ થકી માહિતીનો પ્રચાર-પ્રસાર માત્ર વ્યક્તિગત રીતે લાભદાયી ન બની રહેતા પરંતુ વ્યાપક સામાજીક બદલાવ માટે ભારત સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ કારગર સાબિત થશે. -એન્ડ્રીયસ સ્લાઈકરે, ડાયરેક્ટર OECD

વૈશ્વિક શિક્ષણવિદ્દોને જોડવાનો અનેરો અવસર છે

વૈશ્વિક શિક્ષણવિદોને ગુજરાત સાથે જોડવાનો આ અનેરો અવસર છે. ઓસ્ટ્રેલિયાની શિક્ષણ નિતી અને ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦નો સમન્વય બંને દેશોના શૈક્ષણિક ક્ષેત્રના સંબંધોમાં નવી રાહ ચિંધીને વિદ્યાર્થીઓ માટે નવી તકો ઉપલબ્ધ કરાવશે. ભારત અને ઓસ્ટ્રેલિયાના સહિયારા પ્રયાસ બંને દેશોના વિદ્યાર્થીઓ થકી કુશળ અને કાર્યક્ષમ માનવબળ પુરૂ પાડવામાં મદદરૂપ બનશે. -મોનિકા કેનેડી, ડેપ્યુટી કોન્સ્યુલ જનરલ, ઓસ્ટ્રેલિયા

સંશોધન ક્ષેત્રે ફ્રાન્સમાં ઉત્તમ તકો રહેલી છે

વિવિધ ક્ષેત્રમાં રોકાણ અને વિકાસ સાધીને ફ્રાન્સ વૈશ્વિક સ્તરે ઉભરી આવ્યું છે. પરિવર્તનની વિચારધારા સાથે કાર્યરત ફ્રાંસ એ ભારત અને ગુજરાત સાથેના વિશેષ સંબંધો ધરાવે છે. ફ્રાંસની ગુણવત્તાયુક્ત જીવનશૈલી અને શિક્ષણ વ્યવસ્થા સૌને આકર્ષે છે. સંશોધન ક્ષેત્રે ફ્રાંસમાં ઉત્તમ તકો રહેલી છે. -ફેલબેન કારિક્સે, ફ્રાન્સના પ્રતિનિધી

ભારત-કેનેડાએ સાથે મળી ૫૫૦ રીસર્ચ કાર્યક્રમ હાથ ધર્યા

ભારત ઝડપથી વિકસતા દેશ તરીકે વૈશ્વિક સ્તરે ઉભરી આવ્યું છે અને કેનેડાની કંપનીઓ મોટા પ્રમાણમાં ભારતમાં કાર્યરત છે. ભારતીય કંપનીઓ પણ મોટા પાયે કેનેડામાં રોકાણ કરી રહી છે. કેનેડામાં ૧.૪ મિલીયન જેટલા ભારતીયો વસ્યા છે. ભારત અને કેનેડાએ સાથે મળીને પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં ૫૫૦ જેટલા રીસર્ચ કાર્યક્રમ હાથ ધર્યા છે. -કીથ કેન, સિનિયર ટ્રેડ કમિશનર, કેનેડા

ભારત અને નોર્વેની વિવિધ વિષયો પર વ્યુહાત્મક ભાગીદારી

નોર્વે અને ગુજરાત દ્વારા સંયુક્તપણે વિવિધ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. નોર્વે અને ભારતના સહિયારા પ્રયાસોના પગલે ટકાઉ વિકાસના વિવિધ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે ઉજળી તકો સર્જાઈ છે. ભારત અને નોર્વે દ્વારા ક્લાઈમેટ ચેન્જ, વૈશ્વિક સ્વાસ્થ્ય જેવા વિષયો પર વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી છે. -માનસિંઘ સિશ્ધુ, કાઉન્સેલર, નોર્વે

ગુજરાતની બાયોટેક યુનિ.ના લીધે બ્રિટન સાથેના સંબંધોને નવો રાહ ચીંધ્યો છે

ગુજરાતમાં બાયોટેક યુનિવર્સિટીની સ્થાપનાએ ગુજરાત અને બ્રિટનના સંબંધોમાં નવી રાહ ચિંધી છે. તાજેતરમાં જ ભારત અને બ્રિટનના પ્રધાનમંત્રી દ્વારા શિક્ષણક્ષેત્રનો આઈકોનીક ભારત-બ્રિટન રોડમેપ ૨૦૩૦નો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ રોડમેપ બંને દેશોના શૈક્ષણિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરી બંને દેશોના સંબંધને વધુ મજબૂત બનાવશે. -રાશી જૈન, બ્રિટીશ કાઉન્સિલ

રાજ્યમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી વધુ પાંચ વર્ષ અમલમાં રહેશે

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યુસન્સના ઉદ્ઘાટન પ્રસંગે પોલિસીનું અનાવરણ કરાયું : હવે આ પોલિસી માર્ચ-૨૦૨૭ સુધી અમલમાં રહેશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૫

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમીક ઈન્સ્ટિટ્યુસન્સ (ICAI-૨૦૨૨)ના ઉદ્ઘાટન પ્રસંગે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)નું અનાવરણ કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી. આ પોલિસીનો સમયગાળો ૧૦ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પૂર્ણ થાય છે, જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી-૨૦૨૨થી માર્ચ-૨૦૨૭ સુધી અમલમાં મૂકવામાં આવી છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ના મુખ્ય લક્ષ્યોમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવી, રાજ્યની ઓછામાં ઓછી ૧ હજાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૦ હજાર શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે જાગૃત કરવા, વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ૧૦ હજાર પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સને સહાય, શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવનાર ૧ હજાર પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સને સહાય, ●વિદ્યાર્થીઓને ૫ હજાર IP ફાઈલિંગ માટે સહાય, ●રાજ્યમાં ઓછામાં ઓછી ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની આવરી લઈને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઈક્યુબેશન સપોર્ટ સિસ્ટમનું નિર્માણ કરવાનો લક્ષ્ય છે. ઉપરાંત ૧૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સ અને હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા, ●i-Hub પર ૫૦૦ સ્ટાર્ટ-અપ ઈક્યુબેટ કરવા અને i-Hub ખાતે સ્ટાર્ટ-અપ સુજન સીડ સપોર્ટ હેઠળ ૫૦૦ સ્ટાર્ટ-અપને સહાય કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

આ લક્ષ્ય હાંસલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવનાર છે. જેમાં રાજ્યની યુનિવર્સિટીઓ ઈક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. ૫ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.● રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે. ●ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઈલિંગ સપોર્ટ, જેમાં સ્થાનિક માટે રૂ. ૭૫ હજાર સુધી અને અન્ય દેશોમાં ફાઈલ કરવા માટે રૂ. ૧.૫ લાખ સુધીની સહાય મળશે. ●સ્ટાર્ટઅપ/ઈનોવેશન માટે મહત્તમ રૂ. ૧૦ લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ, ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. ૨.૫ લાખ સુધીનો સપોર્ટ કરવામાં આવશે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીની સિદ્ધિઓ

- રાજ્યની ૧૮૬ સંસ્થાઓનો SSIP ગ્રાન્ટ સંસ્થા તરીકે સમાવેશ
- વિદ્યાર્થીઓ દ્વારા ૨૧૩૨ સ્ટાર્ટઅપ શરૂ કરાયા
- વિદ્યાર્થીઓ દ્વારા ૧૧૨૨ પેટન્ટ ફાઈલ કરાઈ
- વિદ્યાર્થીઓના ૬૨૭૬ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટનું નિર્માણ

વડાપ્રધાનની રેલી માટે SPG સહિતનો પૂરતો બંદોબસ્ત હતો : કોંગ્રેસ

પંજાબમાં મોદીને સાંભળવા ભીડ ભેગી થઈ ન હોવાથી રેલી રદ કરવી પડી

કોંગ્રેસને સવાલ કરતાં પહેલાં ડૉ.મનમોહનસિંહ પર અમદાવાદમાં થયેલા હુમલાની જવાબદારી મોદી લે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંજાબના ફિરોઝપુર જિલ્લાની મુલાકાતે જઈ રહ્યા હતા ત્યારે ખેડૂત આંદોલનકારીઓએ વડાપ્રધાનના કાફલાના રસ્તામાં અડીંગો જમાવતા વડાપ્રધાનના કાફલાને ૧૫ મિનિટ સુધી રોકી રાખવો પડ્યો અને રેલી રદ કરવી પડી. આ ઘટના અંગે ભાજપે કોંગ્રેસ પર આક્ષેપો કરતા કોંગ્રેસે વળતો પ્રહાર કરી જણાવ્યું છે કે, મોદીની સભામાં ભીડ ન હતી એટલે રેલી રદ કરવી પડી હતી, ઉલટાનું કોંગ્રેસ પર આક્ષેપો કરી રહ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા ડૉ.મનિષ દોશીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કરેલા ગંભીર આક્ષેપોના પ્રત્યુત્તરમાં જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદીએ સડક દ્વારા મુસાફરી કરવાનું હુસૈનીવાલાથી નક્કી કર્યું હતું. સડકયાત્રા દ્વારા મુસાફરી એ મૂળ સમયપત્રકમાં હતું જ નહીં. તેમ છતાં જણાવી દઈએ કે વડાપ્રધાનની સુરક્ષાની તમામ વ્યવસ્થા એસપીજી અને અન્ય એજન્સીઓ દ્વારા સાથે મળીને કરવામાં આવી હતી. વડાપ્રધાનની રેલી માટે ૧૦ હજાર સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, હરિયાણા અને રાજસ્થાનથી વડાપ્રધાનની રેલી માટે આવેલા ભાજપના કાર્યકર્તાઓની તમામ બસો માટે પણ રૂટ નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ મોદી સરકારે ખેડૂત આંદોલન બાદ તેમના વચનોને અવગણવાનું પસંદ કરતા નારાજ ખેડૂતો અચાનક રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેમ છતાં ભાજપના નેતાઓ કોંગ્રેસ પર આક્ષેપો કરી રહ્યા છે. હકીકતમાં વડાપ્રધાનને સાંભળવા કોઈ ભીડ ન હોવાથી રેલી રદ કરવાની ફરજ પડી હતી. ડૉ.મનિષ દોશીએ વધુમાં સણસણતો જવાબ આપતા જણાવ્યું છે કે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯માં ભાજપના માણસો તત્કાલીન વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ પર હુમલો કર્યો હતો. એસ.પી.જી. સિક્યોરિટી હોવા છતાં બનાસકાંઠામાં પૂર પીડિતોની મુલાકાતે જઈ રહેલા રાહુલ ગાંધી પર ભાજપના હોદેદારોએ પથ્થરમારો કરી જીવલેણ હુમલા કર્યા હતા, પંજાબના અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓને ભાજપની યુપીની સરકારે રાજ્યમાં પ્રવેશ લેવા દીધો ન હતો. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પર યુપીમાં હુમલા કરાવ્યા હતા. છત્તીસગઢમાં ભાજપના શાસનમાં કોંગ્રેસના નેતૃત્વ પર શંકાસ્પદ રીતે નક્સલી હુમલા થયા હતા અને મોટા નેતાની હત્યા કરવામાં આવી હતી. ત્યારે કોંગ્રેસની સરકારને સવાલ કરતા પહેલા તે સમયના મુખ્યમંત્રી મોદી અમદાવાદમાં ડૉ.મનમોહનસિંહ પર હુમલાની જવાબદારી લે, તેમ જણાવ્યું હતું.

કોરોના ઈફેક્ટ : ગુજરાત હાઈકોર્ટમાં માત્ર વકીલોને જ પ્રવેશ : સૂચનો જારી

પક્ષકારોને દસ્તાવેજો-કાગળો ડ્રોપ બોક્સમાં મૂકવા વિનંતી

અમદાવાદ, તા.૫

રાજ્યમાં કોરોનાના કેસ તીવ્ર ગતિથી વધી રહ્યા છે ત્યારે વધતા કેસને જોતા ગુજરાત હાઈકોર્ટમાં સંતર્કતા રાખવામાં આવી રહી છે. રાજ્યમાં અને અમદાવાદમાં જે પ્રમાણે કોરોના કેસ વધી રહ્યા છે તેને જોતા ગુજરાત હાઈકોર્ટમાં સતર્કતાને લઈ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે પ્રમાણે ગુજરાત હાઈકોર્ટમાં આજથી માત્ર ગેટ નંબર ૫માંથી જ પ્રવેશ આપવામાં આવશે. તે સિવાયના તમામ ગેટ બંધ કરી દેવામાં આવ્યા છે.

આ સિવાય હવે ગુજરાત હાઈકોર્ટમાં માત્ર વકીલોને જ પ્રવેશ આપવામાં આવશે. કોર્ટના કેન્ટીન પણ બંધ કરી દેવામાં આવ્યા છે. વધુમાં અમદાવાદની નીચલી કોર્ટો માટે પણ સતર્કતાના ભાગ રૂપે સૂચનો જાહેર કરી દેવામાં આવ્યા છે. અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા પક્ષકારોને અનિવાર્ય સંજોગો સિવાય કોર્ટમાં ન આવવા કહેવામાં આવ્યું છે. આ સાથે સાથે પક્ષકારો અને વકીલોને કેસને લગતા દસ્તાવેજો અને કાગળો ડ્રોપ બોક્સમાં મુકવા માટે વિનંતિ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટ વકીલ એસોસિએશનની આજે ચીફ જસ્ટિસને મળી મહત્વપૂર્ણ રજૂઆત કરશે. હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનની મેનેજીંગ કમિટીના સભ્યોએ વધતા કોરોના કેસને લઈ કોર્ટની કાર્યવાહી આગામી ત્રણ અઠવાડીયા સુધી વર્ચ્યુઅલ કરવા રજૂઆત કરશે. હાઈકોર્ટની હયાત એસઓપીને ધ્યાને લેતા કોર્ટ વર્ચ્યુઅલ મોડમાં ચાલે એવી ચીફ જસ્ટિસને રજૂઆત કરશે. અગાઉ ૩ દિવસ પહેલા હાઈબ્રીડ મોડમાં હિયરિંગ રાખવા એડવોકેટ્સ એસોસિયેશનને રજૂઆત કરી હતી. અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં તકેદારી રાખવા માટે કેટલાંક મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવ્યાં છે. જેમાં પક્ષકારોને અનિવાર્ય સંજોગો સિવાય કોર્ટમાં ન આવવાનું કહેવામાં આવ્યું છે. એની સાથે સાથે પક્ષકારો અને વકીલોને કેસને લગતા દસ્તાવેજો-કાગળો ડ્રોપ બોક્સમાં મૂકવા માટે વિનંતિ કરવામાં આવી છે. આ મામલે અમદાવાદ બાર એસોસિએશન તથા સ્મોલ કોર્ટ બાર એસોસિએશન તરફથી વકીલોને વર્તમાન પરિસ્થિતિને લઈને માહિતગાર કરવામાં આવ્યા છે. શહેરમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસ બમણા થઈ રહ્યા છે તેમજ માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં પણ કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે. કોર્ટ પરિસરમાં લોકોની અવરજવર પણ વધી રહી છે. એ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જેથી ૨૦ જાન્યુઆરી સુધી બંને પક્ષકારો અને વકીલની સંમતિથી જ કેસ ચલાવવા, કોઈ વકીલની ગેરહાજરીમાં કેસ ન ચલાવવા અને એકતરફી આદેશો ન કરાવવા માટે સૂચના અપાઈ છે. આ ઉપરાંત સાક્ષીને કોર્ટમાં બોલાવવા આગ્રહ ન રાખવા માટે કહેવામાં આવ્યું છે.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૫મી જાન્યુઆરી અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

- તા.૧૪ જાન્યુઆરી-૨૦૨૨ને શુક્રવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે ૧૫ જાન્યુઆરી-૨૦૨૨ને શનિવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક ૧૫ જાન્યુઆરી-૨૦૨૨ને શનિવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે

- ફક્ત આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૫ જાન્યુઆરી-૨૦૨૨ને શનિવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.
- આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, 33/૧, શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગે મ્યુનિ. કમિશનરો-કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ થકી સમીક્ષા કરતા મુખ્ય સચિવ

રાજ્યમાં કોરોના વિસ્ફોટને લઈ તેના નિયંત્રણ માટે ખાસ એકશન પ્લાન તૈયાર કરવા નિર્દેશ

સંક્રમણ રોકવા મોનિટરિંગ-ટીમોની પ્રોએક્ટિવ કામગીરી-માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન વગેરે પર વિશેષ ફોકસ માટે માર્ગદર્શન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વિસ્ફોટ સમાન ઉછાળારૂપ કેસો બહાર આવી રહ્યાની સાથે ઓમિક્રોન વેરિયન્ટના કેસોમાં પણ વધારો જોવા મળતા સરકારી તંત્રની દોડધામ વધી જવા સાથે બેઠકોનો દોર પણ શરૂ થઈ જવા પામ્યો છે. મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ પણ ઉચ્ચ કક્ષાની બેઠકો યોજી સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે ત્યારે હવે મુખ્ય સચિવે રાજ્યમાં કોરોનાનું સંક્રમણ પર નિયંત્રણ લાવવા ખાસ એકશન પ્લાન તૈયાર કરવા મ્યુનિ. કમિશનરો-કલેક્ટરોને નિર્દેશો જારી કર્યા છે.

રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમારે આજે રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે મહાનગર પાલિકાના કમિશનરો અને જિલ્લા કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમ દ્વારા સમીક્ષા કરી હતી. કોરોનાને નિયંત્રણમાં લેવા માટે રાજ્યમાં ટ્રેકિંગ-ટેસ્ટિંગ અને વેક્સિનેશનની કામગીરીને પ્રાધાન્ય આપીને સઘન આયોજન કરવા માર્ગદર્શન તેમણે પૂરું પાડ્યું હતું.

મુખ્ય સચિવે મહાનગરોમાં મ્યુનિસિપલ કમિશનર અને કલેકટરોને કોરોનાના સંક્રમણને રોકવા માટે સંભવિત વિસ્તારોમાં સામેથી કેસો શોધવા માટે આરોગ્યની ટીમોને પ્રોએક્ટિવ ભૂમિકા દાખવીને પ્રિવેન્ટિવ કામગીરી કરવા માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે કોવિડ પ્રોટોકોલના ચુસ્ત પાલન, માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન, ઓપીડી કેસોનું રોજબરોજ મોનીટરીંગ કરીને તાવ, ઉધરસના કેસો સંદર્ભે ખાનગી હોસ્પિટલો તથા IMA સાથે સંકલન કરી કોરોના નિયંત્રણ માટે ખાસ એકશન પ્લાન તૈયાર કરી જરૂરી આયોજનો કરવા સૂચનાઓ આપી હતી.

મુખ્ય સચિવે ધન્વંતરી રથ અને સંજીવની રથના રોજ-બરોજ મોનીટરીંગ કરીને કેસો પર ધ્યાન રાખવા સૂચના આપી હોસ્પિટલોમાં જિલ્લાઓ દ્વારા કરાયેલ તૈયારીઓની પણ સમીક્ષા કરીને માર્ગદર્શન આપ્યુ હતું.

તેમણે છેલ્લા એક અઠવાડિયાથી રાજ્યમાં જે કેસો આવી રહ્યા છે. તેના પરથી દૈનિક મોનીટરીંગ કરીને આવનાર દિવસોમાં સંભવતઃ કેસો વધે તો તે અંગે ઝીરો કેઝ્યુલીટી માટે કેવી તૈયારીઓ રાખવી અને શું આયોજન કરવું તે અંગે સવિસ્તૃત માહિતી પૂરી પાડીને તમામને આ અંગે જરૂરી આયોજનો કરવા સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાની, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ વગેરેએ સામેઈ થઈ વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS